સાધુસાધ્વી શિબિર માટુંગા [ મુંબઈ ]ના
ઉપક્રમે યોજાયેલી વ્યાખ્યાનમાળા

# ધર્માનુબંધી વિશ્વદર્શન

## ભાગ : ૮

### દર્શન વિશુદ્ધિ

•

મુખ્ય પ્રવચનકાર
મુનિ નેમિચન્દ્ર

•

સંપાદક
ગુલાબચંદ જૈન

•

: પ્રકાશક :
લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી
મંત્રી
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી – અમદાવાદ – ૧

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વ્યાપક સત્યનો

આચાર = અહિંસા

વિચાર = અનેકાંત

વહેવાર = અપરિગ્રહ.

---

## સંપાદકીય

'દર્શન–વિશુદ્ધિ' એ મુદ્દાઓ ઉપરનાં પ્રવચનોનું સંપાદન હાથે ધર્યું ત્યારે લાગ્યું કે એમાં સામાન્ય રીતે લોક-વહેવારની રૂઢિઓ, કુરીતિઓ અંગેનું વિવેચન હશે. પણ જેમ જેમ પ્રવચનો સંપાદિત થતાં ગયાં તેમ તેમ હું ધારતો હતો તેના કરતાં પણ વિષય વધુ ઊંડાણ અને બારીકાઈથી છણાયેલો લાગ્યો; અને સ્પષ્ટ દર્શન અંગેની એક નવી સમજણ આમાંથી મળી. વિચારકો જેમ ઊંડા ઊંડા ઊતરતા જાય તેમ તેમ શબ્દો ભલે અલગ હોય પણ એક જ પ્રકારના ભાવો તરફ તેઓ ગયા વગર રહી શકતા નથી.

'સત્ય' મારો પ્રિય વિષય રહ્યો છે. એના ઉપર મેં ઘણીવાર લખ્યું છે. ઘણાં પ્રવચનો સંપાદન કર્યાં છે અને એથી વધારે તેને સ્પર્શતાં સાહિત્યને વાંચ્યું છે. એના ઉપરથી હું એવી ધારણા ઉપર આવ્યો છું કે "જીવનનું દર્શન એ સત્ય છે!" આ જીવનને એક સત્ય રૂપે માનીને જ ચાલી શકાય છે; નહીંતર જીવન ઉપરની શ્રદ્ધા હટી જાય છે. એટલે સત્ય એ દર્શન હોવા સાથે શ્રદ્ધાયોગ્ય–શ્રદ્ધાજનક તત્ત્વ છે, અને એ સત્યનાં જેને જેને જે રીતે દર્શન થયાં, તેણે લોકોના એકાંત હિત માટે તેની રજૂઆત કરી; એટલું જ નહીં તેનો પ્રચાર પણ જીવનના શેષકાળ માટે કર્યો. આ ઉપરથી એવા સિદ્ધાંત ઉપર આવી શકાય છે કે તે (સત્ય) કલ્યાણકારી છે અને તેના ઉપયોગ તરીકે તે વ્યાપક બનવું જોઈએ; એમ અલગ અલગ યુગના મહાત્માઓ,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંતો વગેરેના જીવનો ઉપરથી સમજી શકાય છે. આવા સર્વાંગી સત્ય માટે ચાર બાબતો આવશ્યક થઈ (૧) તે સ્પષ્ટ હોવું જોઇએ; તેનું દર્શન શુદ્ધ હોવું જોઇએ, (૨) તે શ્રદ્ધાને પાત્ર પણ હોવું જોઇએ અને શ્રદ્ધાનું જનક હોવું જોઇએ, (૩) તે કલ્યાણકારી હોવું જોઇએ; અને (૪) તે વ્યાપક હોવું જોઇએ.

આવાં સત્ય માટે કહેવાયું :—

सत्यमेव जयते

"સત્યનો જય છે !"

તેમ જ આગમોએ કહ્યું :—

सच्चं लोगम्मि सारभूयं

'સત્ય એ જ લોકમાં સારભૂત વસ્તુ છે.' એ જ સત્યની શોધ બુદ્ધ, મહાવીર અને ગાંધીએ કરી. તેમણે જગતને એ સત્ય અલગ–અલગ દૃષ્ટિબિંદુએ સમજાવ્યું પણ, આજે સત્ય શબ્દનો રૂઢ અર્થ તેના એકાંશમાં રહ્યો છે–અને તે છે સત્ય એટલે સાચું બોલવું તે જ આજે મનાય છે; પણ તેનાથી વિશાળ અર્થમાં "જીવન એક વ્યાપક સત્ય" સિવાય કંઇ નથી, તેનો અનુભવ દરેક ડગલે આપણને થાય છે. તેની સાથે છૂટ લઇ શકાતી નથી; તેને પડતું મૂકી શકાતું નથી; તેનો પ્રભાવ સર્વ ધર્મ, સર્વ દર્શન અને સર્વકર્મ ઉપર રહેલો છે. જેને આવા સત્યની દૃષ્ટિ મળી જાય છે તેને સ્પષ્ટ દર્શન થાય છે અને એ દૃષ્ટિ મળ્યા બાદ તે વ્યકિત તેને અનુરૂપ જગતને ઢાળવા પ્રયત્ન કર્યા સિવાય રહી શકતો નથી. એટલે જ આપણે બુદ્ધને રાજપાટનો ત્યાગ કરીને જતા વાંચીએ છીએ; સત્યનું જ્ઞાન મળ્યા બાદ લોકોને તે માર્ગે વાળવા જીવન–પર્યંત વિચરણ કરતા સાંભળીએ છીએ. એ જ શોધ માટે મહાવીરને ઉપસર્ગો સહન કરતાં અને જ્ઞાન–પ્રાપ્તિ પછી ત્રીસ–ત્રીસ વર્ષ સુધી વિચરણ કરતાં વાંચીએ છીએ. એના જ કારણે ગાંધીજીને મહાત્મા બનીને સક્રિય સર્વાંગી દૃષ્ટિએ, સર્વક્ષેત્રે કાર્ય કરતા જોઇ છીએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ સત્ય માટે હૃદયમાં ઊંડુ મંથન ચાલે છે; લોકહિતની ભાવના તેમાં સક્રિય કાર્ય કરે છે અને પછી જે જ્ઞાન મળે છે તે સત્ય-દર્શન રૂપે પ્રગટ થાય છે.

પણ, લોકો માટે સત્યને દાર્શનિક ભાષામાં રજૂ ન કરતાં સીધી સાદી ભાષામાં આ રીતે રજૂ કરી શકાય :—

સત્યનો આચાર એટલે અહિંસા છે. જે વસ્તુ મને પ્રિય નથી તે બીજાને પ્રિય નથી; મને મારો આત્મા પ્રિય છે તેમ બીજાને પણ પોતાનો આત્મા પ્રિય છે એટલે સત્યના આચાર રૂપે "હું પણ જીવું અને બીજા પણ જીવે" એવી અહિંસા આવે છે.

સત્યના વિચાર રૂપે "અનેકાંત" આવે છે. કોઈ પણ વાતનો વિચાર એકાંત, હઠાગ્રહ, પૂર્વગ્રહ, પક્ષાંધતાના કારણે નહીં પણ તેના દરેક પાસાંની દૃષ્ટિએ થાય તે અનેકાંત છે. વિચારોની અથડામણો એનાથી અટકે છે અને સત્યના આચરણ માટેની વિચારની ભૂમિકા સાફ થાય છે.

સત્યના વિચાર અને આચારનું પરિણામ વહેવારમાં આવવું જોઇએ; અને તે વહેવાર ગમે તે ભૂમિકાએ અપરિગ્રહ રૂપે જ આવે છે. જો વહેવારમાં અપરિગ્રહ ન પ્રગટે તો ત્યાં સત્યનો આચાર કે વિચાર નથી; એ પણ એટલું જ સ્પષ્ટ છે. સત્યનો આચાર-વિચાર જ્યારે વહેવારમાં મૂકવામાં આવે છે ત્યારે આપણી નજરે સુકરાત, ઇશુ, ટોલ્સટોય વગેરે ચડે છે, છતાં તેમની અવગણના કરવામાં આવે છે ત્યારે જગતમાં અશાંતિ સર્જતા તાનાશાહો, સિકંદર, નેપોલિયન, હિટલર, સ્તાલિન, માઓત્સેતુંગ નજરે ચડે છે.

સત્યનો વહેવાર અપરિગ્રહ એટલા માટે પણ સત્ય છે કે આત્મા કંઈ પણ પરિગ્રહ વગર આવ્યો છે અને કંઇ પણ લીધા વગર-આ શરીર જે તેનું પ્રિય સાધન-સાથી હતું તેને પણ મૂકીને જાય છે...! ત્યારે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેને મૂકીને જવું છે તેના માટે આખું જીવન હોમી નાખવું એનાથી વધારે કઈ ભ્રાંતિ હોઈ શકે ?

એટલે આજના જગતના જે આધુનિક દર્શનો–વિચાર પ્રવાહો છે તેને આ સત્યની દૃષ્ટિએ તપાસ્યા વગર, કોઇ પણ દર્શન–વિશુદ્ધ થયું માને તો તે ભ્રમણામાં છે, એમ જ માનવું પડે !

આજના સહુથી પ્રભાવશાળી વિચાર–પ્રવાહમાં 'વિજ્ઞાન' સહુથી મોખરે આવે છે; તેણે આજના કાળે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, તે ખરેખર અદ્‌ભુત છે. પણ, આજે વિજ્ઞાન જેમના હાથોમાં છે, તે વર્ગમાં મુખ્યત્વે બે વિભાગ છે :—( ૧ ) પૂંજીવાદી લોકો ( ૨ ) સામ્યવાદી લોકો.

પૂંજીવાદનો વિકાસ સ્પષ્ટત : ભૌતિક સુખો–વિલાસો ઉપર થયેલો છે અને તેનું અંતિમ ધ્યેય ગમે તેમ પૈસા મેળવીને મોજશોખ કરવાનો છે. એટલે તેનો તાળો દર્શન–વિશુદ્ધિ સાથે નહીં મળે.

ત્યારે, સામ્યવાદમાં જો કે વ્યક્તિના પ્રારંભિક સુખ–સગવડની બાહેંધરી જણાય છે, પણ એથી આગળ તે વિચાર–સ્વતંત્રતા કે અધ્યાત્મને માનતું નથી. એટલે તેની પણ દર્શન–વિશુદ્ધિ સાથે સંગતિ નથી.

ત્રીજો વિચાર–પ્રવાહ સમાજવાદનો છે. એના પાયામાં પણ કેવળ ભૌતિક સુખ–સગવડોનો ખ્યાલ છે એટલે ત્યાં પણ સત્ય આવશે નહીં. તેનો પાયો અધ્યાત્મનો હોય તો તેમાં વ્યાપક–સત્યને અવકાશ જરૂર છે.

હિંદ પાસે એવો અધ્યાત્મના પાયાવાળો અને રાજ્ય કરતાં જનતાની સર્વોપરિતાવાળો સમાજવાદ છે ખરો; પણ હવે અહીંનો અધ્યાત્મ કેવળ વાતો–કે વિચારણાનો વિષય રહી ગયો છે. જો તે પ્રમાણે આચાર–વહેવાર ન આવે તો તેનો અર્થ નથી. તેમાં હમણાં તો એ સમાજવાદ ઉપર એક તરફથી પૂંજીવાદની અને બીજી તરફથી સામ્યવાદની; અને સામાન્ય રીતે ભૌતિકવાદની અસર સવિશેષે છે. આ બધા વિચાર–

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રવાહો વચ્ચે, વિનોબાજી, સંતબાલજી જેવા પુરુષો લોકોની દર્શન-વિશુદ્ધિ માટે જે કંઇ કરી રહ્યા છે, તે સ્તુત્ય છે. વિશાળ સંત સમુદાય કે રચનાત્મક કાર્યકરો તેમના માર્ગે ચાલીને દર્શન-વિશુદ્ધિના યજ્ઞમાં પોતાનો ભોગ આપે તો જગતને ઘણી રાહત મળશે, એ નિઃશંક છે.

આ આખોયે વિષય મેં ઉપર જણાવ્યું તેમ ઘણા વિચારકોનાં દર્શનને અતિસ્પષ્ટ કરનારો છે; તેમજ સામાન્ય લોકોને કુરૂઢિ-કુરીતિ કે અર્ધસત્ય વિચારોના માર્ગમાં અટવાઈ જતાં રોકનારો છે. તેને સુંદર રીતે પૂ. નેમિમુનિએ રજૂ કર્યો છે અને શિબિરાર્થી ભાઈઓએ તેની સુંદર છણાવટ; ચર્ચા-વિચારણા વડે કરી છે. આવા વિષયનાં પ્રવચનોનું સંપાદન કરવા મને મળ્યું છે તે માટે પૂ. મહારાજ શ્રી સંતબાલજી, અને પૂ. નેમિમુનિના આભાર સાથે મારા પ્રિય મિત્ર મણિલાલભાઈ (લીખંડવાળા) વોરાનો પણ આભાર માનું છું.

પુસ્તકના પ્રકાશનમાં મારા કારણે જે અસાધારણ વિલંબ થઈ રહ્યો છે; તેને મ. સા. પ્રકાશન મંદિર જે ઉદાર મને માફ કરે છે એ તેની ઉદારતા છે. એ જ.

હોળી, ૨૭-૨-૬૪
જૈન બોર્ડિંગ હોમ
મદ્રાસ

**ગુલાબચંદ જૈન**
સંપાદક

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# બે બોલ

મુનિશ્રી સંતબાલજીને તમો સૌ જાણો છો. તેઓ એક ક્રાન્તિકારી જૈન સાધુ છે. તેઓ આત્મસાધનામાં મગ્ન રહેવા છતાં સમાજકલ્યાણની અનેક પ્રવૃત્તિમાં સક્રિય માર્ગદર્શન અખંડપણે અહોનિશ આપતા રહે છે. તેઓશ્રી માને છે કે હવે માત્ર ઉપદેશથી કામ નહીં ચાલે પણ જે સમાજ–જીવન ચૂંથાઈ ગયું છે; ડગલે ને પગલે અશાન્તિ દેખાય છે તેના નિરાકરણ માટે સાધુસંતોએ સક્રિય માર્ગદર્શન આપવું જોઈશે. આ તો જ બની શકે જો સાધુસાધ્વીઓ પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહનો મોહ છોડે અને સાંપ્રદાયિકતામાંથી મુકત બની, સર્વધર્મનો અભ્યાસ કરે. આમ કરવાથી આપોઆપ ગ્રામજનતાનો અને આમ-જનતાનો સંપર્ક આવી જશે.

આજે કોઈ પણ એક પ્રશ્ન કે એક જ ક્ષેત્રના અનેક પ્રશ્નો લેવાથી સમાજ વ્યવસ્થા પૂર્ણ નહીં બને. જો ધર્મમય સમાજરચના ઊભી કરવી હશે તો માનવજીવનમાં ઊભા થતા સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય અને દરેક ક્ષેત્રના પ્રશ્નોનો સર્વાંગી વિચાર કરવો પડશે. અને અમલ પણ સંસ્થાદ્વારા જનતા વાટે કરવો પડશે. પ્રાચીન કાળમાં યુગાનુરૂપ આમ થતું હતું; એટલે જ ભારતની સંસ્કૃતિ સર્વશ્રેષ્ઠ બની છે; અને આજ સુધી ટકી છે. આપણે ત્યાં ઘરના ધર્મની ચોકી સ્ત્રીઓ કરતીં એટલે કુટુંબ સ્નેહસભર અને પવિત્ર રહેતું. સમાજની ચોકી બ્રાહ્મણો કરતા, તેઓ કયાંય વ્યસનો, અપ્રમાણિકતા કે ગેરરીતિઓ પેસી ન જાય તેને માટે સતત ક્રિયાશીલ રહેતા; તેથી દેશ નીતિસભર રહેતો. અને સંતો આખા દેશમાં પરિભ્રમણ કરી સંસ્કૃતિની ચોકી અખંડપણે કર્યા કરતા હતા. રાજ્ય પણ સંતો, બ્રાહ્મણોને અધીન રહીને ચાલતું. આ બધાના કારણે સમાજ શાન્તિથી જીવતો અને અધ્યાત્મલક્ષી રહી શકતો; કોઇ જાલીમ દુષ્ટ કૃત્ય કરનાર નીકળતો તો રાજ્ય તેને યોગ્ય નસ્યત કરતું.

આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. પૂર્વ પશ્ચિમ એક થવા લાગ્યાં છે. વિજ્ઞાને દોટ મૂકી છે. એટલે મહારાજશ્રી એ જ પુરાણી સંસ્કૃતિને નજરમાં રાખી, યુગાનુરૂપ નવી ઢબે સમાજ વ્યવસ્થા ગોઠવવા પ્રયત્ન કરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હવે વિશ્વરાજ્યોમાં લોકશાહી વ્યવસ્થા શ્રેષ્ઠ બનતી જાય છે ત્યારે જનતાને ઘડવાનું જ મુખ્ય કામ અગત્યનું બન્યું છે. એટલે એમનાં નીતિનાં પાયા પર સંગઠનો બનાવવાં જોઈએ. એ સંગઠનો સતત સાચે રસ્તે વિકાસ કરતાં રહે તે માટે; તેનું સંચાલન આજના બ્રાહ્મણો કે જે રચનાત્મક કાર્યકરો કહેવાય છે તેમની બનેલી સંસ્થાના હાથમાં મૂકવું જોઈએ. અને રચનાત્મક કાર્યકરોની સંસ્થાને પણ માર્ગદર્શક પ્રેરણા મળતી રહે તે માટે સાધુસંતોએ ધ્યાન રાખવું જોઈએ. દુનિયાભરનાં રાજ્યોની અશુદ્ધિઓ દૂર કરવા માટે પણ સાધુસંતોએ ધ્યાન આપવું જોઈએ.

આ સાધુસંતો સર્વાંગી પ્રશ્નોને સમજે, અને તે માટે સાથે બેસી વિચાર વિનિમય કરી શકે તે માટે સંવત ૨૦૧૭ ના ચાતુર્માસમાં મુંબઈમાં માટુંગા (ગુર્જરવાડી) મુકામે સાધુ–સાધ્વી અને સાધક–સાધિકાઓનો એક શિબિર યોજવામાં આવેલ. તે સતત ચાર માસ ચાલ્યો, તેમાં જે પ્રવચનો ચર્ચા વ. ચાલ્યાં તેનું પુસ્તક આકારે સંકલન થાય તો બીજા સાધુ સાધ્વી, સેવકો અને પ્રજાને તેમાંથી ઉપયોગી માર્ગદર્શન મળે તેવી ઘણાં ભાઈબ્હેનોને લાગણી થઈ આવી. ખાસ કરીને પૂ. નેમિચંદ્રજી મહારાજની એવી તીવ્ર ઇચ્છા હતી. પરંતુ આટલા બધા સાહિત્યને તૈયાર કરવું, તેનું સંપાદન કરવું, અને પછી છપાવવું તે ઘણું અઘરું કામ હતું. તેને માટે સમય જોઈએ અને સહાય માટે નાણાં પણ જોઈએ. આની વિમાસણ ચાલતી હતી. પણ જે કામ કુદરતને ગમતું હોય છે તે કામને આગળ વધારવા કુદરત જ કોઈકને નિમિત્ત બનાવી પ્રેરણા આપે છે.

માટુંગાના આ શિબિરમાં શીવમાં રહેતા શ્રી મણિભાઈ લક્ષ્મીચંદ સોખંડવાળા પ્રથમથી રસ લેતા હતા. તેમને મુનિશ્રી સંતબાલજી ઉપર અપાર શ્રદ્ધા છે. મહારાજશ્રી જે ધર્મકાર્ય કરી રહ્યા છે તે આજના યુગે ખૂબ જરૂરી છે તેમ તેઓ માને છે. એટલે શિબિરનાં કામોમાં અનેક રીતે તેઓ ઉપયોગી થતા હતા. તેમણે કહ્યું કે "મહારાજશ્રીના આ શિબિરપ્રવચનો પુસ્તકરૂપે છપાય અને સાધુસંતોને અપાય તો તેનો લાભ તેમના જીવનવિકાસમાં તો થાય જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ તેઓ છકાયનાં પિયર ( સમાજનાં માબાપ ) છે તેથી સમાજને માર્ગદર્શન આપવામાં ઘણા ઉપયોગી થઇ શકે."

તેમના આ શુભ વિચારથી અને પ્રયત્નથી આ પુસ્તકો છાપવાનું મહાન કામ શરૂ કરી શકાયું છે. આ પ્રવચનોનું મુખ્ય તત્ત્વ જાળવી અલગ અલગ મુદ્દાવાર નાનાં નાનાં પુસ્તકરૂપે છપાય; તો વાંચનારને સુગમ પડે એમ લાગવાથી દરેક વિષયના જુદાં જુદાં પુસ્તકો છાપવાનું નક્કી કર્યું છે. કુલ દશેક પુસ્તકો તૈયાર થશે એવી ધારણા છે.

આ પુસ્તકોનું સંપાદન પણ ટૂંકાણમાં છતાં મૂળ ભાવ અને અનિવાર્ય એવી વિગતો જાળવીને થાય એ જરૂરી હતું. એ માટે પણ શ્રી. મણિભાઈ લોખંડવાળાએ મદ્રાસના જૈન વિદ્યાર્થીગૃહના ગૃહપતિ શ્રી ગુલાબચંદ જૈનનું નામ સૂચવ્યું. તેમને રૂબરૂ મળવા બોલાવ્યા અને વાતચીત કરી અને તેમણે સહર્ષ આ કામગીરી સ્વીકારી.

અંતમાં અમે પૂ. મુનિશ્રી સંતબાલજી તેમજ મુનિશ્રી નેમિચંદ્રજીએ આવું સર્વાંગ સુંદર અનુભવપૂર્ણ સાહિત્ય જનતાને આપ્યું; તે બદલ તેમનો આભાર માનીએ છીએ. તે જ રીતે સાયનમાં શીવ સોસાયટીમાં રહેતા વોરા મણિભાઈ લક્ષ્મીચંદ કચ્છ મુંદ્રાવાળાએ આ પુસ્તકો છપાવવામાં પૂરતો સહકાર આપેલ છે, તેમજ મહેનત લઈ શેઠ શ્રી. પદમશીભાઈ તથા બીજાઓ પાસેથી સહકાર અપાવેલ છે તે બદલ તેઓશ્રીઓનો આભાર માનીએ છીએ. તેમની મદદ વગર અમે આ સાહિત્ય પ્રકાશિત કરી શકત કે કેમ ? તે સવાલ હતો. અને મદ્રાસવાળા શ્રી. ગુલાબચંદ જૈન કે જેમણે અનેક જવાબદારીઓ હોવા છતાં આ કામને ધર્મકાર્ય માની સમયસર સંપાદન કર્યું છે તેમનો પણ આભાર માનીએ છીએ. પૂ. શ્રી. દંડીસ્વામી, શ્રી. માટલિયા, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિકસંઘ વગેરેએ પણ પ્રેરણા આપી છે, તેથી તેમનો અને જ્ઞાત, અજ્ઞાત સૌએ જે સહકાર આપ્યો છે તેમનો પણ અમે આભાર માનીએ છીએ.

સાધુસંતો, સાધ્વીઓ, સેવકો અને જનતા આ પુસ્તકોનો અભ્યાસ કરી સ્વપર કલ્યાણનો સ્પષ્ટ માર્ગ અખત્યાર કરશે એવી અમને આશા છે.

તા. ૨૪-૪-૬૨ સાધુસાધ્વી શિબિર વ્યવસ્થાપક સમિતિ, મુંબઈ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# દર્શન-વિશુદ્ધિનું દોહન

આ જગતમાં ધર્મ, જાતિ, સંપ્રદાય, પ્રાન્ત, ભાષા, રાષ્ટ્ર, વિચારધારા વગેરેને નામે ક્યાંક અથડામણો થાય છે, ક્યાંક યુદ્ધમય સંઘર્ષો થાય છે, ક્યાંક માનસિક ક્લેશો થાય છે, ક્યાંક એકબીજાની નિંદા કરવાની હરીફાઈ ચાલે છે, ક્યાંક વહેમ, પામરતા, અંધવિશ્વાસ વગેરેને લઈ માણુસ અશાન્ત થાય છે; આ બધાનાં મૂળમાં 'દર્શનની અશુદ્ધિ' જ કારણુભૂત છે; કારણુ કે દર્શન કે દષ્ટિ ઉપર જ્યારે આવાં આવરણો આવી જાય છે, ત્યારે જગતનું દર્શન ઊલટું થાય છે અને દર્શન ઊલટું હોય તો જ અશાન્તિ પેદા થાય. એટલા માટે જ માણુસને મુક્તિ – પરમઆનંદ અથવા નિર્વાણુ– પ્રાપ્ત કરવા માટે સૌથી પહેલાં શુદ્ધ – સમ્યક – દર્શનની અનિવાર્યતા બતાવી છે. જૈન ધર્મે જ નહિ, લગભગ બધા ધર્મોએ – પારિભાષિક શબ્દમાં ભલે અંતર હોય–પણુ સાચા અને સ્પષ્ટ દર્શનને પહેલાં અનિવાર્ય ગણ્યું છે. શ્રદ્ધા faith, truth, હકીકત, સચ્ચાઈ, સત્ય, વિદ્યા, સમ્યકત્વ, યકીન વગેરે જુદા-જુદા નામોથી જુદા જુદા ધર્મોએ આ વસ્તુને આલેખી છે. માણુસ આ સંસારને સુખમય, સમ્યક્ સારવાળો અને શાન્તિપ્રદાયક બનાવે, અને પોતે વ્યક્તિગત, વર્ગીય, જાતીય, સાંપ્રદાયિક, રાષ્ટ્રીય, વગેરે ઘણાં સંકુચિત સ્વાર્થો, મૂઢતાઓ, પરંપરાગત કુસંસ્કારો, કુપ્રથાઓ અને હાનિકારક વિચારોથી ઉપર ઊઠીને સૂક્ષ્મ અને અવ્યક્ત વાસનાઓથી મુક્ત બને; તે માટે દર્શન-વિશુદ્ધિ આવશ્યક જ નહિ, અનિવાર્ય છે. એટલા માટે જ જૈન ધર્મે વૈદિકધર્મની ભાષામાં વાનપ્રસ્થી અને જૈન પરિભાષા પ્રમાણે પ્રતિમાધારી શ્રાવક માટે સૌથી પહેલું વ્રત 'દર્શનવિશુદ્ધિ'નું બતાવ્યું છે; તેમજ તીર્થંકર ( સંઘરચના કરનાર ) માટે વીસ કારણો પૈકી પહેલું કારણુ તત્ત્વાર્થસૂત્રમાં 'દર્શન વિશુદ્ધિ' બતાવ્યું છે. એટલે જ આપણે કહીએ છીએ કે લોકસેવા, સદાચારપાલન, વ્રતનિયમપાલન, ધર્માચરણુ, સદ્વ્યવહાર વગેરે બધાની પાછળ દષ્ટિ સાફ હોવી જોઇએ. લોકસેવકો અને ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓ માટે તો પહેલી શરત સર્વાંગી સ્પષ્ટ દષ્ટિની છે જ. માણુસમાં જ્ઞાન કેટલુંય હોય, ભલે છએ દર્શન તેને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કંઠાગ્ર હોય, તે ઘણી વિદ્યાઓ અને વિજ્ઞાનોમાં નિષ્ણાત હોય, પણ તેનું દર્શન વિશુદ્ધ ન હોય તો તેનું તે જ્ઞાન, તે વિજ્ઞાન અને તે વિદ્યા સમ્યક્ જ્ઞાન નથી; મિથ્યા જ્ઞાન છે. આ બધી દૃષ્ટિએ વિચારતાં દર્શન વિશુદ્ધિનું મહત્ત્વ ચોક્કસ સમજાય છે.

હવે સવાલ એ થાય છે કે દર્શન શું? દર્શનની અશુદ્ધિ શું? વિશુદ્ધિ શું? તેનાં કારણો શા છે? એના ઉપર ક્રમશઃ વિચારીએ.

માણસ જયારે આ જગતમાં આવીને આંખો ઉઘાડે છે, ત્યારે એની નજરમાં આખું દૃશ્યમાન જગત આવે છે, એ જગતને ઝીણવટથી બુદ્ધિ અને શ્રદ્ધાની આંખો ખુલ્લી રાખીને જુએ, વિચારે, સત્ય ગમે ત્યાંથી મળે તેને શોધવાનો અને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે એ જ દર્શન છે, એને જ આપણે સમ્યક્દર્શન કહીએ છીએ. સમ્યક્દર્શન એક દૃષ્ટિ છે, દિશા છે, તેનું વિવેકપૂર્ણ અને બુદ્ધિગમ્ય રૂપ માનવને માટે શ્રદ્ધા–ભક્તિથી ગ્રાહ્ય છે; એવું સમ્યક્દર્શન માત્ર ભક્તિ કે શ્રદ્ધામાં જ પરિસમાપ્ત થતું નથી, પણ તે ભક્તિ, જ્ઞાન અને કર્મયોગમાં પ્રાણ પૂરનાર, પ્રકાશ ભરનાર દૃષ્ટિયોગ છે; એને આપણે અન્તર્મનનું અજવાળું અથવા આત્મામાં સ્થિત વિવેક પણ કહી શકીએ. એનો ક્રમ આ પ્રમાણે થાય છે—મિથ્યાત્વ ત્યાગ, સત્યની શોધ, સમ્યક્ત્વ ગ્રહણ અને સત્ય ઉપર દૃઢ શ્રદ્ધા. આ પ્રકાશને જ આપણે શુદ્ધ દર્શન કે દર્શનની વિશુદ્ધિ કહીએ છીએ. એવી દર્શનવિશુદ્ધિ જેનામાં હોય, તે વિકૃતિ, મિથ્યાત્વ કે અસત્યના ઢગલામાંથી સત્યને ધૂળધોયાની માફક કાઢી લેશે; અને અસત્ય, અકલ્યાણકારી તત્ત્વ કે અનિષ્ટ વસ્તુને કાઢીને ફેંકી દેશે. એવી સત્ય દૃષ્ટિ મળ્યા પછી માણસને માટે અધિકાધિક સત્ય પામવાનો માર્ગ ઉઘાડો થઈ જાય છે. અને પછી તે સત્ય પૂરતો પૂરી વફાદારી સાથે, કોઈ પણ પક્ષપાત, અસ્વાભાવિક બંધન, ટેવ કે કુસંસ્કારોને અધીન થયા વગર કષાય શાન્ત કરીને ધૈર્યપૂર્વક જે સત્યને ગ્રહણ કરશે તેનો વિવેકબુદ્ધિથી નિર્ણય કર્યા પછી, તે સત્યને પોતાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સદ્દવૃત્તિ–પ્રવૃત્તિઓનો આધાર બનાવશે; જેના ઉપર ચાલીને તે સ્વ-પર કલ્યાણ કરી શકશે. એને જ આપણે દર્શન વિશુદ્ધિ, દષ્ટિની નિર્વિકારિતા, નિર્મળતા કે સમ્યક્‌દર્શનની અવસ્થા કહી શકીએ.

જેની દર્શનવિશુદ્ધિ થઈ ગઈ હશે, તેવા માણુસની દષ્ટિ સાર્વત્રિક (વ્યાપક) હશે, સાર્વકાલિક હશે, એટલે કે પ્રાચીનતા કે નવીનતાના મોહથી મુકત હશે, સમભાવી હશે. એટલે કે તેની દષ્ટિમાં પક્ષપાતની દુર્ભાવના, સ્વત્વમોહ કે દ્વેષની કાળાશ, દુઃસ્વાર્થની બદબો અગર તો સંસ્કારોની આંધળી ગુલામી નહિ હોય. તેની દષ્ટિ સાપેક્ષવાદી હશે એટલે કે તે દરેક વસ્તુને જુદા–જુદા દષ્ટિકોણો, પાસાંઓ કે અપેક્ષાઓથી અથવા વિભિન્ન અંગોથી તપાસશે, અભ્યાસ કરશે. તેની દષ્ટિ સમન્વયવાદી એટલે કે આદર્શ અને વ્યવહાર, કર્તવ્ય અને અધિકાર વગેરેનો સમન્વય કે સમતુલા કરવામાં નિષ્ણાત હશે, તેની દષ્ટિ શ્રદ્ધા અને બુદ્ધિ બન્નેને સાથે લઈને ચાલશે. તે પરથી માંડીને જગત સુધી બધી સમસ્યાઓને વિશ્વવ્યાપક દષ્ટિકોણુથી જોશે, વિચારશે અને વ્યાપકનીતિ–ધર્મની દષ્ટિએ તેનો ઉકેલ શોધશે; એ ઉકેલ શોધવામાં તે પ્રાણિમાત્રના હિત સુધીની વિશાળ દષ્ટિ રાખશે.

દર્શનની અશુદ્ધિ કે વિકાર એ જ છે કે જ્યારે કોઇ સમસ્યાને સાંકડી અને દુઃસ્વાર્થની દષ્ટિએ જોવામાં આવે છે, પોતાપણાના મોહ અને મૂઢતાઓને લીધે ભ્રમોનો શિકાર બની જવાય છે, દરેક વિચાર, દર્શન કે ધર્મના વાક્યને માત્ર એક જ પાસાંથી, એક જ અપેક્ષાથી, તેના એક જ અંગને જોવામાં આવે છે, બુદ્ધિ દ્વારા શુદ્ધતર્કને બદલે કાં તો પોતાની નબળાઇ ઢાંકવા માટે ખોટા તર્કો ચલાવવામાં આવે છે, કાં તો આંધળી શ્રદ્ધાને વશ થઇ ચાલવામાં આવે છે; જે વસ્તુ અસત્ય છે, અંધવિશ્વાસથી પ્રેરિત છે, તેને કલ્યાણકારિતાની સાથે પોતાના ટૂંકા સ્વાર્થવશ જોડી દેવામાં આવે છે અગર તો અહંકારવશ પોતે જે માને છે, તેમાં ભૂલની સંભાવના જ નથી, તે જ સત્ય છે, એમ માની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બીજા પાસે રહેલા શુદ્ધ સત્યને અવગણવામાં આવે છે. આ જ ઝેર છે, મળ છે કે વિકાર છે. જે માણસના દર્શનને અશુદ્ધ બનાવીને જગતમાં ધર્મ, સંપ્રદાય, રાષ્ટ્ર, જાતિ, વિચારધારા કે વાદ વગેરેને નામે અનેક અનર્થો સર્જ્યા કરે છે. એવી અસત્ય દષ્ટિથી માણસ દરેક વાતમાં અસત્ય દૃષ્ટિએ જ વિચારે છે, અસત્ય પરિણામે જ પહોંચે છે. તે ભય, પ્રલોભન, ખોટી કલ્પનાઓ, અંધવિશ્વાસો વગેરે ઉપર આધારિત ખોટા સિદ્ધાન્તોનો આશ્રય લઈને જનસમાજને ખોટી રાહ ચીંધે છે. દર્શનની અશુદ્ધિવાળો માણસ વિચારોની અનિશ્ચિતતા કે વિચારોને શુદ્ધ અને નિશ્ચિત બનાવવાની અનિચ્છાને લીધે ખોટો સંતોષ માનીને ધર્માચરણ માટે નિષ્ક્રિય બની જાય છે. આવી દર્શન વિશુદ્ધિ માત્ર પુસ્તકો વાંચવાથી કે સાચી દષ્ટિ વગર સત્ય અને અસત્ય બન્નેનો સમન્વય કરવાથી, અગર તો ખુશામતી વૃત્તિ દ્વારા સમન્વય સાધવાથી નથી આવતી. જેમ લોહીનો બગાડ માત્ર બાહ્ય ઉપચાર કરવાથી દૂર નથી થતો પણ રક્તશુદ્ધિ કરવાથી થાય છે તેમ દર્શન વિશુદ્ધિ સર્વાંગી વ્યાપક દષ્ટિવાળા પુરુષોના સંપર્કથી, જનસેવાના વિવિધ કાર્યોના અનુભવોથી, દષ્ટિશુદ્ધ અને તર્કશુદ્ધ સાહિત્ય વાંચનથી, તેમજ વિચારણા, ગવેષણા, ચિંતન, નિરીક્ષણ, પરીક્ષણ, શોધખોળ, મનન, વિશ્લેષણ, વિવેક, સમ્યક્ નિર્ણય અને નિર્ણીત ઉપર શ્રદ્ધાથી થાય છે.

એટલા માટે જ સાધુસાધ્વી શિબિરની પ્રવચનમાળામાં 'દર્શન વિશુદ્ધિ' નામનો એક સ્વતંત્ર વિષય રાખવામાં આવ્યો હતો. એ અંગે પ્રવચન કરવાનું મારે ફાળે આવ્યું હતું. પૂ. મુનિશ્રી સંતબાલજી મહારાજ જેવા આર્ષદષ્ટા પુરુષોના સાન્નિધ્યથી મને જે કાંઈ દષ્ટિ મળી છે, તેના આધારે મેં આ વિષયના જુદા-જુદા ૧૫ મુદ્દાઓ ઉપર પ્રવચન કરીને ટૂંકમાં છણાવટ કરી છે. આમ તો આ વિષય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બહુ જ વ્યાપક અને ગંભીર છે, એટલે હજારો પાનામાં પણ એની છણાવટ ઓછી પડે, પરંતુ મને ખાતરી છે કે આનો ટૂંકો સાર આ પ્રવચનોમાંથી મળી શકશે. એક રીતે જોઈએ તો શિબિરનાં બધા જ વિષયો પરનાં પ્રવચનો દર્શનની વિશુદ્ધિ માટે જ છે; અને આ વિષય એ બધાનો કરોડરજ્જૂ છે.

પ્રવચનો કેવાં થયાં છે, તેનો નિર્ણય તો હું વિવેકી વાચકો ઉપર જ છોડું છું. આ પ્રવચનોના સંપાદનમાં શ્રી ગુલાબચંદભાઈએ સૂક્ષ્મ પરિશ્રમ લીધો છે. આ પુસ્તકથી વાચકો પોતાનું દર્શન નિર્મળ બનાવશે, વિચારો અને ભાવનાઓ શુદ્ધ કરશે તો હું મારો પ્રયાસ સાર્થક સમજીશ. સુજ્ઞેષુ કિં બહુના ?

ડાલમિયાનગર
તા. ૧૨-૩-૬૪

મુનિ નેમિચન્દ્ર

✡

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | ધર્મને નામે અંધ વિશ્વાસ | ૧ |
| ૨ | દેવદેવીઓનાં નામે મૂઢતા | ૧૩ |
| ૩ | ગુરુ – મૂઢતા—૧ | ૨૮ |
| ૪ | ગુરુ – મૂઢતા—૨ | ૪૦ |
| ૫ | ધર્મ – મૂઢતા—૧ | ૫૪ |
| ૬ | ધર્મ – મૂઢતા—૨ | ૬૯ |
| ૭ | શાસ્ત્ર – મૂઢતા | ૮૬ |
| ૮ | લોક – મૂઢતા | ૧૦૬ |
| ૯ | આસ્તિકતા – નાસ્તિકતા | ૧૨૦ |
| ૧૦ | ઈશ્વરવાદ – અનીશ્વરવાદ | ૧૩૫ |
| ૧૧ | યોગ સાધનાનું તત્ત્વ | ૧૫૨ |
| ૧૨ | સાધનાના વિવિધ અંગોમાં વિવેક | ૧૬૭ |
| ૧૩ | એકાંગી આત્મવાદ | ૧૮૩ |
| ૧૪ | વહેવારમાં વ્યક્તિવાદી વિચારધારાઓ | ૨૦૪ |
| ૧૫ | વ્યાપક સત્યનું દર્શન | ૨૧૯ |


☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ચિંતન

વ્યક્તિ અને સમાજ બંનેથી પર એક ધર્મ છે. એ ધર્મ તરફ નજર રાખીને આપણે ચાલવું જોઇએ. વ્યકિતને બચાવવી એ જેમ આપણું સૂક્ષ્મ કર્તવ્ય નથી, તેમજ સમાજને બચાવવો એ પણ આપણું કર્તવ્ય નથી. એક માત્ર ધર્મને—માનવતાને બચાવવી એ જ આપણું સૌથી મોટું અને શ્રેષ્ઠ કર્તવ્ય છે.

卐

જે વિચાર આચરણમાં પરિણમતો નથી તે વિચાર નહિ પણ તરંગ છે. એવા તરંગોમાં રાચવું સારું નથી. સાચો વિચાર હંમેશાં માનવના પુરુષાર્થને પ્રેરે છે અને આચરણમાં મૂર્ત બની પાંગરે છે.

卐

જીવન એ એક ભગવાનની ભેટ છે. અસલ કિંમત તેની જ છે. પણ તેને રત્નમણિ બનાવવો, તેની ઉપયોગીતા વધારવી, તેને ઊંચી કિંમત આપવી એ બધું કામ ધર્મનું છે. જીવનને કૃતાર્થ કરવાની કલા તેનું નામ જ ધર્મ. ધર્મ કલા જેટલી ઊંચી એટલે અંશે એ જીવનનું માંગલ્ય, જીવનનું સૌંદર્ય અને જીવનની ઉપયોગીતા વધારે છે.

卐

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[ ૧ ]

# ધર્મને નામે અંધવિશ્વાસ

માણસમાં શ્રદ્ધાનું તત્ત્વ ખૂબ હોય છે. પણ તે શ્રદ્ધા સાથે જો બુદ્ધિ ન હોય તો તે અંધશ્રદ્ધામાં પરિણમે છે. તે શ્રદ્ધા સાથે જો સાત્ત્વિક બુદ્ધિનો સંયોગ ન હોય તો એ શ્રદ્ધા અશ્રદ્ધામાં પરિણમે છે. આવા અશ્રદ્ધાળુને પણ કોઇક પ્રકારની શ્રદ્ધા રાખીને ચાલવું જ પડે છે.

જગતમાં બે પ્રકારની વસ્તુઓ છે. એક ઇંદ્રિયગોચર અને બીજી અતીન્દ્રિય. ઇંદ્રિય-ગોચર વસ્તુઓનો સહુ સ્વીકાર કરે છે ત્યારે અતીન્દ્રિય વસ્તુઓનો વિશ્વાસ આપ્તજનોના વચનોથી થાય છે. કેટલાક અશ્રદ્ધાળુ લોકો એમ કહે છે કે અતીન્દ્રિય વસ્તુઓ ઉપર શ્રદ્ધા રાખવી એ અંધશ્રદ્ધા છે. પણ ખરેખર, આપ્તજનો વડે બતાવેલી દરેક વસ્તુ ઉપરની શ્રદ્ધા એ કંઇ અંધશ્રદ્ધા નથી. જેમકે આત્મા, ઇશ્વર, સ્વર્ગ, નરક, કર્મ કે હિંસા, અહિંસા વગેરે ભાવો, એના પરિણામો કે ચિહ્નોથી સમજી શકાય છે. અતીન્દ્રિયમાં નહીં માનનારા લોકો પણ ગણિત અને વિજ્ઞાનના સિદ્ધાંતોને શ્રદ્ધાપૂર્વક માને છે. પણ ન જોયેલી વસ્તુને માનવાનો ઇન્કાર કરે છે.

એવી એક વ્યકિતને કોઇ કે પૂછ્યું : "તમારા પિતામહને તમે જોયા હતા ?"

"નહીં...."

"તો પણ તમે તેને માનશોને ?"

તેમને એ તો માનવું જ પડશે. તેમના સિદ્ધાંત પ્રમાણે તેમણે પિતામહને જોયા નથી એટલે માનવા ન જોઇએ. એવી જ રીતે વિજળી આંખથી દેખાતી નથી છતાં પણ તેના પરિણામ, પ્રકાશ, તાપ વગેરે ઉપરથી વિજળીને માનવી જ પડે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ટુંકમાં શ્રધ્ધા અને બુદ્ધિ બન્નેની સમતુલા જળવાઈ રહેવી જોઈએ. નહીંતર શ્રધ્ધા; અંધશ્રધ્ધા કે અશ્રધ્ધામાં પરિણમી જશે. આવી શ્રધ્ધાને ટકાવી રાખવા માટે હંમેશા સારો વળાંક આપતા રહેવું જોઈએ.

ત્રણ શબ્દો આપણી સામે આવ્યા :–શ્રધ્ધા, અંધશ્રધ્ધા અને અશ્રધ્ધા. ઘણા કહેશે કે શ્રધ્ધા અને વિશ્વાસ એક જ વાત છે. પણ એ બન્નેમાં ઘણું અંતર છે. શ્રધ્ધા એટલે કોઇ વસ્તુ પ્રતિરુચિ–પસંદગી કે આકર્ષણ, તે સામાન્ય છે. ત્યારે વિશ્વાસ એટલે માન્યતા થાય છે; જેમકે ધર્માદિ વસ્તુઓ પ્રતિ માન્યતાને વિશ્વાસ ગણાવી શકાય. ત્યારે પસંદગી કે રુચિને શ્રધ્ધા ગણાવી શકીશું. માણુસમાં રહેલ શ્રધ્ધા–તત્ત્વને કોઈ ને કોઈ અવલંબન કે આશ્રય જોઈએ છે. એમાંથી માણુસે ઈશ્વર, ધર્મ દેવ, ગુરુ વગેરે આશ્રયો સ્વીકાર્યા.

દરેક ધર્મની સ્થાપના જનકલ્યાણ માટે થતી રહી છે. તેમાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ પ્રમાણે પરિવર્તન–સંશોધન થવું જોઇએ. જ્યારે કોઇ પણ ધર્મમાં સંશોધન થતું નથી ત્યારે ત્યાં અંધ–વિશ્વાસો પેસે છે. તેનાથી હઠાગ્રહ, દુરાગ્રહ, અત્યાચાર, મારામારી અને કાપાકાપી જેવાં અનિષ્ટો વધે છે. એટલે દરેક સર્વધર્મમાં માનનારા શ્રેયાર્થીએ ત્રણ વસ્તુઓનો વિચાર કરવો જોઈએ :—(૧) સર્વ ધર્મ પ્રત્યે આદર કરવો; (૨) સર્વ ધર્મોના સાર–તત્ત્વોનું તારણ કરવું. અને (૩) સર્વ ધર્મોમાં પેસેલા અંધ વિશ્વાસો અને અનિષ્ટોનું નિવારણ અને સંશોધન કરવું.

આજે બુદ્ધિવાદનો યુગ છે. એટલે કોઇપણ અતીન્દ્રિય વાતને તમારે યુક્તિથી, વૈજ્ઞાનિક દૃષ્ટિએ સિદ્ધ કરીને, આજના અશ્રધ્ધાળુ યુવકોના મગજમાં ઠસાવવી પડશે. આમ પણ અંધવિશ્વાસો સામાન્ય જનતાનું નુકસાન જ કરે છે એટલે જો ધર્મની શ્રધ્ધા વધારવી હશે તો તેમાં સંશોધન પરિવર્ધન કર્યા કરવું જ પડશે. બાંધેલા પાણી બગડે પણ વહેતાં પાણી શુધ્ધ થતાં રહે. એ રીતે ધર્મના પ્રવાહને વહેતો જ રાખવો, તો જ ધર્મનું કલ્યાણકારી રૂપ રહી શકશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપણે કેટલાક ધર્મના નામે ચાલતા નવા અને જૂના અંધવિશ્વાસોના દાખલાઓ તપાસીએ !

## સફાઈ અને દૈવીકોપ

જૂના સમયમાં યુરોપમાં અંધવિશ્વાસનું રાજ્ય હતું.

તે વખતના યુરોપના એક નગરની આ વાત છે. ત્યાં લોકો માનતા કે નગરમાં સફાઈ કરવાથી દેવતા નારાજ થશે અને નગરનો નાશ કરશે. પરિણામે ઢેર–ઢેર ગંદકીના ઉકરડાઓ વધવા લાગ્યા. અંતે રોગચાળો ફાટી નીકળ્યો અને ઘણા લોકો મૃત્યુના મોંમાં ધકેલાવા લાગ્યા.

આથી કેટલાક યુવકોને ચિંતા થઈ કે કંઈક કરવું જોઈએ. રૂઢિચુસ્તો તો "દેવકોપ"થી આગળ વિચારી શકતા જ ન હતા. યુવકો ડૉકટરો પાસે ગયા. તેમણે પૂછયું : "શું સફાઈ કરવાથી દેવતા નારાજ થઈ જશે ?"

"ના અમે માનતા નથી !" ડૉકટરોએ કહ્યું.

"લોકોને એ રીતે કહો !" યુવકોએ વિનવણી કરી.

"લોકો માનશે નહીં અને ઊલટું અમારો ધંધો ભાંગી પડશે !" તેમણે સાફ–સાફ કહ્યું.

યુવકો ધર્મગુરુઓ પાસે ગયા. તો તેમણે પણ આવો જ જવાબ આપ્યો. યુવકો નિરાશ થયા ન હતા. તેમણે કમ્મર કસીને ગંદકી સાફ કરવી શરૂ કરી. લોકો ગાળો ભાંડવા લાગ્યા. પણ અંતે નગર સાફ થયું. રોગચાળો બંધ થયો અને દેવ પણ નારાજ ન થયા.

લોકોને આખરે સમજણ પડી કે સફાઈ કરવાથી દેવ નારાજ થતા નથી. આ અંધવિશ્વાસ તે નગરમાંથી ગયો.

## ધર્મના કારણે માનવભેદો

ધર્મના અંધવિશ્વાસમાં એક વસ્તુ ઘણીવાર અને વ્યાપકપણે જોવામાં આવે છે કે પોતે અને એ ધર્મ ઉંચો અને બીજા હલકા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધર્મ મોટા ભાગે પરંપરાથી મળતો હોઈને તેને વારસાગત મળે છે. એવું નથી કે સત્ય સમજીને ઉત્કૃષ્ટ ધર્મમાં તેણે અગાઉથી ચોક્કસપણે નક્કી કરીને જન્મ લીધો છે. એ તો તેને વારસાગત મળ્યો છે.

એથી કોઈ એવો દાવો કરે કે મારો જ ધર્મ ઊંચો છે અને બીજો નીચો છે તો તે કેવળ આવા અંધવિશ્વાસના કારણે જ કરે છે. કોઈ પણ બુદ્ધિશાળી તેવા દાવાને સ્વીકારી શકશે નહીં.

પણ; દુર્ભાગ્યે ધર્માંધતા એટલી બધી ફેલાઈ ગઈ છે કે અન્ય-ધર્મવિલંબીઓને મારી નાખવા બાળી નાખવા વગેરે અત્યાચાર કરવાના પ્રસંગો ધર્મના નામે થાય છે.

ધર્મના નામે જ આપણા દેશના હિંદુસ્તાન–પાકિસ્તાન એવા બે ભાગલા પડ્યા. એટલે દરેક ધર્મના વિચારક પુરુષો પર એની જવાબદારી રહેલી છે કે તેઓ પોતપોતાના ધર્મમાં ચાલતા આવા અંધવિશ્વાસોને દૂર કરાવે; સંશોધન કરે. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું : “જે જે ધર્મ પાળતો હોય તેને તે ધર્મમાં ચાલતા સડાને દૂર કરવાનો, તેમાં સંશોધન કરવાનો તેને પૂર્ણ અધિકાર છે. હું પોતે સનાતની છું એટલે સનાતન હિંદુધર્મમાં જે સડો છે તેને દૂર કરવા અને સંશોધન કરવાનો મને પૂરો અધિકાર છે.” મહાત્મા ગાંધીજીએ તેમ કરીને બતાવ્યું હતું.

## ધર્મના નામે પાપાચારો

થોડા વરસો પહેલાં આચાર્ય ચતુરસેન શાસ્ત્રીનું લખેલ “ધર્મ કે નામ પર” પુસ્તક વાંચ્યું હતું. તેમાં સપ્રમાણ તેમણે બતાવ્યું હતું કે ધર્મના નામે કેટલાક અત્યાચારો, વ્યભિચારો, અનચારો, છેતરપીંડી, દગો, શોષણ, ધૃણા, મારામારી, કાપાકાપી વગેરે અનિષ્ટો ભારતમાં અને બીજા દેશોમાં થયા છે. ઘણીવાર આવું વાંચ્યા પછી એમ પણ મનમાં થઈ જાય છે કે ધર્મથી જગતને ફાયદો થવાના બદલે નુકશાન થયું છે. એટલે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધર્મની શ્રદ્ધા વધારવા માટે ધર્મના નામે ચાલતા પાપાચારોને રોકવાની ફરજ ધર્મગુરુઓ અને સાધુસંતો ઉપર છે.

મધ્યયુગમાં ઘણા સ્વાર્થી ખ્રિસ્તી ધર્મગુરુઓ (પોપો) સ્વર્ગની હુંડી લખી આપતા. તેઓ લોકોને કહેતા કે આટલા રૂપિયા આપો તો સ્વર્ગમાં સુરક્ષિત સ્થાન અને સુખો મળશે. ભોળા લોકો એમાં ભોળવાઈ જતા.

આપણા દેશમાં પણ તીર્થના પંડાઓ પિતૃઓને સદ્‌ગતિ પમાડવા માટે યજમાનોને છેતરતા હોય છે. ખરી રીતે તો આ પંડાઓ એટલે પંડિતો–તેમના ઉપર સમાજને શિક્ષણ અને સંસ્કાર આપવાની જવાબદારી હતી. તેઓ એ જવાબદારી મૂકીને ધર્મને વેચવાનો વ્યવસાય લઈને બેસી ગયા છે.

શ્રી. રવિબાબુ ચીનની યાત્રાએ ગયેલા. ત્યારે તેમણે મંદિરના પૂજારીઓને બાળકોને ભણાવતા જોયા. તેમણે પૂછ્યું: "શું બીજી નિશાળો નથી કે તમે ભણાવો છો?"

તેમણે કહ્યું: "તમે ભગવાન બુદ્ધના દેશના થઈને આમ શા માટે કહો છો? તમારા દેશમાં બ્રાહ્મણ પંડિતો ઉપર ગામના શિક્ષણની જવાબદારી છે ને? અમારે ત્યાં આ પ્રથા ત્યાંથી જ આવી છે. ગામમાં કોઈપણ વ્યક્તિ અભણ ન રહે! એ જવાબદારી અમારી છે."

ત્યારે આપણે ત્યાં બ્રાહ્મણોની શી દશા છે એ તેમણેજ વિચારવાનુંજ રહે છે.

## ધર્મના નામે વ્યભિચાર :

ધર્મના નામે દેવમંદિરોમાં દેવદાસીની પ્રથા થોડા વર્ષો પહેલાં પૂરીથી લઈને કન્યાકુમારી સુધીનાં મંદિરોમાં ચાલતી હતી. દેવમંદિરોમાં કુટુંબની પહેલી કન્યાને ફરજિયાત દેવદાસી બનવું પડતું. ત્યાં તેને નૃત્ય ગીત વગેરે શીખવાડી, દેવને રીઝવવા માટે રાખવામાં આવતી; જેથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યાત્રાળુ લોકોનું મનોરંજન થાય અને મંદિરને પોષણ મળતું રહે. ધીમે-ધીમે તેમાંથી વ્યભિચાર ફેલાતો ગયો અને દેવદાસીની પ્રથા ધર્મના નામે ચાલતા વ્યભિચારના અંધવિશ્વાસના ભયંકર પરિણામ રૂપે સામે આવી. અંતે બ્રિટીશ સરકારે કાયદો આણી તે પ્રથાને બંધ કરાવી.

આજે તો જો કે જનતા જાગૃત થઈ ગઈ છે. તે છતાં પણ ઘણા કળિયુગી ગુરુઓ કૃષ્ણલીલાને ઓથે ઘણી ભોળી બાળાઓને પોતાના પંજામાં આજે પણ ફસાવતા જોવામાં આવે છે.

**ધર્મના નામે બલિદાનો :**

કલકત્તામાં કાલિમાતાનું મંદિર છે. ત્યાં માતાને રાજી રાખવા માટે પાડાનું બલિદાન આપવામાં આવે છે. આજે પણ ઘણા સ્થળે બકરો, કુકડો, વગેરે ને બલિ આપવાની પ્રથા ચાલુ છે.

ક્યારેક ગામ ઉપર કે કુટુંબ ઉપર કોઈ આફત આવતાં કેટલાક લોકો, લોકશ્રદ્ધાનો ગેરલાભ લઈને આવાં બલિદાનો આપવાનું સૂચન કરે છે. તેમાંના થોડાક દાખલા આ પ્રમાણે છે:—

(૧) સહરાનપુરમાં એક જૈન બાઈને બાળક થતું ન હતું તેણે ઘણી બાધા-માનતા કરી, પણ કંઈ ન વળ્યું.

અંતે એક ધૂતારા સાધુએ કહ્યું: "કોઈ બાળકને મારી તેના લોહીથી સ્નાન કરશો તો બાળક થશે!"

બાળકની ધૂનમાં તે બાઈ આવું કરપીણ કાર્ય કરવા પણ તૈયાર થઈ. એક મેળાવડામાંથી તે એક નાના બાળકને ફોસલાવી ઘરે આવી અને બાળકનું ગળું દાબી તેનું કાંસળ કાઢી નાખ્યું. આસપાસના લોકોને એ વાતની ખબર પડી. પોલિસ આવી અને તે ઘરનાં બધાંને પકડીને લઈ ગઈ. તેને મૃત્યુદંડની સજા થઈ. ક્યાં અહિંસાના સંસ્કારોવાળી જૈન બાઇ અને ક્યાં આવું કાળું કૃત્ય! બન્નેનો મેળ જ બેસતો નથી.

(૨) થોડાં વર્ષો પહેલાં પંજાબના એક ગામમાં પૂર આવ્યું. જળપ્રલય થઈ ગયો. કોઈકે કહ્યું: "જળ-દેવી નારાજ થઈ છે અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કુતરાનો ભોગ માંગે છે." બિચારા કુતરાઓનું આવી બન્યું. પણ તેથી જળ–પ્રલય બંધ ન થયો. અંતે કોઇકે સૂચવ્યું કે આ ભંગી લોકોના પાપે થાય છે. તો, લોકો તેમની પછવાડે પડયા. અંતે રાજ્યની દરમ્યાનગીરીથી ભંગી લોકો ઉપર અત્યાચારો બંધ થયા.

( ૩ ) થોડાક વર્ષો ઉપર રાજસ્થાનમાં પણ એવું બન્યું હતું. ત્યાં પણ હરિજન લોકો ઉપર અમૂક રોગચાળાના કારણે શંકા કરવામાં આવી અને અત્યાચારો થયા હતા.

આમ ધર્મના નામે જ્યારે જીવો અને ખાસ કરીને માનવબલિદાનોની વાત આવે ત્યારે માનવું કે તેમાં કોઇકની ઉચ્ચ ગ્રંથિ (ગૌરવ) ઉંધી દિશાએ કામ કરી રહેલ છે; અને એ બલિદાનને રોકવું જોઇએ.

## ધર્મ અને ત્રિવિધ તાપમુક્તિ

ધર્મના નામે ઘણીવાર આધિ, વ્યાધિ અને ઉપાધિ ટાળવાના બહાને ઘણી વાતો વહેતી કરવામાં આવે છે અને ભોળા લોકો તેમાં ફસાઈ જાય છે.

થોડા વખત પહેલાં ઝિંઝકામાં એક દેવી પ્રગટ થવાની વાત સાંભળી લોકો ઉમટયા હતા. અંતે દેવી પણ ગઈ અને લોકોનો અંધવિશ્વાસ પણ ગયો.

કટકમાં એક એવા યોગીબાવા પ્રગટ થયા હતા કે તેઓ જનતાને જડીબૂટી આપી રોગમુકિત કરાવતા હતા. ઘણા લોકો ત્યાં જવા લાગ્યા. અંતે ત્યાં કોલેરા ફાટી નીકળ્યો. ત્યારે રોગમુકિતની વાત તો દૂર રહી ઘણા લોકો દેહમુકિત પામવા લાગ્યા, ત્યારે તે બાવા આવ્યા તેમ પલાયન થઈ ગયા હતા.

બંગાળનો એક કિસ્સો છે. રાજલક્ષ્મી નામની એક બાઇનો ધણી માંદો રહેતો હતો. ઘણા ઉપચારો કરવા છતાં તે સાજો ન થયો. અંતે તેણે એક જ્યોતિષી મહારાજને પૂછયું. તેણે કહ્યું કે હમણાં મૃત્યુ–યોગ છે; પરિણામે તેનો ધણી મરી શકે છે. પતિ–વિયોગનું દુઃખ સહન થઇ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શકશે એમ માની તે બાહ્ય ભજન-કીર્તન કરવાના બહાને એક મંદિરમાં ગઈ. તે પાછી ન ફરતાં ઘરવાળાઓને ચિંતા થઈ. સવારે નદીમાં એક શબ તરતું મળી આવ્યું અને લોકોએ તેને રાજલક્ષ્મીના શબ તરીકે ઓળખાવ્યું.

જ્યોતિષની વાત આવતાં હમણાં ભારતમાં અષ્ટગ્રહયોગના દુષ્પ્રભાવથી બચવા માટે કરોડો રૂપિયાની ભોગ સામગ્રીવાળા યજ્ઞો યાદ આવ્યા વગર રહેતા નથી. આવી રીતે શાંતિના નામે પણ ઘણી સંપત્તિનો ધૂમાડો થતો જોવામાં આવે છે.

એવી જ રીતે બાઈબલમાં જણાવ્યા પ્રમાણે ન્યાયનો દિવસ વર્ષ ૧૯૬૨માં પડે છે. અને તે દિવસે જગતનો અંત આવશે એમ જાણી કેટલાક ઈસાઈ પાદરીઓનું પહાડ ઉપર જવું અને રહેવું એ પણ ધર્મના નામે અંધવિશ્વાસ જ ગણાવી શકાય.

ધર્મના નામે જ્યારે આવી વાતો અંધશ્રદ્ધાળુઓ વહેતી કરે છે અને તે સાચી નથી નીકળતી કે નીવડતી; ત્યારે આજના વૈજ્ઞાનિકયુગના માણસો ધર્મશ્રદ્ધા-વિહોણા થતા જાય છે.

ધર્મના અંધવિશ્વાસોમાં ભારતમાં રહેલ ધૂતાધૂત પણ એક ભયંકર અનિષ્ટ છે. મહાત્મા ગાંધીજીએ એ સડાને હિંદુધર્મમાંથી કાઢવા માટે અથાગ પ્રયત્નો કર્યા હતા. સરકારે કાનૂન પણ બનાવ્યો છે : તે છતાં ગામડાંમાં હજુ આવા અંધવિશ્વાસો ચાલે જ છે કે હરિજનને અડવાથી કે તેમની પાસે બેસવાથી ધર્મભ્રષ્ટ થઈ જવાય છે.

આપણે સર્વધર્મ સમન્વયમાં માનીએ છીએ એટલે દરેક ધર્મમાં પેસેલા અંધવિશ્વાસોને દૂર કરવા માટે પ્રયત્ન કરવાનો આપણને અધિકાર છે. ત્યારે જ ધર્મમાં પેસેલા અંધવિશ્વાસો અને અનિષ્ટોના નિવારણ-સંશોધનની છેલ્લી પ્રક્રિયા વડે સર્વધર્મ સમન્વય સિદ્ધ કરી શકશું. ત્યારે જ દેશ અને દુનિયાને અહિંસા-સત્યની સુંદર પ્રેરણા આપી શકશું.

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ચર્ચા-વિચારણા

**શ્રી. પૂંજાભાઈએ** આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું : "ઊંટવૈદ ઊંટની દવા કરે એ રીતે માણસને કરવા કોઈ જાય તો ભારે થઈ પડે. એવી જ રીતે વાદે વાદે સાચા ભેગા ખોટા સાધુઓ ભળતા ધર્મના નામે અંધશ્રદ્ધા તેમણે ફેલાવી હોવી જોઈએ."

**શ્રી. માટલિયા** : "ધર્મની સાથે ચમત્કાર, પરચો, રોગમુક્તિ વગેરે બાબતો એવી જોડાઈ ગઈ છે કે જેને લીધે ધર્મનું અસલત્ત બાજુએ રહી જાય છે. સ્વામીનારાયણ સંપ્રદાય મૂળ ચારિત્ર્યમાં માને પણ તે છતાં અમૂક સ્થળે હનુમાન જાપ વ.થી ભૂત-પલિત કાઢવાનું આવી જ ગયું. આવા દરેક ધર્મમાં દાખલા મળી આવશે.

**શ્રી. બબલભાઇ** : "મુનિશ્રીના વર્ગો વખતે હું એક ગામમાં ગયો હતો. ત્યાં એક પ્રયોગ થતો કે બેડી પહેરીને હાથ લગાડ્યા વગર કાઢી શકે તે નિર્દોષ અને ન કાઢી શકે તે ગુનેગાર. ખરી વાત એમ હતી કે નકુચો ઉંધો પહેરાય તો ન જ નીકળે-આમ નિર્દોષને અન્યાય થવાનો પૂરેપૂરો ભય રહે છે. આવા અંધવિશ્વાસો દૂર કરવ માટે જ્ઞાન-વિજ્ઞાનનો વિકાસ ઘણો જ જરૂરી છે.

ખેડા જિલ્લામાં એક સ્થળે પાંચ ખાડા હતા. તેમાં પાણી ખાલી થતું જ ન હતું. એક દહાડો મેં એ ખાડામાંથી પાણી ઓછું કરતાં કરતાં તેનો તાગ લીધો. તેની સરવાણી બીજે હતી તેની સાથે ખાડાનો સંબંધ હતો એટલે તેમાં પાણી ભરાયેલું રહેતું. હવે સામાન્ય માણસને ત્યાં ચમત્કાર લાગ્યા વગર ન રહે; પણ સમજાય તો તેનું ખરૂં કારણ ધ્યાનમાં આવે.

ઘણીવાર આપણે કોઇ વાતના ઊંડાણમાં ઊતરતા નથી. ઊતરીએ ખરૂં જ્ઞાન થઈ શકે : "વશીકરણ"નું મૂળ કારણ માનસિક નબળાઈ છે. માણસ બુદ્ધિથી વિદ્વાન થાય કે કર્મકાંડ-આચારથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મંડલેશ્વર થાય; તેનામાં માનસિક નબળાઈ હોવાનો સંભવ છે અને ત્યાં હીપ્નોટીઝમ અસર કરે છે. એટલે જ્ઞાન અને વિજ્ઞાનજ અંધશ્રદ્ધાને દૂર કરવાનો સચોટ ઉપાય છે; એમ મને લાગે છે."

**પૂ. દંડીસ્વામી** : "તમારી વાતને હું સમર્થન આપીશ. ઈલોરાની ગુફામાં વિશ્વકર્માની પૂજા કરવા માટે નાના મોટા બન્ને માણસો ને ડટ્ટા ઉપર ઊભા રહેવું પડે છે. તપાસ કરતાં જણાયું કે ડટ્ટા નીચે હોજો છે. તેમાં નાનો ઊભો રહે તો પાણી ભરાય અને મોટો રહે તો પાણી ખાલી થાય એટલે બન્ને પૂજા કરી શકે.

શાહજહાંની કબર ઉપર એ રીતે પાણી ટપકતું રહે એવી વ્યવસ્થા કારીગરે કરી છે. જેથી ઉપરના ભાગમાં ચોમાસામાં પાણી ભરાઈ જાય પણ તે ટીપું–ટીપું આખું વરસ ટપકતું રહે. આમાં ઇજનેરી કળાની વિશેષતા હતી. જો કારણ શોધવા જઈએ તો ઘણી બાબતોમાં અંધશ્રદ્ધા દૂર થઈ શકે?"

**શ્રી. બબલભાઈ** : એથી પણ કંઈક વિશેષ આ અંગે એમ કહી શકાય કે વાડાબંધી અગર સંપ્રદાય પણ અંધવિશ્વાસનું નિમિત્ત હોઈ તેના ચશ્મા પણ દૂર થવા જોઈએ. માનવ મન સ્થિતિચુસ્ત તો હોયજ છે, તેથી જેને માને તેનો આગ્રહ રાખે તે સ્વાભાવિક છે પણ તેમાં દૃષ્ટિ ઉદાર હોવી જોઈએ. એટલે સર્વધર્મ સમન્વય ટેવ રૂપે નહીં પણ જ્ઞાનરૂપે હોવું જોઈએ. નહીંતર ઘણીવાર સારી વસ્તુ પણ નુકશાન કરે છે.

માણસની જેટલે અંશે વિવેકશક્તિ જાગૃત થશે તેટલે અંશે અંધવિશ્વાસ જશે. પણ તે માટે ટુંકો રસ્તો લેવાની જરૂર નથી. લાંબે ગાળે સતત પ્રયોગ રૂપે તે થવું જરૂરી છે. આપણે આપણા માટે સારા આચારો અને વિચારોનો આગ્રહ રાખીએ; પણ બીજા ઉપર લાદવા જેવી પરિસ્થિતિ ન કરીએ તે ખૂબજ વિચારવા જેવું છે. આ અંગે એટલું કહી શકાય કે બીજાના દોષો જોઈને તેના ઉપર તૂટી પડવું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એના કરતાં તેને દૂર કરવાનો સક્રિય રસ્તો શોધી તેને એ રસ્તે ધીમે ધીમે વાળવો જોઈએ. તે આક્રમણ રૂપે નહીં પણ શાંતિદાયક પરિવર્તન રૂપે આવવું જોઈએ. એટલે શાંતિ સ્થાપવામાં અનાગ્રહ વૃત્તિ ખૂબજ જરૂરી છે."

**સંતબાલજી** : "શ્રી. બબલભાઈએ બે વાતો ખૂબ સૂક્ષ્મતાથી સમજવા જેવી કહી છે:—(૧) સર્વધર્મ સમભાવ કેવળ શબ્દોમાં નહીં પણ અમલમાં આવવો જોઈએ. એટલી હાર્દિક ઉદારતા હોવી જોઈએ (૨) અનાગ્રહ વૃત્તિની વાત.

આ બીજી વાતમાં એક વાત વધારે છે તે વિવેક રાખવાની ખાસ અગત્ય. દા. ત. (૧) માએ પોતાના બાળક ને આગમાં હાથ નાખતાં જોયું તો ત્યાં તે શું કરશે? બાળક રડશે, તેને નહીં ગમે, ગેરસમજના કારણે એને દબાણ લાગશે છતાં મા તેને ઉપાડીને જશે! (૨) એવી જ રીતે કોઈ દારૂડિયો ખાડામાં પડવા જતો હશે તો ન ગમવા છતાં રસ્તે જતો સજ્જન તેને રોકીજ લેશે ને? (૩) કેટલાંક અનિષ્ટો આખા સમાજને નથી દેખાતા પણ એક દ્રષ્ટાને દેખાય છે. તો તે પ્રેમભાવે સમાજને બચાવી લેશે ને!

અહીં એવું મોટું દબાણ કે માનસિક આક્રમણ આખાયે સમાજ ઉપર આવીને ઊભું રહે છે કે જેને લીધે સમાજનું માનસ તેવા આગ્રહી પુરૂષ ઉપર પ્રતિ-આક્રમણ કરવા પ્રેરાય છે. સુકરાત, ઈશુ અને ગાંધીજીએ આજ દૃષ્ટિએ મોટું દબાણ સમુહ ઉપર કર્યું જ હતું. અલબત્ત એમાં આશકિત ન હોય તેવી વિરલ વિભૂતિને અથવા તટસ્થ આધ્યાત્મિક સંસ્થાનેજ આમ કરવાનો અધિકાર હોઈ શકે.

"ધર્મ પરના અંધવિશ્વાસો"ના તારણ ઉપરથી આપણે એવો નીચોડ તારવીએ છીએ કે ગમે તેવા મોટાં ઇષ્ટના કારણે પણ નાનું અનિષ્ટ ન ઘૂસવા દેવું, કોઈ અનિવાર્ય પ્રસંગે ઘૂસી જાય તો જાહેર કરી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રાયશ્ચિત લઇ લેવું; જેથી અનિષ્ટ સર્વ પ્રકારે ત્યાજ્ય બનીને રહે. તો જ ધર્મ સાથે પેસી ગયેલી અંધશ્રદ્ધાને દૂર હઠાવી શકશું.

અંધશ્રદ્ધા શબ્દને આપણે એટલા માટે અલગ પાડીએ છીએ કે કેટલાક અતીન્દ્રિય વિષયો અથવા આપણા અનુભવોના વિષયો ન હોય ત્યાં આપણે અંધશ્રદ્ધાને આધીન થવું પડે છે. અલબત્ત એને અંધશ્રદ્ધા કહેવા કરતાં અનુભવો પરના વિશ્વાસને લીધે થયેલી શ્રદ્ધા કહીએ તો ચાલશે. ત્યાં તર્ક ચાલતા નથી કે ચલાવતા નથી એવું નથી; પણ આપણે સભાનપણે અને સ્વાર્થ વગર એમ સમજીએ છીએ કે " આ પુરૂષની નવ વાતો સાચી પડી છે તો દશમી પણ સાચી પડશે. ભલે આજે તે વાત ગળે ન ઊતરે પણ ભવિષ્ય તેને કરી દેખાડશે ! " આનો અર્થ એ નથી કે તર્કો નહીં ચલાવવા; પણ અંતે ત્યાં કોઇનું કલ્યાણ નથી, એમ સમજી સમાધાન મેળવવું જોઇએ.

૧૫-૭-૬૧

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[૨]

# દેવદેવીઓનાં નામે મૂઢતા

ધર્મના નામે અંધવિશ્વાસોથી આગળ ચાલીએ તો જગતમાં જાતજાતના દેવ-દેવીઓનાં નામે ઘણી મૂઢતાઓ લોકસમાજમાં જોવામાં આવે છે. આને આપણે દેવમૂઢતા કહીશું. સાધકના જીવનમાં કોઈપણ પ્રકારની મૂઢતા વિકાસને રૂંધનારી હોય છે. એવી જ રીતે સામાજિક જીવન માટે પણ તે ભયનું સ્થાન છે.

ઉપનિષદ્‌માં એક વાક્ય છે :—

हिरण्मयेन पात्रेण सत्य स्यापिहितं मुखं

—એટલે કે સત્યનું મુખ સોનાના પાત્રથી ઢંકાયેલું છે. તેનો ભાવાર્થ એ છે કે સત્ય પણ મૂઢતાના કારણે આવૃત થઇ જાય છે. કેટલીક વાર સાધકના પોતાના જીવનમાં સ્પષ્ટ દર્શન ન હોય તો સમાજનું ચોમેરનું વાતાવરણ એને તે તરફ દોરી જાય છે.

જૈનાચાર્યે સમંતભદ્રે 'રત્નકરંડ શ્રાવકાચાર' નામનું એક પુસ્તક લખ્યું છે. તેમાં પાંચ પ્રકારની મૂઢતા બતાવેલી છે. તેના કારણે "સંમ્યકત્વ" ઉપર આવરણ આવે છે. સમ્યકત્વ એટલે સત્ય માર્ગ ઉપર આવી શ્રધ્ધા. આ મૂઢતા આવવાનું કારણ સમ્યકત્વ-મોહનીય કર્મ છે; એમ કહ્યું છે. આ પાંચે મૂઢતા આ પ્રમાણે છે :—દેવમૂઢતા, ગુરુમૂઢતા, ધર્મમૂઢતા, શાસ્ત્રમૂઢતા અને લોકમૂઢતા.

એમાંથી અત્રે દેવમૂઢતા ઉપર વિચાર કરશું.

કોઈ પણ મૂઢતાનું કારણ ભય, લોભ કે વિસ્મય હોય છે. આ મૂઢતા ચલાવનારમાં હોઇ શકે અને તેમાં ફસાઇ જનારમાં પણ હોઇ શકે છે. ગમે તે એકમાં ભય, લોભ કે વિસ્મય હોય તો મૂઢતાને વધવાનો આધાર મળી જાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દેવમૂઢતા આવી કયાંથી ? તે અંગે થોડો વિચાર પહેલાં કરી લઈએ. માણુસ જેમ જેમ આગળ વધે છે. તેમ તેમ તેની આગળ હિંમતા આવે છે. ઈશ્વર અવ્યક્ત હોઇને તે દેવોમાં ઇશ્વરનો અંશ કલ્પીને ચાલે છે. જેમકે અગાઉ પ્રાચીન કાળમાં લોકો ઇંદ્ર તે વૃષ્ટિનો દેવ, વરુણુને જલદેવ, અગ્નિને તેજનો દેવ, ચંદ્રમાને શીતળતાનો દેવ, સૂર્યને પ્રકાશનો દેવ માનતા. દિશાને રક્ષણુની દેવી માનતા અને વિજળીને શકિત માનતા. આ બધા દેવ–દેવીઓ તે કાળના લોકોના મતે માનવજાતિ માટે બહુ જ ઉપકારક અને પ્રેરણાદાયક હતા. એમ પણ માની શકાય કે અગમ્ય સૃષ્ટિ સાથે આત્મીયતા બાંધવા માટે પણ એવી કલ્પના કરવામાં આવી હોય. લોકો એને ગુણોના કારણે પૂજતા. પણ પછી સ્થૂળ પૂજા બાકી રહી ગઈ. મીમાંસકોએ આ બધા દેવોની સાથે યજ્ઞનો તાળો મેળવ્યો. અને જુદી જુદી કામનાઓ જોડીને લોકોને આ તરફ પ્રેર્યા. સ્વર્ગ, પુત્ર, વૃષ્ટિ, ધનસંપત્તિ, સંરક્ષણુ, પોષણુ વગેરેની કામના સાથે આ લાંબાકાળ સુધી ચાલ્યું. લોકો દેવોને રાજી કરવા પશુઓને હોમવા લાગ્યા. આમ સ્વ–પર–કલ્યાણુની ભાવના ચાલી ગઇ.

આગળ જતાં ભૂત, યક્ષ, પ્રેત, ડાકણુ, શનિશ્વર, ભૈરવ, કાલી, ભવાની, શીતળા વગેરે જુદી જુદી જાતના દેવોની લોકો માનતા કરવા લાગ્યા. ખરેખર ભૂત, પ્રેત, યક્ષ વગેરે તત્ત્વો માણુસના કલ્યાણુ માર્ગની–સાધનાની કસોટી માટે હતા. પણુ તેણે નબળા પડીને તેમની સહાયતા માગી અને તે પરાવલંબી થઇ ગયો.

જૈનસૂત્રોમાં શ્રાવકો માટે એક વિશેષણુ છે—"અસાઈજ્જ–દેવા" એટલે કે દેવોની સહાયતા ન લેનારા. દેવો તો એવા આત્મબળોની કસોટી કરીને તેમને નમન કરતા. પણુ, તે તત્ત્વ ભૂલાઈ ગયું અને ભય કે લાલચના કારણે માણુસ દેવોને વશ થતો ગયો.

ત્યારબાદ વીરકાળ આવ્યો. લોકો જેનામાં સાહસ અને શકિત જોતા તેને પૂજતા. આ પૂજનનું પ્રયોજન તો તેમના જેવા વીર અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાહસી બનવાનું હતું. પણ એ બધું ભૂલાઇ ગયું અને બહારની પૂજા થવા લાગી. હનુમાન જેવા વીર થવાના બદલે ડરના સમયે કેવળ હનુમાન-સ્મરણ કરવું એવી જ રીતે રામદેવજી, પાબૂજી, ગોગાજી વગેરે દેવોનું પૂજન વીરતાને લીધે થયું. એની પાછળ એવા ઘણા ધતિંગો ચાલવા લાગ્યા અને સ્વાર્થ સાધવા માટે ઘણી મનગઢંત આકર્ષક વાતો તેની સાથે વહેતી થઈ.

એ જ સમયે ગુણ-પૂજાનો કાળ પણ શરૂ થયો-લક્ષ્મી, સરસ્વતી, મહાદેવ, ગણેશ, બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવોની ઉપાસના પણ શરૂ થઈ. એમના ગુણો જે સમાજ માટે ઉપયોગી હતા તેનું ચિંતન કરવાના બદલે લોકો સ્થૂળપૂજા સકારણ કરવા લાગ્યા; થોડો પૂજાપો અને વધારે આશા કરવા લાગ્યા. એજ રીતે પિતરો અને કુળ દેવતાઓની પૂજા શરૂ થઇ. ઘરના પિતરો, માતાઓ, કુળદેવીઓ વગેરેની પૂજા લોકો અલગ—અલગ નામે કરવા લાગ્યા. આ બધી ઉપાસના કે પૂજા, ભય અને લોભ ખાતર જ મોટા ભાગે ચાલવા લાગી અને આજે પણ ચાલે છે.

આ પછી ગુરુપૂજા પણ પ્રચલિત થઇ. લોકો ગુરુને પણ દેવ તરીકે પૂજવા લાગ્યા. દત્તાત્રેય તેમજ બીજા ધર્મગુરુઓ વગેરેની પૂજા ચાલી. આનું વિશેષ વિવેચન ગુરુ-મૂઢતાના વિષયમાં કરીશું.

પણ, આટલેથી માણસને સંતોષ ન મળ્યો. સ્વાર્થી લોકોએ પોતાની પેઢીઓ ચલાવવા માટે દેવતાઓના મોટા મોટા મંદિરો બંધાવ્યા. તથા ત્યાં પ્રતિષ્ઠા, પૂજા, ભોગ અને સંગીત ભજન વગેરેના આડંબરો શરૂ થયા. પ્રારંભમાં તો મંદિર બંધાવનારે ભકિતભાવે મંદિર બંધાવ્યું હોઇ શકે પણ આગળ જતાં તે એક કારોબાર કરતી સંસ્થા બની ગઈ.

**અલગ ધર્મો અને દેવો**

હવે અલગ ધર્મોમાં પણ દેવ-પૂજા અંગે વિચાર કરીએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**જૈનો**માં ચાર જાતિના દેવો બતાવવામાં આવ્યા છે :—( ૧ ) ભવનપતિ, ( ૨ ) વાણવ્યંતર, ( ૩ ) જ્યોતિષી, અને ( ૪ ) વૈમાનિક. ભવનપતિમાં મોટા ભાગે પ્રવૃત્તિના દેવો છે. વાણવ્યંતરમાં યક્ષ, રાક્ષસ, ભૂત, પિશાચ વગેરે આવે છે. જ્યોતિષમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારાઓ છે, અને વૈમાનિકોમાં વિમાનોમાં રહેલા દેવો છે. જૈનોમાં દેવતા કરતા માનવ જન્મની મહત્તા ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. આ બધા દેવોના મંદિરો નહોતા, પણ મધ્યમકાળથી લોકપ્રવાહમાં તણાઈને તેમણે પણ લૌકિક દેવને માનવા અને પૂજવા શરૂ કર્યા.

**બૌદ્ધો**માં દેવતાઓનું વર્ણન હોવા છતાં, માણસને વધારે મહત્વ આપવામાં આવ્યું છે. એટલે ત્યાં બુદ્ધ સિવાય બીજા દેવોને પૂજવામાં ન આવતા પણ પાછળથી તાંત્રિક સંપ્રદાયોના પરિચયના કારણે તથા લોકોને વધારે આકર્ષવા માટે બીજા દેવોની પૂજા થવા લાગી.

**ઇસ્લામ** ધર્મમાં એક માત્ર અલ્લાહ-ઈશ્વર સિવાય બીજા કોઇની ઉપાસના કરવામાં આવતી નથી. એનું કારણ હજરત મુહંમદ પયગંબર સાહેબનો, કષ્ટો સહીને અરબસ્તાનમાં પ્રચાર કરવો મુખ્ય છે. તે વખતના લોકોમાં દરરોજ ઠેર-ઠેર અસંખ્ય દેવ-દેવીઓની પૂજા ચાલતી હતી. લોકો ઘણા વહેમો અને મૂઢતામાં ફસાયેલા હતા. ત્યારે હજરત સાહેબે તે લોકોની મૂઢતા દૂર કરી એકેશ્વરવાદનો પ્રચાર કર્યો. તે છતાં ઘણાં પીર-ફકીરની મજાર અને દરગાહોને પૂજવાનું તેમનામાં પણ ચાલુ થઈ ગયું છે.

**ઇસાઇ** ધર્મમાં યુરોપ વગેરેમાં ખૂબ અંધવિશ્વાસ ચાલતો હતો. ત્યાં સુકરાત જેવા મહાન વિચારકોએ એક માત્ર ઈશ્વર તરફ લોકોને વાળી અંધ-વિશ્વાસથી દૂર કર્યા. આજે મોટા ભાગે તો દેવ-દેવીઓની પૂજા બંધ છે પણ પાછળથી થયેલ કેટલીક સાધ્વીઓ અને સાધુઓના નામે અલગ મઠો અને મૂર્તિઓની પૂજા ત્યાં પણ ચાલુ થઇ ગયાં છે.

**જરથુસ્ત્ર** ધર્મમાં તો અગ્નિની ઉપાસના તથા પ્રાકૃતિક દેવોની ઉપાસના ગુણની દૃષ્ટિએ કરવામાં આવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**હિંદુધર્મ** અંગે તો આપણે અગાઉ સવિસ્તારથી બધું તપાસી ગયા છીએ.

**દેવમૂઢતાના પ્રકાર :**

ઉપરની પૂજાઓ અને ઉપાસનાઓનાં ઉંડાણમાં દેવમૂઢતાના પાંચ કારણો પ્રગટ થાય છે:—(૧) દેવભ્રમ, (૨) રૂપભ્રમ, (૩) કુયાચના, (૪) દુરૂપાસના અને (૫) પરનિંદા આને વિસ્તારથી સમજીએ.

**દેવભ્રમ :** ભય, મોહ કે અંધશ્રદ્ધાથી પ્રેરાઇને કોઇને દેવ માનવો એ દેવભ્રમ છે. જેમ લગ્નગાળામાં લોકો, ઇંટ, ખાસડાં કે પત્થર અમુક જગ્યાએ રાખી રોપી દે છે. પછી અંધશ્રદ્ધાના કારણે નવદંપતિને ત્યાં નમાવે છે.

એજ રીતે ભૂત, પિશાચ, શીતળા વગેરેને દેવ માનીને પૂજવા એ પણ દેવભ્રમ છે. ભય, મોહ કે અંધશ્રદ્ધાને વશ થઈને સકારણ આશા સાથે ઇશ્વરને પૂજવો એ પણ દેવભ્રમ છે.

ત્યારે વિચારપૂર્વક, અનાસક્ત કે આશારહિત થઈને ઇશ્વરને માનવો એ દેવભ્રમ નથી. મૂર્તિ એ દેવોની ઉપાસના કરીને તેમના ગુણો જીવનમાં પ્રગટાવવાનું અવલંબન છે; પણ તે કાર્ય મૂકીને મૂર્તિને જ સર્વસ્વ માનીને ચાલવું એ ભ્રમ છે. ત્યાં દેવોના ગુણો અદ્ધર રહી જાય છે અને બાહ્ય પૂજા-ભોગને પ્રધાનતા મળે છે અને અંતે જે વધારે પૈસાનો ભોગ ધરે કે બોલી બોલે—એવી ખોટી પ્રતિષ્ઠા પૈસાની ત્યાં થાય છે; એ ખોટી રીત છે. "મૂર્ત્યાં મૂર્તિ મંતઃ પુજા—મૂર્ત વડે મૂર્તિમાં સ્થાપિત (મૂર્તિમાન) દેવોની—ગુણોની પૂજા થવી જોઈએ. મૂર્તિ એ એક જાતનું તે તે દેવોના ગુણોને વાંચવાનું પુસ્તક છે. જેમ એક પુસ્તકના વાંકાચૂકા અક્ષરો ઉપરથી તેનો અર્થ ગ્રહણ કરાય છે. તેમ મૂર્તિના આલંબને દેવોના ગુણો જીવનમાં વિકસાવવાનો ભાવાર્થ ગ્રહણ કરવો જોઈએ.

૨

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**રૂપભ્રમ :** દેવતાઓના વાસ્તવિક અને મૂળ ગુણોને ભૂલાવીને તેમનામાં કલ્પિત અને નિરૂપયોગી ગુણોનું આરોપણ કરી, તેમના રૂપને ઉપયોગી નહી રહેવા દેવું એ રૂપભ્રમ છે. જેમકે અમૂક દેવને ત્રણ મોં છે; અમૂકને ચાર છે કે અમૂકને છ છે. કોઈ દેવે આંગળી ઉપર પહાડને ઊભો રાખ્યો હતો; મહાદેવના ગળામાં સાપો, કેશ ઉપર ચંદ્રમા, ત્રિનેત્ર, અને ગંગાધારા—આ બધી કલ્પનાઓ રૂપભ્રમને આભારી છે.

આવા રૂપભ્રમ પાછળ અલંકારિક કલ્પનાઓ હોય છે. તેનો પડદો ચીરીએ તો તેમના ઉજ્જવળ સ્વરૂપનાં દર્શન થઈ શકે છે. જેમકે મહાદેવ એટલે કે શિવ રાગદ્વેષને જીતનારા હતા; તેમની ચોમેર વિદ્વેષી શત્રુ રૂપી સર્પો ઘેરાયેલા હતા તે છતાં તેમનું મન ચંદ્રમા જેટલું શાંત હતું અને તેમની પાસે વિવેકરૂપી તૃતીય નેત્ર હતું; ને આમ મનાય તો તો આ રૂપભ્રમ મટી જાય.

એવીજ રીતે વિષ્ણુના ચાર હાથ અને ચારે હાથમાં ક્રમશઃ શંખ, ચક્ર, ગદા અને પદ્મ આપેલ છે. તેનું વાસ્તવિક રૂપ એ છે કે વિષ્ણુ એટલે વ્યાપક લોકસમાજ–પુરૂષ, એવા સમાજના ચાર હાથ સમાન ચાર અંગો તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર છે. બ્રાહ્મણનું પ્રતીક શંખ છે—તે સમાજને જાગૃત કરે છે. વિચાર આપે છે જ્ઞાન આપે છે. ક્ષત્રિયનું પ્રતીક ગદા છે. તે સમાજનું રક્ષણ કરે છે; ન્યાય આપે છે. વૈશ્યનું ચિહ્ન પદ્મ છે લક્ષ્મી કમલાસના છે એટલે કે સમાજમાં વૈશ્ય નિર્લેપ રહી તે લક્ષ્મીને સર્વવ્યાપી કરે છે અને બધાને સુખી કરે છે. ચોથું ચક્ર તે શુદ્ર લોકોના શ્રમનું પ્રતીક છે. ચક્ર ફરતું રહે તેમ શ્રમ પણ ચાલુજ રહેવો જોઈએ. સમાજના કર્મ અને શ્રમના પ્રતીક પુરૂષ રૂપે વિષ્ણુનું આ સ્વરૂપ ખરૂં છે. તેના બદલે તેમના ચતુર્ભૂજ રૂપનેજ મહત્વ આપવામાં આવે તો તે રૂપભ્રમ ગણાશે. જ્યાં ગુણોને બાજુએ મૂકીને ખોટા બાહ્યરૂપને પકડીને બેસી જવામાં આવે તો તે રૂપભ્રમ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘણા દેવોને તો તદ્દન ઊંધી રીતેજ ચીતરવામાં આવે છે. જેમકે વીતરાગદેવ કે જેમને કંઈ પણ વસ્ત્ર કે પરિગ્રહ ન હતાં તેમને કપડાં-ઘરેણાં પહેરાવીને માનવા વગેરે મૂઢતા પણ રૂપભ્રમમાં આવે છે.

**કુયાચના :** ઉપાસનાનો વાસ્તવિક અર્થ તો આચાર્ય હેમચંદ્રાચાર્યના શબ્દો પ્રમાણે:—"તવ સપર્યાસ્તવાજ્ઞાપરિપાલનમ્" એટલે કે આપની સેવા આપની આજ્ઞાનું પાલન કરવામાં છે; એટલે કે આપને અનુસરીએ તો અમારો ઉદ્ધાર થાય "તેના બદલે આજે દેવોને રાજી કરીને જાતજાતની યાચના—માન્યતા કરવામાં આવે છે તે કુયાચના છે. સંતાન, ધન, વિજય, શત્રુક્ષય વગેરેની યાચના કુયાચનામાં આવી જાય છે. દેવો પાસે રોગહરણ કે સંતાન-પ્રાપ્તિની યાચના કરવી તે પણ અયોગ્ય છે; કારણ કે તે દેવોનો એ ધંધો નથી. પણ આવા સમયે ભગવાનને કે દેવને યાદ કરવા જેથી બિમારી સહેવાની તાકાત આવી જાય અથવા વિશ્વબંધુત્વની ભાવના પેદા થવાથી સતાન મોહ નષ્ટ થઈ જાય તે જુદી વાત છે. તે ઉપરાંત ભક્તિ કે ભાવના વસે. "જગતનું કલ્યાણ કરો કે અમારો ઉદ્ધાર કરો કે તમને અનુસરવાની શક્તિ આપો!" આવી નિર્મળ ભાવના એ કુયાચના નથી"

**દુરૂપાસના :** સંયમને નષ્ટ કરનારી ઉપાસના તે દુરૂપાસના છે. આમાં દેવના નામે પશુવધ, મદ્યપાન, ઝંઝાવાત, આત્મઘાત કે નરબલિ વગેરેનો સમાવેશ થાય છે. અહીં જેના નામે કરવામાં આવે છે તે અંબા-જગદંબા એટલે આખા જગતની મા છે—તે પોતાના સંતાનનું શા માટે ભક્ષણ ઈચ્છે? એમ વિચારતાં જણાશે કે આ બધું ધતિંગ છે.

**પરનિંદા :** એવી જ રીતે પોતાના સંપ્રદાયના મોહને વશ થઈ બીજાના દેવની નિંદા કરવી એ પરનિંદા નામની દેવમૂઢતા છે. જેમ વિષ્ણુને માનનાર શંકરની અને શંકરભક્તો વિષ્ણુની નિંદા કરે છે. આવી પરનિંદાથી દેવોપાસના થતી નથી. પોતાના દેવ પ્રત્યે આકર્ષણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોય તે સ્વાભાવિક છે પણ તેનો અતિરેક બીજાને ઉતારી પાડવા માટે થતો હોય તે યોગ્ય નથી. જેમાં પરનિંદા થાય તેવી પ્રાર્થના કે પ્રવચન ન કરવાં જોઈએ. આમાં નિષ્પક્ષ સમાલોચના અપવાદરૂપે છે.

આ પાંચ પ્રકારની દેવમૂઢતાથી દરેક સાધકે બચવું જોઇએ. તેમ જ પોતાના અને સમાજના વિકાસ માટે આ મૂઢતાને તોડવા માટે એની સામે સંગઠિત દઢતા કેળવવી જોઈએ; તો જ ઉન્નતિ થઈ શકશે.

☆

## ચર્ચા – વિચારણા

**શ્રી. દેવજીભાઇ**એ ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું :—"મારી ઉંમર તે વખતે ૨૧ વર્ષની હશે. અમારે ત્યાંના રાજગોરે 'પિતર નડે છે.' એમ કહી ચણાના લોટની ગોળીઓ પારખાં માટે તરવા મૂકી. તે ન તરે પણ અનાજ વધારે આપીએ એટલે તે તરે."

મેં તેમનો ભેદ જાણી લીધો. કેટલીક ગોળી નક્કર હતી. અને કેટલીક પોલી હતી. મેં તેમને એ પ્રયોગ કરી બતાવ્યો પછી વધારે લોટ માંગવા માટેની તેમની એ યુક્તિ તેમણે બંધ કરી.

એવી જ રીતે એક જૈનમુનિ પણ ચમત્કાર કરી દેખાડે છે. અને રાજા–મહારાજા તેમની પાછળ ફરે છે, એવું જાણ્યું. હું તેમને મળ્યો. મને આંજવા માટે તેમણે જાતજાતના પ્રયોગો કર્યા. મેં તેમને સાફ કહ્યું : "આ તમારા જૈન–સાધુ આચારથી વિપરીત છે. જૈન આગમમાં તેને પાપ કહ્યું છે."

મુનિશ્રીએ કહ્યું : "ના, એ તો વિદ્યા છે. એક મહારાજાને મેં ચિહ્નો જોઈને કહ્યું કે તેમની જમણી સાથળમાં અમુક ચિહ્ન છે અને તે ખરૂં નીકળ્યું. તેમને મારા ઉપર શ્રદ્ધા વધી. પરિણામે માંસાહાર, શિકાર વગેરે હું છોડાવી શક્યો. તે તો ધર્મ છે ને!"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મને શ્રદ્ધા ન બેઠી. અંતે એક ગામે જ્યારે તેમને મૂકવા ગયા ત્યારે મને પોતાના તરફ વાળવા માટે તેમણે બે પ્રયોગો કર્યા. પહેલો પ્રયોગ એ હતો કે સાત ચીજો બાજુએ મૂકવી તેમાંથી એક પણ વસ્તુ કોઈ ઉપાડે. આ તરફ સાધુજી તે જ નામ લખે. પ્રયોગ શરૂ થયો પણ વસ્તુ બીજી નીકળી; નામ બીજું લખાયું.

બીજો પ્રયોગ એ હતો કે તેમની પાસે નર–નારીના ફોટા હતા. તેમાં અમૂક નિશાની કરે તો નરનો જ ફોટો આવતો અને અમૂક નિશાની કરતાં નારીનો ફોટો આવતો. મેં પૂર્વવત્ સંકલ્પ કરીને પંચ-પરમેષ્ઠીનું સ્મરણ કર્યું, અને તેમની વાત આ વખતે પણ ખોટી ઠરી.

એટલે તેમણે કહ્યું : "તમે તો ત્રાટક સિધ્ધ કર્યું લાગે છે. તમે મારા કરતાં પણ આગળ વધી ગયા."

મેં કહ્યું : "એવું કંઈ નથી. મેં તો નવકારનું જ સ્મરણ કર્યું હતું. મારી પાસે બીજી કોઈ વિદ્યા પણ નથી."

આ બધા ઉપરથી મને તો સ્પષ્ટ લાગે છે કે નિઃસ્વાર્થતા અને નીડરતા હોય તો વહેમ અને પામરતા ચાલી કે ચલાવી શકાતાં નથી."

**શ્રી. પૂંજાભાઇ** : "પછાત કોમોમાં આવું ઘણું ચાલે છે અને ત્યાં કોઇ ખરૂં કહેવા જાય તો તેને માર પણ પડે છે. એક રામાનંદી બાવાએ મારૂં વહેમો વિરૂદ્ધનું ભજન ગાયું હતું કે તેમને માર પડેલો અને કહ્યું : "તું અમારા દેવની નિંદા કરે છે!" એટલે નીડર થવું જરૂરી છે.

હમણાં સૌરાષ્ટ્રમાં એક સરપંચે પડકાર કરેલો તેથી મને આનંદ થયો. સૂરતના એક ગામે મેં પણ આવો પડકાર ફેંકેલો. મારા યજમાનને મારૂં સાહસ વધારે પડતું લાગ્યું પણ પાછળથી કોઇ ન પ્રગટ થતાં તેમને મારામાં શ્રદ્ધા બેઠી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ અંગે સતત પ્રચાર થવો જોઈએ. જ્ઞાનની સ્કૂલો, દવા માટે દવાશાળાઓ, તેમજ આધુનિક સાધનો વધતાં આ બધું જવું જોઈએ !"

**શ્રી. સવિતાબહેન :** "પણ કંઈક વસ્તુ તો છે એ નીચેના બે દાખલા ઉપરથી મારે માનવું પડે છે !

પહેલો દાખલો છે એક ભૂવાનો. તેણે ઉકળતા તેલના તાવડામાંથી અમારામાંથી એક માણુસ પાસે પૂરી હાથ બોળીને કઢાવી પણ તેને કંઈ ન થયું. પણ, બીજા કોઈ પૂરી ન કાઢી શકયા.

બીજો દાખલો છે; એક જૈન ગ્રેજ્યુએટભાઈનો. તેમનો પ્રેમ બ્રાહ્મણ કન્યા સાથે થયો પણ તે ન પરણી શકી. અંતે જૈનભાઈએ નાતમાં લગ્ન કર્યાં. નવી બાઈને બ્રાહ્મણ કન્યા વળગી. નવી બાઈ તદ્દન ભણેલી ન હતી છતાં બ્રાહ્મણ કન્યા જેમ ફટફટ અંગ્રેજી બોલતી હતી. પેલો ભાઈ પણ મરી ગયો, બાઈ પણ મરી ગઈ અને બ્રાહ્મણ બાઈ પણ. પછી વળગાડ ચાલ્યો ગયો.

આનું શું કારણ હશે ?

**સર્વે ભાઈઓએ** ચર્ચામાં ભાગ લીધો અને સાર નીકળ્યો કે બન્ને કારણોમાં મૂળ તો માનસિક નબળાઈ છે: શ્રદ્ધા મજબૂત હોય તો ત્યાં આવા પ્રસંગ ન બને; જેમકે દેવજીભાઈએ જૈન સાધુ અંગેના બન્ને દાખલામાં દેખાડી હતી. એટલે મન મજબૂત કરવું જોઈએ તેમજ સત્ય અને ચારિત્ર્ય જીવનમાં પ્રગટાવવાં જોઈએ. એજ વસ્તુ સંગઠનો વડે સમાજમાં આવે અને સ્વાર્થ, ભય લાલચ કે પામરતા ઘટે તો આ વહેમો અટકી પડશે."

**ડૉ. મણિભાઈ :** "પુરૂષોએ પોતાનાં બૈરાઓમાં આ બાબતો દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. મારી સાસુને 'વીર' આવતા હતા. તે ભૂવાની વાત મારી પત્ની પણ એમજ માનતી હતી. અંતે એકવાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બિમાર બાબા માટે કોઇ જ્યોતિષીએ ગ્રહશાંતિની વાત કરી પણ ડૉકટરી ઈલાજ વડે વાયુપ્રકોપ શાંત થતાં તેનો (પત્નીનો વહેમ ધીમે-ધીમે દૂર થયો.

**શ્રી. પૂંજાભાઇ**: "મેં એકવાર એક જુવાને કહ્યું: દેવી તો સંસ્કૃત જાણે છે માટે સંસ્કૃતમાં વાત કર તે સંસ્કૃતમાં જવાબ આપશે !"

તેણે મને કહ્યું: "ભલા બાઈ ! આ તો ચાલે ત્યાંસુધી ચાલવા દેવાનું છે!" એટલે શ્રદ્ધાનો પ્રવાહ આંધળો દોરાય છે. તેને સીધો દોરતાં શકિતશાળી શ્રદ્ધા પેદા થાય છે. પછી કોઈ ભય કે વહેમ રહેતો નથી."

**શ્રી. બળવંતભાઇ**: "એકવાર મે માતાનાં નાળિયેર ફેંકી દીધેલાં. પણ માંદો પડયો એટલે માએ કહ્યું કે નાળિયેર ફેંકવાનું આ પરિણામ છે. અંતે માની ખાતર પણ એ નાળિયેર લાવી પ્રતિષ્ઠા કરવી પડી."

આજની ચર્ચાનું તારણ એ નીકળ્યું કે વડીલોથી અંજાઇને વહેમ, પામરતા, લાલચ વગેરેથી પણ દેવ-દેવીઓની મૂઢતા ન આવવી જોઇએ. બાકી સ્વધર્મ, નાત કે કુટુંબમાં પરાક્રમી સ્ત્રી-પુરૂષોથી પ્રેરણા લઇને ગુણોનો વિકાસ કરવો, એ જુદી વાત છે.

### દેવમૂઢતા નિવારવાનો સચોટ ઉપાય :

[ શ્રી માટલિયાજી ૨૨-૭-૬૧ ના દિવસે દવાખાને જવાના કારણે હાજર ન હોઈને તેમણે દેવમૂઢતા વિષય ઉપર પોતાના વિચારો તા. ૨૫-૭-૬૧ ની ચર્ચામાં રજૂ કરેલા. વિષયના સંદર્ભ પ્રમાણે તેને અહીં રજૂ કરવામાં આવેલ છે. —સં. ]

**શ્રી. માટલિયા**: "જૈન ધર્મ પાળનારાં કુટુંબોમાં ઉછેર થયો હોઈ ને; દેવયોનિ છે; પણ તે પૂજનીય નથી; તેની પૂજા ધર્મ-વિરોધક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે એવા સંસ્કારો મગજમાં હતા. સ્વામી સહજાનંદ અને મહર્ષિ દયાનંદ અંગે વાંચીને એ વિચારો દૃઢ થયા હતા. તેમાં પણ કાલિનું વિકાળ સ્વરૂપ અને પાડાંનું બલિદાન વગેરે વાંચીને તિરસ્કાર થયો હતો. એમાં રામકૃષ્ણ પરમહંસ ઉપર પ્રેમ અને તેઓ કાલિને માતા કહેતા એટલે સહેજ આશ્ચર્ય થતું.

તેમાં સર્વોદય–સંમેલન વખતે મારે જગન્નાથપૂરી જવું પડ્યું. જ્યારે કલકત્તા પહોંચ્યા ત્યારે બેલુર મઠમાં જવાની ઇચ્છા થઈ. આશ્રમમાં પહોંચતાં એકાએક કોઈ એવો ભાવ ઊભરાયો કે મિત્રોને પૂછ્યું : "આશ્રમની હદ આવી કે !" મિત્રોએ 'હા' કહી, એટલે ગંગામાં નહાયો. અગાઉ ગંગા-સ્નાન મને રૂઢિ લાગતું. પણ ત્યાં નહાયો એટલું જ નહીં "ૐ મૈયા"ના જાપ જેમ "રામકૃષ્ણં શરણં પ્રપદ્યે"નો જાપ પણ જપવા લાગ્યો. પછી જેવી મારી નજર કાલિની મૂર્તિ ઉપર પડી કે તે સૌમ્ય લાગવા માંડી અને પાણીમાં ઢેફું ગળે તેમ હું ગળવા માંડ્યો. મને ત્યાંથી ખસવું ગમતું ન હતું પણ મિત્રો તાણી ગયા. હજુ પણ એ આસ્વાદ ભૂલ્યો નથી. ત્યારપછી કચ્છમાં મુનિશ્રી સંતબાલજી પાસે ગયો. ત્યાં ભૂજમાં 'માતાના ભકત' એક બહેનને મળ્યો. તેમની સાથે બહુચરાજીના દર્શને ગયો. મને ત્યાં "ૐ" જ લાગ્યો. હવે દક્ષિણેશ્વર–બેલુર મઠમાં મનમાં જે આળું થયું હતું તે શું અને અહીં "ૐ"નો "ૐ" દેખાયો તે શું ? એકબાજુ મિથ્યાત્વની જે ભીતિ હતી તે પણ ગઈ અને આંધળી શ્રદ્ધા પણ ગઈ.

ત્યારથી હું નવી રીતે વિચારતો થયો. દુનિયાની વસ્તુમાત્રમાં મને નીચેના નકશા મુજબ ચાર પ્રકાર દેખાયા. એને ત્રણ રૂપે પણ માની શકાય. તેને વિજ્ઞાનવાળા સત્યં એટલે કાયદો અથવા પ્રયોગની કસોટીએ જુએ છે. સમાજ–સુધારકો શિવં એટલે કલ્યાણસ્વરૂપને જુએ છે. તો કળાકારો એને સુંદરં એટલે સૌન્દર્યની દૃષ્ટિએ જુએ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## નકશો

| વ્યકિત | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. પ્રકૃતિપૂજક | વાયુ | જલ | અગ્નિ | પૃથ્વી | આકાશધાવા | ઉષા | કામ | સૂર્યચંદ્ર | ઇંદ્ર |
| ૨. વૈજ્ઞાનિક | ગતિકાર્ય-સાધક શકિત | રસાયણિક શકિત-દ્રવતા સ્ફેટિકતા | પ્રકાશ ઉષ્ણતા | અણુશકિત પદાર્થ-નિર્માણ | ઇશ્વર શિકત નાદ-ગતિનાં મોજાં | ચુંબકીય તત્ત્વ | જાતીય આકર્ષણ | સ્વપ્રેક્ષણ શકિત પરિવર્તન શીલતા | જીવન-શકિત |
| ૩. કળાકાર | બહુચરા કુકડો | તુલજા પંચયજ્ઞી | અન્નપૂર્ણા સૂર્યપત્ની | મહાલક્ષ્મી | સરસ્વતી | દુર્ગા | અંબા | કાલી | ભવાની |
| ૪. તત્ત્વજ્ઞ | સ્પર્શ તન્માત્રા | રસ તન્માત્રા | રૂપ તન્માત્રા રૂપ, રંગ, ઉષ્મા | ગંધ તન્માત્રા | શબ્દ તન્માત્રા | દિશા | મન | કાળ | અહંકાર |
| ૫. ધર્મજ્ઞ | પુરૂષાર્થ | યજ્ઞ-સેવા | દાન | ઉદ્યમ | જ્ઞાન | વ્રતનિયમ | વાત્સલ્ય | અભય કાંતદૃષ્ટિ | નમ્રતાઅને સમર્પણ |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આથી સ્પષ્ટ લાગ્યું કે ચૈતન્યની જ્ઞાનદશામાં માનનારા જૈન-દર્શનમાં ભૌતિક દૃષ્ટિને મિથ્યાત્વ માનવામાં આવે તે સહજ સ્વભાવ છે. કળા સ્વતંત્ર પણ ખીલે, પણ કલાનેઃ વેપાર ચાલે તો તે પરતંત્ર અને નકલી બની જાય.

આ ઉપરથી એક દાખલો આપું કે જેથી દેવમૂઢતાને સમાજમાંથી હાંકી કાઢવા માટે અમે મિત્રો શું કરીએ છીએ તેનો ખ્યાલ આવશે. એકવાર એક કુતરાને ગલા-મહારાજ બનાવ્યા. ગામેગામ સામૈયો થાય; સૌ પ્રસાદી ખાય. અમે પણ માલપરા લાવવા સામે ગામ ગયા. તરત ભૂવાઓ બોલ્યા :-"અરે માલપરા કે માટલિયાનો ભાર શો? દાંત દોઢે વળી ગયા એટલે ગલા મહારાજ ઉપર માટલિયાની આસ્થા બેઠી. તેથી લેવા આવ્યા છે."

મેં ત્યાં જઈને કહ્યું : "ગલા મહારાજ તો વિભૂતિ છે ને"

ભૂવા : "છે જ તો !"

મેં કહ્યું : "તો કુતરા તરીકે હાડકાં-માંસ ન ખાય અને કુતરી જોઇને પાછળ નહીં દોડે! કારણ કે વિભૂતિમાં સંયમ અને અહિંસા હોય જ ને!"

"બરાબર... !" ભૂવાએ કહ્યું.

"આજથી ચૌદમે દિવસે કાળી ચૌદશ છે. ત્યાં સુધીમાં આપ ગલા મહારાજને લઇને આવજો! અમે બે વખત દીવા કરીશું. કાળી ચૌદશના ભૂવા ધુણે ત્યારે સાંકળ અમારો માણસ મારશે તો આપને તે તકલીફ નહીં પડે. ઉપરાંત એક શાસ્ત્રી આવશે તે વિભૂતિના ગુણ તપાસશે; અને એક વૈજ્ઞાનિક આવશે તે બધી ક્રિયાઓ વૈજ્ઞાનિક રીતે તપાસશે." મેં કહ્યું.

આ વાત થયા પછી પાંચ-સાત દિવસમાં કુતરો એક કુતરી પાછળ પડયો. એવી જ રીતે હાડકાં-માંસ પણ ખાવા મંડી પડયો. એટલે બધા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભૂવા પણ નાસી છૂટયા. અમે કુતરાને છૂટો મૂકી દીધો. પાલખી હતી તે નદીમાં પધરાવી દીધી અને રૂપિયો સવા હતો તે ચકલાંની ચણ માટે ભરી દીધો.

એક બીજા પ્રસંગમાં ભૂવાઓ "દેવ આવ્યા"નું રૂપ ધારણ કરીને નાચતા હતા. જુવાનીયાઓમાંથી કોઇકે પાકું ચીભડું એકની નીચે મૂકયું. તે ચીપાયું એટલે ભૂવાને થયું કે શું જાજરૂં થયું કે? તે બાપડો વારેઘડીએ હાથ નીચે મૂકે. ત્યારે કોઇ કે કહ્યું: "અલ્યા એ તો ચીભડું છે." તેથી તે ભોઠો પડયો. એક બીજા ભૂવાને અગરબત્તી ચાંપતા તે બોલી ઊઠયો—"કોણે બાળ્યો અલ્યા!" બસ થઇ રહ્યું. ટુંકમાં માથામાં આવેલા ખોટાં માતાજી ચાલ્યા ગયા.

બે ઘટનામાં પહેલો પ્રસંગ શાસ્ત્રીય વિશ્લેષણ પધ્ધતિનો છે. ત્યારે બીજામાં ઠેકડી છે. પહેલી ઘટના પ્રમાણે કાર્ય થાય તો દેવમૂઢતા દૂર કરાવી શકાય. (૨૨-૭-૬૧)

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ગુરુ–મૂઢતા–૧

સત્યની શોધમાં સાધક જેમ જેમ આગળ વધે છે ત્યારે કેટલાંક તત્ત્વો એના જીવનમાં વિશેષ સહાયરૂપ થાય છે. આવાં સહાયક તત્ત્વોમાં ગુરુનું આગવું સ્થાન ભારતીય તત્ત્વચિંતકોએ નક્કી કરેલું છે. જગતમાં જેમ અન્ય સારી વસ્તુઓનો દુરૂપયોગ થયો તેમ ગુરુત્વનો પણ કેટલાક સ્વાર્થી તત્ત્વોએ દુરૂપયોગ કર્યો અને તેના નામે ઢોંગ, પાખંડ, અંધવિશ્વાસ, છેતરપીંડી, અનાચાર, ધનહરણ વગેરે અનિષ્ટો ચલાવ્યા. એટલે ગુરુ, અગુરુ કે કુગુરુ વચ્ચેનો વિવેક ન હોય તો ગુરુ મૂઢતા પેસવાનો ભય રહે છે.

જગતમાં આજે જાતજાતના ગુરુઓ છે. એટલે સર્વ પ્રથમ સાચા ગુરુ કોને કહેવા, તેની છણાવટ કરી તેની પરિભાષા નક્કી કરવી પડશે. આમ તો મા–બાપ પણ ગુરુ જ કહેવાય છે. તેઓ બાળકનો વિકાસ ઇચ્છે છે પણ કયારેક તેના આંધળા પ્રેમમાં તેનો વિકાસ રૂંધી પણ નાખે છે, ત્યારે ગુરુતત્ત્વની ખાસ જરૂર પડે છે. એટલેજ મા–બાપ પછી "આચાર્યદેવો ભવ" એ સૂત્ર કહેવાયું.

આના બે દાખલા સુપ્રસિદ્ધ છે. કૈકેયીએ પુત્રમોહના કારણે બધાના વિરોધ વચ્ચે પણ ભરતને રાજગાદી અપાવવાનું નક્કી કર્યું. એ વાતનું દશરથે કમને પણ સમર્થન કર્યું અને બાપની આજ્ઞા શિરોધાર્ય કરી રામ વનમાં ગયા. અને દશરથ વિયોગ ન સહી શકવાથી તેમને પાછા આવવાનું કહે છે. આ આખાયે રામાયણના પ્રસંગમાં ગુરુની જરૂર હતી કે જે સત્યાસત્યને સ્પષ્ટ કરી શકે.

બીજો દાખલો ધતરાષ્ટ્રનો છે. તે સારી રીતે જાણતા હતા કે દુર્યોધન વગેરે કૌરવો, પાંડવોને સતત અન્યાય કરી રહ્યા છે; તે છતાં તેમનો ખોટો પક્ષ લેતા હતા. ત્યાં ગુરુની જરૂરત હતી; જે નિષ્પક્ષભાવે ખરા માર્ગે દોરી શકે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પરિભાષા:

ગુરુ શબ્દની પરિભાષા કરતાં શાસ્ત્રકારોએ એક શ્લોકમાં બતાવ્યું છે :–

"'गु' शब्दस्तिमिरार्थश्च 'रु' शब्दस्तु प्रकाशकः ।
अंधकारे प्रकाशत्वात् तस्मादिव गुरुरुच्यते ॥"

—ગુ = શબ્દ અંધકારનો સૂચક છે અને રુ શબ્દ પ્રકાશનો; બન્ને શબ્દ મળીને એ અર્થ થાય છે કે જે અંધકારમાં પ્રકાશ કરનાર હોય તે ગુરુ છે.

એટલા માટે જ કહ્યું છે—

"अज्ञान तिमिरान्धानां ज्ञानाञ्जनशालाकया ।
चक्षुरुन्मीलिहं येन तस्मै श्री गुरवे नमः ॥"

અજ્ઞાનરૂપી અંધકારથી આંધળા થયેલાં ને આંખો જેણે જ્ઞાનરૂપી અંજનશલાકા આંજીને ઉઘાડી છે, તેવા ગુરુને નમસ્કાર હો.

બાહ્ય અંધકારમાં પ્રકાશ કરનાર તો ઘણાં છે પણ અંતરના અંધકારને કોણ દૂર કરે? ચોમેર અજ્ઞાન, અવિવેક, મોહમાયાનો અંધકાર હોય ત્યારે માર્ગ જડતો નથી તે વખતે માર્ગદર્શક ગુરુની જરૂર પડે છે. તે એવી સાચી દૃષ્ટિ આપે છે જેથી ભ્રમ, સંશય કે ભય, અનધ્યવસાય વ. રહેતાં નથી. એટલે ગુરુ એ છે જે અંધકાર દૂર કરી પ્રકાશ કરનાર હોય.

## યોગ્યતા

હવે ગુરુની યોગ્યતા શું છે, એ ઉપર વિચાર કરીએ. દરેક વ્યક્તિ ગુરુ થવાને લાયક નથી. સારૂં બોલી શકે, લખી શકે, યુક્તિપૂર્વક સમજાવી શકે તે આજકાલ ગુરુપદે બેસી જાય છે; અને પરિણામે ગોટાળો ઊભો થાય છે.

ગુરુઓની યોગ્યતા અંગે જૈનશાસ્ત્રોમાં બતાવવામાં આવ્યું છે :—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**आयगुत्ते सया दंते छिन्नसोए अणासवे ।**
**जे धम्मं शुद्धमाइक्खे पडिपुन्न मणेलिसं ॥**

—જે પોતાની સાથે વિશ્વને અનિષ્ટોથી બચાવી શકતો હોય; જે પોતાની ઇંદ્રિયો, મન વગેરેનું દમન કરી શકતો હોય; જેણે આસકિતના સ્રોતો રૂંધી નાખ્યા હોય; જે આશ્રવ (પાપ કર્મો)થી દૂર હોય; તેજ પોતાની આવનાર જિજ્ઞાસુ, શ્રદ્ધાળુ કે અનુયાયીને ખરો ધર્મ માર્ગ કહી શકે છે.

ઉપનિષદોમાં ગુરુ અને શિષ્યના ઘણા સંવાદો આવે છે. સંવાદ વખતે બન્ને એક બીજાના એકાંત હિત, વિકાસ અને ઉન્નતિ અંગે ચિંતન-મનન કરતા જણાય છે. ત્યાં ગુરુ શિષ્ય પ્રશ્નોત્તર વડે સર્વાંગી વિકાસ સાધતા. શિષ્ય પ્રશ્ન કરતો; ગુરુ ખુલાસો કરતા અને નવી-નવી જ્ઞાનની દિશાઓ ઉઘડતી. શિષ્ય માટે ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે :—

**तद्वि ज्ञानार्थं, स गुरुमेवा भिगच्छेत्**
**श्रोत्रियं ब्रह्मनिष्ठं वा समित्पाणि :**

—તે ગુંચવાતા પ્રશ્નોના વિશેષ જ્ઞાન (વિ. જ્ઞાન) માટે સમિધા હાથમાં લઈ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે જાય.

અહીં ગુરુને બે વિશેષણ લગાડવામાં આવ્યા છે. શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ. શ્રોત્રિય એટલે તત્ત્વજ્ઞાની અને બ્રહ્મનિષ્ઠ એટલે વિશ્વના બધા આત્માને આત્મીય લેખે—તે કોઈ દિવસ અનિષ્ટ માર્ગે જઈજ ન શકે.

આ બન્ને બાબતો ગુરુની યોગ્યતા ઉપર પ્રકાશ પાડે છે. ને જ્ઞાની હોય, સદાચારી હોય, મન અને ઇંદ્રિયોનો સંયમી હોય, સ્વ-પરનું રક્ષણ કરવામાં સમર્થ હોય; જેમાં એટલી ઉદારતા હોય કે આખું વિશ્વ સ્વમાં સમાવી શકે અને વિશ્વની આત્મીય ભાવે જે સેવા કરી શકતો હોય તેજ સાચો ગુરુ છે.

જે લોકોમાં આ ગુણો નથી તે લોકો પોતાનામાં આવા અભાવને છુપાવવા માટે આડંબર, ચમત્કાર, ખોટી પ્રતિષ્ઠા કે ખુશામદ, વગેરેથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોકોને આકર્ષે છે અને લોકોને ભરમાવી, ઊંધુ ભરાવી, પોતાના માટે વધારેમાં વધારે કરાવી લૂંટનો ધંધો કરતા હોય છે. આવા ગુરુઓના કારણે ગુરુડમવાદ ફેલાયો છે. જે વસ્તુ દુર્લભ હોય તેના નામે ખોટી કે નકલી વસ્તુ સંસારમાં ચાલેજ છે. ગુરુના નામે આ રીતે નકલી ગુરુઓ ચરી ખાય છે.

કોઈકે કહ્યું છે :—

गुरवो बहवः सन्ति शिष्यवित्ताप हारकाः
दुर्लभा गुरवो विश्वे शिष्यसंताप हारकाः

—આ જગતમાં પોતાના અનુયાયીઓના ધન વગેરેને હરનારા ગુરુઓ ઘણા હોય છે; પણ પોતાના અનુયાયોના સંતાપ–તાપને હરનારા બહુ ઓછા હોય છે.

## ગુરુની ઓળખાણ શી ?

—તો, પછી આ જગતમાં અલગ અલગ વેશ, પ્રકાર, પદના ગુરુઓમાં ખરા ગુરુને કઈ રીતે ઓળખવા ? સાધુને ગુરુ માનવા કે ગુરુ ને પણ સાધુ માની લેવા ? સાધુ ગુરુ થઈ શકે પણ દરેક ગુરુ સાધુ નથી હોતા ! ઘણા જાતિ, વર્ણ, કુળ, શિક્ષાના કારણે ગુરુ થયેલા હોય છે. આવા ગુરુઓ માટે એક શબ્દ અપભ્રંશરૂપે 'ગોરજી' રહ્યો છે. એવી જ રીતે ધાર્મિક ગાદીએ આવનાર કે વહીવટ ચલાવનાર; પોપ, ભટ્ટારક કે યતિશ્રી પૂજ્ય પણ ગુરુ ગણાય છે. આ બધામાં ઉપર કહ્યા તે ગુણો હોય તો જ તેમને ખરા ગુરુ માનવા; નહીંતર તેમને કુગુરુ માનવા.

ઘણા લોકો એમ કહે છે કે તેઓ આપણા કરતાં સારા છે તો તેમને ગુરુ શા માટે ન માનવા ? પણ તે સંપૂર્ણઅંશે તો સારા નથી એટલે તેમને ગુરુ તરીકે ન માની શકાય. ખોટો રૂપિયો પૈસા કરતાં સારો છે પણ ખરા રૂપિયાના ઠેકાણે તે ચાલી શકતો નથી. તેવી જ રીતે અ–ગુરુ કહેવાતા ગુરુના લક્ષણોવાળો હોવા છતાં ગુરુ બનીને ચાલી શકતો નથી.

ઘણા લોકોના માટે તો અમૂક વેશ કે ચિહ્નવાળાં એ જ ગુરુ હોય છે; બાકી બધા કુ–ગુરુ હોય છે. બાહ્યચિહ્નો તો અમૂક ફિરકા સંપ્રદાય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે પંથની ઓળખાણુ છે પણુ તેના આધારે કોઇ ગુરુ કે સાધુ માનવા એ મોટો ભ્રમ છે.

બાહ્ય વેશ, ચિહ્નો અંગે ઉત્તરાધ્યયન સૂત્રમા કેશી-ગૌતમ સંવાદમાં એક પ્રશ્ન કેશી મુનિએ ગૌતમસ્વામીને પૂછયો છે કે; ધ્યેય એક છતાં લિંગ કે બાહ્ય ચિહ્નમાં ફેર કેમ છે?

ગૌતમસ્વામી કહે છે:—

लोगे लिंग प्य ओयणं

—વેશ તો લોકોને પ્રતીતિ કરાવવા માટે છે. એ સિવાય એનું કોઇ પ્રયોજન નથી. વેશ ભિન્ન હોવા છતાં આપણે એક જ પથના પથિક છીએ.

ઘણીવાર વેશધારણ કરીને ઘણા લોકો સાધુતાને ન શોભે તેવું કામ કરતા હોય છે. ત્યારે તેમને માનનારા આંધળાપણે તેમને માને છે અને ઘણા અન્ય વેશવાળાઓ સાધુતાને ધારણ કરવા છતાં તેને સાધુ માનતા નથી; એ નરી અંધશ્રદ્ધા છે.

વેશની જેમ પદો—આચાર્ય, ઉપાધ્યાય, પ્રમુખ, મંત્રી, પ્રવર્તક, પોપ, ખલીફા, મંડળેશ્વર, ભટ્ટારક, શ્રીપૂજ વગેરે પણ ગુરુતાની નિશાની નથી. પદ તો સંસ્થાની વ્યવસ્થા માટે હોય છે; પણ સાધક કોઈ પદને લીધે બનતો નથી; તે તો સાધનાથી થાય છે.

એજ રીતે વ્યર્થ ક્રિયાકાંડો પણ ગુરુતાની નિશાની નથી. કોઈ ઘોર કષ્ટ સહીને નગ્ન રહે, બાહ્ય તપસ્યા કરે, માથાના વાળનો લોચ કરે; અમૂક રીતે પ્રતિક્રમણુ-પ્રાર્થના કે નમાજ કરે પણ તેને ગુરુ માનવામાં આવતો નથી. આવા લોકો પ્રાયઃ સાંપ્રદાયિકતા ફેલાવતા હોય છે. પરિણામે માનવ-માનવ વચ્ચે ભેદભાવ ઉત્પન્ન થાય છે અને તેનાં માઠાં પરિણામ આવે છે. ઘણીવાર સાંપ્રદાયિક હેતુ માટે આ લોકો તપ, ત્યાગ વગેરે પણ કરે છે પણ, તે બાલતપ કહેવાય છે. જ્યાં સુધી તેમાં સમાજ શુદ્ધિનો આગ્રહ ન હોય ત્યાં સુધી તે ગુરુ-મૂઢતામાંજ ગણાશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દશ વૈકાલિક સૂત્રમાં કહ્યું :—

न इहलोगट्ठयाए, तवमहिट्ठीज्जा, न परलोगट्ठयाए तवमहिट्ठीज्जा
न कित्तिवन्नसिलोगट्ठयाए तवमहिट्ठीज्जा, नन्नत्थ निज्जरट्ठयाए तवमहिट्ठीज्जा
न इहलोजट्ठयाए आयारमहिट्ठीज्जा, न परलोगट्ठयाए आयारमहिट्ठीज्जा
न कित्तिवन्नसिलोगट्ठयाए आयादमहिट्ठीज्जा, नन्नत्थआरहंतेहिंहेउहिं
आयारमहिट्ठीज्जा

એટલે કે આ લોક માટે, પરલોક માટે કે કીર્તિ માટે નહીં, પણ, માત્ર નિર્જરા માટે તપનું પાલન કરે અને આ લોક માટે, પરલોક માટે કે કીર્તિ માટે નહીં પણ રાગદ્વેષને દૂર કરવા વીતરાગ થવા આચારનું પાલન કરે.

તપસ્યા કે આચાર પાલન સમાજ શુદ્ધિ માટે હોય, તેના વડે વ્યકિત વિકાસ અને સમાજ વિકાસ બન્ને થતા હોય તેમજ જે સેવા સદાચાર, સંયમ અને અનુભવમાં આગળ વધેલો હોય તો તેવો માણુસ ગુરુપદનો અધિકારી થઇ શકે.

એવી જ રીતે પાંડિત્ય, જાતજાતની ભાષા, વ્યાકરણ, કાવ્ય સંગીત, ગણિત, જ્યોતિષ, વિજ્ઞાન, વગેરે જાણુવું. એ પણ ગુરુપદની યોગ્યતા નથી. એ બધું તો વ્યકિતગત યશ કે સન્માનની વસ્તુ છે. જૈનશાસ્ત્રોમાં કહ્યું છે :—

न चित्ता तायए भाषा, कुओ विज्जणुसासणं ?

—જાતજાતની ભાષાઓ જ્યારે કોઈનું તારણ-રક્ષણ કરી શકવાની નથી ત્યારે જૂદી જૂદી વિદ્યાઓ કે વ્યાકરણો શી રીતે રક્ષણ કરી શકશે ?

આમ આ બધી બાબતો વેશ, ક્રિયાકાંડો, પંડિતાઈ, ચમત્કાર, વિદ્યાપ્રદર્શન એ ગુરુતાની નિશાની નથી. કેટલીકવાર ગુરુઓના નામે



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચરી ખાનારા આ બધાનો આશ્રય લઈ, ગુરુઅમવાદ ફેલાવે છે. તે સમાજને પતનના રસ્તે દોરી જાય છે. આવા કુગુરુઓ કે અગુરુઓથી દુર રહેવું સારૂં. પણ કબીરજીએ કહ્યું છે :—

## નગુરાનો સંગ ન કરીએ

—એ દૃષ્ટિએ વ્યવહારમાં તો કોઈ સદગુરુ શોધવો જોઈએ જે જીવન-માર્ગનો બતાવનારો અને તારણહાર હોય.

## ખરો ગુરુ : વિવેક

નિશ્ચય દૃષ્ટિએ આત્માના ખરા ગુરુ તરીકે વિવેકને માનવામાં આવ્યો છે. ગુરુ જ્યારે પોતાના સર્વાંગી વિકાસમાં સાધક થાય ત્યાં સુધી એ ગુરુ છે; પછી માણસનો વિવેક જ એનો ખરો ગુરુ બને છે.

ગુરુ એ ગૌરવનું પદ છે. તે પોતાના શિષ્યો નારાજ થશે એ બીકે થાબડભાણાં નથી કરતા કે તેમની ખામી ચલાવી લેતા નથી. જ્યારે મોહવશ થઈ ગુરુઓ શિષ્યોની ત્રુટિઓ અંગે આંખમીંચામણા કરે છે ત્યારે તેઓ શિષ્યના વિકાસમાં બાધક બને છે. આવો શિષ્યસમુદાય પોતાની ભૂલોથી જાતે ડુબે છે અને ગુરુને પણ ડુબાડી મૂકે છે.

આવા ગુરુઓ અંગે, શિષ્યોએ વિવેકનો આશરો લેવો પડે છે. 'आज्ञा गूरुणाम विचारणीया' એ નીતિવાકયની દૃષ્ટિએ ગુરુ-આજ્ઞાનો અનાદર ન થાય એ જરૂરી છે; પણ તે સાથે ગુરુઓએ પણ દ્રવ્ય-ક્ષેત્ર કાળ-ભાવ વિચારીને તથા શિષ્યોનાં હિત, પ્રકૃતિ રુચિ, શકિત અને ભૂમિકા વ. જોઈને કહેવું જોઈએ જેથી તેમના પ્રતિ શિષ્યોનું મન શુધ્ધ અને આદરણીય રહે. વિવેકપુરઃસર ગુરુની આજ્ઞા માટે જૈનસૂત્રોમાં કહેવામાં આવ્યું છે :—પરંતુ તે સાથે જ જૈનશાસ્ત્રમાં કહ્યું છે—ગુરુની આજ્ઞા કરતાં સત્યની આજ્ઞા સર્વોપરિ છે ( सच्चस्स आणाए उवांक्रुएो मेहावी मारं तरई ) સત્યની આજ્ઞામાં ઉપસ્થિત મેધાવી મૃત્યુને પાર કરી જાય છે. આજ્ઞાનો વ્યુત્પતિમૂલક અર્થ થાય છે :—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

आ–समंतात

ज्ञा–ज्ञायते परस्य शिष्यस्य वा हितं यस्यांसाऽज्ञा

જેમાં બીજાનું–શિષ્યનું સર્વાંગી હિત વિચારાય તે આજ્ઞા છે.

ગુરુ–આજ્ઞા કેવી રીતે હોવી જોઇએ તેનો એક જૈનશાસ્ત્રીય દાખલો મેઘકુમારમુનિ અંગેનો છે. તે રાજકુમાર હતો અને ભગવાન મહાવીર પાસે દીક્ષા લે છે. જે દિવસે દીક્ષા લીધી તે દિવસે તેમનું સૂવાનું ઠેકાણું સહુથી છેલ્લું આવે છે. રાત્રે અન્ય મુનિઓ લઘુશંકાનિવારણ તેમજ અનિવાર્ય–કાર્યવશ બહાર જતી વખતે તેમને અડકીને જતા. કોઈના પગની ઠોકર પણ વાગતી અને મેઘકુમાર મુનિને જરાપણ નીંદર ન આવી. અંતે તે આવા અપમાનથી કંટાળી ગયા અને નક્કી કર્યું કે સવારે પ્રભુ મહાવીરને વેશ–ઉપકરણ સોંપી હું ઘેર જતો રહું, એ જ શ્રેયકર છે.

સવારે ભગવાન મહાવીર પાસે વંદના કરવા આવ્યા ત્યારે તેમના ચહેરા ઉપર ઉદ્વિગ્નતા જોઇને મહાવીર કળી ગયા કે કંઈક વિચળતા આવી છે. પૂછ્યું તો મેઘકુમાર મુનિએ મનમાં જે વાત ઊઠી હતી તે કંઇ પણ છુપાવ્યા વગર કહી દીધી. ભ. મહાવીરે તેમને જુદી જુદી રીતે સમજાવ્યા અને અંતે કહ્યું: "આ તો તમારા હિત અને વિકાસ માટે મેં મારા અંતરની વાત કરી છે; પણ હવે "जहासुहं"–તમને સુખ ઉપજે તેમ કરો!"

આમાં આજ્ઞા હતી તે પરાણે લદાયેલી ન હતી; દબાણપૂર્વકની ન હતી; પણ સમજણપૂર્વક હતી એટલે મેઘકુમાર મુનિને તેનું દબાણ ન લાગ્યું. ચિત્તમાં ભ. મહાવીર જેવા પરમ હિતકારી ગુરુની વાત સોંસરી ઊતરી ગઇ અને તે સંયમમાં સુસ્થિર થઈ ગયા.

**ગુરુઆજ્ઞા અને જાગૃતિ:** આવું છે ગુરુ–આજ્ઞાનું રહસ્ય. જ્યાં સમજણ કે પ્રેમથી દરેક વસ્તુનો નિકાલ આણી શકાય છે. આ અંગે બન્નેએ સતત જાગૃતિ કેળવવાની હોય છે. જો ગુરુ કે શિષ્ય બન્ને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અથવા એક લોભમાં પડી જાય છે તો બન્નેનું પતન થવાનો પૂરેપૂરો સંભવ છે. ઘણી વખત અનુયાયીઓ ધન, સંતાન કે અમૂક સ્વાર્થ માટે નકલી ગુરુઓને શોધતા હોય છે. એટલે જ કહ્યું છે :—

गुरु लोभी शिष्य लालची दोनों खेले दाव
दोनों डूबे बापडे, बैठ पत्थर की नाव.

ગુરુ ઘણીવાર ગફલતમાં રહી જાય તો ત્યાં જાગૃત શિષ્યની ફરજ છે કે તે ગુરુને ન છોડે પણ તેમને એવી રીતે જાગૃત કરે કે અપમાન લાગ્યા વગર તેમનો આત્મા જાગી ઊઠે.

શૈલક રાજર્ષિએ પોતાના પુત્ર મંડુકને ગાદી સોંપીને દીક્ષા લીધી. એમના ૫૦૦ શિષ્યો થયા. તેમાં પંથક નામના તેમના પ્રધાન પણ શિષ્ય થયા હતા. વિહાર કરતા-કરતા તેઓ પોતાના પૂર્વાશ્રમના ગામે આવ્યા. મંડુક રાજાએ તેમનો ખૂબ સત્કાર કર્યો અને પોતાના ભવનમાં રોકાવાનું કહ્યું. શૈલક માની ગયા.

તે વખતે શૈલક મુનિને એક રોગ હતો. મંડુક રાજાએ તેનો ઉપચાર કરાવવો શરૂ કર્યો. એક વખત તપ-સંયમમાં રહેલું શૈલક મુનિનું મન આરામ તરફ વળવા લાગ્યું અને તેમણે ત્યાંથી જવાનું નામ ન લીધું.

અન્ય મુનિઓએ બે-ત્રણ વાર કહી જોયું પણ વ્યાધિ છે એમ કહી વિહારની વાત ટાળી નાખી. અંતે ચાતુર્માસ પૂરે બધા શિષ્યો આજ્ઞા લઇને વિહાર કરી ગયા. તેમને થયું કે હવે ગુરુ સાથે રહેવાથી શિથિલાચાર જ વધશે. કેવળ એક પંથક મુનિ તેમની સેવામાં રહ્યા. તેમણે માન્યું કે "અમારા ગુરુ તો એ જ છે ને? એમને શરીર-મોહ થયો છે; એક દિવસ તે આવરણ પણ દૂર કરી શકાશે. માટે મારે મારા આચારમાં ચૂસ્ત રહેવું અને એમને જાગૃત કરવા માટે પ્રયત્ન કરવો!"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શૈલક મુનિનું તપ ગયું; નિયમ ગયા; પ્રતિક્રમણ પણ બંધ થયું. પૂર્વાશ્રમના રાજા હતા એટલે વૈદ્યો પણ આરામ કરવાનું કહેતા. શૈલક મુનિને એ ફાવતું. પંથકજી પણ ગુરુજીનું મન ન દુભાય એ રીતે સેવામાં સંલગ્ન રહેતા.

અંતે કાર્તિક પૂર્ણિમા આવી. ચાતુર્માસિક પ્રતિક્રમણ કરીને ગુરુ પાસે ક્ષમા–યાચના કરવા ગયા. ચરણ સ્પર્શ કર્યા કે શૈલક મુનિ કોપાયમાન થયા અને બોલ્યા : " કોણ છે આ દુષ્ટ ! કોણે મારી ઊંઘ બગાડી !"

શાંતભાવે પંથકમુનિએ કહ્યું : "ગુરુદેવ ! હું આપનો શિષ્ય પંથક ! ચોમાસીપાળી છે. પ્રતિક્રમણ કર્યું અને માફી માગવા આવ્યો હતો. પણ આપનો ચરણ-સ્પર્શ કરતાં પણ આપના આરામમાં ખલેલ પાડયો; તેથી મને વારંવાર માફ કરો !"

પંથક મુનિ પગ પકડીને બેસી ગયા. શૈલક ઋષિનો અંતરાત્મા જાગી ઊઠયો : "અરે કયાં આ જાગૃત વિનીત શિષ્ય પંથક અને કયાં હું. તેનો આળસુ ગુરુ શૈલક ! મારે જાગૃત થવું જોઇએ તેના બદલે હુંજ પતન પામ્યો છું ! ધિક્કાર છે મને !"

તેમણે પંથકને બે હાથે ઊભો કરીને કહ્યું : "પંથક ! હું બહુવાર સૂતો. તું મારો ખરો શિષ્ય છે કે તેં મને જગાડયો. મારે તારી માફી માંગવી જોઈએ કે મેં તને કેટલું કષ્ટ આપ્યું ?"

બન્ને ગુરુ–શિષ્ય ગળગળા થઈ ગયા. સવારે બન્ને જાગૃત આત્માઓએ પ્રસ્થાન કર્યું.

આ રીતે ગુરુ જો ભૂલ કરે તો શિષ્યે ચેતવવું જોઇએ અને શિષ્યને તો ચેતવવાનું કામ ગુરુનું છે જ. તોજ બન્નેનો ખરો વિકાસ થાય. ઉપરના પ્રસંગમાં પંથક મુનિએ જાગૃતિ રાખી અને વિવેકરૂપી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નિશ્ચય—ગુરુનો આધાર રાખી, બધા શિષ્યો જવા છતાં ગુરુ પાસે રહેવાનું નક્કી કર્યું. અંતે ગુરુ જાગૃત થયા. આમ જાગૃતિ જરૂરી છે! તેના અભાવે ગુરુ–મૂઢતા વધતી જશે.

☆

## ચર્ચા–વિચારણા

**શ્રી. પૂંજાભાઇએ** આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું : "મારા નમ્ર મતે ટોળીઓ પરસ્પર લડતી તે જમાનાથી ગુરુતત્ત્વ ચાલ્યું જ આવતું હતું. કોઈ મુરબ્બીની પ્રેરણા લઇ આ કામો ચાલતાં હશે. તેમાંથી ઉત્તમ કોટિના મુરબ્બીઓ આધ્યાત્મિક જ્ઞાન તરફ વળ્યા હશે. તેમણે પ્રાપ્ત કરેલું જ્ઞાન ગુપ્ત રાખ્યું હશે કારણ કે જ્ઞાનનો અધિકારી હોવો જોઇએ. ત્યારથી તેમાં વેપારનું તત્ત્વ ઘૂસ્યું હશે. ગાયત્રી મંત્ર બોલનારના હોઠ પણ ન ફફડે! અંતે શૂદ્ર અને સ્ત્રીઓના અધિકારો ઝૂંટવાયા; એટલું જ નહીં બીજ પાઠના નામે અનાચારો ફેલાવવા લાગ્યા.

**પૂ. દંડીસ્વામી :** "ગુરુના ચાર પ્રકાર છે: (૧) પથ્થર જેવા, (૨) પાંદડા જેવા (૩) વહાણ જેવા, (૪) તુંબડા જેવા. સૌથી સારા તુંબડી જેવા જે પોતે તરે અને બીજાને તારે અને તૂટે નહીં.

સુંદરદાસ કવિએ શ્રીફળ જેવા ગુરુને વખાણ્યા છે. ઉપરથી કઠણ પણ અંદરથી મધુર અને કોમળ, એવા ગુરુ સારા.!

**શ્રી. બળવંતભાઇ :** "એકવાર બ્રાહ્મણો–ગુરુઓ જગત ગુરુઓ હતા. તેમાંથી નીચે ઊતરતા ગોર બની ગયા. અમર ચરિત્રમાં એક દાખલો છે કે એક બનાવટી વાઘરી સાધુ હતો, છતાં તેના પ્રતાપે; કુવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પડેલી બાઇને ઈશ્વરનાં દર્શન થયા હતા; આવા પ્રસંગો પણ ગુરુ મૂઢતાને પોષક હોય છે."

**શ્રી. માટલિયા :** "પરંપરાથી ગુરુ ન માનતા, ગુણ દેખીને ગુરુ માનીએ તો સુંદર કામ થાય!"

આજની ચર્ચાનું તારણ એ નીકળ્યું કે "સદાચારને મુખ્ય રાખી કર્મકાંડોને ગૌણ રાખી, તત્ત્વજ્ઞાનનું પીઠબળ મળે તો જેમ ધર્મનાં અનિષ્ટો જાય અને છતાં વંશપરંપરાના ધર્મ-સંપ્રદાયમાં રહીને પણ અનિષ્ટોથી દૂર રહીને, બીજા ધર્મનાં ઇષ્ટોને અપનાવી શકાય છે. તેવીજ રીતે પરંપરાગત ગુરુ ન મળે તે છતાં ગુણીને ગુરુ માનીને ચાલવાથી સૌ પાસેથી ગુણો મેળવી શકાય છે.

(૨૯-૭-૬૧.)

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ગુરુ – મૂઢતા – ૨

અત્યાર અગાઉ ગુરુ કોણ–તેની આજ્ઞા કેવી, શિષ્ય સાથેનો સંબંધ કેવો એ બાબતો ઉપર વિચારાઈ ગયું છે. અલગ–અલગ લાભ, લોભ અને સ્વાર્થવશ ગુરુઓના નામે શું ચાલે છે અને ચલાવાય છે તે અંગે અત્રે દાખલાઓ સાથે વિસ્તારથી વિચારશું.

**ગુરુ પ્રકાર :** જગતમાં જાતજાતના ગુરુઓ છે. તેમનું આપણે વિભાજન કરીને અલગ–અલગ શ્રેણિમાં તેમને મૂકશું અને દરેક પાસે કામની અપેક્ષા બાંધશું. તે પ્રમાણે તે કામ ન કરે તો સમજવું કે તેઓ પ્રમાદી, પેટભરા અને બિન જવાબદાર છે. તો તેમને પાળવા–પોષવા કે પ્રતિષ્ઠાને યોગ્ય ગણવા એ ગુરુ–મૂઢતા ગણાશે.

આખા વિશ્વની દ્રષ્ટિએ ગુરુઓનો વિચાર કરીએ તો તેમની ત્રણ શ્રેણીઓ થઈ શકે છે :—(૧) સ્વગુરુ (૨) સંઘગુરુ અને (૩) વિશ્વગુરુ.

**[૧] સ્વગુરુ :** એટલે કે પોતાના ગુરુ, એમાં માતાપિતાથી માંડીને ઠેઠ દીક્ષા ગુરુ સુધીનો સમાવેશ થઇ જાય છે. સ્વગુરુમાં :— (૧) મા–બાપ કે વડીલ (૨) વિદ્યાગુરુ, (૩) પ્રેરણાગુરુ, (૪) કુળગુરુ (૫) જ્ઞાતિગુરુ (૬) રાજગુરુ (૭) સંપ્રદાયગુરુ (૮) દીક્ષાગુરુ–નો સમાવેશ થઇ જાય છે.

આપણા દેશમાં માતા–પિતા કે વડીલ પ્રતિ પૂજ્યભાવ રાખવાની પ્રણાલી પરંપરાથી ચાલી આવે છે. એનું કારણ એ છે કે માતા–પિતા અને વડીલો બચપણથી બાળકોમાં સંસ્કાર, અને સદાચારને રેડે છે. તેમનાં ચારિત્ર્યનું ઘડતર કરે છે. એ તરફ માતાપિતાનું પ્રાચીનકાળમાં વધારે ધ્યાન હતું. તેઓ જાતે સાદાઇથી રહેતા સંયમથી જીવતા અને બાળકોમાં પણ એ સંસ્કારો રેડતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ આજે પરિસ્થિતિ ઊલટી છે. માતાને બાળકોના ઘડતર માટે, ઉછેર માટે કે સંસ્કાર પ્રદાન માટે સમય મળતો નથી. પોતે ઘરેણાં–કપડાંનો મોહ છોડી શકતી નથી; ચાનું વ્યસન મૂકી શકતી નથી, સાદાઈથી રહી શકતી નથી, તો પછી બાળકોમાં સારા સંસ્કારો તે ક્યાંથી રેડી શકે? પિતાની મોટા ભાગે ઈચ્છા એ હોય છે કે છોકરો ઉચ્ચ શિક્ષણ લઈને સારૂં કમાઈને આપે. બાળકમાં ન્યાય–નીતિ કે સચાઈ–સાદગી કે સદાચારનાં તત્ત્વો કેટલાં વિકસ્યાં છે એ તરફ–ભાગ્યેજ જોવાય છે. આવી પરિસ્થિતિમાં આજના મા–બાપો કે વડીલો કઈ રીતે ગુરુપદની જવાબદારી અદા કરી શકશે તે એક કોયડો છે.

**વિદ્યાગુરુ**:—હવે વિદ્યાગુરુ તરફ લક્ષ્ય કરીએ તો તેમનો ભૂતકાળ ખૂબજ ભવ્ય રહ્યો છે. ભૂતકાળમાં બ્રાહ્મણ વર્ગને આ કામ સોંપાયું હતું. તેઓ પોતે અધ્યયન—મનન કરતા અને સમાજના બાળકોને અધ્યયન કરાવતા. તેઓ માત્ર અક્ષર–જ્ઞાન જ નહોતા આપતા; ચારિત્ર્યનું ઘડતર પણ કરતા. શારીરિક, માનસિક, બૌદ્ધિક, વાચિક અને આધ્યાત્મિક એમ બધી રીતે તેનો સર્વાંગી વિકાસ સધાવતા. આવા વિદ્યાગુરુઓ ગામથી દૂર જંગલમાં આશ્રમ બાંધીને રહેતા. ત્યાં વિદ્યાની સાથે કળાઓ—ખેતી, કાંતણ, પાક વિજ્ઞાન વગેરે શીખવતા હતા. એ વિદ્યાગુરુ જાતે નિર્લોભી અને નિસ્પૃહ રહેતા. તેઓ માનદ (નિઃશુલ્ક) વિદ્યા આપતા પણ ફંડફાળો ઉઘરાવતા નહીં. સહજ ભાવે આવનાર કોઈ પણ વિદ્યાર્થીને ત્યાં સ્થાન મળતું. ઉચ્ચનીચનો ભેદભાવ ન રખાતો; શિક્ષણને યોગ્ય હોય તેને દાખલ કરી લેવામાં આવતો.

એ વિદ્યાગુરુને ઉપનિષદ્‌માં "આચાર્ય" કહેવામાં આવ્યા છે. ઉપનિષદ્‌માં સત્યકામ જાબાલની વાત આવે છે. તે આઠ વર્ષનો થયો એટલે તેની માતાએ તેને ભણવા મોકલ્યો. તે પાસેના ઋષિના ગુરુકુળમાં ભણવા ગયો, ગુરુએ પૂછ્યું: "તું કોણ છે? શા માટે આવ્યો છે? તારા માતા–પિતા કોણ છે!"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેણે કહ્યું: "હું માતા જબાલાનો પુત્ર છું. અહીં ગુરુકુળમાં રહી અધ્યયન કરવા માંગું છું."

"તારું નામ!" ગુરુએ પૂછયું.

"ખબર નથી!" તેણે જવાબ વાળ્યો.

ગુરુએ પૂછયું: "વત્સ! તારા પિતાનું નામ?"

તેણે કહ્યું: "હું બરાબર જાણતો નથી. મારી માતાને પૂછીને આવું!

તે પોતાની માતા પાસે ગયો અને તેણે પોતાનું અને પિતાનું નામ પૂછયું. તેની માએ કહ્યું: "તારું નામ તો મેં હજુ સુધી કંઈ રાખ્યું નથી. ગુરુ જે નામ પાડે તેજ તારું નામ! બાકી એકવાર ઘરકામ કરવા જતી હતી કે તેમના સંયોગથી તું મળ્યો. આ વાત ગુરુજીને કહેજે!"

બાળકે જઇને ગુરુ પાસે માએ કહ્યું હતું તે પ્રમાણે બધું કહ્યું: ગુરુ તેની સત્યવાદિતા જોઇ બહુ ખુશ થયા; અને તેનું નામ 'સત્યકામ' જાબાલ રાખ્યું. બીજા શિષ્યોને થયું કે જાતિ-કુળના ઠેકાણાં વગરના આ છોકરાને રાખી ગુરુ બરાબર કરતા નથી. ગુરુએ તેમને શાંત પાડયા.

ગુરુએ સત્યકામના સ્વતઃ વિકાસ માટે તેને ગાયો ચારવા માટે રાખ્યો. તેને કહ્યું: "તને આ ગાયો ચારવાથી બ્રહ્મજ્ઞાન મળશે!"

ત્યારબાદ સત્યકામે સતત વનમાં ગૌસેવા કરવી શરૂ કરી. અંતે તેને એક બળદ વડે બ્રહ્મજ્ઞાન મળ્યું. તે ગુરુ પાસે જાય છે અને તેના જ્ઞાનની પરીક્ષા લઇ ગુરુ તેને આશિષ આપે છે.

અગાઉના ગુરુકુળોમાં ભેદભાવ ન હતો. યોગ્ય હોય તેને લેવાતો એટલે જ સાંદીપનિ ઋષિના આશ્રમમાં શ્રીકૃષ્ણ અને સુદામા સાથે રહ્યા અને ભણ્યા હતા.

ઘણા ગુરુઓ વિદ્યાર્થીઓ પાસે સરખો અભ્યાસ કરાવતા નથી. તેથી કરીને શિષ્યનો પોતાનો વિકાસ બરાબર સધાતો નથી. આજકાલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિદ્યાર્થીઓ માર્ગદર્શક કુંજીઓ અને ગાઈડો વાંચે છે તેથી તે પરાવલંબી બની જાય છે; આ આગળ જતાં આળસુ–પરાવલંબિત જીવનમાં પરિણમે છે.

પ્રાચીન કાળમાં વિદ્યાગુરુઓ શિષ્યને જાતે શોધ કરવાનું કહેતા અને જરૂર પડે પોતે તેને માર્ગદર્શન આપતા. ઉપનિષદમાં આવે છે કે શિષ્ય ગુરુ પાસે જઈને કહેતો કે "મને બ્રહ્મનું જ્ઞાન કરાવો" ત્યારે ગુરુ એને શોધ કરવાનું કહેતા. તે શોધ કરીને પાછો આવીને કહેતોઃ "બ્રહ્મ અન્નમય છે!"

ગુરુ કહેતાઃ "હજુ શોધકર! જ્ઞાન કાચું છે!"

શિષ્ય જતો અને પાછો આવીને કહેતોઃ "બ્રહ્મ પ્રાણમય છે!"

ત્યારે ગુરુ તેને ફરી પાછો મોકલતા. શિષ્ય તેથી ગભરાતો નથી અને ગુરુ પણ ગૂસ્સે થતા નથી. અંતે શિષ્ય આવીને કહે છેઃ "બ્રહ્મ આનંદમય છે!"

ત્યારે ગુરુ ગદ્દગદ થઈ જાય છે અને કહે છેઃ "હવે તને બ્રહ્મજ્ઞાન થઈ ગયું છે!" આમ શિષ્ય વડે ઉત્તરોત્તર શોધ કરાવી તેનો સર્વાંગી વિકાસ કરાવતા. તે સમયે તેજસ્વી વિદ્યાર્થીઓ પાકતા એટલે જ નાલંદા અને તક્ષશિલાના વિદ્યાધામો જગતના વિદ્યાર્થીઓનું આકર્ષણ બનતા.

આજે એ સંદર્ભ બદલાયો છે. શાળાઓ અને વિદ્યાલયોમાં ગુરુજનો પીરિયડ પૂરા કરવા માટે પૂરા કરે છે અને વિદ્યાર્થીઓ ટ્યૂશન કરીને આગળ વધે છે. અધ્યાપક, મા–બાપ કે વાલી કોઈનું પણ ધ્યાન વિદ્યાર્થીના ઘડતર તરફ જતું નથી. અગાઉ ગુરુકુળથી નીકળતા વિદ્યાર્થીઓને ગુરુઓ કહેતા :—

यान्यस्माकं सुचरितानि तान्येव त्वयोपास्यानि नेतराणि

એટલે કે અમારા સારા ગુણોનું અનુકરણ કરજે, પણ દોષોને છાંડજે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આજના કેટલા વિદ્યાર્થીએ આવી કાળજી રાખે છે? શિક્ષણ આજે સરકારના હાથમાં છે. ભારતને સ્વતંત્ર થયે પંદર વર્ષ થવા છતાં અંગ્રેજી પદ્ધતિ અને પાશ્ચાત્ય સંસ્કારોથી મુક્ત એ બન્યું નથી. ગાંધીજીએ તેમાંથી બચવા નઈ-તાલીમપ્રણાલી આપી, પણ આજનું તંત્ર તેને અપનાવવા માંગતું નથી. અપવાદને બાદ કરીએ-વિશ્વભારતી, શિક્ષણ-ભારતી, લોક-ભારતી કે એવાં ગુરુકુળો સિવાય બાકી શાળાઓનાં માળખાં એના એ જ ઢબનાં છે. આમાં પણ અપવાદે ક્યાંક સારા સંસ્કારો નજરે ચઢે છે. નાનાભાઈ ભટ્ટ જેવા કેળવણીકારો પણ છે. તેવો જ એક પ્રસંગ નીચે મુજબ છે.

દિલ્હીમાં એક માધ્યમિક સંસ્કૃત શાળાના શિક્ષક શ્રી અમરનાથજીના જીવનનો આ પ્રસંગ છે. તેમની પાસે એક ભાઈ "પઢો આર બનો!" નામનાં પુસ્તક અંગે સમ્મતિ લખાવવા આવ્યા. વાતવાતમાં "ચારિત્ર્યનું ઘડતર શી રીતે થાય?"

એના ઉપર ચર્ચા ચાલી. ત્યારે તેમણે એમ કહ્યું: "જે પોતે ઘડાય તે જ વિદ્યાર્થીમાં ચારિત્ર્યનું ઘડતર કરી શકે છે!"

આ અંગે પોતાનો અનુભવ કહી સંભળાવતાં તેમણે કહ્યું: "હું એક વખત મુખ્ય શિક્ષક હતો. એકવાર એક શિક્ષણ-સભામાંથી પાછો ફરતો હતો; ત્યારે રસ્તામાં નિશાળની બાજુ વાળી સડક ઉપર મેં એક આઠમા ધોરણના વિદ્યાર્થીને ચોરીછૂપીથી સિગરેટ પીતો જોયો. તેને કોઈ જોઈ ન જાય તે માટે તે વારંવાર પોતાની ગરદન ઊંચી કરીને જોઈ લેતો હતો."

"મને આશ્ચર્ય થયું. મારો વિદ્યાર્થી અને સિગરેટ પીએ? બીજી બાજુ મનમાં એ વાત ખૂંચતી હતી કે હું પોતે સિગરેટનો વ્યસની હતો. પછી તે વિદ્યાર્થીને કઈ રીતે કહું? પચ્ચીશ વરસથી મારામાં પણ એ બદી પ્રવેશી ચૂકી હતી.

મનોમંથન અંતે નક્કી કર્યું કે મારે વૃંદાવન જવું અને ત્યાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાસબિહારીજીના ચરણોમાં પ્રાર્થના કરવી કે મારી આ બદી છૂટી જાય. હું ટિકીટ કઢાવી ત્યાં પહોંચ્યો અને મેં રડતે હૃદયે ભગવાનને પ્રાર્થના કરી કે મારી લાજ બચાવો! મન જરા મક્કમ કર્યું અને ત્યારથી હું બીડી–સિગરેટને અડયો નથી."

"ચાર–પાંચ દિવસ બાદ હું વૃંદાવનથી પાછો દિલ્હી આવ્યો અને તાબડતોબ પેલા વિદ્યાર્થીને ઘેર બોલાવી મેં એકાંતમાં પૂછયું: "બેટા! તું સિગરેટ પીએ છે!"

એક પળ માટે થોભી તેણે પશ્ચાતાપના સ્વરોમાં કહ્યુ: "જી, હું પીતો હતો; પણ પાંચ દિવસથી મેં એને છોડી દીધી છે."

મને આશ્ચર્ય થયું કે જે દિવસે મેં સિગરેટ છોડી હતી તે જ દિવસે એણે પણ છોડી હતી; જાણે કે મારા અંતરનો પડઘો તેનામાં ન પડ્યો હોય! આ પ્રસંગથી મારામાં પૂરો આત્મવિશ્વાસ બેઠો કે "પોતાને ઘડવું એ જ બીજાના ઘડતરની ચાવી છે."

આજે આવા શિક્ષકોને વીણીવીણીને તારવવા પડશે. ત્યારે જ વિદ્યા–ગુરુની જૂની પ્રણાલી ભારતમાં ફરી ચાલુ થશે. પ્રાચીનકાળમાં ગુરુ છાત્રનું એકાંતે હિત વિચારતા. તેના વાલી મા–બાપની પરવાહ નહોતા કરતા. આ અંગે એક જૂનો દાખલો છે:—

એક રાજકુમાર એક ગુરુકુળમાં ભણતો હતો. થોડા દિવસમાં તેને રાજગાદી મળવાની છે એ વાતની તેના વિદ્યાગુરુને ખબર પડી. તેનું શિક્ષણ અધુરું હતું તે કેમ કરીને પૂરું કરવું, એ વાતની ગુરુજીના મનમાં ગડમથલ ચાલતી હતી. રાજનીતિ અને દંડશકિત જેવા બન્ને વિષયો બાકી હતા. એક દિવસ બાકી રહ્યો એટલે ગુરુએ તેને બોલાવીને કહ્યું: "વત્સ! તું આવતી કાલે રાજા થવાનો છે. માટે મારે તને એક મહત્વની શિક્ષા આપવાની છે."

રાજકુમારે કહ્યું: "આપ મારા હિત માટે જ મને શીખવશો. હું તૈયાર છું."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગુરુ રાજકુમારને એક ખંડમાં લઇ ગયા અને રાજકુમાર કંઇ બોલે તે પહેલાં તેમણે પાસે પડેલ નેતરની સોટી લઈને તડાતડ મારવી શરૂ કરી. રાજકુમાર તો બાઘો બની ગયો પણ ગુરુજીનું રૌદ્રરૂપ જોઇને કાકલુદી કરવા લાગ્યો. અંતે ખૂબ માર મારી ગુરુએ તેને છોડી દીધો. બીજે દિવસે ઘણા બધા શિષ્યો સાથે તેમણે રાજકુમારને વિદાય આપી.

રાજકુમાર હેમખેમ પહોંચ્યો. રાજાનું મન હરખાયું પણ કુમાર ઉદાસ જ હતો. એટલે રાજાએ તેને ઉદાસીનું કારણ પૂછ્યું. રાજકુમારે ગુરુએ માર માર્યાની વાત કહી પોતાનો વાંસો દેખાડ્યો જેના ઉપર લીલા સોળના નિશાન હજુ પણ હતાં. રાજા ગુસ્સે થઇ ગયો.

રાજાએ તરત ગુરુને તેડાવ્યા. ગુરુ આવતાં જ આડા હાથે લઇને રોકડું પરખાવ્યું: "તમને ખબર નહતી કે કુમારને મારવાનું શું પરિણામ આવશે?"

ગુરુએ કહ્યું: "મેં સમજી–વિચારીને જ એને માર્યો છે!"

રાજાનું તો લોહી ઊકળી ઊઠ્યું. તેણે કંઈપણ વધારે સાંભળ્યા વગર હુકમ કર્યો: "આને ફાંસીએ ચડાવી દો!"

ગુરુ તો હસતે મોંએ ફાંસીએ ચડવા ચાલવા લાગ્યા. તેથી રાજાને નવાઇ લાગી. રાજાએ તેમને પૂછ્યું: "તમારી કોઇ આખરી ઇચ્છા છે!"

"હા? મેં રાજકુમારને શા માટે માર્યો તેનું રહસ્ય તમને કહેવું છે." રાજા–"ત્યારે કહો!" ગુરુએ કહ્યું—તેનો અભ્યાસ અધૂરો હતો છતાં તમે એને રાજા બનાવવા ઇચ્છતા હતા. એ રાજા બન્યા પછી સત્તાના આવેશમાં આવીને કોઇને દંડ ન દઇ બેસે અને કોઇ પણ નિર્દોષને શારીરિક સજા ન થાય; તે માટે એને એક જ દિવસમાં બધું સમજાવવાનું હતું.. દાખલા દલીલ માટે અવકાશ ન હતો. એટલે મેં તેને માર મારીને સમજાવ્યું કે શારીરિક સજા કેટલી ખરાબ હોય છે? કુમારનું હિત મારા મનમાં હોઇને મારે મારી ફરજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બજાવવી જ પડી અને તેના દિલમાં શારીરિક સજાની ખરાબી ખૂબ જ સારી પેઠે અંકાઇ ગઇ છે. હવે એ ફરજના પાલન માટે મને ફાંસીએ જવું પડે તો તે માટે હું તૈયાર જ હતો!"

રાજા તરત સમજી ગયો અને ગુરુને માન ભેર વિદાય કર્યા. આજે એવા નિઃસ્પૃહ વિદ્યાગુરુઓની સખ્ત જરૂરત છે.

**પ્રેરણા-ગુરુ !** જેનાથી જીવનની પ્રેરણા મળે તે પ્રેરણા-ગુરુ છે. પ્રેરણા ગુરુ જડ કે ચેતન બન્નેમાંથી કોઇપણ થઈ શકે છે. દત્તાત્રેય મુનિએ ૨૪ ગુરુઓ માનેલા. જેમાં કુતરા, સાપ, સિંહ, પૃથ્વી, વાયુ, અગ્નિ વગેરે બધા પાસેથી તેમણે પ્રેરણા લીધેલી.

જૈનધર્મમાં પ્રત્યેક બુદ્ધ મુનિ કોઇપણ એક વસ્તુ—થાંભલો, બળદ, વાદળ, વિજળી, સ્ત્રી કે ગમે તે એક વસ્તુમાંથી પ્રેરણા મેળવીને બોધ પામે છે અને મુનિ દીક્ષા ગ્રહણ કરે છે.

ભગવાન બુદ્ધને રોગી, વૃદ્ધ અને મડદાંને જોઇને વૈરાગ્ય આવ્યો હતો. આમ જેના વડે જ્ઞાનની પ્રરણા મળે તે પ્રેરણા ગુરુ છે.

**કુળ ગુરુ અને જાતિ ગુરુ :** જૂના જમાનામાં વિશાળ સમાજને સંભાળવાની જેમનામાં શકિત ન હતી તેઓ એક કૂળ કે જ્ઞાતિના ગુરુ બની તે કુળ કે જ્ઞાતિની ઉન્નતિ, સંસ્કાર અને ઘડતરનો વિચાર કરતા હતા. કુળને અને જ્ઞાતિને સમાજનું નાનું એકમ માની, કુળ અને જ્ઞાતિમાં સારા માણસો તૈયાર કરી, તેનો વિશાળ સમાજ સાથે અનુબંધ જોડી દેતા હતા. લગ્ન, જન્મ, વગેરે દરેક કુળના પ્રસંગોમાં તેમની જવાબદારી રહેતી. જોડું બરાબર છે કે નહીં; લગ્ન યોગ્ય છે કે નહીં ? કુળધર્મ જ્ઞાતિધર્મ સચવાય છે કે નહીં ? આમ તેઓ બરાબર કાળજી રાખતા કે કુળને ડાઘ લાગે તેવું કોઇ કામ ન થાય.

હવે મોટાભાગે કુળગુરુઓ કે જાતિગુરુઓ અભણ, મૂર્ખ કે લોભી થઇ ગયા છે. મૂઢતાને કારણે લોકો તેમને પૂજે છે અને દોરા-ધાગા,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મંત્ર-તંત્રના નામે સ્વાર્થ સાધે છે. અગાઉ કેટલાકને વૈદક અને જ્યોતિષનું જ્ઞાન હોઇ કંઇક રાહત હતી; હમણાં તે પણ નથી રહ્યું.

**રાજગુરુ :** રાજાઓના પુરોહિતો વગેરે અગાઉના સમયમાં આ સ્થાને હતાં. હવે તો રાજા નથી તો પછી રાજગુરુનો પ્રશ્ન ઊભો થતો નથી. મેવાડના રાજગુરુએ રાણા પ્રતાપ અને શકિતસિંહ વચ્ચે લડાઇ અટકાવવા પ્રાણ હોમીને પણ બન્ને ભાઇઓને રોકયા હતા. આજે રાજ્યને સલાહ આપનાર એટર્ની જનરલ (ન્યાયમૂર્તિઓ) ન્યાયાધીશો તે ફરજ બજાવી શકે.

**સંપ્રદાયગુરુ :** પોતાના સંપ્રદાયની ઉન્નતિ કરવા માટે તેઓ કાળજી રાખતા. કોઇ એક વિશેષ સત્યની શોધ માટે સંપ્રદાય ઊભો થાય છે તેના બદલે એક બીજાના ખંડન-મંડન તેમજ હલકા પાડવાની વૃતિ વગેરે ભાવ હિંસાના કાર્યોમાં સંપ્રદાય ગુરુ વિશેષ રાચે છે. મોટો દુર્ગુણ તો વટાળ પ્રવૃતિનો છે. તેની સાથેજ જો કોઇ ક્રાંતિપ્રિય સાધુ કંઇક સંશોધન કરવા ઇચ્છે તો તેને દરેક રીતે ઉતારી પાડવા સુધી તૈયાર થઇ જાય છે. પછી નવાં સત્યો કયાંથી શોધી શકાય ?

**દીક્ષા ગુરુ :** આ ભેદ આમ તો સંપ્રદાય ગુરુનોજ છે. જેની પાસે દીક્ષા લેવામાં આવે તે દીક્ષા ગુરુ છે. ખાસ કરીને તો જ્ઞાન દર્શન ચારિત્ર્યના સંસ્કારોની દીક્ષા જ્યાં જ્યાંથી મળે તે દરેક દીક્ષા ગુરુને યોગ્ય છે.

આમ સત્ગુરુના અનેક ભેદો પાછળ શુભ ઉદ્દેશ્ય હતો તે આજે ભૂલાઇ ગયો છે. તેને ફરી સજીવન કરવાની જરૂર છે.

[૨] **સંઘગુરુ :** બીજી શ્રેણીમાં સંઘ ગુરુ આવે છે. સંઘગુરુ એટલે ધર્માચાર્ય-ભારતમાં જુદા જુદા ધર્મોના સંઘો-સમાજો છે. એનો સંબંધ વિશાળ માનવસમાજ કે પ્રાણી માત્ર સાથે હોય છે. એટલે કે સંઘગુરુઓનો મુખ્ય ઉદ્દેશ પોતપોતાના ધર્મોનું સંશોધન કરી અનુયાયીઓમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જ્ઞાન-દર્શન-ચારિત્ર્ય-શુદ્ધિ વડે એવી આત્મીયતા સાધવાનો છે કે જેથી વિશાળ જીવસૃષ્ટિ સાથે આત્મીય ભાવ જાગે.

આજે એ ઉદ્દેશ્ય ભૂલી જવાયો છે અને સહુ પોતપોતાના ધર્મની દુકાનદારી ચલાવતા હોય એવું લાગે છે; અને યેન-કેન-પ્રકારણે દુકાનદારી જમાવવાની-પ્રતિષ્ઠા મેળવવાની હરિફાઇમાં ઊતરી પડયા છે. તેથી વર્તુળ નાનું થતું જાય છે અને પોતાના ધર્મને વિશ્વધર્મ કહેવા છતાં જગતના પ્રશ્નોનો વહેવારૂ નીતિ ધર્મદષ્ટિએ ઉકેલ બતાવી શકતા નથી. તેમજ અન્ય ધર્મપ્રતિ સહિષ્ણુતા દાખવી શકતા નથી. એટલે એ લોકો ભવિષ્યમાં પોતાનું સ્થાન કેમ સાચવશે એમાં પણ શંકા છે!

[૩] વિશ્વગુરુ : જે વિશ્વના દરેક ક્ષેત્રના ગુંચવાતા પ્રશ્નોને અહિંસા-સત્ય-ન્યાયની રીતે ઉકેલ લાવી શકે, બધા ધર્મો અને લોકભેદોનો સમન્વય કરી શકે તથા વ્યક્તિ, સમાજ અને સમષ્ટિ સાથે અનુબંધ જોડી શકે. પરસ્પર સમન્વય સાધી શકે, જે સર્વાંગી ક્રાંતિ કરી શકે તે વિશ્વગુરુ છે. વિશ્વગુરુ માટે દરેક વ્યક્તિ સુધી પહોંચવાનું નથી; પણ દરેક વ્યકિતને પોતાનામાં સમાવી લેવાનું છે. તે કામ ભલે નાના ક્ષેત્રમાં કરે પણ તેની સેવા—નીતિ પ્રાણીમાત્રના કલ્યાણની હોવી જોઇએ. તેમણે ભલે પોતાના જીવનકાળ દરમ્યાન નાનાક્ષેત્રમાં કામ કર્યું હોય, પણ તેમની દષ્ટિ સમક્ષ સમસ્ત સમષ્ટિ હતી. એથી જ ભ. રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ઇશુ ખ્રિસ્ત તેમજ હજરત મુહંમદ એ બધા વિશ્વગુરુમાં આવી જાય છે. એમનો પ્રભાવ વિશ્વવ્યાપી ફેલાયો એજ એમના કાર્યનું ખરું મૂલ્યાંકન છે.

આજે વિશ્વગુરુ બનવા માટે ઘણા રાષ્ટ્રોની જનતા ઉપર પ્રભાવ હોવો જોઇશે. ભવિષ્યમાં જ્યાં સુધી માનવ જઇ શકે ત્યાં સુધી પણ તેનો પ્રભાવ હોવો જોઇશે. આજના યુગે મહાત્મા ગાંધીજીએ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિશ્વગુરુત્વનો માર્ગ ખુલ્લો કરી મૂકયો છે. તેમણે બધાયે ક્ષેત્રો અને પ્રદેશો સાથે અનુબંધ જોડી વિશ્વગુરુત્વની સાધના કરી છે.

આ બધા પ્રકારના ગુરુઓ છે. એક બાજુ તેમને ઠેઠ ઈશ્વર માનીને જ જંપાય છે ત્યારે બીજી બાજુ સશરીરી આ ગુરુઓમાં દોષ પણ હોય છે એટલે તેમને તદ્દન અશ્રદ્ધાથી જોવાય છે. આ બન્ને છેડા ગુરુ–મૂઢતાના છે. આ બન્નેમાંથી વચલો રસ્તો કાઢી ગુરુતત્વ ઉપર શ્રદ્ધા રાખી આગળ વધવામાં જ ખરો વિકાસ છે. સમાજનું કલ્યાણ છે.

☆

## ચર્ચા–વિચારણા

**શ્રી બળવંતભાઈએ** ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું: "અગાઉ ગુરુકુળો હતા. આશ્રમો હતા. ત્યાં પચ્ચીશ વર્ષ સુધી વિદ્યાર્થીઓ ભણવા જતા. ભેદભાવ વગર ભણીને મોટા થતા. બ્રહ્મચર્યનો પાયો મજબૂત થતો અને કૃષ્ણ–સુદામા તેમજ લવકુશ જેવાં સંતાનો ભારતને મળતાં.

પણ, આજે વિષમ પરિસ્થિતિ છે. મા–બાપને નવરાશ નથી. માતા ઘરકાર્યમાં ગુંથાયેલી અને અલ્પ–શિક્ષિત હોય છે, પિતા પૈસા પેદા કરવાથી નવરા થતા નથી, શિક્ષકો પગાર અને ટયૂશન તરફ જુએ છે, મિત્રો સિનેમા–જુગાર વગેરે બદીને રવાડે ચઢાવી દે છે.

હું ત્રણેક માસ એક ગામડામાં એક ખેડૂતને ત્યાં રહ્યો. ગામની શાળાની હાલત એ હતી કે શિક્ષકો મોડા આવે, વિદ્યાર્થીઓ અભ્યાસ શરૂ કરે ન કરે, કે શિક્ષકોના બંધાણી મિત્રો આવે. પછી ચા–પાણી ચાલે–વિદ્યાર્થીઓ એમાં લાગે કે પછી છૂટો દોર મળતાં મજા કરે. મેં તે અંગે શિક્ષકોનું ધ્યાન દોર્યું તો એમને ગમ્યું નહીં. અંતે મારે ફોજદારને વાત કરવી પડી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાજુના એક મોટા ગામે ગયો. શાળામાં બેઠો હતો કે યૂ.પી.ના એક બાવાજી આવી ચઢયા. મારો ખાદીનો વેશ જોઇને, ખાદી, ગાંધી, કોંગ્રેસ અને હરિજનોના નામે ગાળો ભાંડવા માંડ્યાં. વિદ્યાર્થીઓ રસ લેવા માંડ્યા પણ શિક્ષક કંઇ ન બોલે. મેં તેમને કહ્યું એટલે શિક્ષકે ટાઢે કલેજે કહ્યું : "હૈયાવરાળ ઠાલવી લેવા દેયો !"

હવે બાળકોમાં કેવા સંસ્કારો પડે ?

મારા ગામના એક શિક્ષક ઊંધી ત્રાકે કંતાવતા હતા. મેં ટકોર કરી ત્યારે સરપંચને ફરિયાદ કરી કે આ માણસ શાળામાં દખલ કરે છે. જિલ્લાના શાળાઅધિકારીને લખ્યું ત્યારે જ તે ભાઈએ ભૂલ કબૂલી. પણ પાછા હતા તેવાને તેવા. નિરીક્ષકોનું પણ વિચિત્ર ખાતું ! એ વખત સરખું ખાવાનું કે મેવા–મિઠાઈ ગળ્યાં કે મનફાવતો સેરો મારી દે.

લખતરમાં બે હજાર રૂપયાનો રેંટિયા–વ. સરંજામ એમને એમ પડી રહેલો. રાજસ્થાનમાં રૂપનગરમાં મુનિ દ્રય (ડુંગરસિંહજી મ. મુનિ નેમિચંદ્રજી)નું ચોમાસું હતું. ત્યાં શાળામાં ઉતારો હતો તેને હું રોજ સાફ કરતો. એકવાર એક માધ્યમિક શાળાના શિક્ષકે બધા શિક્ષકો અને વિદ્યાર્થી આગળ એમ કહ્યું ખરૂં કે "બહાર ગામના માણસ સફાઈ કરે અને આપણે સાથ ન આપીએ તે શરમાવા જેવું છે !"

શાળાઓ અને શિક્ષકોની આજે આ દશા છે."

**શ્રી દેવજીભાઇ :** "છાત્રાલયો અને શાળાઓ અંગે બહુ જ ખરાબ અહેવાલ છે. ધન ભેગું કરવા માટે જ ભણાવાય છે એમ લાગે છે. પરિણામે શાળામાંથી શ્રીમંત સેવી અને સફેદ લુંટના વર્ધક શિક્ષિતો કારખાનામાંથી નીકળતા હોય તેમ લાગે છે. આ માટે આખા સમાજમાં ધરમૂળથી પલટો લાવવાની જરૂર છે."

**શ્રી પૂંજાભાઇ :** "એકલા ગુરૂઓ કે શિક્ષકોનો શો દોષ કાઢીએ ? સમાજ, શિક્ષકો અને ધર્મ ગુરુઓ ત્રણેમાં મૂઢતા પેઠી છે. જેમ પાણીથી બરફ અને બરફમાંથી પાણી એવું જ બધે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક વર્ષ ઉપર કોળી જ્ઞાતિના ગુરુ જાનમાં આવેલા દારૂ, સિગરેટ પીએ અને તદ્દન અભણ. જરાક તેમના કર્તવ્યનો ઇશારો કર્યો કે સુંવાળિયા કોળીઓ ધગી ઊઠયા: "અમારા ગોર છે, તેમને કંઈ ન કહેશો!"

આ દશા મા-બાપ, સમાજ અને કુળ-ગુરુ વ. ની છે. આજે ગુરુકુળો ચાલે તેવી સ્વતંત્ર પરિસ્થિતિ પણ નથી. શહેરોમાં શિક્ષકોને પૂરું ન પડે એટલું વેતન મળે, માબાપને વર્ષ ન બગડે તેની ફિકર હોય તેથી ટયુશન શરૂ થઇ જાય, તેના બદલે ગામ કે સમાજ મળીને શિક્ષકોને પૂરું થાય તેટલું આપે તો શિક્ષક હિતેચ્છુ બને અને બાળકોનું હિત સધાય.

આ દિશામાં કામ કરતું કોઈ પણ સાચું સંગઠન નથી. આરતીઓ, ફૂલો, પાલખીઓ, ચા, બીડી વગેરેમાં લાખોનો ધુમાડો થાય છે પણ જે બાળકો માટે પોતે છે તે માટે કશું થતું નથી.

ગુંદી અધ્યાપનમંદિરમાં પ્રારંભમાં જે શિક્ષકો આવે છે ત્યારે તેઓ એદી, આળસુ અને ચા-બીડીની આદતવાળા હોય છે. સફાઇ અને કાંતણ પ્રથમ એમને ગમતાં નથી. સવારના ઊઠીને પ્રાર્થના કરવામાં પણ કંટાળો હોય છે. ધીમે ધીમે જો કે ટેવાઇ જાય છે, પણ પરાણે.

રાજકોટમાં હું ગયો. ત્યાંના શિક્ષકો પણ વહેલા ઊઠવામાં નારાજ જણાયા. મને કહેતા હતા "કનુ ગાંધીને કહી જરા મોડા ઊઠવાનું કરાવો ને!"

મેં કહ્યું: "વહેલા ઊઠવામાં તો આપણને રસ હોવો જોઇએ!"

તો, કહ્યું: "તમે બધા એકના એક!"

ટુંકમાં ચોમેર આજે આ દશા છે."

**શ્રી દેવજીભાઈ:** "નાનપણથી હું સાધુ સંતોના પરિચયમાં આવ્યો છું. તેમાં પણ પોતાનો સંઘાડો ખરો અને પોતાના માનેલા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાધુઓ જ સાચા; બીજા નહીં, એ સંકુચિતતા ફેલાવવામાં ધર્મગુરુઓનો હાથ છે, તેથી ધર્મ ખોટી રીતે વગોવાય છે."

**શ્રી હારમણીબેન:** "આજે તો શિક્ષા–ગુરુ અને દીક્ષા–ગુરુ એમ બે ભેદો સ્પષ્ટ છે."

**શ્રી ચંચળબેન:** "પણ, શિક્ષાગુરુઓ આજે કેળવણીમાં ભલે ભાષા અને આંકડાનું જ્ઞાન આપે પણ ત્રીશેક વર્ષ પહેલાં સદાચાર અને નીતિનાં શિક્ષણ ઉપર જે ભાર મૂકાતો તે આજે ઢીલો પડી ગયો છે.

હા, દીક્ષાગુરુઓ (પારમાર્થિક જ્ઞાનીઓ) ચારિત્ર્ય વિષે જરૂર કહેતા હોય છે: (૧) આ રીતે રહેવું (૨) આવા વ્રતો નિયમો પાળવા જોઈએ!

પણ શિક્ષાગુરુ કે દીક્ષાગુરુ બન્ને નીતિ–સદાચાર ઉપર ભાર નહીં મૂકે તો સમાજની હાલત ખુબ જ કથળતી જશે.

**શ્રી બ્રહ્મચારીજી:** "પ્રયાગમાં મેં જોયું કે એક મહાત્મા સાવ નગ્ન અને છતાં બે હાથમાં બે કીંમતી ઘડિયાળો અને ત્રીજી તેમણે પગ ઉપર બાંધી હતી. સારામાં સારી સાયકલ ઉપર ફર્યા કરે.

એકવાર એક માતાએ કહ્યું એટલે મેં પૂછયું: "આપને કયું ભોજન પસંદ છે?"

ત્યારે તેમણે આવેશમાં કહ્યું: "હમ તો સ્વેચ્છાચારી હૈ. શરાબ ભી પીતે હૈ."

હું તો આ સાંભળીને આભો જ બની ગયો. આવા ગુરુઓ ઉપર લોકો શ્રધ્ધાળુ બને એ ગુરુમૂઢતાની અવધિ છે. આવા ગુરુઓ મુખેથી ભલે સારૂં કહે પણ જગતના પ્રશ્નોનો તેમને અનુભવ ન હોય, ચારિત્ર્યનું ઠેકાણું ન હોય, તો તેમનાથી શું પારમાર્થિક હિત સધાય? ખરી રીતે જાતે આચારમાં મૂકીને બીજા પાસે અચરાવે એ જ સાચા ધર્મગુરુ!

(૫–૮–૬૧)

✩

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## [ ૫ ]

# ધર્મ મૂઢતા

ધર્મનો પાયો ભય અને લોભ ઉપર મંડાય ત્યારે ધર્મ-મૂઢતા શરૂ થાય છે. ધર્મના નામે ચાલતા અંધ વિશ્વાસો ઉપર આપણે અગાઉ વિચારી ગયા છીએ. ઇશ્વરમૂઢતા, ગુરુમૂઢતા, દેવમૂઢતા કે શાસ્ત્રમૂઢતાનો સંબંધ મોટા ભાગે ધર્મમૂઢતા સાથે હોય છે. આવી મૂઢતાનાં ઘણાં માઠાં પરિણામો પણ આવ્યાં છે. જગતના ઇતિહાસમાં ધર્મના નામે અનેક માણસો ઉપર શારીરિક અને બૌદ્ધિક જુલમો ગુજારવામાં આવ્યા છે. આ અંગે ઊંડો વિચાર કરીએ.

ધર્મમૂઢતાના મુખ્ય બે પાયાઓ છે : (૧) ભય (૨) લોભ. તેમના પણ ત્રણ ત્રણ પાસાંઓ છે. તેને વિસ્તારપૂર્વક જોઈ જઈએ !—

**ભય દેખાડી ધર્માંતર :**

આના ઘણા દાખલા આપણને ઇતિહાસમાં મળી આવશે. ધર્મ-ગુરુઓએ રાજાઓને ધર્મઝનૂની બનાવી, બીજાને પરાણે કે શસ્ત્રના જોરે પોતાના ધર્મમાં લીધા છે. ઘણા લોકોએ પ્રાણ જવાના ડરે ધર્માંતર કર્યું છે.

હિંદમાં મોગલ સામ્રાજ્ય અને તેની પહેલાંના મુસ્લિમ શાસકોના સમયમાં લાખો હિંદુઓને વટલાવી નાખવામાં આવ્યા. તેના વિરોધરૂપે શીખ-ધર્મ ઊભો થયો. તેમાં પણ ધર્મ પ્રત્યે ઝનૂન કે ઘૃણા આવ્યા તે ઇસ્લામ ધર્મી લોકોની પ્રતિક્રિયા રૂપે જ આવ્યા. આમ ભયથી જ્યાં ધર્માંતર થાય છે, ત્યાં ઝનૂન પેદા થાય છે; તેમજ એ પણ એ જ ભય દેખાડી બીજાને પણ વટલાવે છે, તે કરવા માટે ક્રૂર કર્મો કરવા પણ પ્રેરાય છે. અહીં સાચું ધર્મ તત્ત્વ હાથમાં આવતું નથી પણ કેવળ ખોખું જ હાથમાં આવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભયથી બીજાને પોતાના ધર્મનો બનાવનાર એમ માને છે કે તેઓ પોતાના ધર્મની મહાન સેવા કરે છે. પણ તેઓ સાચા ધર્મની સેવાના બદલે નુકશાન જ કરે છે; તેથી તેઓ પોતાના ધર્મને વગોવે છે.

ધર્મની સ્થાપના ધર્મસંસ્થાપકોએ લોકહિત માટે કરી હતી. તેમણે ધર્મરૂપી દવા આપી હતી પણ અનુયાયીઓએ તત્ત્વને નીચે રહેવા દીધું અને ઉપરનું પાણી પી લીધું, એમાં જ કર્તવ્ય માન્યું. તેથી અંતે તેમણે પોતાની વગોવણી પોતે જ કરાવી. એક દર્દી છે. તે દવાને હલાવ્યા વગર ઉપરનું પાણી પીએ છે અને દોષ ડૉકટરને આપે છે, તેના જેવી અહીં સ્થિતિ પેદા થાય છે. આ રીતે જે મૂઢતા આવે છે તેમાં અનેક અનિષ્ટો હોય છે. તે સમાજ માટે વિકાસને અવરોધનારાં તત્ત્વો હોય છે. તેમને દૂર કરવાં એ આપણી ફરજ છે! નહીંતર સમાજ – વિકાસની સાથે સાથે આપણો વિકાસ પણ અટકી જશે.

### ભયના પાપે ધર્મ ટકાવવો :

ધર્મને ટકાવી રાખવા માટે શાસ્ત્રોમાં નરકનાં ભયંકર વર્ણનો છે. તે સંભળાવી અથવા નરક વિષે વિવેચન કરી કે ધર્મ નહીં કરો તો નરકમાં જશો; ધર્મ નહીં પાળો તો નરકમાં જશો કે પાપ કરશો તો નરકમાં જશો. આમ નરકનો ભય બતાવી ધર્મની પ્રેરણા આપવી એ પણ મૂઢતા છે.

આજકાલના બુદ્ધિવાદી લોકો નરક જેવી અદૃશ્ય વસ્તુ માટે શ્રદ્ધા ધરાવતા નથી. ત્યાં નરકના ભયો તેમને પ્રેરક બનતાં નથી; કે તેઓ માનવાના નથી. ધર્મ એ આચારની વસ્તુ છે. જ્યાં આજનો શિક્ષિત વર્ગ પોતાના વડીલોના જીવનવહેવારને જોશે અને તેનો સદાચાર સાથે મેળ નહીં હોય તો તેને એમના ધર્મ પ્રતિ શ્રદ્ધા નહીં જાગે, તેથી ધર્મને ટકાવી રાખવા માટે પણ આવા ખોટા ભયો દેખાડવા તે ધર્મ મૂઢતા છે અને તેને દૂર કરવી જોઈએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ભય પ્રેરિત ધર્મ-પાલન :

ઘણા લોકો ભયથી પ્રેરાઈને ધર્મનું પાલન કરે છે. તેમને અપ્રતિષ્ઠિત થવાનો કે દંડિત થવાનો ભય હોય છે. એક વેપારી એવો છે જેની ચોમેર કાળાં બજાર ચાલે છે પણ તે પોતે પકડાઈ જવાના ભયે નથી કરતો. ગ્રાહકો ઓછાં ન થાય તે માટે પ્રમાણિકપણે ચાલે છે તો તેમાં ધર્મનું પાલન ભયથી પ્રેરાઈને થાય છે તે ધર્મમૂઢતા છે. આવા માણુસોનો ધર્મનો પાયો કાચો છે. તે જતે દહાડે જ્યારે એ ભયો નહીં હોય ત્યારે અનીતિ-અધર્મમાં પડી જશે.

હવે આપણે લોભ અંગેનાં પાસાંઓ જોઈ જઈએ.

## લોભથી ધર્માંતર :

ઘણા ધર્મવાળાઓ જાતજાતના લોભો આપીને પોતાના ધર્મમાં આણે છે. જેમકે ઈસાઈ મિશનરીઓ સેવાના નામે પછાત ગણાતા અને આદિવાસી લોકોમાં કામ કરે છે. તેમને મફત ભણાવે છે. સારી નોકરીએ રખાવવાનું અને લગ્ન કરી આપવાનું પ્રલોભન આપે છે. ત્યાંસુધી પણ કહેવામાં આવે છે કે "ઈશુના શરણે આવી જાવ તમારા બધા પાપ માફ થઈ જશે."

આથી બેવડું નુકશાન થાય છે. એક તો વટલાયેલો માણુસ પોતાના મૂળ સમાજ તરફ ઘૃણા કરે છે અને બીજું એ કે ભોળા લોકોને પાપ કરવાનો છૂટો દોર મળી જાય છે. તેઓ ત્યાં જઈને દારૂ અને માંસાહાર જેવા વ્યસનોમાં ઊતરી જાય છે. એથી જગતમાં સુખના બદલે દુઃખજ ફેલાય છે.

હિંદુધર્મમાં પણ એવાં કેટલાંક વિધાનો છે જેથી પાપ કરવાની છૂટ મળે છે. જેમકે ભગવાનનું નામ માત્ર લેવાથી બધા પાપો ભસ્મ થઈ જાય છે. મૂર્તિના દર્શન કરવા માત્રથી પાપનાશ થાય છે. આ બધાંથી ધર્મમૂઢતાને પોષણ મળે છે; ઘણા લોકો પતાસા, પેંડા કે પ્રસાદ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખેંચીને બીજાને ધર્મ પ્રતિ ખેંચે છે. આમ ઘણીવાર સગવડો આપીને ધર્મને 'સગવડિયો' કરી મૂકાય છે. પરિણામે તેનું કલ્યાણસ્વરૂપ નષ્ટ થાય છે.

હમણાં-હમણાં જૈન લોકોમાં પણ ખાટકી લોકોને જૈન બનાવવાનો મોહ લાગ્યો છે. તેથી કરીને ઘણા લોકો રોજગાર મળશે. મદદ મળશે એ બહાને જૈન થાય છે. આ લોકો વચ્ચે અહિંસાનો પ્રચાર કરવો એ સદંતર જૂદી વાત છે પણ, તેઓ જૈન થાય તો તેમની રોજી-રોટીમાં સહાયક થવું. આ લોભનું તત્ત્વ એ ધર્મમૂઢતા છે. પછી જૈનો અને ખ્રિસ્તીઓમાં ફરક શું રહે?

એવીજ રીતે ઘણાં હરિજનો "નવા બૌદ્ધ" તરીકે આંબેડકરના મતે વટલાઈ રહ્યા છે. આ લોકો તો ખાસ કરીને હિંદુ લોકો તરફથી તેમને થતા અન્યાયના કારણે અને બૌદ્ધ થતા ઉંચા સ્થાનનાં લાભ માટેજ ધર્મ પરિવર્તન કરે છે. એમાં સત્તાનું રાજકારણ પણ કામ કરી રહ્યું છે. પણ તે બીજી રીતે ધર્મ-મૂઢતાને પોષતા હોય છે. તેને દૂર કરવા જોઈએ.

### લોભ ઉપર ધર્મનું મંડાણ :

આજના યુગમાં સ્વર્ગના પ્રલોભનો ઉપર ધર્મને ટકાવી રાખવો અસંભવ છે. અમારા ધર્મમાં આવવાથી તમને પુણ્ય મળશે કે સ્વર્ગ મળશે એવી ભાવનાથી પ્રેરાઈને ધર્મ કરનારને સ્વર્ગ ઉપર અશ્રદ્ધા થતાંજ તે ધર્મથી વેગળો થઈ જશે.

ધર્મનો પાયો આત્મા, સમાજ, કર્તવ્ય, કે વિશ્વની શુદ્ધિ ઉપર હોવો જોઈએ. સ્વર્ગ-નરકના ભયે પણ નહીં. તેનું પાલન અંતઃકરણ-પ્રેરિત કર્તવ્ય રૂપે થાય એજ ખરી ધાર્મિકતા છે.

### લોભથી પ્રેરિત ધર્મ :

એવીજ રીતે લોભથી કે સ્વાર્થથી પ્રેરાઈને ધર્મનું પાલન કરવું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે પણ ધર્મ–મૂઢતા છે. મને માનપાન મળશે કે મારું નામ થશે એ માટે ધર્મનું પાલન કરનાર આ શ્રેણીમાં આવે છે.

જૈનશાસ્ત્રોમાં ધર્મપાલન અંગે સાફ કહ્યું છે કે:—"અવિવેકથી, યશકીર્તિ, અર્થ, લાભ, ગર્વ, ભય, ઐહિક અને પારલૌકિક વિષયસુખની દૃષ્ટિએ કોઈપણ ધર્મસાધના કરવી નહીં. માત્ર નિર્જરા એટલે કે કર્મશુદ્ધિની દૃષ્ટિએ કરવી જોઈએ, એ હિતાવહ છે."

આમ લોભથી પ્રેરાઈને થતી ધર્મક્રિયાઓ મૂઢતા છે. તેને દૂર કરવી જોઈએ; તે ધારીએ તેટલું સરળ કામ નથી. તેના અંગે ખૂબ જ આત્મબળની જરૂર છે.

થેરિસા નામની એક ભક્તદાર્શનિક સ્ત્રી થઈ ગઈ: તેના સમયમાં લોકો સ્વર્ગના લોભે કે નરકના ભયે ધર્મસાધના કરતા હતા. તેથી તેણે વિચાર્યું કે લોકો કામનાવશ કે ભય કાયરતા વડે ધર્મપાલન કરે તે બરાબર નથી. પણ, આવા લોકોને સમજાવવા કઈ રીતે?

અંતે લાંબો વિચાર કરીને તેણે એક ઉપાય વિચાર્યો. એક હાથમાં મશાલ અને એક હાથમાં પાણીની ડોલ લઈને તે લોકોનું ધ્યાન પડે એ રીતે વિચરવા લાગી. લોકો તમાશો જોવા ભેગા થતા અને પૂછતા: "મા! આ ડોલ અને મશાલ શા માટે લીધાં છે!"

તે જવાબ આપતી: "પાણી ભરેલ ડોલ મેં દોઝખ (નરક)ની આગ ઓલાવવા માટે રાખી છે અને આ મશાલ બહિશ્ત (સ્વર્ગ) ને આગ ચાંપવા રાખી છે."

લોકોની જિજ્ઞાસા વધતી. તેઓ પૂછતા: "સ્વર્ગ અને નરકને મટાડવાથી તમને શું ફાયદો થશે?"

થેરિસા કહેતી: "આજે મોટાભાગે ધર્મનું પાલન જીવનઘડતર કે સમાજશુદ્ધિ અથવા કર્તવ્યપાલન માટે થતું નથી. કોઈના મગજમાં ધર્મધુરધરોએ નરકના ભયાનક વર્ણનો ભર્યાં છે તેથી ડરીને તે ધર્મનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાલન કરે છે. બીજી બાજુ કેટલાક ધર્મજીવીઓ સ્વર્ગના સુખની અવ્યક્ત કલ્પનામાં આકર્ષીને લોકોને સુખ માટે ધર્મપ્રેરિત કરે છે! માટે હું તો સ્વર્ગના સુખની કલ્પના કે નરકનો ભય હોય તો તે મટાડવા માગું છું. જેથી લોકો શુદ્ધિ માટે ધર્મનું પાલન કરે!"

લોકોમાં એની વાતોની વ્યાપકપણે અસર થતી હતી.

જૈનશાસ્ત્રોમાં સમ્યક્દૃષ્ટિ માટે દેવમૂઢતા, ગુરુમૂઢતા, ધર્મમૂઢતા, શાસ્ત્રમૂઢતા અને લોકમૂઢતા એ પાંચે મૂઢતા તજવી અનિવાર્ય બતાવી છે. મિથ્યાત્વના દશ ભેદ ઠાણાંગ સૂત્રમાં બતાવ્યા છે. ત્યાં પહેલો-બીજો ભેદ છે:—

अधम्मे धम्मसन्ना, धम्मे अधम्मसन्ना

—એટલે કે અધર્મમાં ધર્મસંજ્ઞા અને ધર્મમાં અધર્મબુદ્ધિ (સંજ્ઞા) રાખવી; એ મિથ્યાત્વ છે. જૈન સાધકમાં વ્રતારોપણ પહેલાં મિથ્યાત્વ છોડવું અનિવાર્ય છે.

## ધર્માંતરના કારણો

ઘણા ધર્મમૂઢ લોકો પોતાના ધર્મના પણ પછાત કે અસ્પૃશ્ય લોકોને તુચ્છકાર, ધૃણા, દ્વેષ કે અપમાનની દૃષ્ટિથી જોઈ તેમને તરછોડે છે, અને આ રીતે તેમના માટે ધર્માંતર કરવાની પરિસ્થિતિ સર્જી દે છે. ખાસ કરીને હિંદુ લોકોમાં આ વાત વધારે જોવામાં આવે છે.

હિંદુજાતિ તરફથી તરછોડાયેલા લોકોને અન્યધર્મીઓ પોતાનામાં ખેંચવાનો સતત પ્રયત્ન કરતા રહે છે. પરિણામે એ વટલાયેલા લોકો હિંદુધર્મીઓના શત્રુ બની જાય છે. આ પરિસ્થિતિ સર્જવી એ પણ ધર્મમૂઢતા છે. ખાસ કરીને નજીવી ભૂલોના કારણે બહેનો તરફ જે અન્યાય કરવામાં આવે છે તેને દૂર કરવો જોઈએ. પુરુષની એવી જ ભૂલો માટે કોઈ કંઈ કહેતું નથી પણ સ્ત્રીની ભૂલ થતાં તેને સમાજ બહાર કરવામાં આવે છે.

એક હિંદુબાઈની કોઈ કારણસર ભૂલ થઈ ગઈ. તેણે તે બદલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમાજ પાસે માફી પણ માગી. પણ તેને નાત-બહાર કરવામાં આવી. અંતે એક મુસલમાને તેનો હાથ પકડયો અને તે એની સાથે રહેવા લાગી. તેના મનમાં હિંદુ જાતિ પ્રતિ એટલી બધી ધૃણા થઈ ગઈ કે તેના પુત્રને પણ એણે એક જ વાત શીખવી કે "બેટા, જેટલા હિંદુઓને મારીશ તેટલું જ મારૂં હૈયું ઠરશે!"

નાનો છોકરો તે વખતે વધારે કંઈ ન સમજતો. તે તક જોઈને માની શીખ પ્રમાણે હિંદુઓને મારી નાખતો. એકવાર તેના મનમાં આવ્યું કે મામુલી હિંદુને મારવા કરતાં તેમના નેતાને મારી નાખું તો?

હિંદુઓના નેતા હતા ગાંધીજી. ગાંધીજી મરે તો હિંદુ જાતિ નબળી પડી જાય! તે ગાંધીજીને મારવાની તૈયારી કરવા લાગ્યો. ગાંધીજીને ખબર પડી કે એક હિંદુમાંથી મુસલમાન બનેલ બાઈનો દીકરો તેમને મારવા માગે છે. તેમણે એનો પત્તો મેળવ્યો અને તેઓ જાતે તેમની પાસે ગયા. ગાંધીજીને જોઈને તેને આશ્ચર્ય થયું. ગાંધીજીએ કહ્યું: "ભાઈ! તું મને મારવા માગતો હતો ને? બધા વચ્ચે નહીં મારી શકે એટલે હું એકલો આવ્યો છું!"

પેલો ભાઈ તો આભો જ બની ગયો. તેણે કહ્યું: "હું આપ જેવાને કઈ રીતે મારી શકું? પણ આ હિંદુઓને શું શીખવો છો કે તેઓ આટલા બધા ધર્માંધ બની ગયા છે?"

ગાંધીજીએ કહ્યું: "હું પોતે હિંદુધર્મી છું. પણ હું તો તેમાં પેસેલા દોષોને દૂર કરવાનું જ કામ કરૂં છું. તેમને દોષો દૂર કરવાનું જ કહું છું. જેથી તમારા જેવા ન પાકે અને ભાઈ-ભાઈનું ખૂન ન કરે! પણ તેના પ્રાયશ્ચિત રૂપે તું મને મારી નાખવા માગતો હોય તો મારી નાખ!"

તે છોકરાએ ગાંધીજીને વચન આપ્યું કે કદિ કોઈ માણસ ઉપર છરી નહીં ઉપાડે અને તે ગાંધીજીના કાર્યનો સહયોગી બન્યો. એટલે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જે લોકો પોતાના ધર્મવાળાને ધર્મપરિવર્તન કરવા માટે લાચાર કરે છે. તે પણ ધર્મ-મૂઢતા છે અને તેઓ એને છોડે તો એ સાચી ધર્મ-સેવા ગણાશે.

## ધર્મ અને પરલોક :

કેટલાક લોકો ધર્મને માત્ર પરલોકની વસ્તુ માને છે તે પણ બરાબર નથી. એક ડોશીમા હતા. તેઓ ધર્મક્રિયાઓ ખૂબ કરતા પણ જીવન-વહેવારમાં વહુઓ-દીકરીઓ બધા સાથે કંકાશ કરતા. ખાવાપીવા અંગેનો પણ તેમને સંયમ ન હતો. તેઓ પરલોક સુધારવા માટે આ જીવનને નરક જેવું બનાવીને રહેતા. જેમનો આ ભવ નથી સુધર્યો તેમનો પરભવ કેવી રીતે સુધરે? પણ ઘણા લોકો એમ માને છે કે ધર્મ ઉધારિયો છે; અહીં કરશું તો ત્યાં કામ આવશે. આ ખોટી માન્યતા છે. જેઓ આ જીવનમાં સત્ય-અહિંસા વગેરેનું આચરણ કરે છે તેમને જ બીજા જીવનમાં સુખ મળે છે. માત્ર ધાર્મિક ક્રિયાકાંડો કરે અને તેનાથી ધર્મ પાળવાનો મિથ્યા સંતોષ માની લે તો એ ધર્મમૂઢતા છે.

સાધુ-સાધ્વીઓ સુધ્ધામાં આવી ધર્મ-મૂઢતા ઘર ઘાલીને બેઠી હોય છે. સ્વામી રામતીર્થે એટલા માટે જ કહ્યું છે કે "નગદ ધર્મ જ જીવનને તારનારૂં હોય છે. તે આ જન્મે દરેક સ્થળે આચરી શકાય છે." ધર્મ કેવળ ઉપાશ્રયમાં થાય અને બીજે ન થઈ શકે તે ધર્મ-મૂઢતા છે. ધર્મ તો સર્વકાળ ક્ષેત્ર ભાવે થઈ શકનારૂં સાર્વભૌમ તત્ત્વ છે.

## ધર્મ અને ક્રિયાકાંડો :

ક્રિયાકાંડોમાં જ ધર્મને માની બેસવો એ પણ એક પ્રકારની મૂઢતા છે. વેષ, તિલક, છાપા કે ક્રિયાકાંડોમાં જ ધર્મ નથી. ધર્મને આચરવા માટે એ બધાં સાધનો છે. સાધનોને કોઈ સાધ્ય માનીને બેસે તો તેને મૂઢતા જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કહેવી પડશે. એનો એ અર્થ નથી કે ક્રિયાકાંડોને છોડી દેવા. પણ ધર્મનું મૂલ્યાંકન કેવળ ક્રિયાકાંડો ઉપરથી ન કરવું જોઈએ. તેથી જ દુનિયામાં આટલા બધા મતભેદો ઊભા થાય છે; અને ઝઘડા તેમજ અનિષ્ટો વધે છે. ધર્મનું મૂલ્યાંકન તત્ત્વ – જ્ઞાન અને સદાચાર ઉપરથી કરવું જોઈએ.

નદી પાર કરવા માટે નૌકાની જરૂર હોય છે. પણ પાર થઈ ગયા પછી પણ નાવને પકડી રાખે તો તે મૂઢતા ગણાશે. એવી જ રીતે ધર્માચરણ માટે ક્રિયાકાંડોનાં અવલંબનની જરૂર છે પણ આગળની ભૂમિકામાં તત્ત્વ કે જ્ઞાન ઉપર દૃષ્ટિ ન રહે તેમજ સદાચાર ન કેળવાય તો તેનાથી મૂઢતા જ કેળવાશે. તેનાથી બીજાં અનિષ્ટો જીવનમાં વધતાં જશે.

આફ્રિકામાં હિંદનો એક બ્રાહ્મણ ગયો. ત્યાં તે હોટલમાં જમવા જતો પણ પોતાનો ચોકો બરાબર રાખતો. તેમાં કોઈને પ્રવેશવા ન દેતો. પછી કોઇએ પૂછ્યું : "આપના વિષે સાંભળ્યું છે કે આપ દારૂ પીઓ છો?"

પંડિત બોલ્યા : "હાંજી! કભી કભી શરાબ પી લેતા હું! મગર ચોકા કિસી કો છૂને નહીં દેતા!"

કોઇકે પૂછ્યું : "તો તો તમે માંસ પણ ખાતા હશો!"

ભૂદેવ બોલ્યા : "માંસ ખાનેમેં કયા દોષ હૈ? મગર અપના ધર્મભ્રષ્ટ નહીં હોને દેતા! ચોકેમેં મજાલ હૈ કિ કોઈ ઘુસ જાવે?"

પેલા ભાઈએ પૂછ્યું : "આપ દુરાચાર સેવન કરો છો!"

પંડિતે કહ્યું : "બ્રાહ્મણ કે લિયે સભી છુટ હૈ કેવલ ચોકા પવિત્ર રખના ચાહિએ!"

આના ઉપરથી ખ્યાલ આવી શકશે કે આવા ચોકાપંથી પંડિતોની જેમ માત્ર એક ક્રિયાકાંડથી જ ધર્મનું મૂલ્યાંકન થવા લાગે તો દુનિયા વહેલી તકે ઉજડી જાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલે આવી ધર્મમૂઢતાઓનાં જાળાં જે બધાં ધર્મો ઉપર બાઝયાં છે; તેને દૂર કરવાની જરૂર છે. એવી રીતે માત્ર બાહ્ય ક્રિયાકાંડો કરનારને ધાર્મિકનું જે પ્રમાણપત્ર આપી દેવાય છે તે રીતો પણ હવે બદલવી પડશે. તેમાં તત્ત્વ-જ્ઞાન અને સદાચારનો વિકાસ જોવો પડશે. નહીંતર ધર્મમૂઢતા ખરા ધર્મને સમાપ્ત કરી નાખશે.

☆

## ચર્ચા – વિચારણા

**શ્રી. માટલિયાએ** ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું : "સત્ય—શ્રદ્ધા એજ ધર્મનો પાયો છે. સત્યો જુદાં જુદાં હોઈ શકે કારણ કે ધર્મપ્રતિ પ્રેમ કરનારની કક્ષા, ક્ષેત્ર, કાળ, ભાવ વગેરેના ભેદોથી પણ તેમાં ભેદો હોઈ શકે પણ સદાચાર, જ્ઞાન અને તત્ત્વ તો એકસરખાં હોવાં જોઈએ. ધર્મનું આચરણ આલોક, પરલોક કે કામનાથી ન થવું જોઇએ. કંઈ પણ ન મળે છતાં એજ જીવન પંથને ગતિ આપશે એ જ શ્રદ્ધા ધર્મનો પાયો હોવો જોઈએ. મોટર છે, ઓજ તાણે છે, પણ ટાયરમાં હવા ન હોય કે પંચર પડે તો ! એવી જ શ્રદ્ધાથી જીવન આગળ ધપે છે.

મા નાના બાળકનો હાથ પકડી અંધારી રાતે એકલી ચાલી જાય છે. તે જાણે છે કે અણીના ટાણે બાળક મારી મદદ નહિ કરે તે છતાં તેનામાં એ શ્રદ્ધા રહે છે કે હુ એકાકી નથી. તેને એ બાળકનું પ્રતીક આલંબન પણ ગતિ આપે છે, તેવી જ રીતે નામસ્મરણ, ઈશ્વર કે અવ્યક્તબળની ઉપાસના, એટલા માટે લોકો કરે છે કે આ કોઈક શક્તિ છે. બસ, એજ ધર્મનો પાયો છે. અવ્યક્ત એવી એ શક્તિપ્રતિ માનવીય આત્મશ્રદ્ધાને મજબૂત કરવાનું કામ ધર્મ કરે છે.

હું મારો અનુભવ થોડા સંકોચ સાથે કહું ! હું ત્રીજી ગુજરાતી ભણતો ત્યારે નવથી દોઢ લગી પૂજા કરૂં. આમાં દેખાદેખી હતી. ત્યારે અમારા ગામમાં (૧) હરનાથ પાગલના શિષ્ય કવિ હતા, (૨) બાલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રોટલા ઉધરાવી ભૂખ્યાંને આપનાર અને ભજન ધૂન કરનાર ભગત, (૩) અન્ય એક ભગત. આ ત્રણે પણ કોઇ વિશ્વાસથી આ બધું કરતાં. મને પણ ધૂન લાગી હતી. પરિણામે શાળામાં અગિયારના બદલે દોઢ વાગે જતો. ત્યારે મારા અદા (બાપુજીના મોટાભાઈ) ઠેકડી ઉડાડતા "તારા ભગવાન ગણિત કરી દેશે?" પણ હું તેમજ કરતો.

એક દિવસની વાત છે. હું ચોથી ગુજરાતીમાં હતો. સાંજના પાંચ વાગ્યાની છુટ્ટી ને પાંચ મિનીટની વાર હશે કે કંઈક ધૂન જાગી. સામી ગઢની રાંગે મને પ્રતિમાજી દેખાયાં. મારા દાંત દાઢે વળ્યાં. લોકો વહેમાયા કે મને કોઇકે કંઈક કર્યું. પણ મને એક અદ્ભૂત રસની પ્રતીતિ થતી હતી. મા પોતાના બાળકને યાદ કરે એમ એ પ્રતિમા મને યાદ કરતી હતી. મને ન સમજાય તેવી શ્રદ્ધા ચોંટી ગઇ. સંસાર પરથી વૈરાગ્યભાવ આવ્યો. લાગ્યું કે ધર્મમાં છળ-કપટ હોય નહીં! તે વખતે અમારો ધીરધારનો ધંધો હતો. એકવાર લખતપત્રોમાં ચોકડા મારી જેમને પૈસા જોઈતા હતા તેમને આપી આવ્યો. તે માટે મારે માર ખાવો પડ્યો. પિતાજીએ પૂછ્યું: "આમ કેમ કર્યું?"

મેં કહ્યું: "આપણી પાસે પૈસા હતા. તેમને જોઇતા હતા, તે લઈ ગયા. એમાં હવે લેખ રાખવાની શી જરૂર?"

આવો નિર્દોષ ભાવ ધર્મના કારણે મારામાં જાગતો હતો. હું બોર્ડિંગમાં હતો. ત્યાં મને મૂર્તિ-પૂજાની છૂટ હતી. આગળ જતાં એ સહેજે છૂટી ગઇ. પછી શ્રીમદ્ રાજચંદ્રની છબિ રાખતો તે પણ છૂટી ગઇ. અંતે લાલ અક્ષરથી લખેલ ૐ રાખતો અને કાઉસગ્ગ (ધ્યાન) કરતો. ત્યાર પછી તો આંખમાં ૐ ભરીને બધી રીતે સ્થિર થવાનો પ્રયત્ન કરતો. અંતે એક સમય એવો આવ્યો કે જે મંદિરમાં હરિજનો ન જઈ શકે ત્યાં જવાનું મેં માંડી વાળ્યું.

થોડાં વર્ષો પહેલાં હું ધોરાજી ગયો. ત્યાં એકવાર સૂતાં પહેલાં પ્રતિમાજી દેખાયાં. ફરી સૂતો ફરી દેખાયાં. આવું ત્રણવાર થયું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૂછ્યું તો જવાબ મળ્યો કે મારી પૂજા થતી નથી. આ દશ્યમાં એક તરફ મને મારા મા-બાપ, વચમાં ઝાડુ અને પછી પ્રતિમાજી દેખાયાં હતાં. જે ગામ એ પ્રતિમાજી હતાં ત્યાં પૂછાવ્યું તો જવાબ મળ્યો કે "કોઇ કોઇવાર પૂજા ભૂલી જવાય છે." ત્યાં પૂજારી આળસુ હતો. તે જાગૃત થયો. સાવરણાં કે ઝાડૂનો અર્થ શું! મારા બાપુએ કહ્યું કે કંઇક દેરાસર-સંબધની અશુદ્ધિની એ વાત છે. મારા બાપુએ કહ્યું કે નાનપણમાં મને કોઇએ દેરાસરમાં વાપરવા માટે સો રૂપિયા આપેલા પણ અમે લોકો તેને નાસ્તા—પાણીમાં વાપરી નાખ્યાં.

આ દશ્ય પછીથી મારા વિચારો અવ્યક્ત શકિત તરફ વધુ દૃઢ થયા. જો સત્ય, શ્રદ્ધા અને સદાચારમય જીવન હોય તો બધામાંથી સારજ ખેંચાય અને અસાર આપોઆપ છૂટવા માંડે! આમ પ્રથમ (૧) રૂપ-સ્વરૂપે, પછી (૨) તત્ત્વરૂપે અને છેલ્લે (૩) માર્ગદર્શન કરવા રૂપે. ધર્મમૂઢતા તોડવાનું કામ જો કે સત્ય શ્રદ્ધા રાખીને બચપણથી શરૂ થઈ જાય તો ઘણું સારૂં; એમ મારા નમ્ર અનુભવોથી જાણ્યું છે.

**શ્રી. દેવજીભાઈ :** "ખરેખર તો જેમ જેમ અનુભવો થતાં જાય અને ઊંડા ઊતરતા જઇએ તેમ મૂઢતા આપોઆપ દૂર થતી જાય છે. હું નાનપણથીજ લીંબડી સંપ્રદાયના સાધુ સાધ્વીઓના પરિચયમાં આવ્યો છું.

નાનો હતો ત્યારની વાત છે. એક સાધુજીને સંપ્રદાય બહાર કરેલા એટલે લીંબડી સંપ્રદાયના આગેવાનોનું એક પ્રતિનિધિ મંડળ કચ્છમાં આવ્યું હતું. ત્યારે હું તેમની સેવામાં હતો. તે વખતે એક નેવું વર્ષના સાધ્વીજીએ કહ્યું: મેં આખી રાત અજરામરજી સ્વામીની માળા જપી છે. તેમણે પાંચમા દેવલોકથી આવીને મને કહ્યું કે "આવા ઝઘડા ક્યાં સુધી ચલાવશો?"

અજરામરજી સ્વામી તે લીંબડી સંપ્રદાયના સ્થાપક! તે વખતે



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હું કંઇ વધારે ન સમજતો પણ આગળ જતાં લાગ્યું કે જ્યારે સાધુ-સાધ્વીઓની શ્રદ્ધા પણ સાચી ન હોય કે તેમને ઓળખાણ ન હોય તો બિચારા લોકોનું શું કહેવું? પછી પૂ. જવાહરલાલજી મ. સા. તેમજ શ્રીમદ્દનાં પુસ્તકો વાંચ્યાં. મુનિશ્રી સંતબાલજી અને ગાંધીજીને વાંચ્યા. તેથી નગદધર્મની શ્રદ્ધા વધી ગઈ.

મહાભારતમાં બલભદ્રજી શ્રીકૃષ્ણને પૂછે છે: "વન-વન રખડનાર ધર્મનિષ્ઠ પાંડવોની એ દશા! અને મોજ કરનાર અધર્મી કૌરવોની આ સુખનીદશા! તો પછી અધર્મ છોડી ધર્મને કોણ પકડશે?"

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું: જુઓ! પાંડવો કેવા મસ્ત છે!"

પછી દુર્યોધનની દશા દેખાડતાં કહ્યું કે "તેની શું દશા છે? તે સપનાંમાં પણ જાગી ઊઠતો અને ચીસો પાડતો હતો. આજે પણ ઉપરથી સુખી દેખાતાના અંતરને કોઈ તપાસે તો તેમને ત્યાં વ્યથા જણાશે. એટલે મને તો નગદધર્મ પ્રતિ શ્રદ્ધા છે. આટલું ધર્મગુરુઓ સમજી જાય અને તેનો પ્રચાર કરે તો તરત બેડો પાર થઇ જાય!"

**શ્રી. પૂંજાભાઈ:** બંગાળમાં કાલીચરણ નામના બ્રાહ્મણને બાદશાહે પુત્રી આપવાનું અને રાજ્ય આપવાનું નક્કી કર્યું. હિંદુઓએ વિરોધ કર્યો અને અંતે તે બ્રાહ્મણ મુસ્લિમ થઇ ગયો અને કાલા-ચાંદના નામે મશહૂર થયો અને તેણે હજારો હિંદુઓને મુસલમાન બનાવ્યા. જો આવી રીતનો વર્તાવ હિંદુ જાતિ કરે તો શું થાય?

ગાંધીજીએ એકવાર એક સનાતનીને પૂછ્યું: "જો પાણીનાં છાંટાથી હિંદુત્વ ચાલ્યું જતું હોય તો એ હિંદુત્વ કેવું?"

આ વાત દરેક હિંદુએ સમજવી જોઇએ અને આવી ધર્મમૂઢતા દૂર કરવી જોઈએ!"

**શ્રી. માટલિયા:** "પણ એ લોકો કંઈ સમજે તો જ ધર્મને સમજી શકે ને? એકવાર લગ્નમાં મીંઢળ બાંધવું રહી ગયું. કોઈ કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગાર મહારાજને પૂછ્યુ કે મોંઢળ કયાં ? તેમણે કહ્યું કે મોંઢળિયો તારો ઉગ્યો નથી ત્યાં લગી ચાલે !" આવું બધું ચાલે છે."

**શ્રી. પૂંજાભાઈ :** "દરેક ક્રિયા અને રિવાજો પાછળનું રહસ્ય સમજવું જોઈએ ! અગાઉ જાન આવતી અને ગોળનું પાણી પાતા જેથી લૂ ન લાગે ! ગાડાં પાછાં વળે કે પૈડામાં પાણી રેડે તેથી લાકડું ફૂલે અને ગાડું ગતિ પકડે. આમ દરેક ક્રિયામાં વિવેક હોવો જોઈએ.

આજે તો એક તરફ માળા ફેરવશે અને બીજી તરફ અઢળક વ્યાજ – વેપાર કરી લોકોને લૂંટે અને થોડું મંદિરમાં ચઢાવે અને ધન્ય થાય. આ મૂઢતા દૂર કરવા માટે અહીં શિબિરમાં જે ચાલી રહ્યું છે તે સાંભળીને અમે તો ખરેખર ધન્ય થઈએ છીએ."

**પૂ. દંડીસ્વામી :** "લોકો નદીમાં પૈસો નાખે, દૂધ રેડે, ચિંથરીયાદેવ તથા ખિજડીયા દેવ વગેરેને પૂજાય. આ બધા પાછળનું તત્ત્વ સમજવું જોઈએ, તેમ થતું નથી, પણ મૂઢતા પોષાય છે. એક મૂતડિયા દેવ જોયા તેની ઉપર બહેનો ચોટલો ત્રાટકીને પાણી રેડે. સાંભળ્યું કે ત્યાં વેશ્યાની દીકરીએ પગ મૂકયો. અને જમીન મૂતરવાળી થઈ એટલે તેને દેવ માન્યો અને વધારામાં તેને માંસની બલિ અપાય. આ તો મૂઢતાજ છે. તેને દૂર કરવી રહી."

**શ્રી. બળવંતભાઈ :** "આજે તો ધર્મ કેદમાં પડી ગયો છે અને ધર્મના નામે તેના અનુયાયીઓ ચરી ખાતા નજરે પડે છે. અને ભલે જૈનધર્મ કે હિંદુ ધર્મ ઉદાર હશે પણ, આજે તો એવું લાગે છે છે કે સ્વર્ગની લાલચ અને નરકના ભય ઉપર જ ધર્મનો પાયો છે. ત્યારે શું કરવું ?"

**શ્રી પૂંજાભાઇ :** "ખરા ધર્મને લોકો આગળ રજૂ કરવો; એ જ ધર્મમૂઢતાને દૂર કરવાનો વિધેયાત્મક ઉપાય છે. એકવાર દેરાસરની ઘીની બોલીનો કેસ ન્યાયાધીશ પાસે ગયો. ત્યારે ન્યાયાધીશની ટીકા સાંભળી જૈનો શરમાઇ ગયા. કે ધર્મ ઝઘડો થાય તેરતાકાં! ધર્મ કેવો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કબીર સાહેબે કમાલને કહ્યું :—

कबीर कहे कमाल को दो बातें शीख ले

कर साहब की बंदगी और भूखेको कुछ दे

—સાહેબ એટલે કે જે સત્ય રૂપ ભગવાન છે તેની બંદગી કરવી તે સત્-આચાર (સદાચાર) કેળવવો અને ગરીબોને દેવું એટલે કે ઉદારતા કેળવવી. મને લાગે છે આ બે બાબતોથી ખરેખર સાચી ધાર્મિકતા આવશે."

**શ્રી. બ્રહ્મચારીજી :** "આ મારો જાતિ અનુભવ છે.

મધ્યપ્રદેશમાં એક દેવીની ઉપાસના માટે હું આસો માસમાં ગયો હતો. ત્યાં સાંભળ્યું કે પૂરી અને કલકત્તાથી આવીને અહીં લોકો બકરાનું બલિદાન ચડાવે છે. લોકોનો મારા ઉપર પ્રેમ ખૂબ હતો અને મારે આ દુષ્કૃત્ય રોકવું હતું. મેં જમવાનું બંધ કર્યું! લોકો પણ અંતઃકરણથી ઇચ્છતા ન હતા પણ રખે દેવી કોપે તો? એ કારણે ચલાવતા.

પણ, મારા ઉપવાસનું નિમિત્ત મળ્યું એટલે વિચારવા લાગ્યા. ગામના પંચનું તંત્ર કેટલાંક દાંડતત્ત્વોના હાથમાં હતું. તેઓ મારા ઉપર જુદી જુદી રીતે દબાણ લાવવા માંડયા. એક જમીનદાર જે આ બલિ આપવામાં આગળ પડતો હતો તેણે ઘણાં ધમપછાડા કરવા માંડયા. પણ પૂજારી મક્કમ નીવડયો અને તેણે જાહેર કર્યું : "પૂજા ભલે છૂટે પણ દેવી આગળ બલિદાન નહીં કરૂં!"

આમ એ ક્રૂર પ્રથા અંતે બંધ થઈ. દેવી નિમિત્તે મરાતાં જનાવરો બચ્યાં. મને લાગે છે કે તેમાં કોઇ કુદરતી સંકેત હોવો જોઇએ; જેથી મને શ્રદ્ધા જાગી અને એ કૃત્ય બંધ કરવાનું હું નિમિત બની શકયો."

**શ્રી. હારમણીબેન :** "અનુભવો વર્ણવાય છે તે ખૂબ ગમે છે પણ ધર્મની કે ગુરુની શ્રદ્ધા ટકી રહે અને છતાં મૂઢતા દૂર થાય એ માર્ગે આપણે જવાનું છે. તે ન ભૂલાવું જોઈએ. (૧૨-૮-૬૧)

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[ ૨ ]

# ધર્મ-મૂઢતા-૨

અત્યાર સુધી ધર્મમૂઢતા અંગે આપણે એક દષ્ટિએ વિચાર કરી ગયા છીએ જેમાં ધર્માંતર, ક્રિયાકાંડો કે ભય અને લોભના પાયે થતી ધાર્મિક પ્રક્રિયામાં કેવી રીતે ધર્મ-મૂઢતા ફેલાય છે, તે જોયું.

**પુણ્ય આશ્રિત ધર્મ :**

હવે એક બીજી દષ્ટિએ વિચારવાનું છે, તે એ છે કે ધર્મના નામે ભ્રમ ઊભો થાય છે અને કોઈ બીજી જ વસ્તુ ધર્મના નામે આવીને બેસી જાય છે. આવી વસ્તુ કે તત્વમાં પુણ્ય એક મુખ્ય તત્વ છે. સમાજનો મોટો ભાગ એવો છે જે પુણ્યને ધર્મ માનીને ચાલે છે. તેથી ઘણી ગેરસમજૂતી ઊભી થાય છે અને આજે મોટા ભાગે પુણ્યે ધર્મનું સ્થાન લઈ લીધું છે. તેથી ધર્મમૂઢતા ફેલાય છે.

**ધર્મ અને પુણ્ય :**

આપણે અગાઉ જોઈ ગયા છીએ કે અધર્મને ધર્મ માની લેવો એ સત્ય-સમ્યકત્વ-નથી એટલે પુણ્યથી થતાં અનિષ્ટો; જે પાપમાં આવતાં નથી પણ અધર્મમાં આવે છે તેને ધર્મ અને પુણ્ય એક માનવાથી પુષ્ટિ મળે છે; આમ ધર્મ એ અધર્મ થઈ જાય છે અને સત્ય દુર ચાલ્યું જાય છે; તથા મૂઢતાનો પ્રારંભ થાય છે. તેથી સાચા ધર્મનો રસ્તો (સત્ય, અહિંસા, ન્યાય, ત્યાગ, સંયમ વગેરે) અવરુદ્ધ થાય છે.

**ધર્મ :**

સર્વપ્રથમ ધર્મ શું છે તે સમજી લઈએ. માણસના કાર્યોમાં એવાં કાર્યો જે સાધના-આચરણ-માટે નિઃસ્વાર્થભાવે ફળાકાંક્ષા વગર, નિઃશક્તિ ભાવે, સર્વહિતની દષ્ટિએ કરવામાં આવે તો તે ધર્મ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગાંધીજીએ આ અંગે આપણને એક શબ્દ આપ્યો છે તે છે ગીતાનો નિષ્કામ કર્મયોગ. કંઈપણ બદલાની આશા વગર જે કાર્ય કરવામાં આવે છે તે ધર્મ છે.

કવિવર્ય શ્રી અમરચંદજી મહારાજ સાહેબે આ અંગે એક સુંદર દાખલો આપ્યો છે :—

એક ગામમાં તેઓ વિરાજતા હતા, ત્યાં એક ઘરમાં આગ લાગી. ઘરનાં લોકોને મદદ કરવા સહુ બૂમાબૂમ કરવા લાગ્યા. ઘણાં ત્યાં ઊભા–ઊભા અંદરવાળા માટે સહાનુભૂતિ દર્શાવવા લાગ્યા. કેટલાક ધૂળ અને પાણી છાંટતા રહ્યા. પણ, કોઈને એમ ન સૂઝયું કે અંદર જઈને જે લોકો સપડાયા છે તેને બચાવવા.

તે વખતે એક જૈન યુવાન ત્યાં આવ્યો. અંદરવાળાની ચીસ સાંભળીને તેણે લાંબો પહોળો વિચાર કર્યા વગર અંદર ઝંપલાવ્યું. તેણે પોતાના શરીરની ફિકર કર્યા વગર એક પછી એકને બહાર કાઢવા શરૂ કર્યા. તે પણ ખૂબ દાઝી ગયો હતો. તેને તરત હોસ્પીટાલમાં દાખલ કરવામાં આવ્યો.

કવિ મહારાજશ્રી તેને દર્શન દેવા ત્યાં ગયા. માંગલિક સંભળાવીને પૂછ્યું: " તમે જે વખતે તે ઘરના બળતા લોકોને કાઢવા ગયા હતા તે વખતે તમારા મનમાં શું ભાવના હતી ? શું તમને તમારા શરીરની કે કુટુંબની ચિંતા નહોતી થઈ ? "

યુવકે કહ્યું : " આવી કશી ભાવના તે વખતે મારા મનમાં ન હતી. તે દુઃખ જોઈને મારાથી રહેવાયું નહીં એટલે મારું કર્તવ્ય સમજી મેં તો ઝંપલાવ્યું હતું ! "

" શું એવી ભાવના હતી કે મને આ લોકોમાં પ્રતિષ્ઠા મળશે કે પરલોકમાં સ્વર્ગ મળશે ! " કવિ મહારાજશ્રીએ પૂછ્યું.

" અંતઃકરણનો આવેગ હતો અને હું બચાવવા અંદર ગયો હતો.

આ હતું ધર્મકાર્ય ! જેમાં કશીપણ આકાંક્ષા વગર ધર્મનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આચરણ થાય છે. જૈનસૂત્ર દશવૈકાલિકમાં ધર્માચરણ અંગે કહેવામાં આવ્યું છે કે તે આલોક કે પરલોકના સ્વાર્થ માટે નહીં; પણ એકાંત આત્મશુદ્ધિ કર્મ-નિર્જરા માટે કરવું જોઈએ.

હરિશ્ચંદ્ર રાજાએ સત્ય પાલન માટે રાજપાટનો ત્યાગ કર્યો. પત્નીનો વિયોગ સહ્યો; ભંગીનું દાસપણું સ્વીકાર્યું પણ તેમણે એનો બદલો મળે એવું ઈચ્છયું ન હતું. એટલે તે ધર્મપાલન થયું.

મહાત્મા ગાંધીજીએ આફ્રિકામાં ભારતીયોની દુર્દશા મટાડવા તેમને અન્યાય થતો હતો તેને અહિંસક રીતે દૂર કરી સત્યાગ્રહ વગેરે કર્યો. ત્યારે ત્યાંના ભારતીયોએ મળીને તેમને ઘરેણાં તથા રોકડ ભેટમાં આપ્યાં. તેને ગાંધીજીએ પોતાના માટે ન વાપર્યાં. કસ્તુરબાનું મન જરા લલચાઈ ગયું પણ ગાંધીજીએ તેમને સમજાવ્યા કે આપણે જે કંઈ કર્યું છે તે બદલાની ભાવનાથી નથી કર્યું. તેનું ફળ પામવાની આપણને આશા ન હોવી જોઈએ; અને અંતે તે બધી રકમનું ટ્રસ્ટ તેમણે કર્યું. આ છે ધર્મભાવના !

જૈનસૂત્રોમાં અહર્નક શ્રાવકનો અધિકાર ચાલે છે. એક દેવ તેમની કસોટી કરીને રાજી થાય છે ત્યારે તેમની પાસે સ્વર્ણ કુંડળ ધરે છે. પણ અહર્નક તેનો સ્વીકાર કરતા નથી કારણ કે તે પુણ્યનું ફળ હતું. ધર્મ તો ત્યાગ માગે છે.

ધર્મ અને પુણ્યની મહત્તા માટે ઉત્તરાધ્યયન સૂત્રમાં એક શ્લોક બહુ જ સ્પષ્ટ છે :—

जो सहस्सं सहस्साणं मासंमासं गवं दए
तस्स वि संजमो सेयो अहिंतस्स वि किंचण

—જે પ્રતિમાસ લાખ લાખ ગાયોનું દાન કરે છે, પુણ્ય મેળવે છે તેના દાન કરતાં સંયમીનો સંયમ એટલે કે ધર્મ શ્રેષ્ઠ છે; ભલે તે કંઈપણ દાન ન કરે !

ધર્મ એક અતિપવિત્ર ભાવના છે. તેનાથી પ્રેરાઈને લોકના એકાંત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હિત માટે વ્યક્તિ સર્વસ્વ ત્યાગવા નીકળી પડે છે. ત્યારે આપણે બુદ્ધ, મહાવીર, ગાંધી, ઈશુ જેવી વ્યકિતઓને પામીએ છીએ.

## પુણ્ય એટલે શું ?

હવે એવોજ અટપટો પ્રશ્ન એ છે કે પુણ્ય શું છે? પુણ્ય એટલે શુભ આશયથી પરહિત માટે થતું કર્તવ્ય છે. આ કર્તવ્ય કરનાર જાણે છે કે હું અમૂક કાર્ય કરીશ તો અમૂક રીતે ફાયદો થશે. જેમકે કોઈ ભૂખ્યાને અન્ન આપે છે ત્યારે એ જાણે છે કે એની ભૂખ સંતોષાશે. કયાંય સ્કૂલ નથી; તે માટે દાન આપવાથી; ત્યાં શાળા થશે અને વિદ્યાર્થીઓ ભણશે.

ત્યાં દાતાના મનમાં કોઈપણ પ્રકારના બદલાની ભાવના હોતી નથી; પણ સારા કાર્ય માટે સારૂં કરવાની ભાવનાનો અંદાજ હોય છે. પુણ્યમાં સામાન્ય રીતે લોકહિતની ભાવના સ્પષ્ટ હોય છે; પણ બદલામાં કંઈ પણ મેળવવાની અપેક્ષા હોતી નથી.

## પુણ્ય અને અધર્મ :

પણ, આ પુણ્યમાં જ્યારે અપેક્ષાની કે સ્વાર્થની ભાવનાનો પ્રવેશ થાય છે ત્યારે તે પાપ તો નથી થતું પણ અધર્મ બની જાય છે. જેમકે કોઈ શુભ આશયથી દાન આપે છે. તે પુણ્ય છે; પણ તે જ્યારે એમાં એવી આશા રાખે છે કે મને તેનાથી પ્રતિષ્ઠા મળશે; અથવા પરલોકમાં સ્વર્ગસુખ મળશે; કે મારાં છોકરાં છૈયાંઓને મારું નામ યાદ અપાવશે. આવી કિંચિત્ ભાવના, પુણ્યના આશયને મારી નાખે છે. અને તે પુણ્ય ન રહીને એક પ્રકારનો વેપાર થઈ જાય છે જ્યાં શુભઆશય રહેતો નથી.

ઘણા લોકો દાન એટલા માટે કરે છે કે તેઓ બીજા કરતાં ઉજળાં દેખાય, કે તેમને પ્રમુખ સ્થાન મળે કે લોકો તેમની વાહવાહ કરે। આમાં પુણ્યમાં રહેલો શુભ આશય તણાઈ જાય છે અને એક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રકારનું અહં પેદા થાય છે. અહં કે અભિમાન કદિ ધર્મ નથી. એટલે એ આખા કર્તવ્યનું પરિણામ અધર્મમાં પરિવર્તન પામે છે.

## બદલાની ભાવનાએ થતું દાન અને તેનાં ભયસ્થાનો:

બદલાની ભાવનાએ થતાં દાનમાં-પુણ્યમાં-પોતાનાં ભય સ્થાનો છે. જ્યારે દાન આપનારમાં અહં-મોટાઈ-પ્રવેશે છે અને તેને એવી પ્રતિષ્ઠા મળે છે ત્યારે તે વધારે દાન કરવા પ્રેરાય છે; પણ આ વધારાના દાન માટેની રકમ એવા પ્રકારનાં સાધનોથી મેળવાય છે જે શુદ્ધ હોતાં નથી. ઘણીવાર મોટાભાગે, અનીતિ, શોષણ, કાળાંબજાર, દાણચોરી, કરચોરીથી તે ધન ભેગું કરીને દાન આપે છે. તેના કારણે સમાજમાં તેને પ્રતિષ્ઠા મળે છે. આમાં બે ભયસ્થાનો રહેલાં છે:—

(૧) તેને પોતાનાં ખોટાં સાધનો કે અપ્રામાણિકપણે મળેલી રકમનો મનમાં ડંખ રહેતો નથી; તેથી તે ગરીબોનું વધારે શોષણ કરે છે.

(૨) લોકો તેનું અનુકરણ કરવા માંડે છે. આવું સસ્તું માની લીધેલું પુણ્ય કમાવવા માટે ચડસાચડસી ચાલે છે અને સહુથી દુઃખદ બીના તો એ છે કે આ રીતે પેદા થતા પૈસાને ગયા જન્મના પુણ્યનો પ્રતાપ માનવામાં આવે છે.

પરિણામે એક ખોટો ચીલો પડે છે. પુણ્યનું મહત્વ વધે છે અને ખરા-ધર્મનું મૂલ્યાંકન ઓછું થતુ જાય છે. આવાં પુણ્યના પોષણ માટે શોષણ વગેરે અનેક અનિષ્ટો ચાલુ થઈ જાય છે, તેમને ઉત્તેજન મળે છે.

સહુથી વધારે ભયંકર ભયસ્થાન તો એ છે કે ન્યાય-નીતિએ કમાણી કરવી જોઈએ-તે અસ્તેય ધર્મ-સદંતર વિસરાઈ જાય છે; લોકો ભૂલથી અધર્મને આચરે તો છે પણ તે ભૂલને ભૂલ નથી ગણતા અને વધારામાં ભૂલને પુણ્ય માનીને તેને વધારતા જાય છે. તેથી ભૂલનો ડંખ રહેતો નથી અને દોષોનાં થર જામતા જાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પુણ્યથી અધર્મ અને અધર્મથી પાપ :

આનાં કારણે સમાજની જે શુદ્ધિ થવી જોઇએ તે થતી નથી. પરિણામે અધર્મથી આગળ વધીને પુણ્ય મેળવવા માટે પાપાચાર શરૂ થાય છે. લોકો ગમે તે રીતે પૈસો મેળવવો–તેમાં પણ લૂંટફાટનો, ચોરીનો, વેશ્યાઓનો, થાપણ પચાવી પાડવાનો, વ્યાજ વધારવાનો વગેરે ધંધાથી પાપની રીતે પૈસો મેળવવા પાછળ મથે છે; પરિણામે દાન–પુણ્ય એક શુભ આશય રૂપે રહેતું નથી પણ ગમે તે ભોગે પૈસો મેળવી નામના મેળવું, એવી પાપ–ભાવના શરૂ થાય છે.

એટલે જ જૈનસૂત્રોમાં મહારંભ અને મહાપરિગ્રહને નરકનાં દ્વાર ગણ્યાં છે. એવી ભૂલને સમાજ ચલાવતો જાય છે તેથી સમાજશુદ્ધિ થતી નથી. આવી જામતી જતી અશુદ્ધિને તપ–ત્યાગ પણ શુદ્ધ કરી શકતાં નથી. આમ ધર્મપુણ્યાશ્રિત થાય છે ત્યારે ભયંકર ધર્મ–મૂઢતા ફેલાય છે અને તેને દૂર કર્યા સિવાય સ્વસ્થ ધાર્મિક સમાજની કલ્પના અધૂરી જ ગણાશે.

## પુણ્ય ત્યાજ્ય છે? :

એથી એક પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે શું પુણ્ય ત્યાજ્ય છે? પુણ્ય એકાંત ત્યાજ્ય નથી. તે એક શુભ આશયે થયેલું કર્તવ્ય છે, એટલે તેની જાહેરાત ન કરવી જોઈએ. કુટુંબમાં માતા બધું કાર્ય કરે છે, હલકામાં હલકું કાર્ય કરે છે પણ તેની જાહેરાત નથી કરતી. એવી જ રીતે દાન માટે પણ કહ્યું છે કે ' न दत्त्वा परिकीर्तयेत् ' દાન આપ્યા પછી કોઈને કહેતા ન ફરવું. એટલા માટે જ ગુપ્તદાનનો મહિમા વધારે છે.

પુણ્ય ધર્મને પ્રાપ્ત કરવાનું એક સાધન છે એટલે તેનો સાધન તરીકે જ ઉપયોગ કરવો જોઈએ. પુણ્યવાળાના મનમાં ઊંડે–ઊંડે બદલાની–કર્તવ્ય કર્યાની ભાવના હોય છે ત્યારે ધર્મવાળાના મનમાં એમ થતું નથી. તદ્દન નિષ્કામ કર્મયોગ સધાતો નથી એટલે પુણ્યનો આધાર લેવો પડે છે. પુણ્ય એ રીતે નીતિ–ન્યાયની ભૂમિકા છે; ત્યારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધર્મ અધ્યાત્મની ભૂમિકા છે. અધ્યાત્મની ભૂમિકાએ જવું હોય તો નીતિની ભૂમિકા જરૂરી છે; પણ પુણ્યને શ્રેષ્ઠ માની ધર્મનો પુરૂષાર્થ ન કરવો એ સ્થિતિ ધર્મમૂઢતા છે.

નંદ મણિયારે રાજગૃહોમાં વાવ બંધાવી, પછી ત્યાં ભોજનશાળા, અતિથિશાળા, દાનશાળા, ચિત્રશાળા બંધાવ્યા. તેનો ઉદ્દેશ્ય શુભ હતો. તેનું પુણ્ય મેળવ્યું. પણ પોષધમાં બેસીને ધર્મનો પુરૂષાર્થ કરતો હતો તે વખતે લોકમુખે પોતાની પ્રશંસા સાંભળી તે ફૂલાયો. તેનામાં મમત્વ અને અહંત્વ જાગ્યું. તેણે ધર્મકરણીની કિંમત ન કરી. તેણે પુણ્યની વધારે કિંમત આંકી પરિણામે તે કાળ કરીને દેડકાની યોનિ—તિર્યંચ ગતિ પામ્યો. ત્યાં દેડકાના ભવમાં તેને જ્ઞાન થયું અને તે ધર્મ ઉપર સ્થિર થયો અને મરીને દેવલોકમાં ગયો.

એટલે અહીં પુણ્યકાર્ય કરવું, એ ખોટું ન હતું. પણ પુણ્યકાર્યમાં આસક્ત થઈને ત્યાં જ મમતા અને આસક્તિમાં અટવાઈ જવાથી ધર્મનું મહત્વ ઘટી ગયું હતું. એવી જ રીતે જ્યાં ધર્મના બદલે પુણ્યને આગળ પડતું સ્થાન આપવામાં આવે છે ત્યાં ધર્મમૂઢતા જાગે છે. જો તેમાં જાગૃતિ ન આવે તો અધર્મ અને અંતે પાપાચાર વધે છે.

**ધનાશ્રિત ધર્મ :**

એવી જ રીતે જ્યારે ધર્મ ધનની આશ્રિત થઈ જાય છે એટલે કે પૈસાદારોને માત્ર પૈસાને લીધે ધર્મ, ધર્મક્રિયાઓ કે ધર્મસ્થાનકોમાં વધારે મહત્વ અપાય છે ત્યારે પણ સમાજમાં મૂઢતા પાંગરે છે. પરિણામ એ આવે છે કે ધર્મ ઉપર દૃઢ રહેનાર લોકોને પ્રતિષ્ઠા મળતી નથી અને આ તરફ અગાઉ વિચારી ગયા તેમ ગમે તે પ્રકારે મેળવેલાં પૈસાને પુણ્યાઈ તેમ જ પૈસો વાપરવાને પુણ્યના બદલે ધર્મ માની લેવામાં આવે છે. ઘણીવાર એવું જોવામાં આવ્યું છે કે જ્ઞાની-સંતો અને સાધુઓ પણ એમને પ્રતિષ્ઠા આપે છે. એટલે બધા એ પ્રમાણે થવાનો પ્રયત્ન કરે છે. એવું પણ જોવામાં આવે છે કે આવા પૈસાથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોકસેવકો–બ્રાહ્મણોને પણ પ્રભાવિત કરવામાં આવે છે કે ખરીદી લેવાય છે.

ધર્મકાર્યમાં પૈસો વાપરવો એ સદ્‌કાર્ય છે પણ એવા પૈસાદારને ધર્મવીર કે ધર્માત્માની છાપ લાગી જતાં તેને ખોટું ઉત્તેજન મળે છે અને તે અધર્મ કે પાપની રીતે પણ પૈસો પેદા કરવા લાગે તો તેને કહેવાની કે રોકવાની કોઈ હિંમત કરી શકતું નથી.

શાસ્ત્રોમાં તો સ્પષ્ટતઃ ધર્મને જ મહત્વ આપવામાં આવ્યું છે. રાજા શ્રેણિક જેવાને મહાવીર પ્રભુએ પ્રતિષ્ઠા ન આપી અને પુણિયા શ્રાવક પાસે મોકલ્યો. આખું રાજ્ય આપીને પણ તે પુણિયા શ્રાવકની સામાયિક ન ખરીદી શકયો. તેણે કહ્યું : પ્રભુને જ જઈને પૂછો કે “ સમતા–ધર્મની શી કિંમત છે ? ”

શ્રેણિકે ભગવાન મહાવીરને જઈને પૂછ્યું, ભગવાન મહાવીરે કહ્યું; “ શ્રેણિક ! તમારી પાસે કેટલું ધન છે ? ”

શ્રેણિકે જવાબ વાળ્યો : “ બાવન ડુંગરીઓ થાય એટલું ધન છે ’

પ્રભુએ કહ્યું: “ એટલું ધન તો સામાયિક સમતા ધર્મની દલાલીમાં ચાલ્યું જાય ! ”

અહીં તારવવાનું એટલું જ છે કે પ્રભુ મહાવીરે શ્રેણિક જેવા પૈસાદાર પુરૂષને પ્રતિષ્ઠા આપી ન હતી; પણ પુણિયા જેવા ધર્મનિષ્ઠને પ્રતિષ્ઠા આપી હતી.

એટલે ક્રાંતિપ્રિય સાધુ સાધ્વીઓનું એ કર્તવ્ય થઈ જાય છે કે તેમણે પોતાના તત્ત્વાવધાનમાં ચાલતી પ્રવૃતિઓ અને સંસ્થાઓમાં એ ખાસ ધ્યાન રાખવું જોઈએ કે ત્યાં ન્યાયી ધર્મપરાયણ અને સાત્ત્વિક વ્યક્તિને મહત્ત્વ અપાય; પણ પૈસાદારને માત્ર પૈસાના કારણે મહત્ત્વ ન અપાય.

મુનિશ્રી સંતબાલજી એટલા માટે જ પોતાની પ્રેરણાથી ચાલતી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રવૃત્તિઓ અને સંસ્થામાં પૈસાદારોને કેવળ પૈસાના કારણે મહત્ત્વ આપતા નથી. તેવી રીતે દાન આપનારનું પાટીયું કે તખ્તી લગડાવતા નથી.

સદ્‌ભાગ્યે ઘાટકોપર શ્રી સંઘે તેમની પ્રેરણાથી એ કાર્ય ઝીલ્યું છે કે ત્યાં પણ ત્યાગ–તપ કરનારને પ્રતિક્રમણ બોલવાનો અધિકાર અપાય છે.

જ્યારે સમાજશુદ્ધિ કે સત્ય ઉપર પ્રતિષ્ઠિત રહેવાની વાત આવે છે ત્યારે પૈસાદાર લોકો પૈસો આપે છે એ શુભ છે; પણ જાતે તપ–ત્યાગના પ્રસંગે " અમે તો પૈસો આપ્યો ! " કહીને છુટી જવાની વાત કરે છે તે બરાબર નથી. સાથે " અમે દાન કર્યું છે " એમ કહી ત્યાગ–બલિદાનવાળાનું સ્થાન ઝુંટવી લે તે પણ બરાબર નથી.

મહાત્મા ગાંધીજીએ જ્યારે અસહયોગ આંદોલન છેડયું હતું તે વખતે કેટલાક વકીલો, પૈસાદારો અને શિક્ષકો એમ કહેવા લાગ્યા કે " અમે અમારી કમાણીમાંથી અમૂક રકમ આપવા તૈયાર છીએ. "

દેશબંધુ દાસ પણ તેમાં એક હતા. ગાંધીજીએ કહ્યું " મને તમારા પૈસાની જરૂર નથી. મને તો તમારી જરૂર છે. ત્યાગ અને બલિદાન માટે તૈયાર થઇને નીકળી આવો ! "

તે વખતે અને આઝાદીની લડતના અનેક બીજા પ્રસંગોએ લોકો ગાંધીજીની હાકલ સાંભળી તે વખતના આંદોલનમાં જોડાયા હતા. તેની પાછળ કેવળ ધર્મબુદ્ધિ હતી. એટલે જ ગાંધીજી હમેશાં આશ્રમોમાં ઊતરતા. દિલ્હી જેવા શહેરમાં પણ હરિજનવાસમાં ઉતરતા; પણ ધનિકોને ખોટી પ્રતિષ્ઠા ન આપતા.

ધર્મનું સ્થાન ધન કે જ્ઞાન બન્ને ન લઈ શકે, અને એ લેવાનું શરૂ કરે તો મૂઢતા ફેલાતી જાય.

મારવાડનો એક દાખલો છે. ત્યાં જેઠ મહીનાના ધમધોખ તડકામાં એક શેઠ અને પંડિતજી ઊંટ ઉપર સવાર થઇ બીજે ગામ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જતા હતા. રસ્તામાં તેમણે એક માંદા માણસને જોયો. ઊંટવાળા સાથે બન્ને ઊતર્યા. પંડિતજીએ જઈને ધર્મની વાતો કરી કે "ભોગવ્યા કર્મ સિવાય છૂટકો નથી શાંતિથી સહેજે!"

પછી શેઠ આગળ આવ્યા: "આ રૂપિયા લે...દવાદારૂ કરાવજે!"

તે વખતે ઊંટવાળાને થયું કે પૈસો પડયો રહેશે પણ આને ઊંચકીને જવું જરૂરી છે એટલે તેણે શેઠ અને પંડિતને ઊંટ ઉપર જવાનું કહ્યું અને તે એને પોતે ઉપાડી નજીકના ગામના દવાખાને ગયો. ડોકટર પાસે દવા કરાવી અને તેના પૈસા ચૂકવી તેની વિદાય લીધી. ઊંટવાળાને પેલા દર્દીએ અંતરના આશિષ આપ્યા.

આમ જ્યાં નિસ્વાર્થ ત્યાગ–તપની જરૂર હોય ત્યાં ધન આપીને રહી જવાથી કે એમાં જ સંતોષ માની લેવાથી ધર્મ ધનાશ્રિત થઈ જાય છે અને તેનાં માઠાં પરિણામો આવે છે.

મેઘકુમાર જ્યારે મુનિ થાય છે ત્યારે દીક્ષા પ્રમાણે તેમને છેલ્લે સૂવું પડે છે તેથી ઘણાની ઠોકર લાગે છે પરિણામે તેમને થાય છે કે ક્યાં હું રાજકુમાર અને ક્યાં આવી મારી દશા? સવારે જ વેશ અને ઉપકરણો સોંપીને ઘેર જવાનું વિચારે છે. સવારે પ્રભુ મહાવીર પાસે જાય છે. પ્રભુ તેને પૂર્વભવનું જ્ઞાન સ્મરણ કરાવતાં કહે છે કે "તમારા ને ગયા હાથીના ભવમાં તમે એક સસલા માટે એક પગે વીસ પહોર સુધી ઊભા રહીને કેટલો ત્યાગ કરેલો? હવે આ જન્મમાં તપ–ત્યાગથી કેમ કંટાળો છો?"

મેઘમુનિને ભૂલ સમજાઈ કે ધન–વૈભવ કરતાં ધર્મની મહત્તા વધારે છે. એટલે ધર્મને ધન-આશ્રિત ન બનાવવો જોઈએ. ઘણીવાર કોઈની કોઈ ભૂલ થઈ જાય તો દંડ તરીકે પૈસાને સ્થાન આપવામાં આવે છે; કે તું અમૂક રૂપિયા ભરી દે તો ચાલે! આનાં કારણે પણ પેલી વ્યકિત શુદ્ધ થતી નથી અને પૈસાના કારણે પ્રતિષ્ઠિત થઈને ફરે છે. તે પણ ધર્મમૂઢતાનું કારણ બને છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**રાજ્યાશ્રિત ધર્મ :**

એવી જ રીતે ધર્મ જ્યારે રાજ્યાશ્રિત થાય છે ત્યારે મૂઢતા ફેલાય છે, ધર્મમાં શિથિલતા આવે છે. વટાળવૃત્તિ, ખૂન–હિંસાનાકારણે ધર્મ પરિવર્તન વગેરે અધર્મનો પ્રચાર થાય છે. પરિણામે સંખ્યાનો વધારો થાય છે પણ ધર્મની મૂળ ભાવનાનો લોપ થાય છે.

આપણે ઇતિહાસના અજવાળે જે ધર્મ રાજ્યાશ્રિત થયો ત્યારે શું પરિણામ આવ્યું તે જોઈએ.

બૌદ્ધધર્મ રાજ્યાશ્રિત થયો એટલે વિદેશોમાં ગયો, તેનો વિસ્તાર ફેલાયો પણ તેમનામાં ઊંડાણ અને સિદ્ધાંત–નિષ્ઠા ન રહી. પરિણામે જે ભગવાન બુદ્ધ યજ્ઞમાંથી બકરાને છોડાવી લાવવા સુધી અહિંસામાં વધ્યા; ત્યાં બૌદ્ધ ભિક્ષુઓમાં માંસાહાર, શિથિલતા, અનાચાર અને છેલ્લે–છેલ્લે રાજનીતિના હાથા બની માનવ–હિંસાના કારણો બન્યા અને બીજાને બનાવ્યા.

ખ્રિસ્તી ધર્મ રાજ્યાશ્રિત થયો. પરિણામે પોપ–મુખ્ય ધર્મગુરુની સત્તા રાજ્ય ઉપર વધી. પરિણામે તેમના સંપ્રદાયને ન માનનારાઓને કાપી નાખવાના બનાવો બન્યા. ધર્મગુરુઓમાં સત્તાના કારણે શિથિલતા આવી. વૈભવશાળી દેવળોની પછવાડે ઈશુનો આત્મા દટાઈ ગયો; જેણે ધર્મને રાજ્યની પકડમાંથી મુકત કરાવવા માટે બલિદાન આપેલું; તેના જ અનુયાયીઓ રાજ્યના શરણે ધર્મને લઈ ગયા.

ઇસ્લામ ધર્મ રાજ્યાશ્રિત થયો, એટલે તલવારના જોરે ધર્મપરિવર્તન. ન માને તો કાલ, સ્ત્રીઓ ઉપર બળાત્કાર વગેરે અનિષ્ટો થયાં. તેમાં મુસ્લિમ શાસકોએ મજહબના નામે સમર્થન આપીને તે અનિષ્ટને એવું ભયંકર રૂપ આપ્યું કે આજે બે મહાન જાતિ હિંદુ–મુસ્લિમ વચ્ચે તેમણે હંમેશ માટે એક દીવાલ ચણી દીધી છે. જ્યારે હઝરત મુહંમદે બધા માનવોને ખુદાના બંદા કહીને તેમની વચ્ચે ભેદભાવ ન કરવાનો સ્પષ્ટ આદેશ આપ્યો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હિંદુ ધર્મમાં પણ જ્યારે કેટલાય આચાર્યો રાજ્યાશ્રિત થયા–ત્યારે તેમનામાં સુખસાહ્યબી આવી ગઇ. સિદ્ધાંત નિષ્ઠા કાયમ ન રહી અને સંન્યાસીવાદમાં પરાશ્રયીપણું વધી ગયું. તે ઉપરાંત એક નવા પ્રકારની સુખસાહ્યબી, મઠાધિપતિ કે ગાદી મેળવવાથી આવી.

જૈન ધર્મમાં પણ એવી ઘટનાઓ અપવાદ રૂપે જોવા મળે છે. હરિભદ્રસુરિએ કુર્મારિપુરના રાજાના આશ્રયથી પોતાના શિષ્ય હંસ અને પરમહંસને મારી નાખવા બદલ બૌદ્ધો પાસે બદલો લેવા માટે શાસ્ત્રાર્થ માટે બોલાવી તેમને કકળતા તેલમાં બોળવાની શરત મૂકેલી. સિદ્ધસેન દિવાકરે રાજા પાસે પાલખી વગેરે કબૂલ કર્યા પણ તેમના ગુરુના કહેવાથી તેમણે પાછળથી ત્યાગ કર્યો અને પ્રાયશ્ચિત્ત સ્વીકાર્યું.

પણ, જૈનોના યતિવર્ગમાં તો સ્પષ્ટતઃ રાજ્યાશ્રિતતાના કારણે રાજાને આકર્ષવા યંત્ર–મંત્ર–તંત્રના પ્રયોગો થયા. છત્ર–ચામર–પાલખી વગેરેનો વૈભવ આવ્યો અને અંતે કંચન–કામિનીની પણ આસક્તિ વધી. આજે યતિવર્ગનું એના કારણે જ મહત્વ ઘટી ગયું છે.

ઘણીવાર એવું મનાય છે કે ધર્મને રાજ્યનો આશ્રય મળે તો તેનો પ્રચાર વધશે; પણ ધર્મનો પ્રચાર કે વિસ્તાર ધર્મના મૂળભૂત તત્વોના પ્રાણ ઉપર હોવો જોઇએ, નહીંતર ધર્મ કેવળ નામમાત્રનો રહી જાય છે અને રાજ્ય–સત્તાના આશ્રયે જતાં ઘણાં અનર્થો પાંગરે છે.

**પરલોકાશ્રિત–ધર્મ :**

એવી જ રીતે ધર્મમૂઢતા ફેલાવાનું એક બીજું કારણ છે તેને પરલોક–આશ્રિત કરી દેવો. ઘણા લોકો માને છે કે ઈહલોક માટે ધર્મપાલનની જરૂર નથી પણ તે પરલોક માટે છે. પરિણામે તેઓ આ લોક–આ ભવને કલેશમય કરી મૂકે છે અને પરિણામે પરલોક પણ બગડે જ છે. આ લોકમાં જેણે સાચા ધર્મનું (સત્ય–અહિંસાદિનું) પાલન કર્યું હશે તેનો જ પરલોક સુધરવાનો છે.

પરલોકના નામે મુકરંર ધર્મક્રિયાઓ કરવાથી, જ્યારે સમાજ કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજ્યમાં અનિષ્ટો વધે છે ત્યારે અમને શું ? એમ કહીને ચૂપ બેસી રહેવાય છે. પરિણામે દાંડતત્ત્વો, ઓ અ–રક્ષા, સંસ્કૃતિ–હ્રાસ તરફ તે ઉદાસીન બને છે. તે ધર્મ અને સમાજ, ધર્મ અને જીવનવહેવાર તેમજ ધર્મ અને રાજનીતિને જુદાં માને છે અને તેવો ધર્મ વિશાળ ન બનતાં સંકુચિત–વાડાનો બની જાય છે.

માત્ર પરલોક માટે કરવામાં આવતા ધર્મને એટલા માટે ઉધારિયો ધર્મ કહેવાયો છે. જેમ આજના ખોરાક માટે આવતી કાલે મળવાનું જમણ કામ ન આવે એવી જ રીતે ઇહલોક માટે પરલોકનો ધર્મ કામ ન આવે ! જે ધર્મ આજે હમણાં કરવાનો છે. તે અર્થ, રાજ્ય, સમાજ બધા ક્ષેત્રોને લાગુ પડે છે. એટલે જ ભગવાન મહાવીરે ધર્મને સમાજવ્યાપી બનાવવા માટે સમાજરચના કરી હતી અને ગાંધીજીએ તેને સર્વક્ષેત્રે આચરી બતાવ્યો હતો.

**ચમત્કાર ધર્મ નથી :**

ઘણા લોકો સિદ્ધિ કે ચમત્કારને આશ્રિત ધર્મને મૂકીને લોકોને આકર્ષી ધર્મ ચલાવવા કે ફેલાવવા મથે છે; ત્યારે પણ સમાજમાં ધર્મમૂઢતા ફેલાય છે; કારણ કે તેથી ધર્મ એ ચમત્કાર સુધી રહી જાય છે અને ધર્મના સ્થાને ચમત્કાર આવી જાય છે.

આ બધી ધર્મમૂઢતાઓના કારણોથી સમાજે ચેતતા રહેવું જોઈએ અને સાચા ધર્મનું આચરણ સામાજિક જીવનમાં આવે તે માટે પ્રયત્ન કરવો જોઈએ.

★

## ચર્ચા – વિચારણા

**પૂ. દંડીસ્વામીએ** આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું : "મને બૌદ્ધભિક્ષુ ધર્મકીર્તિનો એક શ્લોક યાદ આવે છે. તેમાં કહ્યું છે :—



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"વેદને સંપૂર્ણ માનીને ચાલવું એ ધર્મમૂઢતા છે; માટીના વાસણ બનાવનાર કુંભાર છે એમ જગતકર્તા તરીકે નિર્ગુણ બ્રહ્મ પરમાત્માને માનવા તે પણ ધર્મમૂઢતા છે. સ્નાન વગેરે કર્મકાંડોમાં ધર્મ માનવો, એ પણ મૂઢતા છે અને જાતિવાદને ધર્મ માનવો એ પણ મૂઢતા છે." ટુંકમાં એકાંગીપણું કે સંકુચિતપણું તે જ ધર્મમૂઢતા છે."

**શ્રી માટલિયા:** "ધર્મમૂઢતાના એક કારણમાં ચમત્કાર અને સિદ્ધિનું વિશેષ વિવેચન થવું જોઇએ; કારણ કે ચમત્કાર અને પરચો બતાવે તે આખા સિદ્ધાંત ઉપર નાથસંપ્રદાય ઉભો થયો હોય એમ જણાય છે. પરિણામે તેમની ઉપાસના વગેરે પાછળ એ જ તત્ત્વ કામ કરે છે અને ધર્મમૂઢતા વધતી જાય છે.

ઘણીવાર એવું થાય છે કે સમાજ એક કાળે જે નીતિ નક્કી કરે તેને પુણ્ય માને છે. તેને આપણે સામાજિક પુણ્યનીતિ માનીએ તો તેમાં વાંધો નથી; એવું મને લાગે છે, કારણકે મોટા ભાગે સામાજિક નીતિનો આધાર ધર્મ હોય છે. તે ધર્મ નીતિપ્રમાણે સમાજમાં સુખ–સગવડ–અનુકૂળતા વધારવાનું ધ્યેય હોય છે. ધર્મનું કામ માત્ર નીતિ કે સદાચાર નથી, ધર્મ તો વ્યક્તિ અને સમાજને પૂર્ણતા તરફ દોરી જાય છે.

એટલે આપણે એમ કહી શકીએ કે પ્રગતિમય મૂલ્યો આપે તે ધર્મ છે. ઘણીવાર તે વખતના મૂલ્યો ન બદલવાના કારણે અવરોધ પણ થાય. સંશોધન, સિદ્ધાંતની સ્થિરતા અને મૂલ્યોનું પરિવર્તન કરે તે ધર્મ છે. ધર્મતત્ત્વ એક માળખામાં બંધાયેલું રહેતું નથી. દા. ત. અગાઉ એમ નક્કી થયું કે પોતાની સ્ત્રીથી સંતાન થાય તે પુણ્ય. પણ કેટલી સ્ત્રીઓ હોવી જોઈએ તેની મર્યાદા નહોતી બાંધવામાં આવી. એટલે અનેક પત્નીત્વ નીતિને બાધક ન હતું. પણ આજે તે બાધક ગણાશે. ટુંકમાં સંયમનું લક્ષ્ય રાખીને પરંપરાને બદલાવે તે ધર્મ; એમ ગણી શકાય. આવા ધર્મના બદલે પુણ્ય-આશ્રિત, સત્તાઆશ્રિત કે શ્રીમંતાઈઆશ્રિત ધર્મને ધર્મ ન માનવાની તેમજ ધર્મમૂઢતા સંબંધી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અન્ય પ્રકારનું માર્ગદર્શન મળે તે માટે જ ક્રાંતિપ્રિય સાધુ–સાધ્વીઓને માર્ગદર્શક રૂપે અનુબંધ વિચારધારામાં સ્થાન આપેલ છે."

**શ્રી દેવજીભાઈ :** "આજે મોટા ભાગે સાધુ–પુરૂષો પણ આ પુણ્ય અને ધર્મની બાબતમાં જાગૃત નથી. મેં એક કસબામાં નજરે જોયું કે શ્રાવક–શ્રાવિકાઓ માસખમણ ( માસના ઉપવાસ ) કે અઠાઈ ( આઠ ઉપવાસ ) કર્યાં હોય ત્યાં કોઈ જુગારી ગૃહસ્થ જુગારના પૈસાની લહાણી કરે તો તેનાં ગીતો સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકાની હાજરીમાં ગવાય અને બધાના મુખમાંથી નીકળે કે "શેઠ હજો તો આવા હજો ! "

મને અગાઉ થતું હતું કે આમ કેમ થતું હશે ? પણ પુણ્ય અને ધર્મ વચ્ચે અંતરનું પાયાનું જે માર્ગદર્શન આજે મળ્યું છે તેથી એ ખ્યાલ આવી શકે છે કે એ ધર્મમૂઢતામાંથી બહાર નીકળી વ્યાપક થવું જોઈએ.

મારા ખ્યાલ પ્રમાણે ધર્મ એકડા સમાન છે અને પુણ્ય મીંડા જેવું છે. મીંડાની આગળ એકડો શોભે અને બન્નેનું એકબીજાથી મૂલ્ય વધી જાય છે. ખેડૂત કણ માટે અનાજ વાવે છે પણ સાથે ઘાસચારો આપોઆપ થાય છે. તેમ શુદ્ધ અંતઃકરણથી શુભકર્મ કરતાં ધર્મ અને પુણ્ય બન્ને સાથે–સાથે થાય છે."

**પૂ. દંડીસ્વામી :** "જેમ દશ પ્રકારે યતિધર્મ કહ્યા છે તેમ દશ યજ્ઞો પણ કહ્યા છે: ( ૧ ) બ્રહ્મયજ્ઞ ( ૨ ) દેવયજ્ઞ ( ૩ ) પિતૃયજ્ઞ ( ૪ ) પ્રાણીયજ્ઞ ( ૫ ) નૃપયજ્ઞ તેવી જ રીતે ( ૬ ) કાગડા ( ૭ ) કુતરા ( ૮ ) કીડી ( ૯ ) ગાય અને (૧૦) અતિથિ. તે બધાને પણ ગ્રાસ આપવો એ પણ યજ્ઞ કહ્યો છે.

**શ્રી પૂંજાભાઈ :** "એક અર્થમાં તો તે સ્વાર્થની વાત છે. દા. ત. કીડીઓ ઘી, ગોળ, વગેરે ઉપર ચડીને ન બગાડે તેટલા માટે તેના દર ઉપર જ ખવડાવવું અને કુતરા–ગાયને કંઈક નીરવું એટલે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેઓ વસ્તુ ન બગાડે તે માટે એ પ્રયોગ હશે. આમ પ્રાણી માત્ર સાથે એકાત્મભાવ સાધવાની એ વાત હશે.

પણ કયારેક તો આવી ક્રિયાઓમાં હદ થાય છે. સત્યનારાયણની કથા ચાલતી હોય ત્યારે લોકો ગપાટાં મારે અને મહારાજ ચમચો વગાડે એટલે બધા 'જય' બોલે. તેમાં પણ ચમત્કારની વાતો વધારે આવે છે. એવું જ શ્રાદ્ધનું છે કે અહીં ખવડાવો એટલે પિતરોને પહોંચી જશે! આ ઉપરાંત જાપ કોઇ કરે અને પુણ્ય પોતાને મળે એ માટે જાપ બેસાડાય એ કયાં સુધી યોગ્ય છે!

આમ આજની ધાર્મિક ક્રિયાઓમાં કયાં મૂઢતા અને કયાં ધર્મ છે તે બતાવવાની સતત જરૂર રહે છે; તેમ જ આમૂલ સંશોધન થવાની અગત્યતા છે.

**શ્રી બળવંતભાઈ :** "સત્યનારાયણની કથામાં તો સત્યનો જય થાય એ જ વાત સમજવાની છે. રાજા ખોટું બોલી ભેદભાવ કરે, અને વાણિયો સાધુ પુરૂષ પાસે ખોટું બોલે તે યોગ્ય નથી એ સમજવું જોઈએ.

બાકી, બ્રાહ્મણોને જમાડવા બાબતના કેટલાક કડવા અનુભવો થયા છે તે કહું છું. એક ભરવાડ ખૂનમાંથી નિર્દોષ છૂટતાં તેણે બ્રાહ્મણોને લાડવા જમાડયા હતા. તે જોઈને મને આવું કોઈપણ જમણ જમવાની હોંશ જ ન રહી.

એવી જ રીતે શિહોરના એક મોટા સટોડિયાનું જમણ હતું. બધા કહે કે બહુ સારૂં જમણ, તમે પણ ચાલો! મને આશ્ચર્ય થતું કે ધર્માત્મા કહેવાતા લોકો પણ એ જમણ જમવામાં નાનમ અનુભવતા ન હતા.

રામાયણ અને મહાભારત સાંભળીને પણ લોકો અન્યાયને ચાલવા દે એ તો વિચિત્ર જ ગણાય. "કરશે તે ભરશે અને અજામિલના નામે તરશે!" આમ ધર્મ-મૂઢતા ચલાવી લેવાય તે તો ખોટું જ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**શ્રી બ્રહ્મચારીજી :** "સત્યનારાયણની કથા પાછળ તો પૂરું રહસ્ય છે. કલાવતી કન્યા સત્ય ખાતર મોડી પડે છે અને માને એ વાત કરે છે તેથી મા સત્યને સંભારે છે. પરિણામે તેનો પતિ અને જમાઈ પણ શ્રદ્ધાળુ થાય છે. આ આખી કથાને આધુનિક ઢબે ઘટાવવી જોઈએ.

ધર્મમૂઢતાનો એક મારો તાજો અનુભવ કહું. એક હિંદુ ભાઈ એક મુસ્લિમ કન્યાને પરણ્યા હતા. દશ વર્ષ વીતી ગયાં. ત્રણ બાળકો થયાં, તે વખતે હું કરપાત્રીજીને ત્યાં હતો. ત્યારે એ દાખલો અમારી આગળ આવેલો. શ્રી સીતારામજી વગેરે મોટા-મોટા માણસો હોવા છતાં તેઓ આ દાખલામાં કંઈ કરી શકયા ન હતા. કદાચ પાંચેયને મુસલમાન બનવું પડયું હોય તો નવાઈ નહીં. આજે મત, પૈસા અને શિક્ષણની કિંમત છે, બાકી ગરીબ, મધ્યમવર્ગ અને બિનલાગવગવાળાનો કોઈ ભાવ પૂછતું નથી. આ બધા ઉપરથી લાગે છે કે સમાજમાંથી ધર્મનો ભાવ હઠતો જાય છે."

**શ્રી બળવંતભાઈ :** "આજે સાચાને તો હઠવું પડે છે. એટલે પરિસ્થિતિને ધરમૂળથી બદલવાની જરૂર છે.

**પૂ. નેમિમુનિ :** "વાત એ જ છે એટલે આપણે આખીયે પરિસ્થિતિને પલટવા, સાચી ધર્મભાવના સમાજના જીવનમાં લાવવા સુસંસ્થાઓ સાથે અનુબંધો જોડવાનું કહીએ છીએ.

(૧૯-૮-૬૧)

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શાસ્ત્રમૂઢતા

જીવનનું સ્પષ્ટ દર્શન એ ધર્મ છે પણ તેને મૂઢતાઓએ આવરી લીધું છે. પરિણામે ધર્મ સ્પષ્ટ થતો નથી. એવી પાંચ મૂઢતાઓ પૈકી દેવમૂઢતા, ગુરુમૂઢતા અને ધર્મમૂઢતા ઉપર વિચાર થઈ ચૂકયો છે. હવે શાસ્ત્રમૂઢતા ઉપર વિચાર કરીએ.

## શાસ્ત્ર એટલે ?

સર્વ પ્રથમ શાસ્ત્ર એટલે શું ? એનો વિચાર કરીએ. શાસ્ત્રની વ્યુત્પત્તિ આ પ્રમાણે થાય છે:—

शास्यते विश्वहितमनेनेति शास्त्रम्

—જેના વડે વિશ્વહિતનું શિક્ષણ આપવામાં આવે છે તે શાસ્ત્ર છે. સંસ્કૃત ભાષા પ્રમાણે આ લક્ષણ બરાબર છે પણ વિશ્વહિત એટલે શું તેનો ખુલાસો થવો જરૂરી છે. ટુંકમાં જે લોકહિતકર હોય, સત્યપૂર્ણ હોય, જ્ઞાન પ્રાપ્તિ માટે આધાર હોય, કલ્યાણમાર્ગ દર્શાવનાર હોય, દેશકાળ પરિસ્થિતિને અનુકુળ હોય એવો મહાપુરૂષોના અનુભવ-વચનોનો સંગ્રહ તે શાસ્ત્ર છે. એજ એની વહેવારિક પરિભાષા છે.

## શાસ્ત્રમૂઢતા :

બધા શાસ્ત્રો લોકહિત અને સત્ય-કલ્યાણકારી હોય તો પછી આટલા બધા ભેદભાવ અને ઝઘડા લોકો તેમના નામે શા માટે કરે છે ? અહીં જ શાસ્ત્રમૂઢતાનું મૂળ રહ્યું છે.

શાસ્ત્રો પોતપોતાનાં દેશકાળ પ્રમાણે રચાયાં છે, એટલે જ્યારે જ્યારે દેશકાળ બદલાય છે ત્યારે-ત્યારે શાસ્ત્રમાં ત્રિકાળાબાધિત વસ્તુ લઈ લેવી જોઈએ; અને બાકીનો પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે દેશકાળ પરિસ્થિતિ પ્રમાણે એનો મેળ બેસાડવો જોઈએ. એ વાત ભૂલાઇ જાય છે ત્યારે શાસ્ત્રમૂઢતા શરૂ થાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘણાં શાસ્ત્રો એવાં પણ રચાયાં છે, જેને શાસ્ત્ર ન કહી શકાય પણ તે ગ્રંથો છે અને તેમાં લડાઈ ઝઘડા વગેરેની વાતો હોય છે. આવા ગ્રંથો કોણે લખ્યા છે? શા માટે અને કેવી પરિસ્થિતિમાં લખ્યા છે? તેનો વિચાર વાંચકે કરવો જોઈએ–દરેકને શાસ્ત્ર માનીને ન ચાલવું જોઈએ, જો તેમ નહીં થાય તો તે માણસના વિકાસને રૂંધી નાખનારૂં થશે. સત્ય પ્રાપ્ત થશે નહીં પણ અનર્થો વધશે.

## દ્રૌપદી આ કાળે નહીં:

મહાભારત ધર્મગ્રંથ ગણાય છે. એક ઠેકાણે એક પંડિતજી રોજ મહાભારત વાંચતા હતા. એક શેઠ–શેઠાણી રોજ ત્યાં સાંભળવા આવતા હતા. એકવાર મહાભારતના વાંચન બાદ શેઠે પાંડવોની ધર્મનીતિના વખાણ કર્યાં અને તે મુજબ જીવન ગાળવાની ઇચ્છા વ્યકત કરી.

શેઠાણીજીને દ્રૌપદી ગમી અને તેની બીજી બધી વાતો કરતાં પાંચ પતિની વાત સારી લાગી. શેઠે કહ્યું: "તે વખતે અપવાદરૂપે તે વાત થઇ હતી આજે તે બંધબેસતી ન ગણાય!"

શેઠાણી કહે: "પણ, વાત તો શાસ્ત્રની છે ને?"

અંતે પતિએ કહ્યું: "શાસ્ત્રની વાત હોવા છતાં આજે તે બની ન શકે...! અને તું પાંચ ધણી કરવા જઈશ તો કેવી લાગીશ!"

શેઠાણી સમજી ગઈ.

એવી જ રીતે જૈન શાસ્ત્રોમાં શાલિભદ્રની ૩૨ પત્નીઓની વાત આવે છે. પણ આજે એ વાત વહેવારિક નથી. તેમજ એક પત્ની છતાં બીજી કરે તો તે કાયદા પ્રમાણે ગુનેગાર ગણાશે.

## હેય, જ્ઞેય, ઉપાદેય:

જૈનદર્શનમાં આ ત્રણ વસ્તુઓ બતાવેલી છે. શાસ્ત્રમાં બધું છે. તેમાં છોડવા જેવું છોડવું તે હેય છે. દા. ત. પાપનું વર્ણન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવે છે. તે ગ્રહણ કરવા જેવું નથી. તે ઉપરાંત જે જાણવા યોગ્ય છે તે જ્ઞેય છે. શાસ્ત્રમાં ઘણી વાતો જાણવા જેવી હોય છે. જેમકે વર્ણવિચાર, યજ્ઞ–હિંસા, જૂનો વહેવાર, શિકાર કે માંસાહાર, ઈતરધર્મીનો સંગ ન કરવો પણ, આ બધી બાબતો જાણવા જેવી જ છે. આજે તે ગ્રહણ કરવા જેવી નથી.

પણ, તેમાં અહિંસા–સત્યાદિ વગેરે ત્રિકાળાબાધિત વસ્તુઓ છે જે આજે પણ દ્રવ્યક્ષેત્ર કાળ ભાવને અનુકૂળ છે, લોકહિતકર છે અને સત્યપૂર્ણ કલ્યાણ કરનારી વસ્તુ છે. તે ગ્રહણ કરવા જેવી છે–અને તે ઉપાદેય છે.

**શાસ્ત્ર આધાર માત્ર જ નહીં!**

એટલે જ કહ્યું છે કે :—

न केवल शास्त्रमाश्रित्य कर्तव्यो विनिर्णयः
युक्ति हीनविचारे तु धर्महानिः प्रजाय ते ॥

માત્ર શાસ્ત્ર આધારે કોઇ પણ કર્તવ્યનો નિર્ણય ન કરવો જોઇએ. જ્યાં યુક્તિ–તર્ક વગર વિચાર કરવામાં આવે છે ત્યાં ધર્મનો લોપ થાય છે. સ્મૃતિમાં કહ્યું છે—'यस्तर्केणानुसंधत्ते स धर्मं वेद नेतरः' જે તર્ક–યુક્તિ વડે દરેક વસ્તુની શોધ કરે છે, તે જ ધર્મને જાણે છે, બીજો નહીં.

ચાર બ્રાહ્મણ પુત્રો કાશીએથી ભણીને પાછા વળતા હતા. એક ન્યાયશાસ્ત્રી હતો, એક આયુર્વેદશાસ્ત્રી હતો, એક જ્યોતિષશાસ્ત્રી હતો અને એક વ્યાકરણશાસ્ત્રી હતો. ગામેગામ તો લોકો તેમનું માન કરતા પણ શહેરમાં પહોંચતાં તેમનું ગાડું અટક્યું. ચારે જણાયે વિચાર કર્યો કે અલગ અલગ કામ વહેંચીને જમવાનો પ્રબંધ કરી લઈએ. ન્યાયશાસ્ત્રીને ઘી લાવવાનું, આયુર્વેદશાસ્ત્રીને શાક લાવવાનું, જ્યોતિષશાસ્ત્રીને રસકસ લાવવાનું અને વ્યાકરણશાસ્ત્રીને રસોઈ કરવાનું કામ મળ્યું. સહુ પોત પોતાના કામમાં લાગ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ન્યાયશાસ્ત્રી ઘી તો લઇ આવ્યા. પણ જે વાસણમાં લાવતા હતા તેના અંગે વિચાર કરવા લાગ્યા કે—

**घृताधारं पात्रमाहोस्वित पात्राधारं घृतम् ?**

—એટલે કે ઘીના આધારે પાત્ર છે કે પાત્રના આધારે ઘૃત છે? નિર્ણય કરવા માટે તેમણે પાત્ર ઉથલાવ્યું તો ઘી બધું ઢોળાઈ ગયું. પંડિતજી નીચું મોં લઈને પાછા વળ્યા.

આ તરફ આયુર્વેદશાસ્ત્રી શાક લેવા ગયા. ત્યાં તેઓ વિચારે ચડયા કે આ શાક પથ્યકારી કે પેલું? કારણ કે ભીંડા કફકારક તો તુરિયાં પિત્તકારક અને મૂળા વાતકારક! એમ બધા શાકોમાં કોઈ કફ, કોઇ પિત્ત તો કોઇ વાત કરનાર હતું. તેથી તેમને બધા શાક અપથ્ય જેવા લાગ્યાં. તેમને તો શાસ્ત્રાધારે શાક લેવું હતું એટલે અંતે લીંબડાના પાંદડાં લેવાનું નક્કી કર્યું; કારણ કે તે ત્રિદોષનાશક, પથ્યકારક હતાં. તેઓ એ ખરીદીને પાછા વળ્યા.

જ્યોતિષશાસ્ત્રી ખરીદી માટે મુહૂર્ત જોવા લાગ્યા. ક્યારેક ઘડી ઠીક ન હતી તો ક્યારેક ચોઘડિયું. અંતે શુભ ચોઘડિયે, તેઓ ખીચડીની સામગ્રી ખરીદીને આવ્યા.

વ્યાકરણશાસ્ત્રીએ રસોઇની પૂર્ણ તૈયારી કરી હતી. તેમણે આવતાં વેંતજ ખીચડીને વાસણમાં ઓરી દીધી. વાસણ થોડીવારે ગરમ થયું તો અંદર ખીચડી ખદબદ ખદબદ કરવા લાગી. તેમને એ શબ્દ સાંભળીને બેચેની થવા લાગી. તેમને થયું કે આતો અશુદ્ધ બોલે છે. એટલે તેમણે એક-બેવાર તપેલીને સંબોધીને કહ્યું :—

**अशुद्धं कथं वकित ? नहि खदखद शब्दो व्याकरणशास्त्रेणसिध्यति !**

"અરે તું અશુદ્ધ શા માટે બોલે છે! ખદખદ શબ્દ વ્યાકરણ પ્રમાણે સિદ્ધ થતો નથી!" પંડિતજી કહેતા ગયા.

પણ ખીચડી શું જવાબ આપે! તે ખદબદ કરતી જ રહી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વ્યાકરણશાસ્ત્રીજીને ગુસ્સો ચડયો અને ખીચડીને ચૂપ કરવા માટે તેમણે ખોબો ભરીને તેમાં ધૂળ નાખતાં કહ્યું: "હવે તો ચૂપ થઇશને !"

ખીચડી તો ખદખદ કરતી બંધ થઇ પણ પરિણામ શું આવ્યું ? ચારે શાસ્ત્રીઓને ભૂખ્યા રહેવું પડયું.

આમ ડગલે ને પગલે જો શાસ્ત્રનો આધાર લઇને નિર્ણય કરવા બેસીએ તો જીવનવહેવાર ન ચાલી શકે. એટલે જ શ્રદ્ધા માટે, "વિવેક ચુડામણિમાં" શ્રી શંકરાચાર્ય કહે છે કે :–

शास्त्रस्य, गुरुवाक्यस्य; सत्यबुद्धयावधारणं ।
सा श्रद्धा कथिता सद्भिःयया वस्तुपलभ्यते ॥

શાસ્ત્ર અને ગુરુવાકયનો સત્યબુદ્ધિથી નિર્ણય કરવાનું નામ શ્રદ્ધા છે. તે શ્રદ્ધા વડે વસ્તુતત્ત્વનું સાચું જ્ઞાન થઈ શકે છે.

જૈનશાસ્ત્ર ઉતરાધ્યયનમાં સત્યાસત્યના નિર્ણય માટે આત્મા (આત્માનુભવ) અને પ્રજ્ઞા બે વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્યાં કહ્યું છે :—

"अपणा सच्चमेसेज्जा"
'पन्ना समिक्खए धम्मतत्तं तत्तविणिच्छियं'

એટલે કે પોતાના આત્મા વડે સત્યની શોધ કરવી; અને ધર્મતત્ત્વની સમીક્ષા પ્રજ્ઞા વડે કરવી જોઇએ. એટલે કે સત્યાસત્યનો નિર્ણય કરનારી વિવેક બુદ્ધિ પ્રજ્ઞા છે.

ટુંકમાં માત્ર શાસ્ત્રના આધારે સત્યાસત્યનો નિર્ણય થતો નથી. શાસ્ત્રો વડે તો વસ્તુની માહિતી કે જાણકારી મળે છે. તે માહિતી કે જાણકારીનો તત્ત્વાન્વેષકના આત્માનુભવ અને પ્રજ્ઞા સાથે મેળ પડે તોજ તે તેને માટે ઉપાદેય બની શકે.

શાસ્ત્રો કાર્ય અને અકાર્યની વ્યવસ્થા માટે પ્રમાણ–રૂપે છે. ગીતામાં કહ્યું છે :—

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેમ ધારાશાસ્ત્રીઓ જુદા-જુદા પ્રમાણો અને સાક્ષીઓને તપાસે છે અને બધાને મેળ એસાડી પોતાની બુદ્ધિથી નિર્ણય કરે છે; તેજ રીતે શાસ્ત્રો જુદા જુદા છે. જુદા કાળે રચાયેલાં છે. તેથી તેમના વિધાનોમાં પણ ઘણા સ્થળે અલગપણું દેખાય છે ત્યારે આજના આત્માનુભવ અને પ્રજ્ઞા એ બધાંને જોઈ-તપાસી નિર્ણય કરવો પડશે.

ઘણી વખતે સ્વાર્થી લોકો પોતાના માનેલા વિચારનેજ વિવેક કહેવા માંડે છે; તે બરાબર નથી. વિવેકને સાર્વત્રિક અને સાર્વકાલિક વિશ્વહિતની કસોટીએ કસવો જોઈએ. આનો અર્થ એ છે કે જેટલી વ્યાપકતાએ સાચો નિર્ણય કરાવી શકે તે વિવેક છે. તેને શ્રદ્ધાથી અનુસરી શકાય છે.

એક માણસે ચોરી કરી અને ચૌર્યશાસ્ત્ર (કર્ણિસુત-રચિત) પ્રમાણે પોતાના મનને આ રીતે સમજાવી લે કે "મારી પાસે વસ્તુ ન હતી, બીજાની પાસે તે જરૂર કરતાં વધારે હતી, એવી સ્થિતિમાં ચોરી કરી કે લઇ લીધી તો શું તે અન્યાય કહેવાશે?

આ નિર્ણયને તેણે વિવેકનો નિર્ણય સમજી લીધો. પણ દરેક સમજુ સમજી શકશે કે આવો નિર્ણય વ્યાપક સમાજ દૃષ્ટિએ તેણે કર્યો ન હતો, પણ પોતાના સ્વાર્થ માટે કર્યો હતો. જો તે એક ડગલું આગળ વધીને પોતાના ઉપર વિચાર કરે કે મારી વસ્તુ પણ કોઇ આમ લઈ જાય તો?

એટલે વિવેકની એક સરળ કસોટી—आत्मौ पम्यनी आत्मौपम्येन पुरुषः प्रमाणमधिगच्छति—એટલે કે માણસ આત્માની કસોટીએ કસે તો તેને સત્ય મળી જાય. જો ચોરી સારી વસ્તુ હોય તો ચોરની વસ્તુ જતાં તેણે પણ ખુશ થવું જોઈએ. એટલે સિદ્ધ થાય છે કે તે સારી વસ્તુ નથી.

### સત્યાસત્યનો નિર્ણય :

સત્યાસત્યનો નિર્ણય કરવા માટે આટલી વાતો હોવી જરૂરી છે:—

(૧) **જાણકારી** :—નિર્ણય માટે જે જે વાતોની માહિતીની જરૂર હોય તેની જાણકારી હોવી જોઈએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૨) **સપ્રમાણતા :**—જે નિર્ણય હોય તે પ્રત્યક્ષ પ્રમાણો ઉપરાંત પણ ન્યાય પુરઃસર હોય.

(૩) **સંભાવ્યતા :**—દેશકાળ–પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય થવો જોઈએ જેથી તે સભર અને સંમત લાગે.

(૪) **નિઃસંશયતા :**—નિર્ણય કરવામાં આવે તેમાં સંદેહ ન થવો જોઈએ કે પાછળથી સંદેહજનક વાત ન થવી જોઈએ.

(૫) **નિર્મોહતા :**—નિર્ણય કરવામાં કોઈ સ્વત્વમોહ, કાળમોહ (નવીનતા કે પ્રાચીનતા) કે કોઈ સ્વાર્થ મોહની વૃત્તિ ન હોવી જોઈએ એવી જ રીતે તે દ્વેષવશ પણ ન થવો જોઈએ.

આ રીતે કોઈ પણ વસ્તુનો નિર્ણય કરવાથી શાસ્ત્રમૂઢતા પાંગરતી નથી પણ "મારું એજ સાચું" એમ માનીને ચાલવાથી અને "સાચું એ મારું" એને નહીં અનુસરવાથી ઘણાં અનિષ્ટો અને અનાચારો પ્રગટવાનો ડર રહે છે.

**શાસ્ત્રમૂઢતાનાં કારણો :**

'અમારા શાસ્ત્રકારો સર્વજ્ઞ હતા,' કે "અમે પ્રાચીન છીએ માટે અમારાં શાસ્ત્રો સાચાં છે" આવા હઠવાદના કારણે શાસ્ત્રનું વિશ્વહિતપણું બાજુએ રહીને ઝઘડા, વિવાદ, કંકાસ અને મારામારી તેમજ યુદ્ધો પણ આકાર લે છે, તે શાસ્ત્રમૂઢતા છે.

શાસ્ત્રમૂઢતાના નીચેનાં કારણો છે તેને વિગતવાર તપાસીએ :—

(૧) **સ્વત્વ મોહ :** પોતાનાં જ માનેલાં શાસ્ત્રોને સર્વશ્રેષ્ઠ સમજવાનો મોહ એનું પહેલું કારણ છે. મોટાભાગે લોકોને સત્યની પરવાહ હોતી નથી, તેઓ સત્યનો નિર્ણય પોતાના મંતવ્ય ઉપરથી કરે છે અને તે મુજબ પોતે માનેલાં શાસ્ત્રો ઉપર કહેવાતી સચ્ચાઈની છાપ મારે છે. તેથી તેઓ અન્ય શાસ્ત્રોમાં રહેલ સત્યથી વંચિત રહે છે; બીજાને પણ રાખે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમનું કહેવું છે કે તેમનાં શાસ્ત્રો સર્વજ્ઞ દ્વારા રચેલાં છે. પણ તેઓ એ વિચારતા નથી કે સર્વજ્ઞો જે કંઇ વિચારી શકતા હતા તેનો બધો ભાગ કદિ ભાષામાં ઊતારી શકતા ન હતા. આમ તો સહુ સારી રીતે જાણે છે કે જેટલું વિચારાય છે તે સંપૂર્ણપણે વાણીમાં આવતું નથી, અને જે વાણીમાં આવ્યું હોય તે સંપૂર્ણપણે લેખનમાં રજુઆત પામતું નથી. સામાન્યતઃ એમ મનાય છે કે વિચારનો દશમો ભાગ વાણીમાં; અને વાણીનો દશમો ભાગ લેખનમાં આવતો નથી. એટલે સરેરાશે વિચારનો સોમો ભાગ લેખનરૂપે માંડ આવે છે.

એટલે જ શ્રીમદે કહ્યું છે:—

जे पद श्रीसर्वज्ञे दीठुं ज्ञानमां
कही शकया नहीं ते पण श्रीभगवंत जो ।

જૈનશાસ્ત્રો પ્રમાણે તીર્થંકરના વચનો ગણધરોએ પોતાની રીતે ગૂંથ્યા છે, કહ્યું છે—"અત્થં ભાસઇ અરહા સુત્તં ગુંથઇ ગણહરા." એટલે કે અર્હન્ત અર્થ રૂપે જે બોલે છે, તેને સૂત્રબદ્ધ ગણધરો કહે છે. અને શાસ્ત્રો લિપિબદ્ધ તો મહાવીર સ્વામીના નિર્વાણ બાદ ૯૮૦ વર્ષે લગભગ હજાર વર્ષે થયાં છે. આજે પણ જે વકતા બોલે છે તેનાં શીઘ્ર લિપિ લખાણમાં ત્યાં ફરક રહી જાય છે—સમજફેર થઇ જાય છે તો હજાર વર્ષ પછી લખવામાં આવેલા શાસ્ત્રોમાં પાઠભેદ રહી જાય તે સ્વાભાવિક છે. તે છતાં પણ પોતાના એકાંશ સત્યને સાચું અને અન્યનું જુઠું માનીને ચાલવું એ શાસ્ત્રમૂઢતા છે.

**( ૨ ) કાળમોહ :** બીજું કારણ છે કાળમોહ. અમારાં શાસ્ત્રો પ્રાચીન છે માટે જ એ સાચાં છે તે સત્યની કસોટી નથી. એવી જ રીતે દરેક નવીન વસ્તુ એ પણ સત્ય નથી. પ્રાચીનતા મોહી કે નવીનતા મોહી માટે કવિ કાલિદાસે કહ્યું છે:—

पुराण मित्येव न साधु सर्वं न चापि काव्यं नवमित्यवद्यम् ।
सन्तः परीक्षान्यतरद् भजंते मूढ परप्रत्ययनेयबुद्धिः ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

—જે જુનું છે તે બધું સારૂં નથી તેમજ નવીન છે તે બધુ નિર્દોષ છે, એમ પણ નથી. સત્ય સંશોધક બન્નેની પરીક્ષા કરી એકનો આશ્રય લે છે, પણ મૂઢ લોકો બીજાની બુદ્ધિએ ચાલે છે.

જે લોકો વેદોને પ્રાચીન કહીને તેના રચયિતા સંબંધે ખબર ન હોવાથી તેને અપૌરુષેય ( પુરૂષકૃત નહીં ) માને છે તેમજ તેને એ કારણે સાચા માની લે છે અને બીજાનાં શાસ્ત્રોને ખોટાં માને છે ત્યાં શાસ્ત્રમૂઢતા આવે છે.

વેદો અંગે ગીતામાં કહ્યું છે.

यामिमां पुष्पितां वाचं प्रवदंत्यविपश्चितः
वेदवादरताः पार्थ । नान्यदस्तीति वादिन ॥
कामात्मानः स्वर्गपरा जन्मकर्मफल प्रदां
भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेत साम् ॥

જે બુદ્ધમૂઢ લોકો ભોગ અને ઐશ્વર્યમાં આસક્ત થઈ, કામપરાયણ સ્વર્ગ લોભી વેદવાદી બનીને બીજા લોકોને ખેંચવા માટે લોભાવનારી વાણી બોલે છે અને કહે છે કે વેદ સિવાય અન્ય સત્ય જ નથી, તેમની બુદ્ધિ સમાધિ મેળવી શકતી નથી.”

એનો અર્થ એવો નથી કે વેદોમાં સત્ય નથી કે આગમોમાં સત્ય નથી; પણ તેને વિવેકબુદ્ધિએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રમાણે ગ્રહણ કરવાં જોઇએ.

( ૩ ) **ભાષામોહ :** શાસ્ત્રમૂઢતાનું ત્રીજું કારણ ભાષામોહ છે. જૈનો પ્રાકૃત ભાષામાં, બૌદ્ધો પાલી ભાષામાં, મુસલમાનો અરબી ભાષામાં, ખ્રિસ્તીઓ લેટિન કે હિબ્રુ ભાષામાં, હિંદુઓ સંસ્કૃત ભષામાં લખાયેલાં શાસ્ત્રોને જ સાચાં કહે અને બાકીનાને ખોટાં કહે, તે બરબર નથી.

ભાષા તો ભાવોને વ્યકત કરવાનું સાધન છે. સત્યાર્થી સાધક સત્ય ગમે તે ભાષામાં મળે તેને મેળવી લેશે. સત્યાર્થી કે સમ્યક્દૃષ્ટિ માટે બધાં શાસ્ત્રો મિથ્યા કહેવાતાં શાસ્ત્રો પણ સમ્યક્ છે પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મિથ્યાદષ્ટિ માટે તે બધાં, સવિશેષે સમ્યક કહેવાતાં શાસ્ત્રો પણ ખોટાં છે. એટલે સત્ય માટે ભાષા નહીં પણ સત્ય દૃષ્ટિ કેળવવી જોઈએ.

નંદી સૂત્રમાં કહ્યું છે :—

एयाई चेव सम्मदिट्ठिस्स सम्मसुयं
मिच्छादिट्ठिस्स मिच्छासुयं

સમદષ્ટિ માટે મિથ્યા કહેવાતાં શાસ્ત્રો–સૂત્રો પણ સત્ય છે પણ મિથ્યાદષ્ટિ માટે તે અને સમ્યક કહેવાતાં શાસ્ત્રો પણ મિથ્યા બની જાય છે. આજે તો પ્રાચીનભાષામાં ન સમજાય તો પ્રચલિત ભાષામાં અનુવાદ કરીને તેમાંથી સત્યને ગ્રહણ કરવામાં આવે છે ત્યારે ભાષાને નામે મૂઢતા કેળવવી એ ખોટું છે. એનાં પરિણામરૂપે ઈશ્વર, અલ્લાહ અને Godને અલગ બતાવીને થયેલી લડાઈઓનો ઉલ્લેખ ઇતિહાસમાં મળે છે.

જૈનસૂત્રોમાં તો આગમને ત્રણરૂપે કહ્યા છે :—

सूत्तागमे, अत्थागमे, तदुभयागमे

સૂત્રરૂપ આગમ, અર્થરૂપઆગમ અને ઉભય (બન્ને) રૂપ આગમ. પછી બીજી ભાષાને ન માનવી કે તેમાં અર્થ ન આવી શકે, તે માનવું એ ખોટું છે. વળી શ્રુતજ્ઞાનના બે ભેદો પણ કર્યા છે :–(૧) અંગ પ્રવિષ્ટ એટલે કે જેમનો દ્વાદશાંગમાં સમાવેશ થાય અને (૨) અંગ બાહ્ય એટલે કે દ્વાદશાંગ બહાર ગમે તે ભાષામાં લખાયેલું સૂત્ર હોય પણ તે પૂર્વોક્ત શાસ્ત્રના લક્ષણયુક્ત હોય તો તે શાસ્ત્રરૂપે માન્ય ગણાય છે. આમ જૈનધર્મે તો શાસ્ત્રમૂઢતા કાઢી છે અને ભાષાના નામની મૂઢતા એ ખોટી જ છે.

(૪) **પરમગુરૂ વચનમોહ :** ઘણા લોકો જેઓ શાસ્ત્રોનો અર્થ સમજતા હોતા નથી તેઓ પોતાના ગુરૂ કહે તેને આંખો મીંચીને એટલે કે બુદ્ધિનાં દ્વાર બંધ કરીને શાસ્ત્રરૂપે માની લે છે. જો કે સત્ય વચનો ગુરૂ કહે તેને ન માનવાનું કોઈ કારણ નથી; પણ તેમનાં સિવાય બીજા કહે તે અસત્ય છે; તે બરાબર નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘણીવાર ગુરૂએ અમૂક પરિસ્થિતિવશ અમૂક વાત કહી હોય; તેને પકડીને વળગી રહેવું તે બરાબર નથી. જેમકે ગ્રંથસાહેબમાં શીખોના ગુરૂઓએ તે સમયને અનુલક્ષીને રાજ્યસત્તા દ્વારા ધર્મપ્રચારની વાત કરી. તેથી આજે પરિસ્થિતિ બદલાવા છતાં તેમાં ફેરફાર ન કરે તો એ શાસ્ત્રમૂઢતા ગણાય.

(૫) **શાસ્ત્ર–અંધશ્રદ્ધા :** એવી રીતે શાસ્ત્રોને રાખીને, ફેરવીને તેની પૂજા કરવી, વરઘોડા કાઢવા પણ તેની અંદરના ધર્મો પ્રમાણે ન ચાલવું એ પણ મૂઢતા છે. ગ્રંથસાહેબ, મહાભારત અને ભગવતીસૂત્ર વગેરે ઘણા ગ્રંથોનો વરઘોડો નીકળે છે. એવી જ રીતે કુરાને શરીફને પૂજવાની વાત પણ મૂઢતા છે.

ઘણા એમ પણ માને છે કે શાસ્ત્ર–શ્રવણ માત્રથી કર્મ કપાઈ જશે કે પુણ્યલાભ થશે. એ બધી શાસ્ત્રમૂઢતા છે. આચરણ વગર કંઈ પણ હાંસિલ થતું નથી, આમને આમ જો શાસ્ત્ર સાંભળવાથી કે શાસ્ત્રને પૂજવાથી કર્મ કપાઈ જાય તો જપ, તપ. ધર્માચરણ વગેરેની કોઈ જરૂર ન રહે. આવી અંધશ્રદ્ધા દૂર થવી જોઈએ.

(૬) **અંધ–અશ્રદ્ધા :** શાસ્ત્રમૂઢતાનું છઠ્ઠું કારણ અંધ–અશ્રદ્ધા છે. શાસ્ત્રમાંથી સારાસારનો વિવેક ન કરવાના કારણે; દેશકાળ પ્રમાણે અમૂક બાબતો ન સમજાય કે ન બંધબેસતી જણાય; અથવા અલંકારિક રૂપે ઘણી વાતો કહેવાઈ હોય–તે ન સમજાય તેના કારણે શાસ્ત્રો એટલે ગપ્પાં કે કપોલકલ્પના; એમ કહી ફગાવી દે અને પોતાની ઇચ્છા પ્રમાણે મર્યાદાહીન થઈ સ્વચ્છંદાચારથી વર્તે તો તે પણ શાસ્ત્રમૂઢતા છે.

આ અશ્રદ્ધા પેદા થવાનું એક બીજું કારણ એ પણ છે કે શાસ્ત્ર અંગે અંધશ્રદ્ધા રાખીને પૂજનાર માણસો પણ તેનું નિમિત બને છે. એથી તે વ્યકિત પૂર્વજોના શાસ્ત્રજ્ઞાનથી વંચિત રહે છે અને સંસ્કૃતિ તેમજ વિકાસથી દૂર રહે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલા માટે ગીતામાં કહ્યું છે:—

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥

જે દેશકાળ પ્રમાણે ગોઠવેલી શાસ્ત્ર વિધિને છોડી સ્વચ્છંદાચારથી વર્તે છે તે સિદ્ધિને પામતો નથી; નથી સુખને પામતો કે નથી સુગતિ ( મુક્તિ ) ને પામતો.

શાસ્ત્રો ઘણીવાર ખૂબજ પ્રેરણાદાયી અને માર્ગદર્શક હોય છે. તેથી કહ્યું છે :—

अनेक संशयोच्छेदि परोक्षार्थस्य दर्शकम् ।
सर्वस्य लोचनं शास्त्रं यस्य नास्त्यन्ध एव सः ॥

મનમાં ઊઠતા અનેક સંશયોને છેદન કરનાર, જે વસ્તુ પરોક્ષ છે જૂના મહાપુરૂષોના અજ્ઞાતના અનુભવો પરોક્ષ છે તેને બતાવે છે એટલે તે બધા માટે લોચન જેવાં છે. જેની પાસે તે હોવા છતાં જે તેનો લાભ લેતો નથી તે છતી આંખે આંધળા જેવો છે.

એક જૈનાચાર્યે સાધુ માટે કહ્યું છે :—

आगमचक्खु साहू

સાધુની આંખો આગમ છે. મહાત્મા ગાંધીજી જ્યારે જ્યારે કોઇ પ્રશ્ન ગૂંચવાતો તો તેનો ઉકેલ ગીતા–રામાયણ વગેરે શાસ્ત્રોમાંથી મેળવી લેતા; અને આનંદ પામતા.

બાઇબલ પરની અંધશ્રદ્ધાને લીધે જે અંધાધૂંધી ધર્મગુરુઓએ ચલાવી અને સત્યશોધક વૈજ્ઞાનિકો ગેલિલિયો, બ્રુનો વગેરેને મારી નંખાવ્યા. તેમ તદ્દન અશ્રદ્ધાના કારણે રશિયા–ચીન વગેરે સામ્યવાદી દેશોમાં લોકોએ આસુરી વૃત્તિ કેળવી પોતાનાજ લાખો–કરોડો ભાઇઓને



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મારી નાખ્યા. તેમજ આટલા બધા પૂર્વપુરૂષોના જ્ઞાન-વિજ્ઞાનથી વંચિત રાખીને લોકોનો આત્મવિકાસ રૂંધ્યો. આ બન્ને છેડા શાસ્ત્ર મૂઢતાના કારણો છે અને અનર્થ પેદા કરનારા બન્યા છે.

(૭) **શાસ્ત્ર વડે ધન કે યશ ઉપાર્જન** : ઘણીવાર જોવામાં આવે છે કે ઘણા લોકો શાસ્ત્ર શ્રવણમાત્રમાં પુણ્ય ધર્મ કે મોક્ષ છે, એમ બતાવી લોકોને આકર્ષી પૈસા પડાવે છે અને પેટ ભરે છે. પોતાનું કામ ચાલુ રહેવું જોઇએ તે માટે અમૂક સ્થળે, અમૂક રીતે, અમૂક સમયે વાંચવું જોઇએ તેનો પ્રચાર કરે છે અને હદ તો ત્યારે થાય છે જ્યારે અમૂક માસમાં વાંચવાથીજ મોક્ષે જવાની પણ તેઓ વાતો કરે છે.

ઘણીવાર એક આખી શૈલી બેસી જતાં તે વડે યશ કમાવાનો પ્રયત્ન પણ કરવામાં આવે છે. આવા પ્રયત્નમાં બીજાને ઉતારી પાડવાની વૃત્તિથી લઇને બીજાં શાસ્ત્રો વાંચવાથી નરક જવાય; ત્યાંસુધીની મૂઢતાનો પ્રચાર પણ કરાવાય છે.

(૮) **વિપરીત સગવડીયા કે આંધળા અર્થો** : શાસ્ત્ર મૂઢતાનું આઠમું કારણ છે શાસ્ત્રોના વિપરીત અર્થો કરવા કે સ્વાર્થ માટે સગવડીયા અર્થ કરવા કે શાસ્ત્રોમાંથી બાહ્ય ચમત્કાર ને રસ્તે ભોળા લોકોને દોરનારા અર્થો તારવવા, અથવા કોઈ વખતે કોઈ તારણ નીકળ્યું હોય તેને હંમેશ માટે લાગુ કરવું કે આંધળા કે ખોટા અર્થ કરવા તેમજ ખરા અર્થ કહેનારને ઊતારી પાડવા. તે ઉપરાંત નવોજ અર્થ કાઢી નવો સંપ્રદાય ઊભો કરવો તે પણ શાસ્ત્ર મૂઢતા છે. જેમ વામમાર્ગી લોકો શાસ્ત્રમાંથી પંચમકાર કાઢી પોતાનો સ્વાર્થ સાધે છે અને ભોળા લોકોને અસંયમને રસ્તે દોરે છે.

જ્યારે દ્રવ્ય ક્ષેત્રકાળ ભાવ પ્રમાણે વિચાર કરવામાં આવતો નથી ત્યારે આવી મૂઢતા વધારે ફેલાય છે.

જૈનોમાં સંવત્સરી ચોથની કે પાંચમની? એ મતભેદ ચાલ્યા કરે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. અષાડ શુદ પૂનમથી લઈને પચાસમે દિવસે સંવત્સરી કરવાનું શાસ્ત્રીય વિધાન છે. એકદા કાલિકાચાર્યે રાજાને બોધ પમાડવા માટે ચોથની સંવત્સરી કરી. એટલે લોકો તે અપવાદને વિધાન માનીને ચાલવા લાગ્યા. જ્યારે વર્ષ આખાની ભૂલોને ખમાવવાનો દિવસ હોય ત્યાં અમારી ચોથ તમારી પાંચમનો મતભેદ તીવ્રતાએ ભૂલાવી શકાતો નથી.

એવીજ રીતે એક યોગીરાજ ધ્યાન કરતા હતા. તે વખતે તેમની પાળેલી બિલાડી તેમના ખોળામાં આવીને બેસી જતી એટલે તેને થાંભલા સાથે બાંધી દેવામાં આવતી. ગુરુ કાળધર્મ પામ્યા અને ચેલા આવ્યા તેમણે કહ્યું "આપણે ત્યાં બિલાડી છે કે નહીં?"

અનુયાયીઓએ પૂછ્યું : "કેમ?"

નવાગુરુએ કહ્યું : "ગુરુજી ધ્યાન વખતે તેને બાંધીને ધ્યાન કરતા હતા!" પરિણામે બિલાડી લાવવામાં આવી; અને તે ધ્યાન વખતે થાંભલે બંધાવા લાગી. તે ગુરુ પણ મરણ પામ્યા અને નવાગુરુ આવ્યા. તેમણે પણ બિલાડી માગી. ઘણા જાણકારોએ બિલાડી બાંધવાની વાતનું મૂળ કારણ કહ્યું; પણ નવાગુરુએ સ્પષ્ટ કહ્યું : "તમે નાસ્તિક થાવ તેથી શું કામ ચાલશે! આ તો પરાપૂર્વથી ચાલી આવતી પ્રથા છે. તેનું પાલન થવું જોઈએ!"

બિચારા બધા ચૂપ થઈ ગયા. બિલાડીબાઈ પધારી ગયા.

એવી જ રીતે બાઈબલમાં કહ્યું છે: Thou Shelt not kill without cause (તારે કારણ વગર કોઈને મારવું નહીં) આ શાસ્ત્રવચનનો સગવડીઓ અર્થ કરી ગમે તેવું નાનું કારણ લગાડીને પણ ઈસાઈ લોકો મોટા–મોટા યુદ્ધો કરે છે અને ભૂલી જાય છે કે શાસ્ત્રમાં એમ પણ કહ્યું છે કે "તારા ડાબા ગાલે તમાચો મારનારને જમણો ગાલ ધરજે!"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક ગામમાં એક નવા મૌલવી સાહેબે પોતાનો સિક્કો જમાવવા માટે કહ્યું: "કુરાનેશરીફમાં કહ્યું છે કે નમાજ ન પઢવી!"

તેના ઉપર ચર્ચા ચાલી. ઉહાપોહ થયો. બીજા ગામના એક મૌલવી આવ્યા ત્યારે ફરિયાદ કરી. તેમણે પેલા મૌલવી સાહેબને પૂછયું કે "એવું ફરમાન કયાં છે?"

તેમણે કહ્યું: "કુરાનમાં!"

દેખાડવા કહ્યું તો તેમણે એક ઠેકાણે "નાપાક હોય તો" એમ લખ્યું હતું તેના ઉપર અંગુઠો મૂકીને બતાવ્યું—"જુઓ આશું લખ્યું છે?—"નમાજ ન પડવી" બીજા મૌલવી તેમની ચાલાકી સમજી ગયા. તેમણે કહ્યું "આપ જરા પોતાનો અંગૂઠો હઠાવો તો!" અંગૂઠો હઠાવ્યો તો તેની નીચે-"નાપાક હોય તો" એમ લખેલ હતું. પેલા મૌલવી હવે ચૂપ થઈ ગયા.

શાસ્ત્રોના શબ્દો કે તેના અર્થો પકડીને ચાલવું એ જ બરાબર નથી. જૈનસૂત્રોમાં તો સૂત્ર-અર્થ અને બન્નેને એટલે કે એના આશયને આગમ રૂપે માનેલ છે. તે છતાં ત્યાં "એક અક્ષર ઓછો કે અધિકો કહે તો અનંત સંસાર વધે" એના ભાવને નહીં પકડતાં શબ્દ ન છૂટે એ રીતે પકડીને ઘણા બેસી જાય છે. એનો ભાવ એ છે કે અક્ષરશ્રુત અને અનક્ષરશ્રુત એ બન્નેમાં અક્ષરરૂપે કે અનક્ષરરૂપે શ્રુતજ્ઞાનના ભેદો સત્ય-સ્વરૂપે હોય છે. ભાવ એક હોવા જોઈએ.

કેટલીકવાર ઘણા લોકો શાસ્ત્રના શબ્દોના સ્પષ્ટ ઉચ્ચારણ કરી શકતા નથી. એટલે તેઓ નરકે જશે કે સંસાર વધારશે, એવું નથી; જો તેમનો ભાવ સ્પષ્ટ હોય તો! જૈનોમાં કે હિન્દુઓમાં એવા ઘણા પ્રસંગો છે જ્યાં કેવળ ધ્યાન જગાડવાથી પણ પરમતત્ત્વની પ્રાપ્તિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થયેલી છે. માતામરૂદેવી સૂત્રો નહોતાં ભણ્યાં છતાં કેવળી થયેલાં. કેટલાય ચોર–ડાકુ કે લુંટારા શાસ્ત્ર ભણેલા ન હતા, છતાં તરી ગયા.

એક વાર સંત હસન બસરી અને બીજા સંત હબીબ નમાજ ભણવા ગયા. હબીબ નમાજ ભણતી વખતે સ્પષ્ટ ન બોલી શકયા: "અલ્લહમદુલિલ્લાહ..." મંત્રોચ્ચારમાં ફરક હતો પણ ભાવમાં પ્રભુ ઉપાસના હતી. હસન બસરીએ હબીબને કહ્યું: "તમે અશુદ્ધ બોલો છો!"

ત્યારે ગૈબી અવાજ આવ્યો: "હબીબની નમાજ તો બરાબર છે. ભલે તેનું ઉચ્ચારણ બરાબર ન હોય!"

એટલે સૂત્રના અર્થ કે ઉચ્ચારણ કરતાં તેના ભાવને બરાબર સત્યની રીતે ગ્રહણ કરવાથી આ મૂઢતા દૂર થાય છે.

**શાસ્ત્રપરીક્ષા માટે:** શાસ્ત્રમૂઢતા દૂર કરવા માટે સમન્વયની દૃષ્ટિ હોવી જોઈએ તેમજ સત્યાગ્રહી વૃત્તિ હોવી જોઈએ. શાસ્ત્રપરીક્ષા માટે:—(૧) પરમગુઢ પરોક્ષતા, (૨) પરિસ્થિતિ પરિવર્તન, (૩) શબ્દ–પરિવર્તન, (૪) અર્થ–પરિવર્તન અને વિકાસ અને (૫) સમાજનો વિકાસ એ કારણોની દૃષ્ટિએ વિનયપૂર્વક **શાસ્ત્રપરીક્ષા** કરવાથી શાસ્ત્રમૂઢતા દૂર થઈ શકશે.

☆

## ચર્ચા – વિચારણા

**શ્રી. પૂંજાભાઈ**એ ચર્ચા – વિચારણાનો પ્રારંભ કરતાં કહ્યું: "બુદ્ધિના ઊંડાણમાં જઈને લોકહિત માટે ઋષિમુનિઓ શાસ્ત્રો રચતા ગયા. પણ એક તરફથી અધ્યાત્મની દિશા ખેડાવા લાગી તેમ બીજી બાજુએ અર્થ – કામની દિશા પણ ખેડાવા લાગી. પરિણામે વિરોધની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાતો થવા લાગી; અને પોતપોતાનાં સંપ્રદાયો, વાડાઓ બંધાવા લાગ્યા. મારા મતે તો તે અંગે ખૂબ વિવેક રાખવો જોઈએ. મોટા અર્થમાં તો ધર્મશાસ્ત્ર તે કહેવાય જે વિશ્વના માનવોને એક કરી નાનાં મોટાં પ્રાણીઓની દયા તરફ ખેંચી જાય.

શાસ્ત્રોમાં ઘણું અંતર છે. કયાં જ્યોતિષ અને કયાં ગીતા ? લોકોની અનુકૂળતાએ જોશી મહારાજ મુહૂર્ત જુએ ! ગિર પ્રદેશમાં પછાત વર્ગમાં ભૂવો બોલે તે શાસ્ત્ર ! અર્થશાસ્ત્ર અને કામશાસ્ત્ર પણ ખરાં ! આમાં મૂળ શાસ્ત્ર જાય નહીં અને અ-શાસ્ત્ર હોય તો શાસ્ત્રમાં ન ખપી જાય તેમ બન્ને બાજુથી જોવાનું રહેશે ! મતલબ કે શાસ્ત્ર-શ્રદ્ધા તૂટે નહીં અને શાસ્ત્રમૂઢતા ન પ્રવેશે, તે અંગે તકેદારી રાખવી પડશે."

**શ્રી. ચંચળબેન :** "આ વ્રત પાળવાથી અર્થલાભ, સંતાનલાભ વગેરે સૂચવનારાં શાસ્ત્રોનું રૂપ ગૌણ બનાવી આ વ્રત પાળવાથી વ્યક્તિ, સંસ્થા, સમાજ અને સમષ્ટિનું રૂપ સ્વસ્થ થશે – તેને મુખ્યતા આપવી પડશે."

**શ્રી. બળવંતભાઈ :** "દયાનંદ સરસ્વતીએ કહ્યું તેમ પોતાની મહત્તા દેખાડવા માટે જોશાઓએ સંભવ અને અનુમાન પેદા કર્યાં છે. તેથી તેઓ બંધાય નહીં, પણ જનતા વહેમાય; અને વધારે પૈસા પડાવી શકાય !

બીજાં શાસ્ત્રો સાથે પણ પૈસા પડાવવાની કરામતો તો લાગુ જ છે. ભાગવત ઉપર રેશમી કપડું અને રૂપાનું નાણું હોવું જ જોઈએ. વંચાઈ ગયા પછી આરતી કે બોલી વડે પૈસા ભેગા કરાય છે. કથા-વાચકનું પેટ ભરાવું જોઈએ પણ નિયમિતરીતે વધારે પૈસા પેદા કરવાનો તે કીમિયો ન થવો જોઈએ.

શાસ્ત્રમૂઢતા કેવળ પછાત કે અભણ વર્ગમાં છે એમ નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શિક્ષિત વર્ગમાં પણ છે. મારાં એક સંબંધીને ત્યાં પુત્રજન્મ થયો એટલે પાવૈયા ત્યાં આવી પૈસા વગેરે લઈ ગયા કારણ કે બહુચરામાતા શાંત થાય !

તેલંગાણુમાં ભૂદાન થયું તો ભણેલા–ગણેલા સામ્યવાદીઓ પુસ્તકો જોવા લાગ્યા કે સામ્યવાદમાં આ વસ્તુનો ઉલ્લેખ કેમ નથી. તેમને ક્યાંથી ખ્યાલ હોય કે ઐચ્છિક દાન તો ભારતની સંસ્કૃતિનો ગુણ છે. તે તેમને પાશ્ચાત્ય સંસ્કૃત્તિ અને તેમાં પણ સામ્યવાદની ફિલસુફીમાં તો નહીં જ મળે. એટલે આ શિક્ષિત જડતા તો એવી છે કે તેમાં સંશોધનની તૈયારી હોતી જ નથી. કેવળ જડતા કે આંધળી શ્રદ્ધા એ પણ એક પ્રકારની શાસ્ત્રમૂઢતા જ છે તેને દૂર કરવી જ રહી !"

**પૂ. દંડીસ્વામી :** "જ્યોતિષનું તો એવું છે કે નવાણું ટકા ખોટું પડવા છતાં લોકોને તેનું એવું બંધાણ પડ્યું છે કે તે છૂટતું નથી. આજે દેવમૂઢતા, ગુરુમૂઢતા, શાસ્ત્રમૂઢતા—બધા પ્રકારની મૂઢતા વધી ગઈ છે. શાસ્ત્રમાં રોચક, ભયાનક અને યથાર્થ ત્રણે પ્રકારના ભાવોનું વર્ણન આવે છે તેમાંથી યથાર્થ ભાવ તારવવો જોઇએ.

વેદને અપૌરૂષેય કહ્યું છે તેનું કારણ એ છે કે તે એ કોઈ વ્યક્તિવિશેષની રચના નથી પણ અનેક ઋષિ–મુનિઓની શોધનું પરિણામ છે. તે વેદ ઉપર પણ અન્ય ધર્મનો પ્રભાવ નથી પડયો કે તેમાં સંશોધનો થયાં નથી, તેમ ન કહી શકાય.

પુરાણો ગુપ્તકાળમાં થયા. તેમાં મને શિવપુરાણ ઘણું પ્રાકૃત લાગ્યું. તે ભાગવત પુરાણ જેટલું લોકમાન્ય ન થયું. પણ તે બધા અંગે સત્ય સંશોધનની વૃત્તિ રાખીને વાંચન થવું જોઈએ. તો જ શાસ્ત્ર–મૂઢતા દૂર થઈ શકે."

**શ્રી સુંદરલાલ :** સત્ય–સંશોધન કરવા માટે તો પ્રાણ, પરિગ્રહ અને પ્રતિષ્ઠા હોમવાની અને તાદાત્મ્યપૂર્વક તટસ્થતાની સાધના કરનારની જરૂર છે !"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**શ્રી બ્રહ્મચારીજી :** સંશોધન–દષ્ટિ હશે તો જે શાસ્ત્રોમાં સત્ય હશે તે ટકી રહેશે !

**પૂ. નેમિમુનિ :** "એકલાં શાસ્ત્ર વડે ધર્મનો નિર્ણય કરવા જતાં ધર્મહાનિ થશે. એટલે દ્રવ્યક્ષેત્ર કાળભાવનો સુમેળ સાધીને નિર્ણય કરવો જોઈએ. નહીં તો શસ્ત્રને પણ શસ્ત્ર બની જતાં વાર નહીં લાગે.

ઉત્તરાધ્યયન જૈન સૂત્રમાં કહ્યું છે કે શસ્ત્રને ઊંધું પકડવામાં આવે તો તે પકડનારને મારી શકે છે. મતલબ કે શાસ્ત્ર જો યોગ્ય રીતે ન જોવાય તો ધર્મ હાનિકારક નીવડે છે.

એક રીતે કહીએ તો શાસ્ત્ર બે પ્રકારનાં છે:—(૧) અલૌકિક (૨) લૌકિક : ગણિત વિજ્ઞાન વ. શાસ્ત્રો લોકવહેવારમાં ગોઠવાયેલાં છે તે લૌકિક છે પણ ધર્મ શાસ્ત્રો અલૌકિક છે. તે છતાં અલૌકિકનું દ્રવ્યક્ષેત્ર કાળ ભાવના વિવેક સાથે સંશોધન કરી શકાય છે, તો લૌકિકને ફેરવાય તેમાં નવાઈ શી છે! જો શાસ્ત્રોના અક્ષરો જ પકડીશું અને ભાવાર્થને નહીં પકડીએ તો અનર્થ જ થશે. એ રીતે આજે અનર્થ થવાથી જ ઝઘડા થયા છે.

ગાંધીજીને પંડિતો કહેવા લાગ્યા : "અસ્પૃશ્યતાનું વિધાન ધર્મ શાસ્ત્રોમાં છે !"

ગાંધીજીએ સાફ કહ્યું : "હૃદયશાસ્ત્રથી જે વિરૂદ્ધ જતું હોય તે ધર્મશાસ્ત્ર હોઈ શકે નહીં !" અને ખરેખર એવા પંડિતો પણ નીકળ્યા કે જેમણે હૃદયશાસ્ત્રને અનુરૂપ ધર્મશાસ્ત્રોમાંથી અર્થ કાઢીને બતાવ્યો કે અસ્પૃશ્યતાનો નિષેધ જ છે.

ટુંકમાં—"आर्यं संदधीत न तु विघयुयेत् ॥"—પ્રમાણે બધાં શાસ્ત્રો સાચાં ગણો પણ તેને આત્મલક્ષી અને સમાજલક્ષી અર્થ સાથે તાળો સાધનારૂં સંશોધન સતત કરતા રહો !"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પૂ. મુનિશ્રી સંતબાલજી :** "મારા નમ્ર મતે તો શ્રીમદે કહ્યું છે કે, "સર્વજ્ઞ ભગવાન જાણે જે અનુભવે છે તે પૂરેપૂરું કહી શકતા નથી !" એટલે કે સર્વજ્ઞની વાણી પણ સંપૂર્ણ જ્ઞાનને આવરી શકી નથી; કારણ કે તે સાધ્ય નથી; સાધન છે. એટલે શાસ્ત્ર ઉપર સર્વજ્ઞપણાનું આરોપણ થઈ શકે નહીં. તો શું કરવું ? ત્યાં શંકરાચાર્યના વિવેક ચૂડામણિનાં એ વાકયો યાદ રાખવાં જેવાં છે કે "જૂના અનુભવી પુરુષોનાં વચનોરૂપી શાસ્ત્ર, વર્તમાનના અનુભવી પુરુષોનાં અનુભવ યુક્ત વચનો અને આપણી સદ્‌બુદ્ધિ એમ ત્રણેય મળીને જે કાર્ય થાય તો શાસ્ત્રશ્રદ્ધા સચવાઇ રહે અને શાસ્ત્રમૂઢતા દૂર થઇ જાય !"

(૨–૯–૬૧)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# લોક – મૂઢતા

લોકમૂઢતાનો સીધોસાદો અર્થ એ છે કે વગર સમજે, વગર કારણે કોઈ પણ લોકાચારનો મોહ, સ્વાર્થ, અજ્ઞાન, લોભ કે ભયના કારણે કરવો અથવા પૂર્વગ્રહ કે અહંકારવશ ખોટો પક્ષપાત કરવો, એ લોકમૂઢતા છે. લોકાચારમાં, એટલે સમાજ, જ્ઞાતિ કે સંસ્થાના રીતિ-રિવાજો, શિષ્ટાચારો, ખાન-પાન, રહેન-સહન તેમજ વેશભૂષાના નિયમો, કે જન્મ-લગ્ન-મરણ વગેરેની પ્રથાઓ-વિગેરે લૌકિક વિધિઓનો સમાવેશ થાય છે.

જ્યારે કોઈ લોકાચાર ઘડવામાં આવે છે ત્યારે તેની પાછળ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુરૂપ કોઈ ખાસ કારણ હોય છે પણ, આગળ જતાં તે કારણ રહેતું નથી અને લોકો "બાપદાદોં સે ચલી આતી હૈ" જેમ આંધળું અનુકરણ કરે છે, ત્યારે લોકમૂઢતા ઊભી થાય છે.

એટલે જ આપણે પ્રાર્થનામાં બોલીએ છીએ :—

**નાતજાતના ભેદ અમોને લેશ નથી કાંઈ આભડતા,**
**દેશવેશના શિષ્ટાચારો વિકાસ માટે નહીં નડતા...!**

"અમારી માનેલી આ પ્રથા છે જે અમે અપનાવી છે માટે એ શ્રેષ્ઠ પ્રથા છે." એવી રીતે કોઈ પણ લોકાચારનો આંધળો નિર્ણય કરવો, એ પણ લોકમૂઢતા છે. તેવી જ રીતે અન્યના લોકાચારો અંગે વગર વિચારે વાંકુ બોલવું કે ચીડાયેલા રહેવું તે પણ લોકમૂઢતા છે. આના કારણે પહેલા પ્રકારની લોક મૂઢતાથી પોતાના લોકાચારમાં રહેલા દોષો જોઈ શકાતા નથી અને બીજા પ્રકારની લોકમૂઢતાથી અન્યના લોકાચારમાં રહેલી સચ્ચાઈ, ભલાઈ કે વિકસિત તત્ત્વ જોઈ શકાતું નથી.

વેશભૂષામાં સ્વચ્છતા, સગવડ, સાદાઈ, અહિંસા વગેરેનો વિચાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવો જોઈએ. તેજ રીતે ખાનપાનમાં સ્વચ્છતા, રુચિ, સ્વાસ્થ્ય જાળવણુ અને નિર્દોષિતા ( પ્રાણી-હિંસા જન્ય ન હોય ) વગેરેનો વિચાર કરવો જોઇએ. તેના બદલે બ્રાહ્મણના હાથનુ બનેલું જ પવિત્ર અને અન્યના હાથનું બનેલું અપવિત્ર, એમ માનવું એ લોક–મૂઢતા છે.

**લોકાચાર કેવો?:** લોકાચાર બુદ્ધિ–સંગત હોવો જોઈએ. સારા અને સર્વમાન્ય લોકાચારને ઘણા લોકો "જૂનો છે" એવા પૂર્વગ્રહના કારણે તરછોડે છે અને નવીનતાના પ્રવાહમાં તણાઇને હાનિકારક પ્રથા ઊભી કરે છે; તે પણ લોકમૂઢતા છે.

મારવાડમાં કેટલાક લોકોએ આધુનિક ઢબે લગ્ન કરવાનું નક્કી કર્યું. તેમણે લગનમાં થતા કેટલાક ખોટા ખર્ચ છોડયા, એ તો બરાબર હતું પણ તેમણે બેન્ડ–વાજા અને અન્ય આડંબરમાં વધારે ખર્ચ કર્યું તે બરાબર ન હતું.

એના જેવું આજે થાય છે કે લોકો ઘરેણાં વગેરે પહેરવાનો ત્યાગ કરે છે પણ તેના બદલે નાઇલોન, ટેરેલિનના કપડાં, સ્નો, પાઉડર, લાલી–લિપ્સ્ટીકનો ઉપયોગ કરે છે, તે એક દોષ કાઢી, બીજો દોષ પેદા કરવા સમાન છે.

તો પ્રશ્ન એ થાય છે કે કયો લોકાચાર પાળવો અને કયો ત્યાગવો ? સામાન્ય રીતે જેનાથી સત્યદષ્ટિમાં કોઇ આંચ ન આવે અહિંસાદી વ્રતોનું પાલન બરાબર થાય; જે સ્વ–પર–હિતમાં બાધક ન હોય, વાત્સલ્ય કે સાચા વિકાસને રૂંધનારો ન હોય, તેવો લોકાચાર પાળવો જોઈએ.

**પુરાણપંથીપણું :** ઘણા લોકાચારો ભૂતકાળમાં ઉપયોગી હતા. પણ આજે નથી તો તેમાં સુધારો–વધારો કરવો જોઈએ. ઘણા લોકો એની વિરૂદ્ધમાં એમ કહે છે :—"શું અમારા બાપદાદાઓ મૂર્ખ હતા તેમણે ચલાવ્યો તે રિવાજ સારો જ છે!"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાપદાદાઓ ઉપકારી હોઈને તેમણે તે કાળે કોઈ વાત ચાલુ કરી પણ તેનો અર્થ એ નથી કે તેઓ વિદ્વાન પણ હતા; અને સર્વકાળનો વિચાર કરીને ચાલનારા હતા; અથવા તેમનો રિવાજ શાશ્વતરૂપે લાભદાયક હતો. આજે જે જૂના રિવાજો લાગે છે તે પણ એક કાળે સુધારા રૂપે જ હતા; પૂર્વજોએ તેની અગાઉના લોકાચારોમાં સંશોધન કર્યું હોવું જોઈએ; તો પછી આજે સમય બદલાયો છે તો બાપદાદા-ઓના નામની દુહાઈ આપીને સુધારાથી વિરૂદ્ધ થવું હઠાગ્રહ ગણાશે જે લોકમૂઢતાને પોસશે.

એક ગામમાં પાણીની ઘણી તકલીફ હતી. એક પરોપકારી ડોસા સજ્જને કૂવો ખોદાવ્યો. તેમાં ખારૂં પાણી નીકળ્યું. પણ તકલીફના સમયે બધાને તે ફાવી ગયું. પેલા પરોપકારી ડોસા ગૂજરી ગયા. પછી બીજા ભાઈએ એક કૂવો ખોદાવ્યો. તેમાં મીઠું પાણી નીકળ્યું. ગામના લોકો મીઠું પાણી પીવા લાગ્યા; પણ પેલા ડોસાના દીકરાઓ તો ખારૂં જ પાણી પીતા હતા. લોકોએ તેમને કહ્યું :—"હવે તો મીઠું પાણી મળે છે ને!"

તેમણે કહ્યું : "અમારા બાપદાદાએ કૂવો ખોદાવ્યો છે તેનું શું?"

લોકોએ કહ્યું—"એનો અર્થ એવો તો નથી કે મીઠું પાણી મળે તો ન પીવું!"

કથાકાર આગળ ઉપર કહે છે :—

यस्यास्ति सर्वत्र गतिः स कस्मात् स्वदेशरागेण हियाति नाशम् ।
तातस्य कूपोऽयमिति ब्रुवाणाः क्षारं जलं कापुरुषाः पिबन्ति ॥

—જેની સર્વત્ર ગતિ છે તે પોતાના દેશ–મોહ (વેશ–પરંપરા કે લોકાચાર)ના કારણે શા માટે ત્યાં જ મરે? બાપાનો ખોદાવેલો કૂવો છે, માટે ખારૂં પાણી પીવું, એ તો કાપુરુષોનું કામ છે.

**લોકાચારની પકડ :** ઘણી વાર એવું થાય છે કે લોકાચારને પકડીને બેસી જવાય છે કે તેની પકડ ધાર્યા છતાં પણ છોડી શકાતી નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અગ્રવાલજ્ઞાતિમાં પંચવારા ગોત્રમાં એવો રિવાજ છે કે લગ્નમંડપમાં વરવધૂ હોય ત્યારે તે જ વખતે માણસો કન્યાને ખાટલામાં નાખીને દોડતા દોડતા એ રીતે લઈ જાય જાણે કે ઠાઠડી ન હોય! કન્યાનાં હાડકાંપાંસળા ઢીલાં થઇ જાય. વરને પણ ઘોડે બેસાડીને જંગલમાં લઈ જાય. ત્યાં પીપળાનાં ઝાડ નીચે બન્નેનાં લગ્ન થાય.

આ રીત કઈ રીતે ચાલુ થઈ તે જોઇએ.

એક વાર પંચવારા ગોત્રમાં કોઈને ત્યાં લગ્ન હતા. તેમને ત્યાં જાન આવી. તે જ વખતે એવા સમાચાર મળ્યા કે મુસલમાન સેનાપતિ કન્યાનું અપહરણ કરવા માટે આવી રહ્યો છે. તે સાંભળતાં ખળભળાટ મચ્યો કે શું કરવું જોઇએ? કોઇકે કહ્યું કે "કન્યાને લઇને નાસી છૂટીએ."

વળી શંકા થઈ કે વચમાં પકડાઈ જઈએ તો?

એક અનુભવીએ કહ્યું: "એમ કરો! કન્યાને ઠાઠડી જેમ બાંધીને જંગલમાં લઇ જવી અને વરને ઘોડા ઉપર બેસાડી લઇ જવો. ક્યાંક પીપળો મળે તો મોકો જોઈને લગ્ન પતાવી લેવા!"

સૌને ગળે આ વાત ઊતરી.

તરત એ રીતે કન્યાને જંગલમાં લઈ ગયા અને ત્યાં જ લગ્ન પતાવી લેવામાં આવ્યાં. મુસલમાનો જોતા જ રહ્યા અને ચાલ્યા ગયા. પણ, એ જાતિમાં કન્યાને ઠાઠડી કરીને લઇ જવાનો તે રિવાજ હજુ સુધી ચાલુ રહ્યો છે. જો કે આજે તો મુસલમાનોનો એ રીતે ડર પણ રહ્યો નથી. પણ બાપદાદાની પરંપરા કોઈ બદલવા માંગતું નથી.

બીજી એક જાતિમાં સૂવરનું લોહી છાંટવાનો નિયમ છે. એક વખતે લગ્ન પ્રસંગે મુસલમાનોએ ઘરને ઘેરી લીધું અને તે લોકો કન્યાને તલવારના જોરે લઈ જવા માગતા હતા. એક હોશિયાર માણસે મુસ્લિમ સેનાપતિને કહ્યું: "તમે કન્યાને લઈ જવા માગો છો; તો તે ઠીક છે. પણ અમારામાં એક નિયમ છે. તે પાળી લેવા દો!"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુસ્લિમ સેનાપતિએ ' હા ' કહી.

તરત ત્યાં સુવરને લાવી, તેને કાપી તેનું લોહી કન્યા ઉપર છાંટવામાં આવ્યું. તેનો અર્થ એવો હતો કે સુવરનું લોહી જોઈ કન્યાને નાપાક ગણી મુસલમાનો એને છોડી દેશે.

પરિણામ ધાર્યું આવ્યું અને મુસલમાનો 'નાપાક–નાપાક' કહી કન્યાને છોડીને ચાલતા થયા. તે વખતે આફત ટળી. આજે કોઈ આફત ન હોવા છતાં પણ એ પ્રથાને "બાપદાદાની પ્રથા" કહી લોકો ચલાવે છે.

એવો જ એક વધુ દાખલો છે.

એકવાર લગનપ્રસંગે બિલાડી ઘરમાં આમતેમ ફરફર કરતી હતી. તેને ભગાડવાનો પ્રયત્ન કરવા છતાં તે ન ભાગી. અપશુકન ન થાય તે માટે ઘરની વડીલ બાઈએ તેના ઉપર પિત્તળનું મોટું તપેલું ઢાંકી દીધું.

લગ્ન નિર્વિઘ્ને પતી ગયાં. નવી વહુ ઘરે આવી. તેણે એક ખૂણામાં આ નવું તપેલું જોયું. તે ઉપાડતાં બિલાડીને મરેલી જોઈ. ' ઘરનો કોઇ કાયદો હશે. એમ જાણી તેણે કોઇને કંઇ ન પૂછ્યું અને બિલાડીને ફેંકાવી દીધી.

તેને દીકરો થયો. તેનાં લગ્ન વખતે તેણે બિલાડી મંગાવી અને તેને પરાણે તપેલા નીચે ઢાંકવામાં આવી. નવી વહુએ પણ પોતાના દીકરાનાં લગ્ન વખતે એ જ રીત ચલાવી. એ રીતે ખોટી અંધપરંપરા ચાલુ થાય છે. પણ એના કારણો ઉપર કોઇ વિચાર કરતું નથી. પરિણામે સેંકડો રીતિરિવાજો સમાજમાં ગતાનુગતિકતા અને મૂઢતાના કારણે ચાલુ થઇ જાય છે.

જો પરંપરા પાછળનું તત્ત્વ વિચારાય અને તેને સમજીને પાળવામાં આવે તો જ આવી લોકમૂઢતાઓ દૂર થઇ શકે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સંસ્કાર અને લોકાચાર :**

જે લોકાચારથી પવિત્ર તેમજ સત્ય, ન્યાય અને માણસાઈના સંસ્કારો જાગતા હોય, જે દેશ–કાળ–વિરૂદ્ધ ન હોય અને સર્વ હિતકર હોય તેવા લોકાચારને માનવામાં કોઈ વાંધો નથી. જૈન શાસ્ત્રોમાં એટલા માટે જ લોકાચારો ઉપર વિધિ–વિધાન કરવામાં આવ્યું નથી; કારણ કે જૈન ધર્મે જોયું કે લોકાચાર દેશકાળ–પરિસ્થિતિ પ્રમાણે પલટે છે અને જુદા જુદા પણ હોઈ શકે છે. એટલે તેમણે કહ્યું :—

सर्वं एव हि जैनानां प्रमाणं लौकिको विधिः ।
यत्र सम्यकत्वहानिर्न न स्यात् व्रतदूषणम् ॥

—જૈનો માટે બધા લૌકિક આચારો પ્રમાણભૂત છે. તેમાં એટલું જ ધ્યાન રાખવાનું છે કે તે સમ્યકત્વને બાધક ન હોય કે તેનાથી અહિંસાદિ વ્રતોમાં કોઈ દોષ ન લાગે !

**લોકાચારમાં સંશોધન :**

જૈનોમાં દિગંબર–સંપ્રદાયે તો કેટલાક નવા લોકાચારો શરૂ કર્યા છે પણ શ્વેતાંબરોએ કેટલાકમાં સુધારો કર્યો છે અને કેટલાકને બાદ કર્યા છે તો કેટલાકને માન્ય કર્યા છે. હિંદુઓમાં શ્રાદ્ધની પ્રથા છે. એની પાછળ એ માન્યતા છે કે અહીં બ્રાહ્મણોને જમાડવાથી પિતરોને પરલોકમાં તે વસ્તુ પહોંચી જાય છે. પણ તે વાત જૈનોએ અમાન્ય કરી છે. કારણ કે તે સત્ય શ્રદ્ધાને બાધક છે. પ્રથમ તો એ નક્કી નથી કે પિતરો ક્યાં ગયા ? વળી બ્રાહ્મણોનું પેટ–પિતરોનું પેટ નથી. એટલે એ ખોટી માન્યતા છે. તેમણે શ્રાદ્ધને માન્યતા ન આપી.

એવી જ રીતે અગાઉ વૈદિક કાળમાં લગ્ન પ્રસંગે નરમૂંડ લઈને ચાલવાની પ્રથા હતી. જૈનોને તે વિભત્સ લાગી. ખાસ કરીને આવા મંગળ–પ્રસંગે તેમણે સુધારો કર્યો કે તેના બદલે શ્રીફળ લઈને ચાલવું. આ સુધારો મોટા ભાગે હિંદુઓએ પણ સ્વીકારી લીધો છે. શ્રીફળને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મંગળ ચિહ્ન હવે સહુ માને છે. તે ઉપરથી કડક છે એટલે કે ગૃહસ્થાશ્રમના નિયમોમાં રૂઢ રહેવાનું સૂચવે છે પણ અંદરથી કોમળ, મીઠું અને ઠંડું છે તે જણાવે છે કે બીજાના વહેવારમાં કોમળ રહેવું, મીઠી વાણી બોલવી અને કલેશ વખતે ઠંડા રહેવું. આમ આ સુંદર પ્રતીક બની ગયું છે.

બીજી એક પ્રથા હતી કે લગ્ન–વખતે બળદને મારી, તેનું તાજું ચામડું વર–વધુને લગ્નમંડપમાં ઓઢાડતા. આનું વર્ણન વૈદિક ધર્મગ્રંથ 'ગોભિલ્લગૃહ્યસૂત્ર' વગેરેમાં જોઈ શકાય છે. જૈનોએ જોયું કે મંગળ પ્રસંગમાં આવી બિભત્સ–હિંસા અને ચામડું ઓઢાડવાની પ્રથા ચીતરી ચડાવે તેવી છે. એટલે તેમણે લાલ કપડું દાખલ કર્યું. હવે તો હિંદુઓએ પણ તે પ્રથાને અપનાવી લીધી છે.

એવી જ રીતે જન્મ–લગ્ન–મરણ વગેરેની ઘણી પ્રથાઓ છે. તેમાં સંશોધન–પરિવર્તન કરવાની જરૂર છે. કેટલીક એવી છે તેમાં તથ્ય વિચારવામાં આવે તો તેનું રહસ્ય ઊંડું લાગશે. તેમાં પણ જો કેટલીક નુકશાનકારક લાગે તો તેને છોડવી જોઈએ–નહીંતર સુંદર તત્ત્વ હોય તેને સમજીને ચાલુ રાખવી જોઈએ.

પણ કેટલીક કુરૂઢિઓ તો છોડવા જેવી જ છે. જેમકે બાળલગ્ન, કજોડાં લગ્ન, શુદ્ધ લગ્ન, દિયરવટુ, વર કે કન્યાના પૈસા લેવાં, અથવા સગવડો, દાયજો, કરિયાવર, ઘરેણાં–વસ્ત્રોનું પ્રદર્શન, આ બધી નુકશાનકારક પ્રથાઓ છે.

એવી જ રીતે મૃત્યુ સમયની પ્રથાઓ – મૃતભોજક, રડવું, છાજિયાં લેવા, છાતીઓ કૂટવી વગેરે પણ સદંતર બંધ થવી જોઈએ. એથી મરનારને કંઈ શાંતિ નથી મળતી; પણ કરનારને આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન થાય છે અને દુર્ગતિ મળે છે. મૃતભોજન પાછળ કોઈ કાળે દૂરથી આવતા બધા ભેગા મળે અને ખવડાવવાનો નિયમ બંધાયો હશે; પણ આજે તો મોંઘવારી વધી છે અને પછી ઘણીવાર ઘરમાં કોઈ ન હોઈને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અગરતો માથે દેવું કરીને, ગરીબ હોય છતાં ઘરબાર–ઘરેણાં વેચીને પણ દહાડો (મૃતભોજન) કરવાનો કોઈ અર્થ નથી.

તેવી જ રીતે પર્દાપ્રથા પણ મુસલમાનોના સમયમાં દાખલ થઈ હતી. પણ હવે તે ડર કે કારણ રહ્યાં નથી અને સ્ત્રીઓને એ રીતે ગોંધી રાખીને વિકાસ ન અટકાવવો જોઈએ. સ્ત્રીએ અંગે બીજા પણ અત્યાચારો થાય છે તે બંધ થવા જોઈએ. કોઈને ડાકણ માનીને તેને હેરાન કરવી; વિધવાઓને અમંગળ માનવી તેમજ અન્ય આર્થિક વ. કારણોસર મહિલાજાતિને નીચી ગણવી, તેનો શાસ્ત્ર ભણવાનો કે ધર્મપાલન કરવાનો અધિકાર ઝૂંટવો સ્ત્રીઓની સાથે માર–પીટ કરવી આ બધી મૂઢતા છે.

હવે તો જમાનો વાડાબંધીનો રહ્યો નથી. તે છતાં પોતા અલગ–ચોકા (ચોકખો) માંડવો કે છૂતાછૂતને માનવું એ પણ મૂઢતા છે. એ જ ભંગી-હરિજન જ્યારે સાહેબ (ક્રિશ્ચિયન) બનીને આવે છે ત્યારે એની જી–હજુરી કરતી–એવા કારણોથી લોકોને ધર્મ–પરિવર્તન કરવાની ફરજ પડે છે. ઝડપી વાહનવહેવારોએ દુનિયાને ટૂંકી કરી નાખી છે ત્યાં આવી સંકુચિતતા ન જોઈએ.

આચાર્ય મહાવીર પ્રસાદજી દ્વિવેદી પોતાના ગામમાં હતા. એક પાસી (હરિજન) બહેનને સાપ કરડયો. મહાવીર પ્રસાદજી તે જ રસ્તે આવી રહ્યા હતા. બાઈને રડતી જોઇ, કારણ પૂછ્યું અને તરત પોતાની પછેડીમાંથી પટ્ટો ફાડયો. ચપ્પુથી તે ભાગ ઉપર કાપો :મૂકયો અને જનોઈથી કસીને ઉપર પાટો બાંધ્યો. તે વાતની જાણ ગામમાં થઈ. લોકોએ હોકારો મચાવ્યો. બ્રાહ્મણોને લાગ્યું કે મહાવીરે તેમની ધર્મની નાવ ડુબાડી દીધી. જનોઈ હરિજનબાઈને અડાડી. આવી વાત આજના જમાનામાં લોકમૂઢતા છે. માણસ માણસ વચ્ચે ધૃણા કે ભેદ કરનારી જેટલી પ્રથાઓ છે તે સામાજિક હિંસાજનક છે, એટલે ત્યાજ્ય છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અહીં આપણે લોકપ્રવાહ કે લોકાચારમાં અજ્ઞાન, અવિવેક, અસમજણ, લોભ, સ્વાર્થ, કુસંસ્કારના કારણે જે ખોટી પ્રથાઓ ચાલે છે તેનો જ સમાવેશ કરવાનો છે. તે લોકમૂઢતા છે અને તેને દૂર કરવી જોઇએ.

## કેટલીક ખોટી રીતો:

લોકપ્રવાહમાં પોતાની પ્રતિષ્ઠા મેળવવા ઘણા લોકો ઊંધી વાતો કરે છે. કોઈ એક પંડિત બાવાજીએ એક બાઈને પોતાના બાળકની રક્ષા કરવા માટે ખાનગી મંત્ર આપ્યો કે " જો તું કોઈ ચાર બાળક વાળી સ્ત્રીના મકાનમાં આગ ચાંપીશ તો તારૂં બાળક બચી જશે !" મૂઢ નારીએ તે પ્રમાણે કર્યું. પરિણામે આસપાસના મકાનો બળીને ખાક થઈ ગયાં.

## યંત્ર-મંત્ર તંત્ર

ઘણા લોકો પોતાની દુકાનદારી ચલાવવા, યંત્ર-મંત્ર-તંત્ર દોરા-ધાગા કરે છે. કોઈકની વાત અનાયાસે બને છે તો લોકો એ તરફ આકર્ષાય છે. પણ તેમાં ખરૂં કારણ તો એ છે કે માણસની ઉત્કટ શ્રદ્ધાના કારણે જ એ ફળે છે. જો દૃઢ મનોબળ હોય અને સર્વહિતકારી કાર્ય ઉપર શ્રદ્ધા હોય તો મંત્ર-તંત્ર વગર પણ એ કામ સિધ્ધ થઈ જાય છે.

આત્માની આસપાસ મન અને હૃદયનાં મોટાં યંત્રો છે. તેને સાધી લેવાય તો મોટાં કામો થઈ શકે છે. મારણ-મોહન-ઉચ્ચાટન વગેરે મેલીવિદ્યાઓ તો સ્વપર-હાનિકારક જ છે. મનોબળ ઉપર તેની જરાયે અસર થઈ શકતી નથી.

આજે તો જેમ સ્વરાજ્ય કે સત્યાગ્રહ વખતે " કરેંગે યા મરેંગે "નો મંત્ર જપીને ભારતને આઝાદ કરાવ્યું તેવી જ રીતે સમાજની સર્વાંગી શુદ્ધિ માટે જનમાનસમાં એવા પવિત્ર મંત્રો જપવામાં આવે તો તો હૃદય પરિવર્તન થાય કે સમાજનું વાતાવરણ બદલાય !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**આગાહી, વહેમ અને ચમત્કાર :**

ગ્રહગોચર, આગાહી કે જ્યોતિષના ભવિષ્યફળના આધારે દોરાઈ ધુર્ત લોકોના ચક્કરમાં ફસાઈ જતાં, તેનું, પરિણામ આખા સમાજ ઉપર પડે છે. જ્યોતિષ વડે ગ્રહગણના બરાબર છે અને ભૂગોળની જેમ અસર શરીર પર પડે છે; તેમ ખગોળની અસર પણ પડે છે. તે છતાં સુદૃઢ શરીર અને મનવાળો ભૂગોળ આબોહવાની અસર પોતાના ઉપર થવા દેતો નથી તેમ ખગોળની પણ થવા દેતો નથી. તે આગાહીઓથી સાવધ રહેશે પણ, પૈસા વેડફવાની વૃતિમાં નહીં દોરવાય.

વહેમો પણ લોકમૂઢતાના અંગમાં આવે છે. છીંક, શકુન, સ્વર, મુહૂર્ત વગેરે માનવજીવનના પ્રવાહોને પ્રગટ કરવાનાં ચિહ્નો છે. તેથી વહેમમાં નહીં પડીને માણસે આત્મબળ વધારીને ચાલવું જોઈએ. જેમ આગાહીઓનું છે તેમ વહેમોનું છે તે આત્મબળી માટે ખોટા સાબિત થાય છે.

ચમત્કારો ત્યારે જ ચાલે છે જ્યારે વિત્તૈષણા, પુત્રૈષણા, અને લોકૈષણા હોય. જગતમાં મોટામાં મોટો ચમત્કાર ચારિત્ર્યનો જ છે. ચમત્કારને નામે છેતરપીંડી, સ્વાર્થ અને દુકાનદારી ચલાવાય છે. તેમાં સમજુ માણસોએ દોરાવું ન જોઈએ; ભલે લોકો ગમે તેમ કહે. તેમણે તો એનો ભાંડો ફોડવો જ જોઈએ.

લોકસમાજમાં જે કુરૂઢિઓ, કુપ્રથાઓ, વહેમો, અંધવિશ્વાસો ચાલે છે, તે બધી લોકમૂઢતાથી આપણે બચવું જોઈએ; અને સમાજને બચાવવો જોઈએ ત્યારે જ સમાજને આપણે સાચા માર્ગે લઈ જઈ શકશું.

☆

## ચર્ચા-વિચારણા

પૂ. **દંડીસ્વામીએ** ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું "કેટલીક રૂઢિઓ સચાઈને આંચ આવવા દેતી નથી. પણ તેમાં મૂળ તત્ત્વ સમજીને આચરાય તો વધારે વ્યાજબી થશે. જો કે આજના વિષય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બહારની એ વસ્તુ છે; પણ લોકાચારમાં ચાલે છે. એટલે કે હિંદુઓના લોકાચારની મુસલમાનો ઉપર અને મુસલમાનોના લોકાચારની હિંદુ ઉપરની કેટલીક અસરની વાતો રજૂ કરું છું.

હિંદુઓમાં દેવ-પૂજા અને દર્શન પહેલાં નહાવું-ધોવું આવશ્યક છે તેની ઈસ્લામમાં અસર પહોંચી છે અને નમાજ પહેલાં સાફ થવું જરૂરી છે. આકાશમાં શોધ કરી બીજનો ચંદ્ર જોવો અને પૂજવો એ ઈસ્લામની હિંદુઓ ઉપર અસર છે. તેવી જ રીતે બહુચરાજીમાં કર ઉઘરાવનાર પાવૈયાઓ હિંદુ-મુસ્લિમ બન્ને હોય છે. વૈદિક ધર્મમાં મૂર્તિ કે ત્રિશૂળ કે લિંગ પૂજાય છે પણ બહુચરાજીમાં "વીસાનો યંત્ર" પૂજાય છે. તેની પાછળ મુસલમાનોનાં "તાવીજ" જેવી અસર છે. અગાઉ મંદિરોમાં થાંભલે સાંકળ મૂકાતી તે પણ મુસલમાનોની અસરનું જ કારણ છે. આ બધી વાતો જો સમજપૂર્વક વિચારાય તો હિંદુ-મુસ્લિમ લોકાચાર-એકતામાં તેની અસરનો ઉપયોગ થઈ શકે.

ઘણી વાતોને યુગાનુકૂળ રીતે બદલવી પડશે જેમકે પાણીની અતિ તંગી હોય ત્યાં નહાવું-ધોવું કે પાણીનો વધારાનો વપરાશ ન થાય તે ભલે ધર્મ ગણાય પણ, જ્યાં પાણી પુષ્કળ છે ત્યાં યોગ્ય સ્વચ્છતા જેટલું પાણી વાપરવામાં વાંધો ન હોવો જોઈએ.

જો મૂળમાં વાંધો ન આવે તે રીતે યુગાનુકૂળ પરિવર્તન કરવું પડશે; ન થાય ત્યાં પરાણે કરવું પડશે. તે માટે ધર્મના અસલી અંગો વડે માનવમૂઢતાને હટાવવી પડશે. આ વૈજ્ઞાનિક યુગમાં તર્ક, વિજ્ઞાન અને ધર્મની મૂળ શ્રદ્ધા એનો ત્રિવેણી-સંગમ કરવો પડશે."

**શ્રી દેવજીભાઈ** : "આજે સમાજમાં બે છેડા દેખાય છે. એક તો પુરાણપંથી, જે પુરાણી પ્રથામાંથી બહાર નીકળવા માંગતો નથી અને એક છે નવીનતાવાદી જેને જૂનું કંઈ ગમતું નથી. કચ્છના એક દંપતિનો દાખલો આપું. પતિ આફ્રિકામાં પશ્ચિમી ઢબે રહ્યા અને પત્ની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કચ્છના જૂના ચીલાએ ચાલ્યાં. પરિણામે આજે પેન્શન ઉપર ઉતરવા સમયે છતી સંપત્તિએ બન્ને દુઃખી છે.

આગળ મા-બાપો પ્રેરક બનતાં; પતિ-પત્ની સાદાઈથી રહી સ્નેહ-સેવાના સંસ્કારો બાળકોમાં રેડતાં. તેથી સંતાનો પૂરક બનતાં. તે વખતે શ્રદ્ધા વધારે, તર્ક ઓછાં. પણ આજના વિજ્ઞાનયુગમાં તે વાત ઉલટી થઈ છે. તેથી મૂળતત્વોને ચુસ્ત રહીને, ધર્મ-વિહિત દરેક રિવાજોમાં શ્રધ્ધા ઉત્પન્ન થાય તેવું મૂઢતારહિત વાતાવરણ ખડું કરવું પડશે."

**શ્રી પૂંજાભાઇ :** "આજના ઘણાખરા લોક-રિવાજો પાછળ જેમ ઈતિહાસ હોય છે તેમ ઘણીવાર તુક્કાઓ પણ હોય છે. જાડેજા રાજપૂતોમાં ખાંડા મોકલવાનો રિવાજ હતો; કારણ કે મુસલમાનો તે વખતે કન્યાઓનું અપહરણ કરતા. પણ, આજે તેની જરૂર નથી. તેનું કારણ ઇતિહાસ-પ્રધાન છે પણ ઘણી ક્રિયાઓ તુક્કા રૂપે જ શરૂ થાય છે. દૂધરેજ મંદિરના મેળા વખતે મને થયું કે ચાલ એક તુક્કો શરૂ કરું. મેં એક આખલાને બથ ભરી; બીજા રબારીઓએ પણ તેમ કર્યું. આવી બધી ક્રિયાઓમાં સંશોધન થવાની જરૂર છે."

**શ્રી. બળવંતભાઇ :** "શંકરાચાર્યે કહ્યું છે તેમ જે ક્રિયાઓ એક કાળે ધર્મ હોય છે પણ તેમાં સંશોધન ન થતાં તે જ ક્રિયાઓ કાળાંતરે અધર્મ પણ બની જાય છે. ઘણીવાર પોતાનો સ્વાર્થ સાધવા પણ મંત્ર-જંત્ર-તંત્ર અને દોરા-ધાગા ચાલુ રખાય છે. લોકોને કહીએ તો કહે છે કે શું વડવાઓ ગાંડા હતા. આવી મૂઢતામાં પુરાણપંથી જ નહીં નવા-ભણેલાં પણ રાચે છે.

સૂતકમાં બધા માને છે પણ, આજે કાળાંબજાર, લાંચરૂશ્વત તેમજ અપ્રમાણિકતાનાં જે સૂતકો લાગ્યાં છે તેને કોણ કાઢશે? ગુરુ નાનક કહે છે કે "પુસ્તક પઢે પણ શું થાય, જ્યાં મોઢે કડવી વાણી હોય!" ગુરુનાનકે લોભ, નિંદા વગેરેને સૂતકો ગણાવીને દૂર કરવા કહ્યું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રાદ્ધમાં પણ ઘણા માને છે. સ્વામી દયાનંદ કહે છે કે સત્યને પકડવું એ શ્રદ્ધા છે અને સત્ય–આચરણ કરવું; એ જ ખરું, શ્રાદ્ધ છે. તર્પણ એટલે પ્રસન્નતા આવે તે વહેવાર !

આ બધી મૂઢતાને તો ફટકા લગાડવામાં આવે તો જ જાય. સંત તુકારામનો દીકરો માંદો પડ્યો. પત્નીએ કહ્યું, "માનતા કરો !"

તુકારામે કહ્યું : "મારા પાંડુરંગની જ હું માનતા કરું છું !"

છોકરો મરી ગયો ત્યારે કહ્યું : 'રડતા કેમ નથી ?'

તુકારામે કહ્યું : "આવા કોટિ – કોટિ મરી ગયા ! કોને રડું અને કોને ન રડું ?

સંતોએ આવી રીતે જાતે આંચકા ખાઈ સમાજને દ્રષ્ટાંત આપવા પડશે તો જ મૂઢતા દૂર થશે !"

**પૂ. મુનિશ્રી સંતબાલજી :** "સત્ય અને વ્રતોમાં હાનિ ન થતી હોય ત્યાં લગી મૂઢતાને જ બધા દોષોનું કારણ માની, બહુ ગંભીર વિચાર એના વિષે કરવો તે થડ–મૂળ છોડી પાંદડાનો વિચાર કરવા જેવું થશે. માત્ર બૌદ્ધિક, સત્તાવિષયક અને ધનવિષયક પ્રતિષ્ઠા તૂટે અને શ્રમ, સેવા તેમજ નીતિને પ્રતિષ્ઠા મળે તો મૂઢતાનું જોર નરમ પડી જશે. આજનો યુગ ઝડપનો યુગ છે; તેમજ સમગ્ર વિશ્વને નજર સામે રાખીને વિચાર કરવાનો યુગ છે; તે ન ભૂલવું જોઈએ.

આજે ધર્મગુરુઓ અને બ્રાહ્મણો વગેરેને જો ઊંડાણથી જોશું તો તેઓ સત્તા, ધન અને બુદ્ધિવાદના પ્યાદારૂપે પ્રાયઃ નજરે પડશે. આટલા ઉપરથી જ તમને મૂળ રોગની કલ્પના આવી જશે. એટલે વિચાર ચોમેરનો ભલે કરીએ; પણ ધ્યાન તો મૂળ રોગ – નિવારણ કરવામાં જ રાખવું પડશે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી બ્રહ્મચારીજી "વિવેક નથી રહેતો ત્યાં સાચું અનુકરણ પણ મૂઢતામાં પરિણમે છે. ભૈરવબાટી સ્થળ ઉપર લોકો પથ્થર ઉપર પથ્થર મૂકે છે. શા માટે? એનો જવાબ આ રીતે મળે છે કે અહીં કેદારનાથ જેટલે દૂર આવ્યા છીએ તો વધારે સોનું મળે, પરભવમાં સારાં મકાનો મળે, આવી કામના ત્યાં કરાય છે. ટુંકમાં આ લોક કે પરલોકની સ્થૂળ સંપત્તિ માટે જ આ બધું થાય છે.

આ ઉપરથી લાગે છે કે લોક પરલોકની બાબતમાં જે ચીજોને સામાજિક પ્રતિષ્ઠા મળે છે તે પરત્વે જ મૂઢતાને ટકવાનો અવકાશ રહે છે.

(તા. ૨૯-૯-૬૧)

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# આસ્તિકતા – નાસ્તિકતા

દર્શનવિશુદ્ધિ માટે આપણે જુદી જુદી મૂઢતાઓ ઉપર વિચાર કરી લીધા બાદ વિચાર–મૂઢતા તરફ આવીએ. ઘણીવાર વિચારો એટલા બધા આપણા મસ્તક ઉપર દૃઢ થઈને પડ્યા રહે છે કે આપણે સ્પષ્ટ દર્શનને પામી શકતા નથી.

દર્શનશાસ્ત્રોમાં સ્પષ્ટતા અંગે એક શબ્દ બહુ જ પ્રચલિત છે તે છે 'આસ્તિક' તેવી જ રીતે તેના વિરોધરૂપે એક શબ્દ દેખાય છે તે છે 'નાસ્તિક.' આ શબ્દોની ઉત્પત્તિ અને તેની પાછળ જે વિચાર–પ્રવાહ ગુંથાતો ચાલ્યો આવે છે; તેનો લાંબો ઇતિહાસ છે; જેની આસપાસ બધાં દર્શનો રચાયેલાં છે. દરેક દર્શન પોતાની રીતે પોતાને જ સત્ય મનાવવા પ્રેરે છે. એટલે આ બે શબ્દો – (આસ્તિકતા-નાસ્તિકતા) ની ઉત્પત્તિ, વિકાસ અને ઇતિહાસ તપાસશું તો ઘણી વાતો પોતાની મેળે જ સ્પષ્ટ થઈ જશે.

### આસ્તિક એટલે ?

આસ્તિક શબ્દ મૂળ તો "અસ્તિ" શબ્દ ઉપરથી બન્યો છે. 'અસ્તિ' એટલે 'જેવું છે તેવું.' જગતનાં જે તત્ત્વો જેવાં છે તેવાં જાણવાં અને માનવાં એ આસ્તિકતા છે. એવી જ રીતે :—

अस्तीति भावो यस्य स आस्तिक :

—'આત્મા છે' એવો જેનો ભાવ છે તે આસ્તિક છે; એવો પણ અર્થ થાય છે. 'अस्तीति मतिर्यस्य स आस्तिक :' એમ પણ પાણિની વ્યાકરણના 'अस्ति–नास्ति दिष्टंमतिः' એ સૂત્રથી આસ્તિક શબ્દ બને છે.

જૈનધર્મમાં :—

वत्थु सहावो धम्मो

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

—વસ્તુનો સ્વભાવ એ ધર્મ છે એ લક્ષણ કરવામાં આવ્યું છે. એમાં પણ આત્માનો જે સ્વભાવ એટલે ધર્મ–તેના ઉપર 'અસ્તિ' એટલે છે, એવી જેની બુદ્ધિ છે તે આસ્તિક છે. એટલે આસ્તિક શબ્દ પ્રારંભમાં આત્માનાં અસ્તિત્વને માનનાર માટે વાપરવામાં આવ્યો.

હવે આત્મા છે તો પુનર્જન્મ છે; આ લોકની જેમ પરલોક પણ છે અને પરલોક છે તો તેનાં કારણો જે શુભાશુભ કર્મો છે તે પણ છે; કર્મો છે તો કર્મમુક્તિ માટેનું આચરણ પણ છે. એટલે આત્માની સાથે પરમાત્મા, પરલોક, પુનર્જન્મ, શુભાશુભ કર્મ વગેરે બાબતો પણ આસ્તિકતા સાથે વણી લેવામાં આવી.

આચારાંગ સૂત્રમાં એટલા માટે જ તેની પરિભાષા વિકાસક્રમ સહિત બતાવી છે:—

जे आयावाई, से लोयावाई

जे लोयावाई से कम्मावाई

जे कम्मावाई से किरियावाई

—જે આત્મવાદી છે તે લોકવાદી છે; જે લોકવાદી છે તે કર્મવાદી છે; જે કર્મવાદી છે, તે ક્રિયાવાદી છે: આમ આત્મા અંગેના સત્ય-જ્ઞાનને આસ્તિકતા સાથે જોડી દેવામાં આવ્યું. અને આસ્તિકતાનો પ્રારંભ આત્મવાદથી થઈને તેનો સાંધો આચરણ એટલે ક્રિયા સાથે જોડી દેવામાં આવ્યો. તેનો એક ઇતિહાસ છે, જે સંક્ષેપમાં જોઈ જઈએ.

## આસ્તિકવાદના વિકાસનો ઇતિહાસ :

આર્ય ઋષિઓએ બહુ જૂના જમાનામાં જ્યારે પુનર્જન્મની શોધ કરી ત્યારે એ વિચારની સાથે જ તેમને કર્મના નિયમો, આલોક અને પરલોકની કલ્પના પણ આવી. એટલે પુનર્જન્મના સિદ્ધાંત સાથે કર્મતત્વ તેમજ ઇહલોક અને પરલોકને સાંકળવામાં આવ્યાં. તેની પાછળ વિચારપૂર્વકનું ચિંતન હતું. ઘણાં કર્મો એવાં હોય છે જે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તાત્કાલિક ફળ નથી આપતાં. એટલે આજે દુઃખી દેખાતા ચારિત્ર્યશીલ માણુસો પ્રત્યે લોકોને શ્રદ્ધા ન રહે અને શંકા થાય કે આ માણુસ ચારિત્ર્યશીલ હોવા છતાં કેમ દુઃખી છે? ત્યારે બીજો માણુસ પાપકર્મો કરવા છતાં યે મોજ કરે છે; તે સુખી દેખાય તેનું કારણુ શું? એનો ઉત્તર જ્ઞાનીઓએ યુકિતપૂર્વક આપ્યો કે આ જીવનનું નાટક એક જ જન્મમાં પૂરું થતું નથી; તે લાંબું ચાલે છે કે ચાલશે! એટલે અત્યારે જે દુઃખી દેખાય છે, એ એના પૂર્વજન્મના પાપકર્મોનું ફળ છે; કાં આજન્મના પૂર્વસંચિત પાપકર્મોને લીધે તે દુઃખી થઈ રહ્યો છે. આજે એ સમભાવે સહી લેશે તો આવતા કાળમાં—કે આ જન્મમાં પણુ ભવિષ્યમાં કે પુનર્જન્મમાં તે સુખી થશે. એવી જ રીતે જે આજે સુખી દેખાય છે. તે પણુ એનાં પૂર્વ-સર્જિત શુભકર્મોનું ફળ છે. પણુ અત્યારે તેને ભૂલીને પાપકર્મો કરે છે તો તેનાં ફળ તેને ભોગવવાં જ પડશે. તે આવતા કાળમાં આજન્મ કે આવતા જન્મમાં તેના ફળ પામશે જ.

દા. ત.—કોઈ એક માણુસે ચોરી કરી. સંયોગવશ તે પકડાયો નહીં. તેને વૈરાગ્ય આવતાં તે સાધુ થયો. ઘણાં વર્ષો બાદ તે ચોરીનો પત્તો લાગ્યો અને તે પકડાયો તેમજ તેને કેદની સજા થઇ. તેણે શાંતિથી તે સહન કર્યું અને તેના સદાચરણુથી તેને જલદી સજામાંથી છૂટો કરવામાં આવ્યો. જેમ આ વૈરાગીને અગાઉ કરેલાં કર્મનું ફળ મળ્યું તેવી જ રીતે પેલા દુઃખી માણુસનું હોઈ શકે કે તેના ગયા જન્મના કર્મો ભારી હોય! તે આ જન્મના વ્રતપાલનથી હેરાન થઇ ગયો છે. એમ માનવાને કોઈ કારણુ નથી.

જો કર્મ, કે કર્મફળની વ્યવસ્થા ન હોય તો માણુસ ગમે તેમ બેફામ કે સ્વચ્છંદ બનીને વિચરી શકે છે. તે પાપ કરતાં સંકોચ જ ન પામે. તે માટે પરલોકની સાથે પાપ-ભીરુતાને પણુ સાંકળી લીધી. આમ આસ્તિકતા સાથે પુનર્જન્મનો સંબંધ ગોઠવાયો. એટલે આસ્તિક સાથે આત્મા, કર્મ, લોક-પરલોક વગેરે સંકળાયા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

### નાસ્તિકતાનો પ્રારંભ :

જો કે આ વસ્તુમાં હમેશાં થોડોઘણો મતભેદ તો રહેતો જ હતો. તે કાળે પણ એક એવો વર્ગ હતો જે કર્મચક્ર કે પુનર્જન્મને માનવા તૈયાર ન હતો. તે વર્ગ પુનર્જન્મવાદી સાથે ચર્ચા કરતો. તે વખતે પુનર્જન્મના સિદ્ધાંતને ન માનનારા વર્ગના તે કાળના વિચારક ઋષિઓએ 'નાસ્તિક' કહીને ઓળખાવ્યો અને તેમણે જાતે પોતાને 'આસ્તિક' કહેવડાવવા શરૂ કર્યું. તે સમભાવી ઋષિઓએ કેવળ ઓળખાણ માટે જ "ન" શબ્દ ઉમેર્યો. તે વખતે એની પાછળ કોઈ કડવાશ ન હતી. આ શબ્દો સહુને ગમ્યા અને અનુકૂળ થઈ ગયા.

### ઈશ્વરની માન્યતા અને વિવાદ :

વખત જતાં ઈશ્વરની માન્યતાનો સવાલ આવ્યો. એક પક્ષ 'ઈશ્વર છે' અને તે જગતનો કર્તા છે એમ માનનારો હતો. બીજો પક્ષ સ્વતંત્ર ઈશ્વર નથી; અને છે તો તેને જગત્-કર્તૃત્વ સાથે સંબંધ નથી એમ માનનારો હતો. આ બન્ને પક્ષો અને તેના અનેક પેટાપક્ષો અસ્તિત્વમાં આવ્યા. ધીમે-ધીમે 'નાસ્તિક–આસ્તિક' શબ્દનો પ્રયોગ ક્રમશઃ અનીશ્વરવાદી અને ઈશ્વરવાદી માટે થવા લાગ્યો. એટલે આસ્તિકતા–નાસ્તિકાનું ક્ષેત્ર પુનર્જન્મથી વધીને ઇશ્વરવાદી અને અનિશ્વરવાદી સુધી લંબાયું.

પોતાને આચાર્ય કહેવડાવનાર ગુરુઓ પાસે બે પંથ હતા. એટલે તે વખતે પુનર્જન્મવાદી હોવા છતાં કેવળ ઈશ્વરને ન માનનારા પક્ષ તરીકે અમૂક માન્યતામાં જુદા પડનાર પોતાના સાંખ્ય–મીમાંસક, ભાઇઓને જુદા તારવવા અંગે 'નાસ્તિક' શબ્દ રૂઢ થયો એ રીતે સાંખ્ય–મીમાંસક, જૈન, બૌદ્ધ એ બધા પુનર્જન્મવાદીઓ એક રીતે આસ્તિક હોવા છતાં, ઇશ્વરકતૃત્વને ન માનતા હોઇને 'નાસ્તિક' કહેવાયા.

### વેદવાદી અને અવેદવાદી :

વખત જતાં શાસ્ત્રના પ્રામાણ્યનો વળી એક બીજો મુદ્દો ઊભો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થયો તે વખતે વેદશાસ્ત્રની પ્રતિષ્ઠા રૂઢ થઇ હતી છતાં પુનર્જન્મવાદી અને અનીશ્વરવાદી એક પક્ષને વેદનું પ્રામાણ્ય પૂર્ણરૂપે સ્વીકાર્ય ન હતું. જ્યારે બીજો મોટો પક્ષ તેને સ્વીકૃતિ આપતો હતો. મનુમહારાજે એટલે જ કહ્યું:

'नास्तिको वेदनिंदकः'

—જે વેદ નિંદક હોય તે નાસ્તિક. વાત એમ હતી કે ઇશ્વરકર્તૃત્વને ન માનનારા, છતાં વેદને માનનારા સાંખ્ય-મીમાંસક લોકોને સમાવી લેવા માટેનું આ વિધાન રજૂ થયું હતું. તેઓ હવે 'આસ્તિક' ગણાવા લાગ્યા, અને હવે કેવળ જૈન અને બૌદ્ધો જેઓ વેદને પ્રમાણ નહોતા માનતા તેઓ જ 'નાસ્તિકપક્ષમાં' રહ્યા.

**સમ્યક્‌દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ**

હવે જૈનો અને બૌદ્ધોએ વેદવાદી અને ઇશ્વરકર્તવ્યવાદી લોકોને પોતાનાથી અલગ ઓળખાવવા માટે આસ્તિક-નાસ્તિકની જેમ 'સમ્યક્‌દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ' શબ્દો વાપર્યા. આ લોકો પુનર્જન્મમાં માનવા છતાં ઈશ્વરના જગત-કર્તૃત્વને માનતા ન હતા. તેમણે પોતાના ઊંડા ચિંતન-મનનને અંતે જાણ્યું કે 'ઈશ્વર એટલે આત્માનું સંપૂર્ણ-સ્વરૂપ; જેને સંપૂર્ણ કર્મોના ક્ષય પછી પામી શકાય છે. એવા 'સિદ્ધાત્માં' દેહરહિત, કર્મરહિત અને અજન્મા હોઈને સૃષ્ટિના સૃજન-વિનાશમાં પડી શકે નહીં. સૃષ્ટિનું નિર્માણ નીતિ અને ધર્મની દૃષ્ટિએ થાય છે અને ઘડતર સંઘ-રચના દ્વારા થાય છે. આ રચનાના ઘડતરમાં દેહ હોવા છતાં દેહાતીત અવસ્થામાં રહેનાર વીતરાગી પુરૂષ જિન બૌદ્ધ કે અવતારને ભલે એક પ્રકારના ઇશ્વર માનીએ; પણ તે એકલો જ આખા જગતનું નિર્માણ-રચના કે ઘડતર-કરે છે તે ન માની શકાય કે તેના દોરે જ જગતના લોકો દોરવાઈ પાપ પુણ્ય આચરે છે; એ યુકિતસંગત નથી.

તે ઉપરાંત તેમણે કહ્યું કે જે સત્ય છે તેને સત્ય માનવું-કેવળ વેદમાં જ સત્ય છે એમ ન માનવું! આગમો, શાસ્ત્રો કે પુરાણો એમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ જ્યાં જ્યાં સત્ય જણાય તેને ગ્રહણ કરનાર એ સમ્યકૂદૃષ્ટિ છે. તેના બદલે અમૂક જ ધર્મ, શાસ્ત્ર કે માન્યતાને નિતાંત સત્ય માનીને ચાલવું; એ મિથ્યાદષ્ટિ છે ભ્રાંતદષ્ટિ છે.

સમ્યક્‌દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ શબ્દો યોજવામાં જૈનો અને બૌદ્ધોએ વૈજ્ઞાનિક બુદ્ધિ વાપરી અને 'આસ્તિક-નાસ્તિક' શબ્દની એક નવી વ્યાખ્યા આવી. આ ઈશ્વરકર્તૃત્વ અંગે તેમના મંથનનો ઊંડો પ્રભાવ વૈદિક લોકો ઉપર પડયો. જેનું સ્પષ્ટ દર્શન 'ગીતા'માં ઠેર ઠેર થાય છે.

## મતભેદમાં સમભાવનો અભાવ અને તેનાં પરિણામો :

પ્રારંભમાં તો જૈનો અને બૌદ્ધોએ, વેદધર્મની વિરૂધ્ધમાં આ શબ્દો સમંભાવ પૂર્વક વાપર્યા; પણ જૈનો અને બૌદ્ધોમાં ઘણી વસ્તુઓ સમાન હોવા છતાં સમન્વય ન હોતો થયો. પરિણામે આગળ ઉપર બન્નેમાં મતભેદ ઉગ્ર થતો ગયો. એટલે જૈનો પોતાને જ સમ્યક્‌દૃષ્ટિ અને બૌદ્ધો પોતાને જ કેવળ સમ્યક્‌દૃષ્ટિ માનવા લાગ્યા. પરિણામે પરસ્પર એકબીજાને તેમણે 'મિથ્યાદૃષ્ટિ' કહ્યા.

## સંપ્રદાયો અને ઉપસંપ્રદાયોમાં કટુતાવૃદ્ધિ :

શબ્દો કોઇ સારા નરસા હોતા નથી; પણ તેની પાછળ રહેલ મધુરતા કે કટુતાના આધારે જ તે સારા નરસા થયા. જ્યારે એક શબ્દ પાછળ કોઇજાતની અહંતા પોષાય કે તે કોઇ તરફ ઘણા પેદા કરનાર બને છે તો તે આગળ ઉપર અંદરોઅંદર ફાટફૂટ પેદા કરનારો સિદ્ધ થાય છે. એવું જ જૈનો અને બૌદ્ધોનું પરસ્પર માટે તો થયું. પણ સહુથી વધુ કરુણ બીના તો એ થઈ કે એક જ જૈનધર્મને માનનારા અલગ-અલગ સંપ્રદાયો એક-બીજાને મિથ્યાદૃષ્ટિ કહેવા લાગ્યા.

નાનપણુથી જ જૈન બાળકોમાં એ સંસ્કારો ભરવા શરૂ થયા કે પોતે માને તેમ અરિહંત દેવને દેવ, જૈનસાધુને ગુરુ અને જૈનધર્મને ધર્મ માને તે સમ્યક્‌દૃષ્ટિ અને તે સિવાયના બધા મિથ્યાદૃષ્ટિ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એવી જ રીતે બૌદ્ધોમાં પણ થયું કે તેમણે બૌદ્ધધર્મ, બુદ્ધદેવ અને બૌદ્ધ સાધુ તથા ઉપાસકોના સંઘને માનનારા સિવાયના બધાને મિથ્યાદષ્ટિ કહેવા શરૂ કર્યા. નાની ઉંમરમાં વ્યક્તિની સમજણ ઊંડી ન હોઇને, ઉપર જણાવેલ સ્થૂળ અર્થો જ બેસાડી શકાય; પણ એ અર્થને વળગીને બેસી રહેતાં, જ્યારે ખરેખર સમજણ વ્યાપક બની જાય ત્યારે પણ દરેક સિદ્ધ કે વિતરાગને દેવ; દરેક સાચા સાધુને સાધુ; કે સત્યધર્મને ધર્મ માનતા પણ મન અચકાશે. પરિણામે અંતે જઇને જે કડવાશ કેળવાય છે તેનું પરિણામ બધા ધર્મો અને દર્શનો વચ્ચે જે તીવ્રમતભેદ છે તેનાથી જોઈ શકાશે. તે ઉપરાંત કયાંક સત્ય અને સારી વાત જાણવા મળતી હશે તો પણ તેનો લાભ નહીં લઈ શકાય.

આ વૃત્તિનો વિકાસ થતાં, જિજ્ઞાસા, વિવેક અને સમજણને તાળાં મારીને સંકુચિતતા તરફ વળાય છે; પરિણામે પરસ્પરમાં સાથે રહેવા છતાં, ઘણી સમાનતા છતાં લોકો ભળી શકતા નથી અને એકુબીજા તરફ સંદેહની નજરે મન હંમેશાં જોતું રહે છે. મુસ્લિમ કે ખ્રિસ્તીની વાત તો દૂર રહી પણ વૈષ્ણવ, શૈવ, બૌદ્ધ અને જૈન સમાજની ઘણી સમાનતા હોવા છતાં સાંપ્રદાયિકતાના કારણે તેઓ એકરસ થઈ શકતા નથી.

આ સંકુચિતતાએ જ્યારે જૈન સમાજમાં પ્રવેશ કર્યો ત્યારે પ્રારંભમાં તો જૈન સિવાય બધાને મિથ્યાદષ્ટિ સમજવાનું શરૂ થયું હતું. પણ આગળ ઉપર જૈન પરંપરાના શ્વેતાંબર, સ્થાનકવાસી, તેરાપંથી અને દિગંબર ફિરકાઓમાં કેવળ પોતાના ફિરકાની માન્યતા સાચી, અને બાકીના ફિરકાને મિથ્યાદષ્ટિ કહેવા શરૂ કર્યા. એટલે આજે ૨૪ તીર્થંકરો, ધર્મતત્ત્વ એક છતાં, ધર્મગુરુઓ, શાસ્ત્રો, તીર્થો, મૂર્તિપૂજા કે અમૂર્તિપૂજા વગેરેના ભેદોના કારણે પરસ્પરમાં ઉપેક્ષા અને ધૃણા કેળવાતી ચાલી; એટલું જ નહીં, અન્ય તરફ માનથી જોવામાં સમ્યક્ત્વનો નાશ ગણવામાં આવ્યો.

એથી પહેલાં બતાવેલ નાસ્તિક અને મિથ્યાદષ્ટિની શ્રેણીમાં વળી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બીજા બે શબ્દો ઉમેરાયા. જૈન શ્વેતાંબર શાસ્ત્રકારોએ જૂના વખતમાં અમૂક મતભેદ ધરાવનાર અમૂક પક્ષોને નિહ્નવ કહેલા. પાછળથી દિગંબર શાખા અલગ પડતાં તેમના માટે 'નિહ્નવ' શબ્દ વાપર્યો. તેવી જ રીતે દિગંબરોએ શ્વેતાંબરોને 'જૈનાભાસ' કહેવા શરૂ કર્યા.

## શબ્દની ઉગ્રતા અને કડવાશ :

સમભાવે વપરાયેલા શબ્દો અંગે પકડ આવતાં કેવું બૂરૂં પરિણામ આવે છે, તેના નમૂનારૂપે એક તરફ જૈનોએ પોતાના શાસ્ત્રોની ટીકાઓમાં કડક પ્રહારો કર્યા; 'આ સર્વજ્ઞ પલાપપાતકિનૂ! દુર્વૈદવાદિન્!...' જેવી ગાળો આપી. બ્રાહ્મણોને 'ધિગ્જાતીયાઃ' એવા શબ્દોથી નવાજ્યા. સર્વજ્ઞવાદની સામે થનારાઓનું કડક શબ્દોમાં ખંડન કર્યું. અનેકાંતવાદી હોવાથી જૈન ધર્મી શાસ્ત્રકારોએ વૈદિક ધર્મ અને વૈદિકધર્મ ગ્રંથોમાંથી સાર તારવવો જોઇએ, તે છતાં તેમણે તારવ્યો નહીં. તેનું પરિણામ એ આવ્યું કે કેટલાક પુરાણોમાં જૈન-બૌદ્ધોની ઉત્પત્તિનાં ખોટાં કારણો રજૂ કરવામાં આવ્યાં. જે મતાંધતાના નમૂના જેવા છે. પાણિનીએ 'શ્રમણ-બ્રાહ્મણમ્' એટલે શ્રમણ બ્રાહ્મણ બન્નેને 'અહિનકુલમ્' એટલે સાપ-નોળિયા'ની જેમ શાશ્વત-જન્મજાત-વિરોધી તરીકે ગણાવ્યા છે. બ્રાહ્મણોએ 'हस्तिना ताड्यमानो कपि न गच्छे जजैन मंदिरम्' એટલે કે ગાંડો હાથી તાડુકીને આવતો હોય તો પણ તેનાથી બચવા માટે જૈન મંદિરમાં ન પ્રવેશે. આમ કહીને કટ્ટરતા વધારી. આમ શ્રેષ્ઠતા સાબિત કરવા માટે જ્યાં સત્યના સિદ્ધાંતોને ગ્રહણ કરવાની જરૂર હતી. ત્યાં 'મારૂં એ જ સત્ય' એ ન્યાયે કડવાશ વધતી ચાલી.

## સ્વધર્મ-સંપ્રદાયો પણ નાસ્તિક :

આ કડવાશનું સૌથી બૂરૂં પરિણામ તો એ આવ્યું કે એક જ ધર્મને માનનારા પણ ભિન્ન ભિન્ન સંપ્રદાયવાળા એકબીજાને હલકા માનવા લાગ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હિંદુ–વૈદિકોમાં શૈવ અને વૈષ્ણવો વચ્ચે એટલો દ્વેષ ફેલાયો કે વૈષ્ણવો કપડું શીવડાવવા માટે દરજીને "કપડું **શીવ**" એમ કહેતા અચકાતા કારણ કે 'શીવ' શબ્દ આવતો. એવી જ રીતે શિવ પંથી '**હે** રામ' બોલવું પાપ ગણતો અને રામ–બોલનારને 'શ્રી કૃષ્ણ' કહેવું આકરૂં લાગવા માંડયું. વૈદિક ધર્મના બીજા સંપ્રદાયોમાં પણ કડવાશ વધી. સ્વામી નારાયણવાળા પોતાની સંપ્રદાયવાળા ને સત્સંગી અને બાકી બધાને કુસંગી ગણવા લાગ્યા. વળી કેટલાક પોતાને મર્યાદી અને બીજાને અમર્યાદી ગણવા લાગ્યા. મથુરા–વૃંદાવન તેમજ અન્ય વૈષ્ણવ-શિવ મદિરોમાં ઢગલા ખડકી તે દ્વારા માત્ર પેટ ભરનાર અને ઘણીવાર તો ભયંકર અનાચાર પોષનાર પંડાઓનો ગોંસાઈઓના પાખંડનો મહર્ષિ દયાનંદે ઉગ્ર વિરોધ કર્યો: "આ ભગવાનની પૂજા નથી પણ ઉદર–પૂજા છે; ભોગપૂજા છે." એવી જ રીતે કાશી અને ગયામાં શ્રાદ્ધ કરાવી તાગડધિન્ના કરનાર પંડાઓને તેમણે વખોડયા. તેથી વેદપુરાણગામી પંડાઓ તથા સનાતનીઓએ સ્વામીજીને 'નાસ્તિક' કહ્યા.

બૌધોમાં પણ હીનયાન અને મહાયાન ફાંટાઓ પડયા. તેમાંથી પણ વધારે ફાંટાઓ થયા અને તે ધર્મ ઉદારતાનો પોતાનામાં પરસ્પર પ્રચાર ન કરી શકયો. પરિણામે ચીનમાં સામ્યવાદ આવ્યો. ચીન–જાપાન અને ચીન–કોરિયા વગેરે બૌદ્ધ–ધર્મી દેશોમાં પરસ્પર યુદ્ધો પણ અટકી ન શકયાં.

જૈનોએ વિશ્વધર્મ બનવા લાયક જૈનધર્મને સંકુચિતતાના દાયરામાં આણી તેની મહાન હાનિ કરી. પરિણામે તેના અનુયાયીઓ ઘટતા જ ગયા અને આજે ગણ્યા–ગાંઠયા લાખોમાં જ જૈન–મતાવલંબી રહી ગયા છે. તેમાં પણ શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, દેરાવાસી એકબીજાને ઉતારી પાડે છે. સહુથી વધુ કરૂણાજનક તો એ છે કે એક જ સ્થાનકવાસી ફિરકામાં પણ પોતાના ઉપસંપ્રદાય સિવાયના અન્ય જૈન સાધુ કે આચાર્યને ન માનવાની વાતને નાનપણથી મગજમાં રેડવામાં આવે છે. એવું જ દિગંબર, દેરાવાસી ફિરકાઓના પેટા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ફિરકાઓમાં જોવામાં આવે છે. મારવાડ, ( રાજસ્થાન ) કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આ વસ્તુએ અતિ ઊંડા મૂળ ઘાલ્યાં છે.

**અન્ય ધર્મો અંગે :**

આ તો હિંદની અંદરના ધર્મોની વાત થઈ. હિંદ બહારના ધર્મોમાં ખ્રિસ્તીધર્મે આસ્તિક-નાસ્તિક માટે વિશ્વાસુ-અવિશ્વાસુ શબ્દો વાપર્યા છે. ઇસ્લામધર્મે મોમિન અને કાફિર શબ્દો વાપર્યા છે. યુરોપના ઇતિહાસમાં એ સ્પષ્ટ જોવા મળે છે કે પોપ અને પાદરીઓ તરફથી પોતાનાથી નજીવી બાબતમાં ભિન્ન મત ધરાવનાર, ભકત કે સંતને રંજાડવાથી લઇને બાળી નાખવા સુધીમાં કોઈ કસર બાકી ન રખાતી. ખુદ ઈશુને પણ આ ધર્મઝનૂની લોકોએ ક્રોસ ઉપર ચઢાવ્યા હતા. આ ધર્મ ઝનૂને તેના કટ્ટર શત્રુરૂપે સામ્યવાદને અને ધર્મને માનનારનું ગમે તે આચરણ ચલાવી લેવા સમાન પૂંજીવાદને જન્મ આપ્યો. કેથોલિક, પ્રોટેસ્ટેંન્ટ અને પ્રોસ્બેરિટીયન ફાંટાઓની આપસની લડાઇઓનો પણ એક ઇતિહાસ છે.

ઇસ્લામધર્મનું મંડાણુ અલ્લાહ અને કુરાન શરીફની આસ્તિકતાથી શરૂ થયું. તેની જે ઉદારતા હતી તે મુસલમાનો એ ન પકડી પરિણામે તેમનામાં ઝનુન આવ્યું જેનો ભોગ ખુદ મુસલમાનો અને વિશેષ રૂપે હિંદુઓ થયા. જો કે પાછળથી મુસલમાનોની બે શાખા શિયા-સુન્નીઓમાં અને સૂફીઓમાં પણ પરસ્પર લડાઇઓ થઈ.

**સ્પષ્ટ દર્શન ન થાય :**

આ બધી વાતો રજુ કરવાનું તાત્પર્ય એજ છે કે જ્યાં ઉદારતા વ્યાપક સત્યને પકડવાની દૃષ્ટિ જ જાય છે ત્યાં સ્પષ્ટ દર્શન થતું નથી. તેનું દર્શન કુવાના દેડકા જેટલું જ રહી જાય છે. તેથી સંતને સંત, ધર્મને ધર્મ અને સત્યને સત્ય ન માનવાની હઠવાદિતા પકડ જમાવતી જાય છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક પ્રખ્યાત મુસલમાનને પૂછવામાં આવ્યું: "ગાંધીજીને તમે કેવા માણુસ માનો છો?"

તેમણે કહ્યું: "બહુ ભલા માણુસ છે, નેક છે, દેશનેતા છે!"

"ઈસ્લામની દૃષ્ટિએ કેવા છે?"

તેમણે કહ્યું: "સહુથી હલકામાં હલકા માણુસ!"

આ છે ધર્મઝનૂન અને સંકુચિતતાના કારણે પેદા થતું અસ્પષ્ટ-દર્શન, જેમાં ઉપરની વાતોને પકડી રાખવામાં આવે છે. બધા ઇન્સાનો અલ્લાહના બંદા છે—ફરજંદ છે તો ગાંધીજી પણ અલ્લાહના બંદા છે અને બધા નેક માણુસો ઈસ્લામની પાસે છે તો ગાંધીજી પણ હોવા જોઈએ છતાં તેમને માન્યતા આપી શકાતી નથી. એવી જ રીતે અસ્પૃશ્યતા—નિવારણ, હરિજન-સેવા વગેરેના ગાંધીજીના કાર્યક્રમથી કટ્ટર સનાતની પંડિતોએ તેમને 'ધર્મનાશક' શબ્દથી નવાજ્યા હતા.

આજે લોકો પોતાને સુધારક, વિચારક કે તર્કપ્રધાન કહેવડાવવું વધારે પસંદ કરે છે; તે અર્થમાં તેમને 'નાસ્તિક' કહેવડાવવું પણ ગમે છે. આજે આસ્તિકો કે સમ્યક્દૃષ્ટિઓ એટલે જુના પુરાણપંથી કે જુજુંવા લોકો જેઓ એક જ દૃષ્ટિએ વિચાર કરે છે તેથી આજના યુવકો તે ધર્મ કે ધાર્મિક લોકો પાસે જવા ઇચ્છતા નથી. વળી આવા ધાર્મિકોના જીવનમાં ન્યાય નીતિ જેવું ઓછું હોવાથી ધર્મ ઉપરથી યુવકોની શ્રદ્ધા ઓસરતી જાય છે. તેથી તેઓ પણ અમૂલ્ય એવા જ્ઞાનના વારસાથી વંચિત બને છે.

દર્શન-વિશુદ્ધિના પેટાળામાં આ બન્ને શબ્દોને લેવાનું કારણ એ છે કે આજે કહેવાતા આસ્તિકો પાસે પણ જેને સ્પષ્ટ દર્શન કહી શકાય તે નથી; તેમજ કહેવાતા નાસ્તિકો-આસ્તિકો પૈકી જેમની પાસે સત્યદર્શન છે તેમને ન માનવાનો દુરાગ્રહ સેવીને જે સ્પષ્ટદર્શન થઈ શકે તેને પણ ધકેલતા જાય છે.

જેઓ ધર્મ ક્રિયાઓ કરે છે પણ જેમનાં જીવનમાં ધર્મયુક્ત વહેવાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોતો નથી તેઓ નાસ્તિકતાના પંથે આગળ ધપે છે. અને બીજાઓને પણ નાસ્તિકતા તરફ જવા પ્રેરે છે; પણ જેઓ આલોક કે પરલોકને માનતા નથી અને સ્વચ્છંદ વિચરે છે તેઓ નાસ્તિક જ છે. બન્ને તરફ ઠેઠ છેવાડે બેસીને જોવાની રીતથી દર્શન વિશુદ્ધ થતું નથી. એટલે સત્યને વિવેકની કસોટીએ કસીને જીવન-દર્શનને સ્પષ્ટ કરીએ એમાં જ સાર્થકતા છે.

☆

## ચર્ચા-વિચારણા

**પૂ. દંડીસ્વામી**એ ચર્ચાનો આરંભ કરતાં કહ્યું : કપિલ અને મીમાંસક ઇશ્વરવાદી ન હોવા છતાં વેદવાદી હોઇને તેઓ આસ્તિક કહેવાયા. યોગદર્શનમાં પુનર્જન્મને માને તે બધાંને 'આસ્તિક' માનવામાં આવ્યા છે. પુનર્જન્મનો વિશાળ અર્થ લઇએ તો સારાં-માઠાં કર્મોનાં ફળમાં જે માને તે આસ્તિક મનાય. આજની ભાષામાં મૂકીએ તો આશાવાદી તે આસ્તિક અને નિરાશાવાદી તે નાસ્તિક. ખરી રીતે તો જેવું છે તેવું કહે તે આસ્તિક કહેવાય. તેની ઉપર "પોતે જે માન્યું તે જ સાચું" એ આધારે જૈન, બૌદ્ધને ખોટા પાડવા જતાં વૈદિકોમાં પણ પરસ્પર વિરોધી કેટલા બધા ફાંટા પડી ગયા છે? વૈદિક ધર્મમાંથી નહીં, નહીં તોયે પાંચસો ફાંટા નીકળ્યા છે. જો સમન્વયની સત્યબુદ્ધિ ન હોય તો સ્પષ્ટ દર્શન થવું મુશ્કેલ છે."

**શ્રી. પૂજાભાઈ :** "વિશ્વાસનું નામ આસ્તિકતા! શંકરાચાર્યના મનમાં પ્રશ્ન થયો "હું કોણ?" અને તેમણે એના ઉપર વિશ્વાસ કર્યો અને ખોટો અહંકાર તજ્યો! આમ જે આત્મવિશ્વાસુ તે આસ્તિક છે. ઘણીવાર બહારથી નાસ્તિક લાગતા લોકો અંદરથી સંપૂર્ણપણે આસ્તિક હોય છે. જેમકે પંડિત જવાહલાલ નેહરૂ ધર્મના તત્ત્વોને વિજ્ઞાનની કસોટીએ કસાયેલાં નહીં જોઈને નહીં માને પણ તેમનાથી વધારે કયો આત્મવાદી, શાંતિવાદી કે માનવતાવાદી આસ્તિક છે?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દયાનંદ સરસ્વતીએ પણ ધર્મને શ્રદ્ધા ઉપરાંત તર્કની કસોટીએ કસ્યો. એટલે અન્યની વાત ન સંભળાય તે નિયંત્રણ ઊઠી ગયું અને અનેક પોગળો – પાખંડો ખુલ્લાં થયાં. હવે તેમાં નમ્રતા, અહિંસા, તથા સર્વધર્મ સમન્વયની વિધેયાત્મક બાજુ ઉમેરાવી જોઈએ.

આજે એક વાત તો જોવામાં આવે છે કે હવે નાસ્તિકો પણ આત્મા અંગે વિચાર તો કરવા લાગ્યા છે. વિજ્ઞાન પણ એ દિશામાં વિચાર કરી રહ્યું છે. આ બુદ્ધિના યુગમાં કોઈ પ્રશ્ન કરે કે તેને નાસ્તિક ન માની શકાય – પણ ધીરજથી તેના પ્રશ્નોનું સમાધાન આપવું એ જ સાચા આસ્તિકોની મુખ્ય ફરજ બની જાય છે.

**શ્રી. બળવંતભાઈ :** "ધર્મીએ તો નાસ્તિકોને આસ્તિક બનાવવાં પડશે. પુરાણોમાં પણ જે ધર્મ – મૂઢતાની વાતો છે તેનું આમૂલ પરિવર્તન કરવું પડશે. ધર્મનું વૈજ્ઞાનિક અને વ્યાપક સ્વરૂપ પકડવું પડશે જેથી તે અનર્થને બદલી અર્થને પ્રેરી શકાશે. પદાર્થ કે તત્વને સમજવા માટે દ્રવ્ય – ક્ષેત્ર – કાળ – ભાવની કસોટી જોવી પડશે."

**શ્રી. ઓઝે :** "મારા મત પ્રમાણે તો સત્ય એ જ આસ્તિકતાનું માપદંડ હોઈ શકે! વિચાર – વાણી અને આચારમાં સત્ય આચરે તે આસ્તિક!

**પૂ. નેમિમુનિ :** જૈનવિચારક વાડીલાલ મોતીલાલ શાહે પોતાના એક લેખમાં જૈનના ચાર પ્રકાર વર્ણવીને આ અંગે વધારે સ્પષ્ટતા કરી છે:– (૧) **જૈનધર્મી**—જેની દૃષ્ટિ પણ સાફ હોય અને આચરણ પણ ધર્મયુક્ત અને શુદ્ધ હોય; (૨) **જૈની**—જેની દૃષ્ટિ સાફ હોય પણ પરિસ્થિતિવશ તે પ્રમાણે આચરી શકતો ન હોય. જે ખામી હોય તેને પોતે જાહેર કરતો હોય, પોતાની ભૂલ કબૂલતો હોય, સુધારવા પ્રયત્નશીલ હોય; (૩) **જૈનમતિ**—જે પરંપરાગત જૈનધર્મને માનતો હોય, ઉપરછલ્લું જૈનત્વ હોય, તે પણ સંકીર્ણસંપ્રદાયગત. બીજા ધર્મ કે સંપ્રદાયને ખોટા કહે અને જ્યાં બીજા ધર્મ કે સંપ્રદાયવાળો કાંઈક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આક્ષેપ કરે કે તે લડવા – મરવા માટે તૈયાર થઈ જાય; રાગદ્વેષ વધાર્યા કરે. ધર્મનું આચરણ પોતાનામાં ન હોય. (૪) જૈનાભાસ—જે ઉપરથી ખરો જૈન લાગે છે પણ રાગદ્વેશને જીતવાને બદલે વધારે એટલે કે જૈનત્વમાં મીંડું હોય. તે ખરા રૂપિયામાં ખોટો ચાલે તેવી રીતે તેનું ચલણ હોય. જેની દૃષ્ટિ પણ સાફ ન હોય અને જેનું આચરણ પણ શુદ્ધ નહોય. આ ચતુર્ભંગીમાં બે આસ્તિક અને બે નાસ્તિક ગણી શકાય.

આ દૃષ્ટિએ દરેક ધર્મીઓને તપાસીને આસ્તિક નાસ્તિક ગણવા જોઈએ. એટલું જ નહીં ખરા આસ્તિકોએ :નાસ્તિકોને પણ આસ્તિક બનાવવા જોઈએ. આજના યુગના આસ્તિકોની તે કસોટી રૂપે ભલે રહે !

આમાં સાધુઓએ સર્વથી મોખરે રહીને સમાજમાં કામ કરવું પડશે; તેમની ફરજ વધારે છે. લોકો આચરણમાં ઢીલા બને અથવા નાસ્તિક બને તો ત્યાં સાધુવર્ગની જવાબદારી ઓછી નથી. તેમણે ધર્મની જ્યોતિને જળહળતી રાખી, જાગૃતિનું ચોમેર વાતાવરણ તૈયાર કરવું પડશે. અનિષ્ટો ફેલાયાં હોય ત્યાં ઇષ્ટોને સ્થાપવા પડશે. એવા આશાવાદીજ આજના યુગના આસ્તિક ગણાશે. તે ચોમેરનાં પ્રલોભનો, કષ્ટો અને ઘોરનિરાશાનાં નિમિત્તો વચ્ચે અડોલ રહીને આત્મપ્રકાશને પ્રતિષ્ઠિત કરશે.

આચારાંગસૂત્રમાં કહ્યું છે !—પ્રથમ આત્માને જાણવો જોઈએ ! આત્માને જાણનારે કે જાણવા ઇચ્છનાર વિશ્વનો વિચાર કર્યા વિના રહી શકશેજ નહીં. એટલે તે આત્મવાદી હોવાની સાથે વિશ્વવાદી અથવા તો લોકવાદી પણ હશે. તે જગતનાં અનિષ્ટોમાં પોતાનો હિસ્સો ગણીને આત્મલક્ષે તેના નિવારણમાં ભળશે. કોઈની મદદની પોતે આશા નહીં રાખે પણ ઊલટો વણમાગે અનિષ્ટોમાં ફસાયેલાંઓની મદદે દોડી જશે એટલે કે તે કર્મવાદી હશે એજ રીતે પોતાનાં અને જગતનાં પ્રાણીઓનાં જન્મ, મૃત્યુ સુખ–દુઃખ, લાભ–હાનિ વગેરે કર્મફળો જાણી તે કઠોર તેમજ કોમળ બન્ને પ્રકારે રહેશે. તેથીજ તે વ્યક્તિગત, સમાજગત અને સમષ્ટિગત કર્મોના નિવારણમાં સતત ધર્માચરણપૂર્વક અનાયાસે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લાગેલો રહેશે. કારણ કે તે દરેક ક્ષેત્રે અને દરેક પ્રાણીએ ધારણ, પોષણ, વર્ધન અને સત્વ સંશોધનને આત્મવત્ જોતો હશે તેથી તે જરૂર જણાતાં ક્રિયા આચરણ કર્યા વિના રહી શકશે નહીં. આ રીતે તે ક્રિયાવાદી પણ હશે. મતલબ કે ચાર ગુણોને તે સામુદાયિક જીવનમાં વણીને પાકો આસ્તિક થશે."

**શ્રી દેવજીભાઇ :** "સાચો આસ્તિક સિંહ વૃત્તિવાળો હશે. તે લાકડીને નહીં પકડે પણ લાકડી મારનારનેજ પકડશે. જગતમાં જે કાર્યો છે તેના ઉપર દોષારોપણ કરી લડવું, ઝઘડવું અથવા બળવું, અકળાવું તે આસ્કિતા નથી. ખરી રીતે તો જે નિમિત્ત-કારણોને મુખ્ય માને છે તે નાસ્તિક છે. :તેના બદલે નિમિત-કારણોને ગૌણ ગણી, ઉપાદાન કારણોને મુખ્ય ગણીએ તે આસ્તિકતા છે. તેથી જ પોતાના પક્ષે નાનામાં નાના દોષને આસ્તિક મોટા ગણાવે છે અને પારકા ગુણને મોટો ગણે છે. પારકો દોષ પોતાનો માની તેના તરફ કઠોર જરૂર બને છે અને તેને નિવારવા તપ આદરે છે અને દૂર કરે છે. તેથી તેને બીજાના દોષો પ્રત્યે ગુસ્સો આવતો નથી, આત્મનિરીક્ષણ સૂઝે છે.

**શ્રી બ્રહ્મચારીજી :** "તત્ત્વની દષ્ટિએ તો આત્માને કંઇ પણ નડતું નથી એટલે એ દષ્ટિએ તો બધા આસ્તિકજ ગણાય. પણ જે આત્માના બહાને અજ્ઞાનવશ યશ, નામ, રૂપ, વગેરે તરફ જુએ છે અને ચૈતન્યભાવ તરફ ગૌણ દષ્ટિએ જુએ છે તે નાસ્તિક છે.

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[ ૧૦ ]

# ઈશ્વરવાદ – અનીશ્વરવાદ

આસ્તિકતા–નાસ્તિકતા ઉપર છણાવટ કરતી વખતે "ઈશ્વરને માને તે આસ્તિક અને ન માને તે નાસ્તિક" એવી એક વ્યાખ્યા કરવામાં આવી હતી. એમાંથી દર્શન માટે એક પ્રશ્ન ઊભો થાય છે કે ઈશ્વર શું છે? તે કોણ છે? ક્યાં છે? કેવો છે? તેવી માન્યતાને શ્રદ્ધાપૂર્વક સ્વીકારવાનું નામ ઈશ્વરવાદ પડ્યું અને ન સ્વીકાર્યું તે વાદ અનીશ્વરવાદરૂપ પ્રચલિત થયો.

**ઇશ્વરવાદનું મૂળ :** હવે આ ઈશ્વરવાદના મૂળને તપાસીએ।

આર્યોએ જ્યારે જુદી–જુદી જગતની વસ્તુઓ જોઈ—સૂર્ય, ચંદ્રમા, તારા, ઋતુ, ગ્રહ, નક્ષત્ર, વિજળી વગેરે. તેની એક પ્રકારની વ્યવસ્થા, પ્રાણી–સૃષ્ટિ વગેરેને જોઈને તેમના મનમાં થયું કે જેમ સંતાન સ્ત્રી–પુરૂષના સંયોગથી પેદા થાય છે, તેમ આ અખિલ સૃષ્ટિને રચનાર, ઉછેરનાર, ઘડનાર અને નિયમન કરનાર કોઈને કોઈ જરૂર હશે? હશે તો તે કોણ હશે?

એમાંથી ઈશ્વરની કલ્પના સાકાર થઈ. લોકો ઈશ્વરને કર્તા, ધર્તા અને નિયંતા માનવા લાગ્યા. પણ તે સાથે જ કેટલીક કલ્પના અને તર્કનો વિકાસ થયો. એમાંથી શંકાઓ ઊભી થઈ કે શું એક ઈશ્વર આટલું બધું કાર્ય કરી શકે? વિચારકોએ કહ્યું કે જો ઘણા ઇશ્વર માનશું તો ગોટાળો ઊભો થશે. ગમે તે ઐશ્વર્યશાળી માણસ પોતાને ઈશ્વર કહેવો શરૂ કરશે। તેથી એક જ ઈશ્વરને માનો—વધુ માનવાથી ઝઘડા થશે અને જગતની માનેલી વ્યવસ્થા ચૂંથાશે. બીજી શંકા એ થઈ કે ઇશ્વર જો આખું જગત જાણતો નહીં હોય તો સંસારને કઇ રીતે રચશે? સર્વજ્ઞાન વગર બનાવવા બેસશે તો ઊંધું–સુધું બનાવી નાખશે. એટલે 'ઇશ્વર સર્વજ્ઞ છે'—'સર્વ વ્યાપક છે' એમ માનવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવ્યું. ત્રીજી શંકા એ થઈ કે જો ઇશ્વર અનિત્ય હશે તો જન્મે-જન્મે નવો ઇશ્વર આવશે. એટલે અગાઉની વ્યવસ્થા પડી ભાંગશે, તે નવો ફેરફાર કરશે. નવા ઠેકાણે તેનું કાર્યાલય રહેશે, આ બધું બંધબેસતું ન હતું એટલે ઇશ્વર નિત્ય છે તે પણ કૂટસ્થ નિત્ય છે; એમ માનવામાં આવ્યું. ચોથી શંકા એ થઈ કે ઇશ્વરને પરતંત્ર કે પરાધીન માનીએ તો તેની આજ્ઞા નહીં ચાલે. એ જેને દંડ દેવા ઇચ્છશે તેને ઉપરનો બીજો ઇશ્વર-અધિપતિ રદ કરશે એટલે તેને સ્વતંત્ર માનવો જોઇએ. આ અંગે સ્યાદ્વાદ-મંજરીમાં આ પ્રમાણે શ્લોક છે :—

कर्तास्ति कश्चिज्जगतः सचैकः
स सर्वगः स स्ववशः स नित्यः

આમાંથી ઇશ્વર અંગેની કલ્પના " कर्तुमकर्तुमन्यथाकर्तुं वा समर्थः " (કરવા નહીં કરવા કે અન્યથા કરવા, જે સમર્થ છે) એ રીતે ફલિત થઇ, ઇશ્વર જગતનો નિયામક છે. તેમાંથી કલ્પના થઇ કે ઇશ્વરનો પ્રેર્યો જીવ સ્વર્ગે કે નરકે જાય છે. જુઓ :—

इश्वर प्रेरितो गच्छेत् स्वर्गं वा श्वंभ्रमेव वा

—આની પાછળ હેતુ એ હતો કે શુભ કર્મના ફળ ભોગવવા તો સહુ કોઇ તૈયાર થઇ જાય પણ અશુભ કર્મનું ફળ કોઇ જાતે ભોગવવા તૈયાર થતો નથી. સંસારમાં કોઇ ગુનો કરીને છટકી જાય, પણ પરમાત્મા સર્વજ્ઞ-સર્વદર્શી હોઇ ઘટઘટનું જાણે છે. તે તો ગમે ત્યાં ગમે તે વ્યક્તિએ કરેલ ગુનાને પકડી લે છે. એટલે તેના કર્મનું ફળ આપનાર પરમાત્મા જ છે; એમ મનાયું. આ પ્રમાણે ઇશ્વરવાદની કલ્પના કરવામાં આવી.

## અલગ-અલગ ધર્મોમાં ઈશ્વર :

આ ઇશ્વરવાદથી થોડા અલગ સ્વરૂપે સાંખ્યદર્શન ઇશ્વરની માન્યતાને સ્વીકારે છે. તે ઈશ્વરને પુરુષતત્વમાં જ સમાવી લે છે. પુરુષ જ પ્રકૃતિથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અસંગ રહીને પરમાત્મા બની શકે છે; તે જગતનો કર્તા-હર્તા-ધર્તા નથી. જો પુરુષ પ્રકૃતિ સાથે સંગ કરે એટલે તે કર્તા-ભોક્તા-હર્તા પોતે જ કહેવાય.

મીમાંસક દર્શનવાળા પણ ઇશ્વરતત્વને જુદો માનતા નથી. તેઓ વેદવિહિત કર્મને પરિણામે જ શુભાશુભ ફળ મળે છે; એમ માને છે. આને તેઓ 'અદૃષ્ટ' કહે છે. તેઓ કર્મને જ મહાન શક્તિ માનવા લાગ્યા.

વેદાંત દર્શનમાં ઈશ્વરને બ્રહ્મ તરીકે માનવામાં આવ્યો. ત્યાં જે માયોપાધિક બ્રહ્મ છે તેને જીવ અને વિદ્યોપાધિક બ્રહ્મને શુદ્ધ-સર્વવ્યાપી ઈશ્વર તરીકે માનવામાં આવ્યું.

ખ્રિસ્તી ધર્મમાં ઈશ્વરની કલ્પના ન્યાયાધીશ કે રાજા જેવી કરવામાં આવી. કર્મ ફળ ભોગવનાર અને ન્યાય આપનાર ઇશ્વર છે. તેને પ્રાર્થના કરવાથી કે અપરાધ સ્વીકાર (આત્મ નિવેદન) કે confess કરવાથી તે માફી આપી દે છે.

ઇસ્લામ ધર્મમાં ઈશ્વરની માન્યતા અનેક દેવ-દેવીઓમાંથી આવી. અરબસ્તાનના લોકો કાબા પત્થર અને અનેક દેવદેવીઓને માનતા હતા. હજરત મુહંમદે તેને બધા પ્રપંચ છોડી એક માત્ર ખુદા-અલ્લાહ (ઇશ્વર) ઉપર શ્રદ્ધા રાખવાનું કહ્યું. દુઃખમાં આશ્વાસન આપનાર, પાપની સજા કરનાર અને સ્વર્ગ કે બહિસ્ત અને નરક કે દોજખ આપનાર તે જ છે. એટલે ઈશ્વરને માનવાથી લોકો પાપકર્મથી ડરતા રહે, ઇશ્વર ઉપર શ્રદ્ધા હોય તો પાપકર્મથી અટકે એ પણ કલ્પના ત્યાં હતી. તેમણે ઇશ્વર પ્રત્યે શ્રદ્ધા ટકાવવા માટે કુર્બાની કરવાની વાત કરી.

બૌદ્ધો અને જૈનોએ તેને જીવનના અંતિમ આદર્શરૂપે-પરમાત્મા રૂપે કબૂલ કર્યું.

### ઈશ્વર છે કે નહીં?

આ પ્રશ્નનો માત્ર તર્કથી નીવેડો લાવવા માગીએ તો કયારેય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ આવી શકે તેમ નથી. એમાં અનુભવશુદ્ધિ-વિચારશુદ્ધિ તથા બન્નેના પાયારૂપ ભાવનાશુદ્ધિ અને ભાષાશુદ્ધિ એ ચારેયની અપેક્ષા છે. જગત એકલું જડતત્વનું બનેલું નથી; તેમાં જડ અને ચેતન બન્ને તત્વો છે. તે ઉપરાંત એક પરમાત્મતત્ત્વ પણ છે. તે પુરુષ નથી, પ્રકૃતિ નથી તો છે કોણ ? આ જગત શૂન્યમાંથી કેવી રીતે પેદા થઇ શકે ? આ પ્રશ્નો જગત વિષે ઊઠતા ઈશ્વરને શોધવાનો માર્ગ કઠણ બની ગયો કારણ કે ઈશ્વર પ્રત્યક્ષ દેખાતો નથી ને અદ્રશ્ય છે. અને માનવસ્વભાવનું એવું છે કે જ્યાં સુધી જાતે ન જુએ કે વધારે લોકોએ ન જોયું હોય તે તત્ત્વ ઉપર તેની બુદ્ધિ કે શ્રદ્ધા ચોંટતી નથી.

## અવ્યક્ત ઈશ્વર સાથે વ્યક્ત ઈશ્વરો :

એટલે દરેક ધર્મોએ એ અવ્યક્ત ઈશ્વરની સાથે વ્યક્ત ઇશ્વર અથવા ઇશ્વરના પેશવા, પ્રતિનિધિરૂપે કોઇકને માનવા શરૂ કર્યા. શૈવોએ શિવને, વૈષ્ણવોએ વિષ્ણુને, વેદાંતીઓએ અવતારને, જૈનોએ તીર્થંકરોને બૌદ્ધોએ દીપંકરને, ઇસ્લામે પયગંબરોને, ખ્રિસ્તીઓએ મસીહાઓને ઈશ્વરની સાથે જોડયા. તેથી ઊતરતાં ગુરુને પરમજ્ઞાની માનીને ઈશ્વર માનવા લાગ્યા. વિવિધ ધર્મ સંપ્રદાયો પૈકી ઇસાઇઓમાં પોપને, વલ્લભસંપ્રદાયોમાં આચાર્યને, ગોસ્વામીઓને, શંકરાચાર્યના વારસોની ઉપાસના પણ ઇશ્વરરૂપે થવા લાગી. સ્વામી નારાયણ સંપ્રદાયમાં પણ "**ભજી લ્યોને, સહજાનંદ હરિ**" કહી સહજાનંદની પૂજા ઇશ્વર સમાન થવા લાગી. કેટલાક હિંદુ તેમજ ઇસાઇ લોકોમાં 'રાજા'ની પણ દેવી–પુત્ર તરીકે પૂજા થવા લાગી.

## સગુણ નિર્ગુણ ઈશ્વર :

આમાંથી સગુણ – નિર્ગુણના અનેક મતભેદો અને તેના પરિણામે સંઘર્ષો પેદા થયા. ઈશ્વરની સાથે મૂકવામાં આવેલા પ્રતિનિધિઓ માટે દરેક ધર્મમાં તકરારો ઊભી થાય છે અને થઈ છે. કોને કયા રૂપમાં મૂકવો એ તકરારનું મૂળ હોય છે. વળી તેના માટે તારકપણાનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દાવો હોય છે. આવો દાવો કરનારાઓને માત્ર પોતાના ઉદ્ધારની ચિંતા હોતી નથી; બીજાના ઉદ્ધારની ચિંતા હેય છે. તે માટે જરુર પડે દરેક સારાં – નરસાં સાધનો કામમાં લેવામાં આવે છે. પ્રચાર, પ્રલોભનથી માંડીને બળાત્કાર; લડાઈ સુધીનો આશ્રય લેવામાં આવે છે. તેથી જેટલી જેહાદો પોકારવામાં આવે છે તે આ પ્રતિનિધિઓના નામે જ થાય છે.

આ બધા પ્રપંચો અને ઝઘડાઓમાંથી મુક્ત કરવા માટે બૌદ્ધ ધર્મે ૧૦ અવ્યાકૃત વસ્તુઓમાં ઈશ્વરતત્ત્વને પણ અવ્યાકૃત કહ્યું છે. ભગવાન બુદ્ધે ઈશ્વર અંગે તેમના શિષ્યના જવાબમાં કહ્યું : "કોઈ માણસને તીર વાગ્યું હોય તો તમે પહેલાં તીર કાઢીને સારવાર કરશો કે તીર અંગે પ્રશ્નો કરશો ? તીર ક્યાંથી આવ્યું ? કોણે બનાવ્યું ? શેનું બન્યું ?"

એના ઉત્તર રૂપે એક જ વાત આવશે કે સાધકે તીર કાઢી સારવાર કરવી જોઈએ. તેવી જ રીતે પરમાત્મા રૂપી તત્ત્વ વિષે પૂછવા કરતાં આજે જગતને જે દુઃખનું તીર વાગ્યું છે તેને કાઢવું જોઈશે. તેને જગતની સેવા કરી દુઃખ મટાડવા મથવું પડશે. તે બુદ્ધ થશે એટલે પોતાની મેળે જ તેને ઈશ્વરનું જ્ઞાન થઈ જશે પછી ઈશ્વર અંગે કોઈ શંકા તેને નહીં રહે.

**જૈનદૃષ્ટિએ ઈશ્વર :**

પણ, જૈનધર્મે એ પ્રશ્નને બીજી રીતે છણ્યો છે. ત્યાં લાગ્યું કે વહેવારમાં આગળ વધવા માટે અવલંબનની જરૂર છે. એટલે તેને મૂકી દેવાથી કામ નહીં ચાલે. તેણે નિશ્ચયનયની દૃષ્ટિએ બધા આત્માઓને વેદાંતની જેમ સમાન માન્યા છે. તે રીતે બધા આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. તેની ઉપર કર્મના આવરણો આવી ગયાં છે. તે જેમ દૂર થતાં જશે તેમ શુદ્ધ સ્વરૂપ પ્રગટ થશે. એટલે જ "અપ્પા સો પરમપ્પા" આત્મા એ જ પરમાત્મા છે તેમ કહેવામાં આવ્યું છે. એટલે જ કહ્યું છે :—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

" सिद्धां जैसो जीव है जीव सोई सिद्ध होय,
कर्म मैलका आंतरा बूझे विरला कोय ! "

એ જ વાત યોગદર્શનમાં કહી છે કે :—

" ક્લેશકર્મ – વિપાકાશયૈરપરામૃષ્ટઃ પુરૂષવિશેષઃ ઈશ્વર : "

ક્લેશ, કર્મ, વિપાક ( ફળ ) અને આશય ( વાસના )થી તદ્દન અછૂતો પુરુષ, એ જ ઈશ્વર છે. એ ઈશ્વર જન્મ–મરણુ કરતો નથી ત્યારે તેને સંસારમાં પાછા આવવાની જરૂર રહેતી નથી; સૃષ્ટિના કર્તૃત્વથી એ તદ્દન અસ્પૃષ્ટ રહે છે. જૈનદર્શન તેમના માટે કહે છે " અપુણરાવિત્તિ સિદ્ધિગઈ નામધેયે ઠાણું સંપત્તાણું " (એટલે જ્યાં જઇને પાછા વળવાનું ( જન્મ લેવાનું ) ન હોય, એવી સિદ્ધિગતિ નામકસ્થાનને પામેલા ) ગીતામાં પણ કહ્યું છેઃ—

यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम

—જ્યાં જઈને પાછું આવવું પડતું નથી તે ધામ મારું છે. તે પ્રમાણે સિદ્ધ ઈશ્વરની વ્યાખ્યામાં કહ્યું છેઃ मामुपेत्य पुनर्जन्म दुःखालय मशाश्वतं नानुप्तुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ॥ ' " મને પ્રાપ્ત કરીને દુઃખના ધામ અને વિનાશી પુનર્જન્મ ને પરમસિદ્ધિને પ્રાપ્ત તે મહાત્માઓ મેળવતા નથીઃ

न कर्तत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥

—ઈશ્વર જગતનો કર્તા નથી કે જગતના કર્મોનો અને કર્મફળનો સ્રષ્ટા પણ નથી. વસ્તુસ્વભાવથી આ જગત ચાલ્યા કરે છે.

**ઈશ્વરકર્તૃત્વવાદ અંગે શંકાઓ :** ઈશ્વરને કર્તા–હર્તા–ધર્તા માનવા જતાં અનેક દોષાપત્તિઓ ઈશ્વર ઉપર આવવાનો સંભવ છે. તે અંગે ઘણી શંકાઓ જાગે છે. જો ઈશ્વર કર્તા છે તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે એકને સુખ અને એકને દુઃખી શા માટે કરે છે? જો ઇશ્વરને ન્યાયી કહો છો અને કર્મ પ્રમાણે ફળ આપનાર કહો છો; તેમજ ઇશ્વર જ બધાં કર્મ કરાવે છે, એમ કહો છો તો ઇશ્વર શા માટે જીવ પાસે કર્મ કરાવે છે અને તેનું ફળ પમાડે છે? આમ માનીએ તો તે ચોરને ચોરી કરાવી, પછી તેને સજા પમાડે છે. તો તેને ન્યાયી કઇ રીતે માનવો? તે ઉપરાંત સદાચારી કષ્ટ ભોગવે અને દુરાચારી એશ આરામ કરે એમ શા માટે થાય છે? વળી તે સમાનભાવે બધાને જોનાર છે. તો તેણે જાણી જોઇને દુષ્ટો; શયતાનો વગેરેને શા માટે પેદા કર્યા? જો તેને માનતા નથી અને જગતમાં અનિષ્ટો વધારે છે. શા માટે તે અનિષ્ટોને ચાલવા દે છે? જો સર્વજ્ઞ છે તો પહેલાંથી જાણીને, દુષ્ટોને શા માટે વારતો નથી? તે કૂટસ્થ નિત્ય છે તો સ્થળાંતર કરીને રચના કરવા કઇ રીતે જઇ શકે?

આ બધા પ્રશ્નોના જવાબ ઇશ્વરકર્તૃત્વવાદની પાસે નથી. એટલે જૈનદર્શને અને ગીતાદર્શને તે અંગે વિચાર્યું કે :—“ઇશ્વર પ્રાણીઓની સવિશે માનવની શુદ્ધવૃત્તિઓને જાગૃત કરવામાં, પ્રેરિત કરવામાં અને બળવાન બનાવવા માટે અને માનવના ઉત્કર્ષ તેમજ ઉન્નતિ માટે પ્રેરણા આપનારૂં અવ્યક્ત બળ છે. આવા ઇશ્વરના ત્રણ પ્રકારો છે :—(૧) મુક્ત ઇશ્વર (૨) સિદ્ધ ઈશ્વર (૩) બદ્ધ ઇશ્વર.

**મુક્ત ઇશ્વર :**

જૈન પરિભાષા પ્રમાણે મુક્ત ઇશ્વર તે છે જેમણે ૪ ઘનઘાતી કર્મો ક્ષય કર્યા છે. જે રાગદ્વેષથી રહિત છે અને શેષ ચાર કર્મો પણ નજીવાં નામ માત્રનાં રાખ્યાં છે. તેવો સદેહ પુરૂષ વીતરાગ હોય છે. તે સ્વરૂપમાં જે કોઇ આવતા હોય. પછી નામની દષ્ટિએ રામ, કૃષ્ણ, જિન, બુદ્ધ, અલ્લા ભલે હોય. તે બધા મુકત ઈશ્વર છે. આની કલ્પના રૂપે વૈદિકો અવતાર, ઇસાઇઓ મસીહા, મુસ્લિમો પયગંબરને માને છે. આ સગુણ ઈશ્વર કે વ્યકત ઇશ્વર છે કે ઇશ્વરના પ્રતિનિધિ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવા ઇશ્વરને કર્તા માનવામાં આવે છે, પણ તે કઈ દૃષ્ટિએ? તે કોઈ નવું સ્થૂળ જગત્ રચતો નથી પણ તેમાં રહેલ સમાજ-તીર્થં કે સંઘની રચના કરે છે, ઘડે છે તેને પ્રેરણા આપે છે. તેમાં જ્ઞાન, સત્ય, સંયમ, વગેરેનો વિકાસ કરવા પ્રવૃત્ત થાય છે, જાતે નિર્દોષ રહી જગતના કલ્યાણ માટે તત્પર થાય છે. આને આલંકારિક ભાષામાં ગીતા કહે છે :—

> यदा यदाहि धर्मस्य ग्लानिर्भवति भारत ।
> अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

—આનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે જ્યારે વિશ્વમાં ધર્મની દૃષ્ટિએ સમાજ-રચનાનો હ્રાસ થાય છે, અધર્મ અને અનિષ્ટો વધે છે ત્યારે ઇશ્વર અવતરે છે અને જૂનાં ખોટાં મૂલ્યો નિવારે છે અને નવાની સ્થાપના કરે છે.

અહીં મુક્ત ( સગુણ-વ્યક્ત ) ઇશ્વરની વાત છે. જો સિદ્ધ ઇશ્વર સૃષ્ટિરચનાનું કામ કરતા હોય તો આ મુકત ઇશ્વરની વાત ગીતામાં ન થાત. એટલે એવા મુક્ત ઇશ્વરો ભકતોની દૃષ્ટિએ સમાજના કર્તા, ધર્તા, હર્તા છે.

**સિદ્ધ ઇશ્વર :**

સિદ્ધ ઇશ્વર : એવા પૂર્ણ મુકત ઇશ્વરો માટેનો શબ્દ છે. જેમણે સંપૂર્ણ કર્મોનો નાશ કર્યો છે અને જેઓ સમાજના અનિષ્ટોના નિવારણ માટે જીવન અર્પી સિદ્ધ, બુદ્ધ અને મુકત થઇ ગયા છે, જે નિરંજન નિરાકાર છે, જે શરીરધારી નથી. કર્મ, કાયા, માયાથી સર્વથા રહિત છે.

**બદ્ધ ઈશ્વર :**

આ પછી ત્રીજા ઇશ્વરને બદ્ધ ઇશ્વર કહેવામાં આવે છે. વેદાંતની ભાષામાં તેને માયોપધિક બ્રહ્મ કહેવામાં આવે છે. સામાન્ય રીતે કર્મોથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લપટાએલો આત્મા તે બદ્ધ ઇશ્વર છે. તેનામાં કર્મ કરવા અને ભોગવવાની, ઓછા કરવાની કે વધારે કરવાની શક્તિ છે. તેથી ગીતામાં કહ્યું છે :

इश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन निष्ठति
भ्रामयन सर्वभूतानि यंत्रारुढानि माथया
उद्धरे दात्मनाऽऽत्मानं मात्मानम वसादयेत
आत्मेव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मने

—ઇશ્વર બધા પ્રાણીઓના હૃદયમાં વિરાજમાન છે. તે બધા પ્રાણીને યંત્ર જેમ, વિવિધ યોનિઓમાં કર્મબદ્ધ કે માયાવૃત્ત હોવાના કારણે ભ્રમણ કરાવે છે. આત્મા વડે આત્માનો ઉધ્ધાર પણ થાય છે અને પતન પણ થાય છે કારણ કે આત્મા આત્માનો બંધુ છે અને શત્રુ પણ છે.

એજ વાત જૈન શાસ્ત્રોએ આ પ્રમાણે કહી છે :—

अप्पा कत्ता विकत्ता य सुहाणय दुहाणय
अप्पा मित्तममित्तंच दुपट्ठिओ सुपट्ठिओ

—આત્મા સુખ અને દુઃખનો કર્તા અને ભોક્તા છે. આત્મા આત્માનો મિત્ર છે અને તે જ રીતે શત્રુ પણ છે. તે સુપ્રવૃત્તિ કે દુષ્પ્રવૃત્તિને પોતે જ કરનારો છે. કર્મફળનો ભોક્તા જીવ પોતે છે એ તો સ્વાનુભવની વાત છે. મરચાં ખાશે તેનું મોં બળવાનું જ છે; ઝેર પીશે તો તેનું ફળ મળવાનું જ છે. એવી જ રીતે કર્મોમાં એવી શક્તિ છે કે તીવ્ર, મંદ કે મધ્યમ જે ભાવે તે બંધાયા હોય, તે પ્રમાણે તેનું તેઓ ફળ આપશે. પણ આ કર્મોને ઓછાવત્તા કરવાની શકિત તે આત્મામાં છે. એટલે ઇશ્વરની અવગણના થઇ શકતી નથી.

## શું ઇશ્વર જરૂરી નથી?

કદાચ કોઇ એમ સાબિત કરે કે ઇશ્વર નથી; તે છતાં જ્યાં સુધી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મનુષ્યને હૃદય છે, આકાંક્ષા છે ત્યાં સુધી ઇશ્વર કે આત્માને માન્યા વગર ચાલશે નહીં. સુખના શાશ્વતપણા માટે અને દુઃખમાં હૈયાધારણ માટે તેને કોઈ અગમ્ય પ્રેરણાની જરૂર પડવાની છે. એટલું જ નહીં, આજના સંઘર્ષમાં કે જીવન વિકાસમાં કોઇને કોઈ મહાન આત્માના માર્ગદર્શનની પણ એટલી જ જરૂર પડવાની છે. કદાચ તેની કલ્પના કરવામાં અલગ-અલગ માપદંડો પોતપોતાના હોઈ શકે પણ ઈશ્વરની કલ્પના વગર ધર્મમય સમાજ ચાલશે; એ નિરર્થક થશે.

તે છતાં આ ઇશ્વર કે ઇશ્વરના પ્રતિનિધિના નામે જગતમાં જે અનિષ્ટો પ્રસરાયાં છે તેના કારણે "ઇશ્વરને અફીણની ગોળીનું બિરૂદ પણ મળ્યું છે." ત્યાં પણ કંઈક વિવેક થઈ શકે છે કે અફીણને ઔષધ તરીકે વાપરીએ તો તે જીવનદાયક છે. જ્યારે તેનો નશા તરીકે ઉપયોગ થાય તો તે જીવનનાશક છે.

ખરી રીતે તો ઇશ્વરની કલ્પના પાછળ ભાવના, ભક્તિ અને નિષ્ઠા હોવાં જોઈએ. તેનાથી મળનારી શાંતિ અને પ્રસન્નતાની મનને ભૂખ છે એટલે એ કલ્પના બને તેટલી શુદ્ધ, સરસ અને ઉદાત્ત હોવી જોઇએ. સદાચારની પ્રધાનતા હોવી જોઇએ. દયા, સત્ય, ધૈર્ય, નિર્ભયતા, ઉદારતા, નિશ્ચિંતતા વગેરે સહજભાવે હોવાં જોઇએ. કેવળ માનવ જ નહીં સમષ્ટિના બધા જીવો પ્રતિ વાત્સલ્ય હોવું જોઈએ. જગત.કલ્યાણ માટે ઝંખના, ખેવના અને સમર્પણ હોવાં જોઇએ. તેમાં મૂઢતા, શંકા કે ખોટી ખટપટો હોવી ન જોઇએ.

## ઇશ્વરવાદની કલ્પનાના લાભો :

આમ વિવેકપૂર્વક ઈશ્વરવાદની કલ્પનાથી નીચેના ગુણો કે લાભો સ્પષ્ટ દેખાશે:—(૧) શ્રદ્ધા, (૨) પાપભીરૂતા, (૩) સમર્પણતા, (૪) નિરહંકારિતા, (૫) ઇશ્વરસાક્ષિતા, (૬) દુઃખમાં આશ્વાસન, ધૈર્ય અને નચિંતતા, (૭) નિર્ભયતા અને (૮) પ્રાણીમાત્ર પ્રત્યે આત્મીયતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રદ્ધાની શકિત ઇશ્વરને માનવાથી ઘણી જ વધી જાય છે. તેના કારણે પ્રાણાંત બલિદાનો પણ આપી શકાય છે, ઇશુ ખ્રિસ્તે ઇશ્વર ઉપર એટલે આવી જગંનિયતા અવ્યકત શકિત ઉપર શ્રદ્ધાના કારણે જ વિરોધીઓ પ્રત્યે સમભાવ રાખી પોતાનું બલિદાન આપી દીધું હતું. સુકરાને પણ સત્યરૂપ ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખી ઝેરનો પ્યાલો પીધો હતો. મહાત્મા ગાંધીજીએ પણ સત્યરૂપ રામ( ઇશ્વર ) પ્રતિ શ્રદ્ધા રાખી પોતાનું બલિદાન આપ્યું હતું.

એવી જ રીતે કંઇ ન હોય તો પણ ઇશ્વરશ્રદ્ધાથી માણસ મસ્તીમાં જીવતો રહી શકે છે. એક ફકીરની પુત્રી બહુ જ ઇશ્વરનિષ્ઠ હતી. તેને પરણવા ઘણા લોકો આવ્યા. પણ કોઇ તેની પરીક્ષામાં પાસ ન થયું. અંતે એક રાજકુમાર પાસ થયો. બન્નેએ લગ્ન કર્યાં.

એક દિવસ રાજકુમારે એક રોટલીનો ટુકડો વધ્યો તે સંભાળીને બીજા દિવસ માટે રાખી મૂકયો. ફકીરપુત્રી તે જોઈને કહ્યું કે તમે મારી શર્તમાં નાપાસ થાવ છો, તેથી હું તમારી સાથે નહીં રહું.

રાજકુમારને કંઈ સમજણ ન પડી.

ફકીર પુત્રીએ કહ્યું : "તમને ખુદા ઉપર વિશ્વાસ નથી કે રોટલી કાલે મળશે કે નહીં ? તેથી રોટલીનો ટુકડો સંભાળીને રાખ્યો."

રાજકુમારને પોતાની ભૂલ સમજાઇ. તેણે માફી માંગી.

**પાપભીરૂતા :** ઇશ્વરને માનવાથી સહેજે પાપભીરૂ બનીને જીવ અશુભકર્મ કરતાં અટકશે પરિણામે અનિષ્ટો ઓછાં થશે.

**સમર્પણતા :** જ્યારે પાપભીરૂ બનીને જીવ શુભકાર્ય કરશે તો તેમાં સમર્પણની બુદ્ધિ આવશે તેથી કરીને તે ખરાબ કર્મ કરતાં અટકશે.

**નિરહંકારિતા :** સમર્પણતા આવ્યા બાદ દરેક શુભકર્મના ફળ વખતે તે એમ જ માનશે કે એ ઇશ્વરશ્રદ્ધાનું પરિણામ છે. એટલે તેનામાં નિરહંકારિતા નહીં આવે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ઈશ્વરની સાક્ષિતા :** દરેક કર્મમાં ઈશ્વરની સાક્ષી રાખવાથી ખોટાં કર્મો થતાં અટકે છે પરિણામે સુખી થવાય છે.

**દુઃખમાં આશ્વાસન :** આ રીતે ખરાબ કર્મ ન થતાં દુઃખ આવવાનું કોઈ કારણ નથી; તે છતાં દુઃખો કોઇ કારણસર આવે તો ઈશ્વરવાદને માનવાથી મોટામાં મોટાં કષ્ટો આવે તે વખતે તે સમભાવ રાખી શકે છે. તેને આશ્વાસન મળે છે કે આમાં મારા હિત માટે જરૂર કોઇક સંકેત હોવો જોઈએ. તેમાં પણ આ નિમિત્તે પ્રભુએ મારો વિકાસ કરવાનો હશે. આમ ધૈર્ય મળવાથી દુઃખમાં પણ નચિંતના આવી જાય છે.

**નિર્ભયતા :** જ્યારે બધું ઇશ્વરને સમર્પણ કર્યું છે તો પછી એક પ્રકારની નિર્ભયતા જીવનમાં પ્રગટે છે. જેથી કરીને જીવનમાંથી ભય, જુગુપ્સા વગેરે આસુરીભાવો ટળી જાય છે.

**આત્મીયતા :** ઈશ્વર દરેકને બનાવે છે, કે બધામાં ઈશ્વર છે એમ માનવાથી બધા જીવોને–પ્રાણીને ઇશ્વરના સંતાનો માનીને તેમની સાથે આત્મીયતા કેળવાય છે. તેથી બધા પ્રતિ પ્રેમ, સમભાવ અહિંસાથી વર્તાય છે. નરસિંહ મહેતાએ જોયું કે કુતરો લૂખી રોટલી લઇ જાય છે તો તેમને થયું કે ઘીનો વાટકો પણ લઈ જાઉં અને તે ઘીનો વાટકો લઈ કુતરા પાછળ જવા લાગ્યા. અને અંતે તેને પ્રભુરૂપ માની ઘીથી રોટલી ચોપડીને આપી. એટલે જ કહ્યું છે—सियाराममय सब जग जानी, करहुं प्रणाम जोरी जुगपानी અને "वासदेवमयं सर्वम्."

## ઈશ્વરવાદનાં ભયસ્થાનો

ઈશ્વરવાદના જેમ લાભો છે તેમ કેટલાંક ભયસ્થાનો પણ રહેલાં છે.

**ખુશામત :** સર્વ પ્રથમ તો તેથી ખુશામતનો દુર્ગુણ આવે છે. માણુસ એમ સમજવા લાગે છે કે ઈશ્વર નામજાપ, કીર્તન ધૂન, સ્તોત્રથી પ્રસન્ન થાય છે તેથી તે એવી ખુશામતમાં પડી જાય છે અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માને છે કે ઈશ્વરે મને માફ કરી દીધો. આ માફીનું અજ્ઞાન ઘણા અનર્થો પેદા કરે છે એથી તે પાપોથી અટકતો નથી.

**ઢોંગ–પાખંડ :** ઘણા લોકો ઈશ્વરભકતનો દેખાવ કર્યા કરે છે પણ તે પાપ કરતાં અટકતાં નથી. તેથી પાપભીરૂતા ચાલી જાય છે અને અન્યાય, અનીતિ તેમ જ દુરાચાર છડેચોક શરૂ થાય છે. એક તરફ તે લોકોને લૂંટતો–છેતરતો હોય છે અને બીજી તરફ તે ભજન–કીર્તન પણ કરતો–કરાવતો હોય છે. આમ ઈશ્વરના નામે પાખંડને ઉત્તેજન મળે છે.

**પામરતા :** ઘણી વાર માણસ ઈશ્વર ભરોસે હાથ ઉપર હાથ રાખીને બેસી રહે છે. તેથી પામરતા વધે છે. તે માને છે કે ભગવાને જે ભાખ્યું છે કે રચ્યું છે તે મુજબ જ થવાનું છે, તેમાં રતીભરનો ફરક પડવાનો નથી. એટલે માણસ ભાગ્યભરોસે પામર બની જાય છે.

**ઈશ્વરના નામે ઝઘડા :** સહુથી મોટું ભયસ્થાન તો એ છે કે ઈશ્વરના પ્રતિનિધિઓના નામે ઝઘડાઓ થાય છે. તેની સાથે જ ઈશ્વર સાક્ષાત્કારના નામે અંધવિશ્વાસો, છેતરપીંડી ચાલે છે.

ખરૂં જોઈએ તો ઈશ્વર સાક્ષાત્કારનું બીજ સમ્યકત્વ છે. એનો જેટલો વિકાસ થશે, જેટલા રાગદ્વેષ પાતળાં થશે, પવિત્રતા અને સમતા વધશે તેટલો જ જીવ ઈશ્વરના સાક્ષાત્કાર તરફ વધશે. ઈશ્વર સાક્ષાત્કારનો એ અર્થ પણ છે કે આત્માની સુપ્રવૃત્તિઓ અને કુપ્રવૃત્તિઓની જાણકારી, "જે એગં જીણઈ સે સવ્વં જીણઈ" જે એક આત્માને જાણી લે છે તે સર્વને જાણી લે છે એટલે કે વિશ્વના આત્માઓ સાથે એકરૂપતા થઈ જવી. આત્મીયતા વધવી એ જ ઈશ્વરનો સાક્ષાત્કાર છે.

## અનીશ્વરવાદના લાભો અને ભયસ્થાનો :

અનીશ્વરવાદના કેટલાક લાભો છે. તેનાથી માણસ સદ્‌ગુણોમાં સ્વયં પુરૂષાર્થ કરે છે. તેથી અભગતાવાદનો ભય ખરો. ત્યાં જાળવીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચાલવું જોઇએ કે હું મારા પુરૂષાર્થથી બીજાના ઉત્થાન માટે પ્રેરક નિમિત્ત બની શકું છું. તે ઉપરાંત તર્કનું તત્ત્વ વધારે હોઇ તે ઇશ્વર અંગે સારી પેઠે વિવેક કરી શકે છે. તેનામાં પરાવલંબીપણું રહેતું નથી.

તેના દોષો પણ છે. શ્રદ્ધા કે અવલંબન વગર આદર્શ ઉપર ટકી શકાતું નથી; ધૈર્ય ખોવાઇ જાય છે. દુઃખ વખતે આશ્વાસાન મળતું નથી તેમ જ બલિદાન શક્તિ મંદ પડી જાય છે.

## શુદ્ધ દર્શન માટે બન્નેનો વિવેક

દર્શન-વિશુદ્ધિ માટે બન્ને વાદોનો વિવેક કરીને ચાલવું પડશે. ગાંધીજી જેમ સત્ય અહિંસાને અવ્યક્ત ઇશ્વર માનતા, તેમ જ બીજા મહાપુરૂષો—રામ, કૃષ્ણ, બુદ્ધ મહાવીર પ્રત્યે વ્યકત ઇશ્વર તરીકે 'શ્રદ્ધા રાખતા પણ અનુકરણ, અંતરના ઇશ્વરનું કરતા; તે રીતે ચાલીએ તો સ્પષ્ટ દર્શન થઇ શકે.

ગાંધીજીની સત્ય (રામ) ઇશ્વર પ્રત્યે શ્રદ્ધા અપાર હતી. એકવાર એક વિદેશી મહિલાએ ગાંધીજીને પત્રમાં લખ્યું:—God is nowhere! ગાંધીજીએ એનું પૃથક્કરણ કરીને લખ્યું કે ઇશ્વર તો અહીં હમણાં છે "God is now + here"

સ્વામી વિવેકાનંદને રામકૃષ્ણ પરમહંસે ઇશ્વરના સાક્ષાત્કાર વિષે પૂછતાં એમણે કહ્યું કે અવ્યકત ઇશ્વર તો શ્રદ્ધાબળથી જોવાશે પણ વ્યકત ઇશ્વર પ્રત્યક્ષ જોઇ શકાશે. તે છે દરિદ્રનારાયણ તેની સેવા કરો!

એવી જ રીતે '**ઇશ્વરવાદી આસ્તિક**,' '**ઇશ્વરવાદી નાસ્તિક**,' '**અનીશ્વરવાદી આસ્તિક**' અને '**અનીશ્વરવાદી નાસ્તિક**' આ ચોભંગીથી પણ સાચા ઇશ્વરવાદી-અનીશ્વરવાદીનું રહસ્ય સમજી શકાશે.

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ચર્ચા - વિચારણા

**શ્રી માટલિયાએ** આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું: "આપણે આસ્તિકતા–નાસ્તિકતા, અને ઈશ્વરવાદ-નિરીશ્વરવાદ ઉપર સમન્વયની દૃષ્ટિએ વિચારી રહ્યા છીએ. પ્રાકૃત માનવથી આજના વૈજ્ઞાનિક માનવ સુધી માણસે જયારે–જયારે પોતાની બુદ્ધિ અને શક્તિથી વિશાળ દૃશ્ય કે બાબત જોઈ ત્યાં તે અહોભાવથી નમી ગયો. આકાશ, સૂર્ય, દાવાનળો, નક્ષત્રો, સાગરો, વગેરેમાં તે જેમ–જેમ અનંતતાનો અનુભવ કરે છે તેમ–તેમ તેના મગજમાં "કંઈક બીજું છે' એમ આવે છે. આ અનુભવમાંથી હૃદયનો અહોભાવ પેદા થાય છે. તેમાંથી આપો-આપ ઈશ્વરવાદ ફલિત થાય છે.

આજની દુનિયામાં સામ્યવાદી વધુમાં વધુ નાસ્તિક ગણાય છે તે છતાં તેઓ આદર્શ માટે પૈસો, કુટુંબ સાધનો અને સંયોગોને જતા કરે છે. તે બલિદાનનું મૂલ્ય ઓછું નથી. તેમની માન્યતા એ છે કે મન એક રાસાયણિક પ્રક્રિયા છે અને એ રીતે ઉત્ક્રાંતિથી માનવ પેદા થયો છે અને આગળ એ પ્રક્રિયાથી જ વિકસી રહ્યો છે. તે લોકો આદર્શ સિદ્ધ કરવાનાં સાધન તરીકે પૃથ્વીનાં દ્રવ્યોને માને છે કારણકે તેથી સુખ વિશ્વનાં માનવીઓને આપી શકાય. આવા માનવની રચના કરતાં હોમાઈશું એ તેમની ભાવના છે. આમ દ્રવ્ય અને શહીદી બેતત્ત્વો એમનાં મુખ્ય છે. એ લોકો માને છે કે ઐતિહાસિક પરિબળો કામ કરેજ છે. દુનિયામાં શહીદીથી સંવેદના જાગે છે અને એ રીતે દુનિયામાં એ ઊગી નીકળે છે. આપણી પરિભાષામાં કહીએ તો તેને 'મહાકાલ', 'અકાલ' અથવા 'કાલપુરૂષ' કહી શકાય. તેઓ માને છે. "બલિદાનો કાળને આગળ લાવે છે. માટે બિરાદર! તું યાતના સહન કર!" આ છે તેમનું તત્ત્વ. આમ જોઈએ તો દ્રવ્યમાં પ્રકૃતિનું તત્વ અને કાળમાં અવ્યકત ઈશ્વરને એમણે પોતાની દૃષ્ટિએ માન્યો.

ચાર્વાક દ્રવ્યને ભલે માન્યું, પણ તેનેય યમ-નિયમ વગેરે તો માનવા જ પડયા છે. વેદાંત અને જૈનો વચ્ચે તો માત્ર પરિભાષાનો જ ભેદ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૂ. નેમિમુનિએ કહ્યું તેમ ઇશ્વર ત્રણ રૂપે છે કર્મબદ્ધ ઇશ્વર તે કર્તાભોકતા છે; અરહિંત (સાક્ષી) તે જીવનમુક્ત (સદેહ) ઇશ્વર છે અને સત્તારૂપ શુદ્ધ ચૈતન્યમય વિદેહ તે સિદ્ધ ઈશ્વર છે. કર્મબદ્ધ ઇશ્વર જો શ્રદ્ધા પ્રગટ કરે તો શુદ્ધ સ્વરૂપે પ્રગટી શકે છે. આ શ્રદ્ધા પ્રગટ કરવા માટે નિસર્ગ–કુદરત ઉપર ઘણા સાધક–સાધિકાઓ ટકી રહે છે. વિશ્વવાત્સલ્ય ઉપર ચાલનાર માટે "ૐ મૈયા" મૂકાયું છે તે અવ્યક્ત શકિત તરફની શ્રદ્ધા છે. આ શ્રદ્ધા અવશ્ય ફળે છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસ કહે છે. "બિલાડીનાં અને વાંદરીનાં બચ્ચાંને વિશ્વાસ હોય છે તેથી બિલાડી બચ્ચાંને મોંથી ઉપાડે કે વાંદરીની છાતીએ બચ્ચું ચોંટે તો પણ પડે નહીં!" તેમ ૐ મૈયા ઉપર વિશ્વાસ રાખી સાધક કાર્ય કર્યા કરે.

રજોગુણવાળાને નૈતિક સિધ્ધાંતોવાળી સંસ્થા દ્વારા કર્મયોગ આચરવો જોઈએ; અથવા સંતોનો આશ્રય લેવો જોઈએ. સંતોનો આશ્રય લેતી વખતે એક બાબત યાદ રાખવાની કે આપણે માની લીધેલા એ સર્વજ્ઞ સંત પણ દેહધારી છે અને તેમાં કોઇ કચાશ તો રહેવાની; તે કદાચ પહેલી નજરે પડે પણ તેના કારણે શ્રદ્ધા ન ડગાવવી. પાણી ઉપર લીલ તો તરે પણ તેની નીચે સ્વચ્છ પાણી હોય છે, એવું પણ દેહધારી સંતો અંગે સમજવું જોઇએ.

આમ તો પ્રાણી માત્રમાં વાત્સલ્યભાવ તો હોય જ છે. તેથી પ્રકાશ સર્વત્ર દેખાશે. સૂર્ય કરતાં તે પ્રકાશ વધુ ઉપયોગી અને શક્તિશાળી હોય છે. આમ નિસર્ગ–અવ્યકત ઈશ્વર ઉપર વિશ્વાસ રાખીને ચાલીએ તો નિરાશ થયા વગર આગળ વધી શકાશે."

**શ્રી પૂંજાભાઈ:** "માણસ માટે એ શ્રદ્ધા સહજ ખિલવીને ચાલે તો ચલાય તેમ છે. માણસમાં સહેજે ઓકિસજન (પ્રાણવાયુ) ચાલે છે પણ તે બંધ થાય તો બહારથી લેવો પડે છે. આવું શ્રદ્ધાનું છે. હરણનું નાનું બચ્ચું પણ માની જેમ શિકારીના ભયથી ઠેકડા મારતું શીખી જાય છે. તેના ઉપરથી પણ અવ્યકત તત્વ તરફ પ્રેરાયા વગર નહીં રહેવાય!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘણા લાલચ અને ભયથી ઇશ્વરને માનવા પ્રેરાય છે. એક ચોર ચોરી કરે છે અને સારો તડાકો પડતાં તેને ઇશ્વરની કૃપા માને છે. તે પકડાઈ જતાં સજા પામે છે ત્યારે તેને ઈશ્વરનો કોપ માને છે. આને ઇશ્વર ઉપરની શ્રદ્ધા ન કહેવાય; ઇશ્વર શ્રધ્ધાનો પાયો તો સહજ સ્વાભાવિક ઊંડો વિવેક બુદ્ધિ ઉપર હોવો જોઈએ."

**પૂ. દંડીસ્વામી**: "આપણા દેશમાં ઘણાં દર્શનો થયાં છે, એક ચાર્વાક મતને મૂકીને બાકી બધાએ એક યા બીજી રીતે આસ્તિકતા અને અવ્યકત ઈશ્વરનું પ્રતિપાદન કર્યું જ છે. સમન્વયની દૃષ્ટિએ વિચારતાં તો દરેક સ્થળે ઊંડું સત્ય સમજાયા વગર નહીં રહે.

**શ્રી બળવંતભાઇ**: ઇશ્વરવાદ, આસ્તિકતા વગેરે વિષયો ગૂઢ છે. પણ અહીં તેનું જે રીતે વિવેચન કરવામાં આવ્યું છે, તેથી તે સરળતાથી સમજાય છે. જૈન દર્શનના "આત્મા તે પરમાત્માં છે; જીવમાત્ર સિધ્ધસમાન છે. પુરૂષાર્થ કરીએ તો પરમાત્મા થવાય" આ સત્યો સાચાં છે એથી શ્રદ્ધા તરત બેસે છે. જીવોની કક્ષા સમાન ન હોવા છતાં કેટલીક વાર આત્મા–પરમાત્મા છે તે અંગે શંકા પણ જાગે કે અપૂર્ણ આત્મા કઈ રીતે પરમાત્મા બની શકે? પણ, રાગદ્વેષથી મુકત ગુણયુકત ભગવાન મહાવીર જેવાને પરમાત્મા માનવામાં કશી મુશ્કેલી પડતી નથી.

મારા નમ્ર મતે તો ગુણકર્મયોગનો આસરો લઇ કર્તવ્યલીન બનવું જોઈએ; ન કે અંધશ્રધ્ધામાં રાચીને પરાવલંબી બની જઇએ! કર્તવ્યપરાયણ તે શૂરવીર અને અંધશ્રધ્ધામાં ફસાઇ કર્તવ્ય ચૂકે તે પામર એમ માની, પરમાત્માના માર્ગે જવાની કર્તવ્યપરાયણતાને શૂરવીરતા માની, તેને ઇશ્વરવાદ માનવામાં આવે તો મારા નમ્ર મતે તેને ગણી શકાય છે તેવા ઇશ્વરવાદમાં શ્રદ્ધા તરત બેસી જાય છે.

(૭–૧૦–૬૧)

卐

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[ ૧૧ ]

# યોગ સાધનાનું તત્ત્વ

ઈશ્વરના સાક્ષાત્કાર માટે ઘણા સાધનોમાં યોગ સાધના પણ એક છે એમ મનાય છે. પણ યોગ સાધના કોને કહેવી? તે સમજ્યા વગર સાધકે તે તરફ વળવું એ કંઈક અંશે ખતરા તરફ જવું થશે.

યોગ સાધના અંગે નીચેના વિચારો આજે પ્રચલિત છે :—

(૧) શાંતિ માટે એકાંતમાં જઈને યોગ સાધવો જોઈએ.

(૨) શરીર ધર્મનું સાધન હોઈને તેને સ્વસ્થ રાખવા માટે નેતિ, ધોતિ, આસન, પ્રાણાયામ વગેરે માટે યોગની સ્થૂળ સાધના કરવી જોઈએ.

(૩) સિદ્ધિઓ મેળવવા માટે યોગ સાધના કરવી જોઈએ.

(૪) ચમત્કાર બતાવવા માટે યોગ સાધના કરવી જોઈએ.

(૫) લોકોને આકર્ષવા અને કામ–દામ–નામ કમાવવા યોગ સાધના કરવી જોઈએ.

(૬) ઈશ્વર કે આત્માના સાક્ષાત્કાર માટે યોગસાધના કરવી જોઈએ.

આ બધા મુદ્દાઓને જરાક વિસ્તારથી છણીએ.

## (૧) શાંતિ માટે એકાંતમાં યોગ સાધના :

આવી યોગ સાધના મોટા ભાગે ઘર અને સંસારથી કંટાળેલા, ઘરથી અસંતુષ્ટ, સમાજના સંઘર્ષો જોઈને ભાગનાર, બિનજવાબદાર સાધકો કે સંન્યાસીઓ વડે થાય છે. પણ ખરી રીતે તો તેમને જંગલમાં શાંતિ મળે છે કે કેમ તે એક પ્રશ્ન છે? સંઘર્ષથી દૂર ભાગનારને જંગલમાં કે એકાંતમાં ચિત્ત–એકાગ્રતા મળતી નથી અને ત્યાં જઈને પણ કામ–ક્રોધ–ક્ષોભ વગેરે વિષયો ધમાલ મચાવે છે. જેઓ આત્મકલ્યાણના બહાના હેઠળ સમાજકલ્યાણની જવાબદારીથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છટકવા જાય છે તેમની સાધના પણ કાચી રહી જાય છે. તેમની સાચી કસોટી તો સમાજમાં જ થઇ શકે ને! એકાંતમાં રહેવાથી કષાયો કેટલા મોળા પડ્યા છે તેની ખબર કયાંથી પડે? સર્વાંગી વિકાસ પણ સમાજ સાથેનો અનુબંધ રાખવાથી જ થઇ શકે? ભગવાન મહાવીર ઉચ્ચ કોટિના શ્રમણ હતા. તેમણે એકાંતમાં કે સમાજથી અલગ રહીને પોતાની સાધના નહોતી કરી પણ સમાજના જુદા જુદા વર્ગના મનુષ્યેતર પ્રાણીઓના પણ સંપર્કમાં રહીને તેમણે સાધના કરી હતી. જ્યારે તે સંપૂર્ણ થઈ ત્યારે સંગ સંસ્થા સ્થાપી. શ્રમણ અને ગૃહસ્થ વર્ગ બન્નેને પોતપોતાની કક્ષાએ યોગ સાધનાનું રહસ્ય બતાવ્યું. આ યોગ સમાજની વચ્ચે રહીને જ સાધવાનો હતો. આ હતો વિશ્વયોગ—વિશ્વના પ્રાણીમાત્ર સાથે એકતા આત્મીયતા સાધવાનો યોગ.

મહાત્મા ગાંધીજીને સ્વરાજ્ય મળ્યા પછી કોઈ કે કહ્યું : " બાપુ ! હવે આપનું કામ પૂરૂં થયું છે. હવે આપ હિમાલયમાં જઈ યોગસાધના કરો !"

બાપુએ બહુ જ લાક્ષણિક શૈલીમાં એનો જવાબ આપ્યો કે " જો સમાજ હિમાલય જશે તો હું પણ હિમાલયમાં જઈને રહીશ. સમાજ છોડીને એકલા હિમાલયમાં જઈને યોગ સાધના કરવાની મારી કલ્પના નથી; કારણકે મારી સાધનાની સાચી કસોટી સમાજમાં જ છે. સમાજસેવા મારા આત્મવિકાસ માટે છે. મારામાં અને સમાજમાં અભિન્નતા હોઈને સમાજ–કલ્યાણમાં જ મારૂં કલ્યાણ હું માનું છું. આમ મારી દરેક પ્રવૃત્તિ ઈશ્વરના સાક્ષાત્કાર માટે છે !"

કેટલાક લોકો થોડા સમય માટે આત્મનિરીક્ષણ કે ચિત્તવૃત્તિ–નિરોધ માટે એકાંતમાં જાય છે; તે સમજી શકાય છે, પણ તેમનો અનુબંધ તે વખતે પણ સમાજ સાથે હોવો જોઈએ. નહીંતર એકાંતમાં રહીને દંભ, કપટ વગેરે દુર્ગુણો પ્રવેશી જવાનો ડર રહે છે.

ભદ્રબાહુ સ્વામીએ નેપાળની તળેટીમાં "મહાપ્રાણ" યોગ સાધવો શરૂ કર્યો. આ તરફ પાટલિપુત્રમાં વિદ્વાન સાધુ–સાધ્વીઓ અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રાવક-શ્રાવિકાઓ શાસ્ત્રોને લિપિબદ્ધ કરવા ભેગા થયા. ભદ્રબાહુ સ્વામી વગર શાસ્ત્ર વાચના પૂરી ન થઇ શકે કારણ કે તેઓ જ તે સમયે સહુથી પ્રખર જ્ઞાની હતા. તેથી જિનભદ્રક્ષમા શ્રમણે બે સંતોને, શ્રીસંઘની આજ્ઞા લઇને ત્યાં મોકલ્યા. ભદ્રબાહુ સ્વામીએ કહ્યું : "મારો યોગ પૂરો થયા પછી આવી શકીશ !"

સાધુઓ પાછા ફર્યા અને તેમણે શ્રીસંઘને વાત કરી. સંઘે બન્નેને ફરી મોકલીને કહેવડાવ્યું : "આપની યોગસાધનાનો છેલ્લો હેતુ સમાજ-સાધના છે. એટલે સહજ આવતી સમાજ સાધનાને મહત્વ આપવું જોઈએ !"

ભદ્રબાહુ સ્વામીને સત્ય સમજાયું અને તેઓ પાટલીપુત્ર આવ્યા.

ઘણા સમાજથી કંટાળીને અતડા થવા માટે યોગ-સાધના કરે છે; તે સાધકોની સાધના પણ કાચી રહી જાય છે. બાહુબલિજીએ એ રીતે જંગલમાં યોગ સાધવો શરૂ કર્યો કારણ કે તેમને સિદ્ધિ મેળવી મહાન થવાનું મનમાં હતું. સાથે જ નાના ભાઇઓને પણ પૂર્વ દીક્ષિત થયેલાં હોઇને વંદન કરતાં મન અચકાતું હતું. તેમને સમજાવવા ઋષભદેવ પ્રભુએ બ્રાહ્મી અને સુંદરી સાધ્વીને મોકલ્યાં. સાધ્વીઓએ તેમને કહ્યું :-

**વીરા મોરા ગજ થકી હેઠા ઉતરો રે, ગજે ચઢયાં કેવળ ન હોય વીરા મોરારે !** તે સાંભળી બાહુબલિજી પ્રતિબોધિત થયા. સમાજ સાથે અનુબંધ ન હોવાથી તેમનું અભિમાન વધતું ગયેલું. પણ જ્ઞાન થયા પછી સમાજ સાથે અનુબંધ જોડવા પગલાં ભરે છે કે તરત કેવળ-જ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેમને સિદ્ધિ મળી જાય છે.

યોગસાધના એકાંતમાં થોડા સમય માટે ભલે થાય પણ તેની ખરી પરીક્ષા તો સમાજની વચ્ચે રહીને જ થાય છે. સામાન્ય માણસ યોગસાધના ઓછી કરી શકે છે. કાંતો કંટાળેલા, કાંતો જ્ઞાનિ અથવા સમર્થ માણુસો કરે છે. ઘણા ધનવાનો પણ નામ કમાવવા માટે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યોગસાધના કરવા જાય છે. તેઓ દાન–પુણ્ય કે સમાજ હિતનું કાર્ય કરતા નથી; એટલે તેમની યોગસાધના દંભ–સ્વાર્થ કે પોતાનાં ખોટાં કાર્યો ઉપર પડદો નાખવા માટે હોય છે. તેની સમાજ ઉપર ઊલટી અસર પડે છે.

ઘણા સમાજસેવકો જેઓ સમાજ સાથે મેળ સાધી શકતા નથી તેઓ પણ આવી યોગસાધના તરફ જાય છે. તેઓ જવાબદારીથી ભાગનાર હોય છે. ઘણા તેમને ફક્કડો કહે છે. તેઓ સ્વચ્છંદ અને બિનજવાબદાર થઈ ઘૂમે છે. ઘણા એકાંત નિવૃત્ત–પ્રધાન સાધુઓને તે સૂઝે છે જેમને સંસાર પાપમય ભાસે છે. પણ તેમને અંતે આહાર–પાણી માટે તો ગૃહસ્થનો આશરો લેવો પડે છે. પૂ. કેદારનાથજીએ પણ એકાંત યોગસાધનાનો અખતરો કરેલો પણ અંતે મહાત્મા ગાંધીજી પાસે આશ્રમમાં રહેવા આવ્યા અને કર્મયોગ સાધ્યો.

**(૨) સ્વસ્થ શરીર માટે યોગ સાધના:** યોગસાધના ઘણા લોકો શરીરની નિરોગિતા માટે કરે છે. આવા હઠયોગી હિમાલયમાં જઈને નેતિ, ધોતી, નૌલી, ભસ્ત્રિકા, આસન, પ્રાણાયામ વગેરે ષટ્કર્મ સાધે છે પણ તેઓ અતડા બની જાય છે અને સમાજ સાથે રહેવા લાયક રહેતા નથી. આવા લોકો દીર્ઘજીવી અને સ્વસ્થ બની જાય છે ખરા, પણ તેથી તેમના આત્માને કે વિશ્વને શું લાભ?

અરવિંદ યોગીએ રાજયોગ સાધ્યો અને માન્યું કે પોંડીચેરીમાં જઈને ત્યાંથી વિશ્વને મારા વિચારો મોકલીશ। તેમણે પોંડીચેરીમાં આશ્રમ બાંધ્યો ખરો અને કેટલાક આકર્ષાયા પણ ખરા; પણ આખા ભારતને તેનાથી કેટલો લાભ મળ્યો? આવા યોગી અરવિંદને પણ અંતે ગૂમડું થયું અને તે જીવલેણ બનેલું. તે દરેક માટે ચેતવણીરૂપે છે.

**(૩) સિદ્ધિ માટે યોગ સાધના:**

યોગ સાધના વડે ઘણા સિદ્ધિઓ મેળવતા હોય છે પણ મોટાભાગે તેનો દુરૂપયોગ જ થતો જોવામાં આવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બૌદ્ધ ધર્મમાં એક પંથ એવો નીકળ્યો જે ચમત્કારોમાં માનવા લાગ્યો પણ અંતે તેની પ્રતિષ્ઠા ન રહી. ખુદ બુદ્ધ ભગવાને યોગ કરી જોયો પણ તે સમાજ કલ્યાણ માટે ઉપયોગી ન લાગતાં, તેમણે ભિક્ષુઓને કહ્યું :—

चरथ भिक्खवे बहुजन हिताय, बहुजन सुखाय

હે ભિક્ષુઓ! બહુજનહિત માટે અને બહુજન-સુખ માટે તમે વિચરણ કરો—સાધના કરો.

જૈન-ધર્મે તો પ્રારંભથી જ હઠયોગ ચમત્કારો વગેરેથી દુર રહેવા ભિક્ષુઓને કહ્યું છે. સિદ્ધિઓના ચક્કરમાં પડવાથી જ્ઞાન દર્શન ચારિત્ર્યની સાચી સાધના થતી નથી. તે તો સમાજમાં રહીને જ થઇ શકે છે. ઉચ્ચ ચરિત્રવાન સાધકોને સર્વાંગી સાધના કરતા કરતા આપોઆપ લબ્ધિઓ મળી જાય છે! સિદ્ધિઓ માટેના યોગની મહત્તા એટલા માટે ઓછી આંકવામાં આવી છે કે તેનાથી વિશ્વનું-સમાજનુ કે આત્માનું કશું કલ્યાણ સધાતું નથી.

એકવાર એક હઠયોગી ૧૪ વર્ષ સુધી હઠયોગ કરી પાણી ઉપર ચાલવાની સિદ્ધિ મેળવીને આવ્યો હતો. તેનો ભેટો એક નૈયાયિક પંડિત સાથે થઇ ગયો. પંડિત નાવમાં બેસવા જતા હતા કે પેલા સિદ્ધ યોગીએ કહ્યું : મેં ૧૪ વર્ષમાં પાણી ઉપર ચાલવાની સિદ્ધિ મેળવી છે!"

પેલા નૈયાયિકે જવાબ આપ્યો : "તમે જે ૧૪ વર્ષમાં સિદ્ધ કર્યું છે તેનું મૂલ્ય કેવળ ૧॥ પૈસો છે. હુ ૧॥ પૈસામાં પાણી ઉપર તરી શકું છું. પછી ૧૪ વર્ષ શા માટે કષ્ટ સહ્યાં ?"

એટલે કે સિદ્ધિ મેળવવાની દોટમાં માણસ પોતાના લક્ષ્યમાં સ્થિર રહી શકતો નથી. સાચા સાધકે તેથી દુર રહેવું જોઈએ.

આનંદ ઘનજીને એક હઠયોગીએ રસકૂપિકા મોકલી. એ રસ-કૂપિકામાં રહેલ રસથી લોઢું કે તાંબું, સોનું થઈ જતું. આનંદઘનજીએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેને ફોડી નાખી. હઠયોગીના સેવકે કહ્યું : "મહારાજ! તમને આની કિંમતની ખબર નથી!"

આનંદઘનજીએ કહ્યું : "મને જે જોઇએ છીએ તે મળી ગયું છે આની મને જરૂર નથી!"

## (૪) ચમત્કાર માટે યોગસાધના :

ઘણા લોકો ચમત્કાર માટે યોગસાધના કરે છે પણ સાચા સાધકે તેમ ન કરવું જોઈએ. ચમત્કારથી થોડી વાર લોકોને આકર્ષી શકાય પણ અંતે અંદર પોલ હોઇને બાજી ઉઘાડી પડી જવાની એટલે ખરો ચમત્કાર ચારિત્ર્યનો છે. જીવનમાં ત્યાગ હોય અને સંયમનું લક્ષ્ય હોય તો ચારિત્ર્ય સંપૂર્ણ રીતે આવતાં તે પણ એક પ્રકારનો ચમત્કાર છે. બાહ્ય ચમત્કારથી લોકોમાં પામરતા, અંધવિશ્વાસ અને અનિષ્ટો વધે છે પણ કેટલાક સાધકો બાહ્ય ચમત્કાર તરફ વળી જનતાને ઉલટે રસ્તે દોર્યા કરે છે. આ તો ચારિત્ર્ય તરફથી ખસવા જેવું થયું.

યોગી આનંદઘનજીના જીવનનો એક પ્રસંગ છે. તેઓ મેડતા ગયા. ત્યાં રાજા–રાણીમાં અણબનાવ હતો. આનંદઘનજીની ખ્યાતિ વધારે હતી એટલે રાણી તેમની પાસે ગઇ. બધી બીના કહી કોઇ મંત્ર આપવાનું કહ્યું.

આનંદઘનજીએ એક કાગળ ઉપર કંઇક લખીને આપ્યું. રાણીએ તેને તાવીજમાં મઢાવી લીધું, અને બાવડા ઉપર બાંધી લીધું. સંયોગવશ રાજા–રાણીનો મેળાપ થોડા વખત પછી જ થઇ ગયો રાણીએ તેને આનંદઘનજીનો પ્રભાવ જાણ્યો અને તેમને વંદના કરવા આવી.

આનંદઘનજીએ પેલો કાગળ માંગ્યો. રાણીએ તે તાવીજમાંથી ખોલીને આપ્યો. આનંદઘનજીએ રાણીને તે વાંચવા આપ્યું. તેમાં લખ્યું હતું :—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"रानी रीझे तो आनंद घन को कया ?
राजा रीसे तो आनंद घन को कया ?"

રાણીજી જોતીજ રહી. આનંદઘનજીએ કહ્યું : "હું ચમત્કારમાં માનતો જ નથી." પણ અહીં જુઓ કે તમારી શ્રદ્ધા ચમત્કાર બની છે."

**(૫) લોક-આકર્ષણ માટે યોગ સાધના :**

ઘણા લોકો, બીજા ઉપર પ્રભાવ પાડી પોતાનું કામ કઢાવવા માટે યોગસાધના કરે છે. તે યોગ્ય નથી. એથી થોડીક પોતાની દુકાનદારી ચાલી શકે પણ આત્મ કલ્યાણ થતું નથી કે સમાજ-કલ્યાણ થતું નથી. ઘણા સાધુઓને મેં કહેતા સાંભળ્યા છે કે પહેલાં યોગ સાધના કરીએ તો તેથી લોકો ઉપર પ્રભાવ પાડી ધાર્યું કામ કરાવી શકીએ. એ યોગ સાધના સાધુતાને અનુરૂપ નથી, તેથી દંભ, અહંકાર, સ્વાર્થ અને વ્યકિતવાદિતા વધે છે.

**(૬) આત્મા કે ઈશ્વરના સાક્ષાત્કાર માટે યોગસાધના :**

ઘણા લોકો આત્મા-પરમાત્માના સાક્ષાત્કાર માટે યોગ સાધના કરવા માગે છે પણ તે કારણ વજુદ વગરનું છે. ઈશ્વર કે આત્માનો સાક્ષાત્કાર તો વ્યકિતથી સમાજ અને સમષ્ટિ લગીના વિશ્વના આત્માઓ સાથે એકતા અને અભિન્નતા સાધવામાં થાય છે. માત્ર સ્થૂળ યોગથી તે ન થઇ શકે.

જૈન-દર્શનમાં આ ઈશ્વર-સાક્ષાત્કારને કેવળજ્ઞાન કહ્યું છે. અને "जे एगं जीणाइ से सव्वं जीणाइ" કહી એક આત્માને જાણનાર બધાને જાણે છે તેના અનુસંધાનમાં જણાવ્યું છે.

ઉપનિષદમાં પણ "एकस्मिन् विज्ञाते सर्वं विज्ञातं भवति" એજ વાત કહી છે. આવી સર્વજ્ઞતા કે કેળજ્ઞાનનું કારણ યથાખ્યાત ચારિત્ર્ય અને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની ઉપલબ્ધિ છે. તેના માટે બાહ્ય યોગસાધના અનિવાર્ય નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## યોગ શું છે?

હવે વિચારીએ કે વાસ્તવમાં યોગ શું છે? એની જૂદી જુદી વ્યાખ્યા જુદા-જુદા કાળમાં થઇ છે તે અંગે ઊંડી વિચારણા કરીએ.

પાંતજલ યોગદર્શનમાં કહ્યું છે:—

" योगश्चित्तवृत्तिनिरोध : "

—ચિત્તવૃત્તિનો નિરોધ કરવો તે યોગ છે. ચિત્તવૃત્તિના નિરોધ માટે યોગસાધનાના સ્થૂળ કારણો કે ઉપલા કારણો યોગ્ય નથી. એટલે જ ગીતાએ યોગની વ્યાખ્યા કરતાં કહ્યું છે:—

समत्वं योग उच्यते

—લાભ અને હાનિ સુખ ને દુઃખ સિધ્ધિ અને અસિધ્ધિ બન્નેમાં સમત્વ જાળવવું તેને જ યોગ કહ્યો છે, જો કે ગીતામાં સ્થૂળ યોગનું વર્ણન આવે છે. " शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मन : " વગેરે દ્વારા આસન પ્રાણાયામની થોડીક ઝાંખી બતાવી છે પણ તે કર્મ યોગમાં કુશળતા માટે છે, કર્મયોગ કરતી વખતે તન, મન, બુધ્ધિ ચિત્ત અને ઈન્દ્રિયો લક્ષ્ય તરફ એકાગ્ર રહે, તલ્લીન થઈ જાય, લક્ષ્યમાં જોડાઇ જાય; તે અનિવાર્ય છે. પણ તેની જાહેરાત, આડંબર કે ચમત્કાર બતાવવાપણું રહેતું નથી, કારણ કે ગીતામાં કર્મફળ-આકાંક્ષા કે કર્મ આસકિતનો સખત વિરોધ છે. ઉપલા બધા કારણોમાં એ સ્પષ્ટ જણાઈ આવે છે. તેથી જ યોગની છેલ્લી પરિભાષા કહી છે:—

योग : कर्मसु कौशलम् ।

કર્મોમાં કુશળતા આવે એટલે કે કર્મમાં આશકિત કે અકર્મણ્ય રહેવાની વૃત્તિ ન જાગે તે જ યોગ છે. અહીં યોગમાં કર્મ મુકવાની વાત ગીતાએ નથી કરી પણ કામ્ય, કર્મનો ત્યાગ કરી નિષ્કામ કર્મ કરવાની વાત કરી છે. એટલે જ કહ્યું છે:—

" स्वे-स्वे कर्मण्यभिदतः संसिद्धि लभते नरः । "

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતાના કાર્યોમાં અભિરત રહેલ માણસોને સિદ્ધિ મળે છે તેને અલગ જઈને કાર્ય છોડીને, જવાબદારીથી ભાગીને કોઈ નિષ્કર્મણ્ય યોગસાધના કરવાની નથી.

ભગવાન મહાવીરે અને જૈનાચાર્યોએ આજ સહજયોગ સાધ્યો હતો. મહાત્મા ગાંધીએ સંન્યાસયોગ અને અનાસક્ત કર્મયોગ સાધ્યો હતો. તેને અનાશક્તિયોગનું તેમણે નામ આપ્યું હતું. સ્વામી વિવેકાનંદે અને અરવિંદે રાજયોગ સાધ્યો હતો. રમણમહર્ષિ અને રામકૃષ્ણ પરમહંસે સેવાયોગ સાધ્યો હતો. આ બધાયે સ્થૂળયોગ સાધનામાં પોતાની યોગશકિત રૂંધવી ન હતી. તે માટે સ્પષ્ટ આદેશ પણ આપ્યો છે :–

"संते वीरिये ण णिगूहियव्वं."

છતી વીર્ય-શક્તિને રૂંધવી; વેડફવી કે અયોગ્ય અથવા અકર્મણ્ય રહીને રોકવી; એ યોગ્ય નથી. આમ પણ અરવિંદ વગેરેએ કરેલી યોગસાધના આજના યુગને અનુરૂપ નથી.

આજે સંગઠનનો યુગ છે. એટલે યોગશાસ્ત્રમાં બતાવેલ સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્રની સામુદાયિકરૂપે સાધના કરી વિશ્વના પ્રાણીમાત્રમાં સમત્વ, મૈત્રી અને અભેદ સાધવો એ જ ખરો યોગ છે.

**વિશ્વયોગ :** વ્યકિતનો સમષ્ટિ સાથે અભેદ સાધવો કે અધ્યાત્મની ભાષામાં પોતાના આત્માનો વિશ્વના આત્મા સાથે અભિન્નતા સાધવી એ જ વિશ્વયોગ છે. એમાં પતંજલિમાંથી ગાંધીજી સુધીના બધા યોગોનો સમાવેશ થઇ જાય છે. ચિત્તવૃત્તિ નિરોધ, સમત્વ, કર્મકૌશલ કે અનાશકિત યોગ વ્યકિતગત નહીં પણ સમષ્ટિને સ્પર્શતાં હોય તો તે સર્વોપરિ અને સમાજવ્યાપી બની શકે.

ભગવાન મહાવીર સ્વામીએ વ્યકિતથી માંડીને સમષ્ટિ સુધીનો આ વિશ્વયોગ સાધ્યો હતો. દીક્ષા બાદ અનાર્યભૂમિના લોકો સાથે અનુબંધ જોડયો હતો, સાપ જેવા ઝેરી પ્રાણી સાથે પણ અનુબંધ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જોડયો હતો. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય જીવો સાથે આત્મીયતા સ્થાપીને કેવળજ્ઞાન મેળવ્યું. પછી સંઘ રચના કરી અને સંઘ દ્વારા માનવજાતિ અને માનવજાતિ દ્વારા સમસ્ત પ્રાણીજગત સાથે અભિન્નતાનો યોગ સાધ્યો. તેમણે તૂટેલા અનુબંધો સાંધ્યા, નવા અનુબંધો જોડયા; એ માટે તેઓ સમાજમાં રહ્યા અને પોતાના શ્રમણોને પણ તેમણે સમાજમાં રહેવાનું 'કે સમાજ સાથે અનુબંધ રાખવાનું કહ્યું. એ સહજ વિશ્વયોગ છે.

એ વિશ્વયોગ આજે ક્રાંતિપ્રિય સાધુ–સાધ્વી અને લોકસેવકોએ સાધવાનો છે. જો કે આમાં શરીર, મન, પ્રાણ બુદ્ધિ, ચિત્ત, ઇંદ્રિયની શુદ્ધિ અને એકાગ્રતા પણ જોઇશે. તે માટે મહાવ્રતો–અણુવ્રતો અને નીતિ–નિષ્ઠા જોઇશે. યોગના નિયમો પણ જોઇશે, પણ તે કમાણી, પ્રચાર કે આડંબર માટે નહીં; વિશ્વયોગ સાધવા માટે.

ધીરે ધીરે વિશ્વયોગ સધાતાં પ્રાણીમાત્રનું વાત્સલ્ય મળશે અને સાચી દષ્ટિ ખીલશે. વૈરાગ્યપૂર્વક અભ્યાસ કરવાથી ચિત્તવૃત્તિનો વ્યકિતગત અને સમાજગત નિરોધ થઇ શકશે. કદાચ આત્મનિરીક્ષણ માટે એકાંતવાસ કરવો પડશે; પણ તેનું ધ્યેય વિશ્વયોગની સાધના માટે જ હશે.

આ વિશ્વયોગ આજના સંગઠન યુગમાં પરસ્પરના અનુબંધ વડે સાધવાનો છે. ક્રાંતિપ્રિય સાધુસંન્યાસીઓ વ્યક્તિથી માંડીને સમષ્ટિ સુધીનો સંગઠનો સ્થાપીને યોગ સાધશે. જનસેવકોના સંગઠનોની પ્રેરણાથી લોક–સમાજ સુધીનો યોગ સધાશે. જનસંગઠનો એ બન્નેની પ્રેરણાથી એક રાષ્ટ્ર સુધીનો (જેમાં ગ્રામ, નગર, પ્રાંત, સંપ્રદાય, જ્ઞાતિ, ધર્મ બધાં આવી જાય છે) યોગ સાધશે અને રાજ્યસંગઠન (કોંગ્રેસ) ભારત વડે વિશ્વ રાજ્યસંસ્થા સુધીનો યોગ સાધશે. એમાં માર્ગદર્શન પ્રેરણા અને પૂર્તિ ઉપલાં ત્રણુ સંગઠનોનાં હશે.

આ જ વિશ્વયોગની સાધનાનું ચિત્ર છે. એ ચિત્ર ગાંધીજીએ કલ્પ્યું



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતું. પૂ. સંતબાલજી પણ એ ચિત્ર કલ્પીને જ વિશ્વયોગ સાધવા મથી રહ્યા છે. આપણે પણ એ વિશ્વયોગ સાધવાનો છે. સમગ્ર વિશ્વના પ્રાણીઓ સાથે એકતા, અભેદતા અને સમતા સાધવાની જે વૃત્તિ છે; તે જ યોગસાધના પાછળનું સ્પષ્ટ દર્શન છે.

☆

## ચર્ચા–વિચારણા

**પૂ. દંડી સ્વામીએ** આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું : "યોગ શબ્દ 'યુજ્' ધાતુ ઉપરથી બન્યો છે. તેનો અર્થ છે બ્રહ્મ અથવા ઈશ્વર સાથે જોડાણ કરવું. તે છે યોગનું અસલ સ્વરૂપ. બ્રહ્મ સાથે આપણું શરીર, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર વગેરેનું જોડાણ થાય છે. અહીં યોગનો થોડોક ઇતિહાસ કહું તો યોગ્ય જ ગણાશે. હિરણ્યગર્ભ યોગના આદ્યપ્રણેતા ગણાય છે. ભગવાન ઋષભદેવના સો પુત્રોમાં ૮૧ બ્રાહ્મણો, ૯ યોગેશ્વર, ૯ ક્ષત્રિયો ઉપરાંત ભરત ચક્રવર્તી પણ વૈદિક દૃષ્ટિએ હતા. વૈદિક ધર્મ પ્રમાણે આ નવ યોગેશ્વર જેને નાથ સંપ્રદાય માને છે તેમાં મચ્છેંદ્ર, ગોરખ, જાલંધર, ભરથરી વગેરે ગણાય છે, પણ ગોપીચંદ ગણાતા નથી. નાથ સંપ્રદાય પાશુપત ધર્મની શાખા ગણાય છે. મહાભારતમાં પાંચ નામો આ પ્રમાણે આવે છે. વેદ, સાંખ્ય, યોગ, પાશુપત અને વૈષ્ણવ. નાથ સંપ્રદાય યોગપ્રધાન ધર્મ છે. યોગમાં અણિમા, લઘિમા, આકાશગમન અને પરકાય પ્રવેશ વ. સિદ્ધિઓ આવે છે. કહેવાય છે કે શંકરાચાર્ય તે જાણતા હતા. એ આઠ સિદ્ધિઓમાં આજે ભાગ્યે જ કોઈ સિદ્ધિ હશે. તે ઉપરાંત ચોવીશ મુદ્રા અને ચોર્યાશી આસનો તેમજ નેતિધોતિ વગેરે ક્રિયાઓ પણ કહી છે. યોગસાધના ગુરુના સાન્નિધ્ય વગર કરવાની મના છે; કારણકે તેમ કરવાથી મગજ ગાંડું બની જવાનો સંભવ છે."

**શ્રી માટલિયા :** "નાનાભાઈ ભટ્ટે 'સ્તંભન ક્રિયા' સુધી યોગ સાધ્યો હતો એવો મારો ખ્યાલ છે. તેમના તરફથી જે સાંભળ્યું છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે ઉપરથી થોડુંક કહું :—(૧) એક સાથે જોડાવું તેને એકાંત નામની યોગસાધના કહેવામાં આવે છે. ત્યાં સિદ્ધની કલ્પના છે જેમાં ભક્તિ અથવા દર્શનની પ્રધાનતા હોય છે. (૨) આલોકાંત યોગસાધના, જેમાં આલોક સિવાયનાં બીજાં સ્વરૂપો ચંદ્રો, કૈલાશ, વૈકુંઠ, સિદ્ધિ શિલા વગેરે સાથે યોગ સાધવો. અહીં તત્ત્વજ્ઞાનની પ્રધાનતા અને જ્ઞાનમાં લીન બનવાનું હોય છે. (૩) લોકાંત યોગસાધના જેમાં કર્મ અથવા ચારિત્ર્યની પ્રધાનતા હોય છે. ભક્તિમાં સમર્પણ, કર્મમાં અનાસક્તિ અને જ્ઞાનમાં તત્ત્વજ્ઞાન મુખ્ય સાધન બને છે. આ ત્રણેને નોખા પાડયા વગર વિચારાય તે એકંદરે પૂર્ણ યોગની સાધના કહેવાય છે.

સર્વ પ્રથમ ચિત્ત શુદ્ધિ જરૂરી છે. તેના વગર વચમાં પેદા થતી સિદ્ધિઓ મુશ્કેલીમાં મૂકાવે. ચિત્ત શુદ્ધિમાંથી ભાવના શુદ્ધિ થાય. આના પરિણામે સાધક બધાં કર્મોથી મુક્ત થાય. અમુક એકાદ કર્મમાં લીન થવાનું બને, આ સાધનામાં રાગદ્વેષ કે પૂર્વગ્રહો સતાવતા હોય છે. માટે તેમાંથી છૂટવા, સંયોગો ચાલુ હોય છતાં અલગ એકાંતમાં જવાની જરૂર પડે છે. આ એકાંત ચિત્તશુદ્ધિ માટે જ છે તે ભૂલાવું ન જોઇએ.

ચિત્તશુદ્ધિ પહેલાં યોગસાધના વર્જનીય ગણાવી જોઈએ. નાનાભાઈ ભટ્ટને પણ ચિત્તશુદ્ધિ ન લાગતાં તેમણે યોગસાધના બંધ કરાવી. અમે ઘણું કહ્યું ત્યારે તેમણે કહ્યું : "જે મારા માટે વર્જ્ય છે તે બીજા માટે પણ વર્જ્ય છે કારણ કે આનો સદુપયોગ થવાને બદલે દુરૂપયોગ થવાનો વધારે સંભવ છે."

આજે પાશ્ચાત્ય યુગની મનોવૈજ્ઞાનિક અસર હેઠળ વિકારો સ્વાભાવિક મનાય છે અને સંયમને અસ્વાભાવિક ગણવામાં આવે છે. તેથી ચિત્તવૃત્તિની શુદ્ધિ વગર યોગસાધના હાનિ પહોંચાડ્યા વગર નહીં રહે. આપણું ચિત્ત વિશાળ શક્તિનું ધારક છે.

આંખોમાંથી કિરણો નીકળે છે. તે આલોચક રસ છે. નીમક આપણા શરીરમાં વિજળી પેદા કરે છે તેમ મગજના જ્ઞાનતંતુઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આલોચક રસ આપે છે. એવી જ રીતે મનની, જીભની અને અન્ય ઇંદ્રિયોની અનેક સૂક્ષ્મ શક્તિઓ છે. આ શક્તિઓને લઈને બહારના આંદોલનોનો ખ્યાલ આવી શકે છે.

આજે માનવજાતને ડગમગ કરાવનાર કામ-ક્રોધથી મુક્ત કરવા અને આ આખુંયે માનવને સર્વસુલભ કરાવવા, આધ્યાત્મિકતા ધર્મ અને યોગનો તાળો મેળવવો પડશે. વાસનામુક્ત આત્મા એ અનાસકત કર્મનું સાધન છે. આમ વિચારીએ તો શ્રી નાનાભાઇની યોગસાધના અધૂરી રહી. તેમ ન થાય અને તેમની પાસે કે એવાં જે કોઈ નરનારી હોય તેમની પાસે યોગનો જે કંઇ મસાલો હોય તેને મેળવી સર્વસામાન્ય બનાવવા માંડે તે જરૂરી છે.

જૈન તત્ત્વજ્ઞાનમાં યોગ; સહજયોગ રૂપે છે. ત્યાં જો કે યમ, નિયમ વગેરે પારિભાષિક શબ્દો નથી આવતા પણ સામાયિક વગેરે આવે જ છે. જો આજનું વિજ્ઞાન રોકેટ વગેરે બનાવી શકે છે તો ચૈતન્ય યોગ સામુદાયિક ઢબે સાધી, એટમ વગેરેની સામે જનતા અહિંસક રીતે ટકી શકે અને લડાઇ માત્ર ટાળી શકે એમાં નવાઇ શી છે?"

**શ્રી દેવજીભાઈ :** "મારા મતે તો સમર્થ યોગી કે યુગપુરૂષ એ છે જે ગમે તેવી કપરી સ્થિતિમાં પણ મનને અડગ અને સ્થિર રાખે. તેમ જ જગતની સુસંસ્થાઓને યોગ્ય સ્થાને રાખી કાર્ય કરે અને કરાવે જેથી જગત ઉપર અજોડ અસર થાય. આજે કષાયો અને રાગદ્વેષને દુર કરે તેને જ સાચો યોગ કહેવો પડશે. વ્યકિત અને સમાજનાં કામ-ક્રોધ વગેરે ઓછાં થાય તે વ્યવસ્થામાં લાગી જવું એ જ સાચી યોગસાધના છે.

**શ્રી. પૂંજાભાઈ :** "મારા નમ્ર મતે આજનો યોગ એટલે વિશ્વનો વિચાર કરી આચાર ગોઠવવાનો છે. તેને અમલમાં મૂકવા માટે (૧) સહયોગ (૨) પ્રયોગ (૩) ઉદ્યોગ અને (૪) ઉપયોગ. આ ચાર અંગોની જરૂર પડે છે. એક કાળે ચિત્તવૃત્તિ નિરોધ માટે એકાંતમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જવું પડતું, આજે સમાજમાં આવવાની જરૂર યોગવાળાને અનાયાસે થઇ પડી છે. એટલે એ વ્યકિતએ સમાજનો સહયોગ સાધ્યો હશે કે તે સમાજમાં લોકપ્રિય થઇ પડ્યો હશે. આમ સહયોગ થયા બાદ તે વ્યકિત પ્રયોગ કરશે. પ્રયોગ શરૂ કર્યો કે ઉદ્યોગ આવશે. ઉદ્યોગ આવ્યા પછી ઉપયોગ આવશે જેથી વિશ્વના કલ્યાણનો ઉદ્યોગ ચાલુ રહેશે.

કામક્રોધાદિ અંતરના શત્રુઓ ઉપર અંકુશ આવવાથી વ્યક્તિથી માંડીને સમષ્ટિ સુધી ઉપયોગ થવા માંડશે. તેથી જ અન્યના કલ્યાણ સાથે સ્વકલ્યાણ પણ થશે. આવા વિશ્વયોગમાં જેટલી ઉણપ એટલું પોતાને નુકશાન થશે. એટલે ઊંડી કાળજી રાખવાનું માર્ગદર્શન આપનારાં સાધુ-સાધ્વીઓ પણ જરૂરી છે.”

**શ્રી બળવંતભાઇ:** “એકાંતમાં કે સમાજમાં ગમે ત્યાં યોગ સધાય પણ સાધકનું પરીક્ષા સ્થળ સમાજ જ છે. તે રીતે જંગલ કે વસતિ બન્નેમાં યોગી રહી શકે. બન્નેનો યોગ રહેતો સારૂં. ભગવાન ઋષભદેવથી મહાવીરસ્વામી લગી બધા યોગી થયા. પહેલાં ગૃહસ્થાશ્રમમાં રહ્યાં ત્યાંના કર્તવ્યો પાર પાડયાં અને પછી સાધુ થયા. સાધ્વીઓને પૂરક તરીકે લીધા. મલ્લિનાથ જેવા સાધ્વીએ તો છ પુરૂષો રાજાઓને સાધુઓરૂપે પૂરક તરીકે સાથે લીધા છે. કર્મ તો સાધુજીવન અને ગૃહસ્થજીવન બન્નેમાં સરખાં રહ્યાં છે. યજુર્વેદના ચાલીસમાં અધ્યાયમાં કહ્યું છે! “સો વર્ષ જીવો પણ કાર્ય કરતા જીવો!” જે આ રીતે અનુસંધાનમાં રહીને કાર્યો કરે છે તેજ યોગની સિદ્ધિ પ્રાપ્ત કરે છે. યોગસિદ્ધ સાધુ કે સાધ્વી, સ્થૂળ નજરે ભલે કામ કરતાં ન દેખાય, પણ તેમનું શારીરિક કે સૂક્ષ્મ દૃષ્ટિએ આ બધાં સુકાર્યો સાથે અનુસંધાન હોય જ છે.”

**શ્રી શ્રોફ:** “એક બરાબર સધાય તોજ બધું બરાબર સધાય, જેમ આપણે પ્રાર્થનામાં નિયમિતતા જાળવીએ છીએ તો બીજા સમયોમાં પણ આપોઆપ નિયમિતતા આવી જાય છે. તેવી જ રીતે માનવમાત્રનો અનુબંધ વ્યવસ્થિત થાય તો પ્રાણીમાત્રને સુખ શાંતિ થઈ જાય.”

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**શ્રી ચંચળબેન :** "સાહસિકપણું અને દઢમન એ યોગની મુખ્ય શરતો છે. કોમળ પ્રવૃત્તિ અને નિયમિતતા પણ જોઇએ. પોતપોતાનાં ક્ષેત્રમાં રહી આત્મભાન ન ભૂલીએ એવી સાવધાની રાખતાં ઊંડાં આત્મ ચક્ષુ ઉઘડી જાય છે; વિદ્યુતપ્રવાહ શરીરમાં વહે છે, માટે ચારિત્ર્ય અને બ્રહ્મચર્ય ઉપર વધુ ભાર મૂકાવો જોઇએ."

**શ્રી માટલિયા :** "વિજ્ઞાનનો જેમ પ્રારંભમાં દુરૂપયોગ થયો તેમ શરૂઆતમાં યોગનો દુરૂપયોગ થશે. છતાં કષાયમુક્તિનું 'લક્ષ્ય અને તેવી ચોખવટનું લક્ષણ બાંધી જોખમ ખેડીને પણ યોગનો પ્રચાર કરવો જોઈએ."

**પૂ. દંડીસ્વામી :** "આજના યુગની યોગ સાધના એટલે કર્મમાત્રમાં નિર્લેપતા કેળવવાનો પુરૂષાર્થ કરવો. તેથીજ સાધુ-સાધ્વી સંન્યાસીઓએ આ દિશામાં જોખમો ખેડીને પણ ઝુકાવવાનો સમય આવી પહોંચ્યો ગણાય. જોકે મોડું તો થયું છે પણ ગાંધીજીએ ચીલો સુંદર પાડી આપ્યો છે. જેથી કાર્ય ઝડપથી અને સંગીન બનશે. એ વાત પણ સાચી છે કે આ કામ સાચાં સાધુસાધ્વીના યોગ વિના નહીં થાય."

(૧૪-૧૦-૬૧)

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[ ૧૨ ]

# સાધનાના વિવિધ અંગોમાં વિવેક

યોગસાધના ઉપરાંત પણ કેટલીક સાધનાઓ છે. જે જુદા જુદા ધર્મો અને દર્શનોએ સૂઝાડેલી છે. એક સાધુ પણ સાધના કરે છે અને એક લોકસેવક પણ સાધના કરે છે. વ્યકિતગત સાધના થાય છે અને સમૂહગત સાધના પણ સધાય છે. આ સાધનાઓમાં કયાંક આડંબર તો કયાંક ચમત્કાર દેખાય છે. કયાંક કોઇને ઉપર ઉઠાવવાની વાત હોય છે તો કયાંક નીચે પાડવાની વાત હોય છે. દર્શન વિશુદ્ધિમાં માનનાર સાધક માટે ત્યાં સાવધાની, વિવેક અને સ્પષ્ટ નિર્ણય બહુ જ અગત્યનાં બની રહે છે.

**સાધના એટલે શું :** સર્વ પ્રથમ સાધના શું છે? એ વિચારીએ.

અમુક સાધ્યને પ્રાપ્ત કરવા માટે જુદાં જુદાં સાધનો વડે જે અભ્યાસ કરવામાં આવે છે તેને સાધના કહેવાય છે. એ દષ્ટિએ અલગ-અલગ ધર્મના ક્રિયાકાંડો, વિધિવિધાનો કે અનુષ્ઠાનો સાધના છે. તેના વડે નિશ્ચિત નિર્દેશિત સાધ્ય પ્રાપ્ત કરવાનું હોય છે. પણ ઘણાં લોકો એ વાતને ભૂલી જાય છે. અને તે સાધનોને જ સાધ્ય માનીને અટવાઈ પડે છે.

આ ઉપરાંત પણ આ સાધનોમાં શુદ્ધ સાધનો હોવાં જરૂરી છે. ઘણાં એવાં સાધનો હોય છે જે સત્ય, અહિંસા અને સંસ્કૃતિને બાધક હોય છે. તે અશુદ્ધ સાધનો છે. જેમકે જગતની માતા જગદંબાના મંદિરમાં પશુબલિ આપવો; અથવા મસ્જીદ જેવા ધર્મસ્થાનમાં સ્ત્રીઓ ન આવી શકે; અથવા મંદિરમાં હિંદુ હરિજન શુદ્ધ થઇને પણ ન આવી શકે અથવા એકના સ્પર્શથી બીજાની જાત-જમણુ બધું અભડાઇ જાય. આવાં સાધનો યોગ્ય નથી એટલે તેના વડે જે ક્રિયાકાંડો થાય છે; સાધના થાય છે તે પણ યોગ્ય નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સાધ્ય ખરું કયું ?** : સાધના સાધ્યની દિશામાં છે કે નહીં અથવા ખરું સાધ્ય કયું છે તે જાણવું દર્શન–વિશુદ્ધિ માટે અતિ અગત્યનું છે. એથી સાધ્ય કે ઉપસાધ્યની સ્પષ્ટ વ્યાખ્યા સમજી લઈએ તો દર્શન વધારે સ્પષ્ટ થશે.

સાધ્ય શું છે ?

એની સરળમાં સરળ પરિભાષા તો એ છે કે જેના વિષે ફરી કોઈ સવાલ ન ઊઠે તે અંતિમ સાધ્ય છે. એક માણસ ખોરાક માટે પ્રયત્ન કરે છે તેને પૂછી શકાય કે ખોરાક શા માટે ? તે કહેશે પેટ ભરવા માટે ! ફરી પ્રશ્ન ઊઠશે કે પેટ ભરવું છે શા માટે ? જિંદગી ટકાવવા માટે ! ફરી પ્રશ્ન ઊઠશે કે જિંદગી શા માટે ટકાવવી છે ? સુખશાંતિ માટે ? ફરી પ્રશ્ન થશે સુખશાંતિ કેમ મળશે ? તો ઉત્તર છે વિશ્વવાત્સલ્યથી. હવે એની આગળ કોઈ પ્રશ્ન નથી કારણ કે વિશ્વવાત્સલ્ય સુખ અને શાંતિની ચાવી છે. માતાને પૂછો કે તે વાત્સલ્ય શા માટે આપે છે ? તેનો જવાબ તે આપશે કે એનો સહજ સ્વભાવ છે. તેવી જ રીતે વિશ્વકુટુંબી બનીને સુખ–શાંતિ મેળવવા માટે સ્વભાવતઃ સાધ્ય વિશ્વવાત્સલ્ય છે.

ઉપસાધ્યો જુદા જુદા હોઈ શકે પણ તે સાધ્યને અનુરૂપ હોવાં જોઈએ. જે ઉપસાધ્ય સાધ્યને પ્રતિકૂળ હોય તે ઉપસાધ્ય ન હોઈ શકે. જેમકે સ્વતંત્રતા કે ન્યાયને કોઈ ઉપસાધ્ય બનાવે તો તે ખોટું નથી પણ તેમનાથી અન્ય રાષ્ટ્ર કે દેશને પરતંત્ર કરવા કે અન્યાય કરવાનું કાર્ય થાય તો તે વિશ્વવાત્સલ્યને અનુકૂળ નહીં ગણાય. એવી જ રીતે જે ઉપસાધ્ય વડે કોઈ પણ પ્રકારનો સ્વાર્થ સધાતો હોય તો તે પણ સાધ્યને અનુકૂળ નહીં પડે. એવી સાધના પણ વિકૃતિમય ગણાશે.

હવે આજના સમયમાં વિશ્વપ્રવાહોમાં કઈ કઈ સાધનાઓ ચાલે છે ? તેને તપાસીએ તેમ જ તેનાં કયાં કયાં ભયસ્થળો છે ? તેમ જ આજના યુગે તે સાધનાઓ કેટલે અંશે અને કેવી રીતે ચાલુ હોઈ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શકે? સાધક કઇ રીતે, કઇ કઇ વિકૃતિઓથી અલગ રહીને તેને ગ્રહી શકે? તે વિચારીએ.

## પ્રાર્થના

નામભેદ ભલે હોય પણ ક્રિયા અને ઉદ્દેશ્ય જેનું સમાન છે એવી એક સાધના છે—પ્રાર્થના, ઇસાઇ ધર્મમાં તે Prayer (પ્રાર્થના) રૂપે છે. ઈસ્લામ ધર્મમાં તેને નમાજ, હિંદુધર્મમાં સ્તુતિ (યજન), જૈન ધર્મમાં તેને સ્તવ તેમજ ઉત્કીર્તણ, ભકતસંપ્રદાયમાં 'ભજન' કે "પૂજા" પણ કહેવાય છે. વૈદિક ધર્મમાં એને 'સંધ્યા' તથા જૈન ધર્મમાં "આવશ્યક" કે "પ્રતિક્રમણ" પણ કહે છે.

### પ્રાર્થના કેવી?

પ્રાર્થના શું છે? તેનો સીધોસાદો જવાબ એ છે કે જેના વડે અવ્યકત શક્તિ સાથે પોતાના જીવનનો તાળો મેળવી શકીએ, અગર તો અવ્યકત બળ કે અવ્યકત જગતની સાથે વ્યકત જગતનો મેળ બેસાડી શકાય તે પ્રાર્થના છે. એક સાધક છે. તેનામાં બધા ગુણો છતાં ક્રોધ છે. તે અવ્યકત શકિતને એવી પ્રાર્થના કરે છે કે મારામાં એવી શકિત પ્રગટ કરો કે હું ક્રોધ ઉપર વિજય મેળવી શકું. આ થઈ વ્યકિતગત ઉન્નતિ માટે પ્રાર્થના; જે બરાબર છે. આવી જ પ્રાર્થના સામુદાયિક પણ થઇ શકે જેમાં સાધકો સમૂહરૂપે ભેગા મળી કોઇપણ અનિષ્ટને દૂર કરવા શુદ્ધ અહિંસક બળ જગાડવા માટે પ્રેરણા પ્રાપ્ત કરશે.

વ્યકિતગત પ્રાર્થનામાં કયારેક અહંભાવ પેદા થવાનો ખતરો છે કે આ બધું મારા એકલાના કારણે સુધરી ગયું છે. એટલે મહાત્મા ગાંધીજીએ વ્યક્તિગત પ્રાર્થના કરતાં સામુદાયિક પ્રાર્થનાને વધારે મત્હવ આપ્યું છે. વ્યક્તિગત પ્રાર્થનામાં સ્વાર્થ ન પેસે અને તે સમુદાય માટે કરવામાં આવે તે બરાબર છે. પણ તેનાં કેટલાંક બીજાં પણ ભયસ્થાનો છે. વ્યકિતગત પ્રાર્થના ઘણીવાર અમૂક સમુદાયને નુકશાન પહોંચાડવા માટે કરવામાં આવે છે; તે વિકૃત બને છે. એવીજ રીતે વ્યકિત–પ્રાર્થનામાં સાધકની એકલાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શક્તિ ઓછી પડે છે; ત્યારે સામુદાયિક પ્રાર્થનામાં તે શક્તિનું પ્રમાણ વધે છે અને તે એક મોટું વાતવરણ પેદા કરી શકે છે. જેની અસર સામી વ્યક્તિ કે સમૂહ ઉપર જબર્દસ્ત પડે છે. તેથી તે શુદ્ધ થવા પ્રેરાય છે.

શુદ્ધિપ્રયોગમાં એટલા માટે જ સામુદાયિક પ્રાર્થનાને સ્થાન આપવામાં આવ્યું છે. ભૂતકાળમાં વૈદિકયુગોમાં વેદમંત્રો દ્વારા જે પ્રાર્થના કરવામાં આવતી તેમાં વ્યકિતગત અને સમૂહગત બંને પ્રકારની પ્રાર્થનાનો મેળ છે, જેમકે :—

"असतो मा सद्‌गमय"
"तमसो मा ज्योतिर्गमय"
"मृत्यो र्मा अमृतं गमय"
"तेजोऽसि तेजोमयि धेहि"
"बलंमसि बलं मयि धेहि"

આ બધા મંત્રોમાં વ્યકિતગત પ્રાર્થના દેખાય ત્યારે :—

"गणानां त्यागणपतिं यजामहे"
"भद्रंकर्णेभिः श्रृणुयाम......"

—જેવી પ્રાર્થના તેમજ વરસાદ વરસાવવા માટે કારીરી યજ્ઞ જેવી પ્રાર્થનાઓમાં સામુદાયિક સ્તુતિઓ દેખાય છે.

**મૌન કે ઉચ્ચારિત ?**

પ્રાર્થના મૌન પણ હોઇ શકે તેમજ ઉચ્ચારણ દ્વારા પણ હોઈ શકે ! મૌન કરતાં પણ ઉચ્ચારિત અને તે જો સામુદાયિક હોય તો તેની અસર વધારે પડે છે, એવા ઘણા દાખલાઓ આપણા દેશના અને પરદેશના મળે છે.

(૧) ભારતમાં ગાંધીજી જે પ્રાર્થના સામુદાયિક રીતે કરતા તે અમુક ફળની હતી. ડૉ. દુર્ગાશંકર નાગર જેઓ ઉજ્જૈનમાં કલ્પવૃક્ષ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાર્યાલય ચલાવતા તેઓ પ્રાર્થના વડે ઘણા લોકોના દુઃખો દૂર કરતા હતા. તેમને ઇશ્વર ઉપર દૃઢ વિશ્વાસ હતો અને આફત ટાણે તેમને ઇશ્વરની મદદ મળી જતી.

( ૨ ) અમેરિકામાં એક ગામે વરસાદ માટે સ્ત્રી-પુરૂષો ભેગા થઇ પ્રાર્થના કરી રહ્યા હતા. તે વખતે એક છોકરી છતરી લઇને પ્રાર્થના કરવા માટે આવી. તેને ઉઘાડી છતરી લઇને ચાલતા જોઇને બધા પૂછવા લાગ્યા : ક્યાંયે વરસાદનાં ચિહ્નો નથી, છતાંયે તું છતરી શા માટે લાવી છે ?"

તે નાની છોકરીએ દૃઢતાપૂર્વક જવાબ આપ્યો : "આપણે પ્રાર્થના કરીએ છીએ એટલે હમણાં વરસાદ આવશે ને ?"

થોડીવારમાં વાદળાં ઘેરાવાં લાગ્યાં અને મૂશળધાર વરસાદ વરસવો શરૂ થયો.

( ૩ ) વિલાયતમાં જાર્જ મૂલરે ઘણા અનાથાલયો ચાલુ કર્યા હતા. તેનો આધાર અને બળ પ્રાર્થનાજ હતી. તેઓ એકાંતમાં પ્રાર્થના કરતા. એક અનાથાલયમાં બે હજાર બાળકો હતા. એકવાર એવું થયું કે બાળકો માટે એક ટંકનું પણ ખાવાનું ન હતું.

પ્રબંધકે મૂલર સાહેબને કહ્યું : "સાહેબ, આજે તો મૂઠ્ઠીભર અનાજ પણ નથી. શું કરશું !"

" મૂલર સાહેબે કહ્યું : "તમે સમયસર જમવાનો ઘંટ વગાડજો અને જમવા બેસાડજો !"

પ્રબંધકને લાગ્યું કે મૂલર સાહેબનું મગજ ચસક્યું છે. તેણે જમવાનો સમય થતાં આવીને કહ્યું : "સર જમવાનો સમય થયો છે.... ઘંટ વગાડું !

મૂલર સાહેબે જોશથી કહ્યું : "જરૂર વગાડો ! આપણે આપણું કાર્ય કર્યું છે. બાકીનું એનું (ઇશ્વરનું) કામ છે. તે કરશે !"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘંટ વગડયો. બધા બાળકો જમવા બેસતા હતા કે એક વેગન મિષ્ટાન્ન ભોજનથી ભરેલું આવી પહોંચ્યું. એક ધનવાન પુરૂષે એક મિજબાનીનો પ્રબંધ કરેલો. પણ પાછળથી તેને તે મિજબાની સ્થગિત કરવી પડી. તેને આંતરિક પ્રેરણા થઇ કે આ બધી ભોજન સામગ્રી સડી જશે એટલે હોટલના મેનેજરને કહ્યું : આ બધી સામગ્રી મૂલર સાહેબના અનાથાલયમાં પહોંચાડી દો !"

બાળકોએ પ્રેમપૂર્વક ભોજન કર્યું. પ્રબંધક પણ મૂલર સાહેબની પ્રાર્થના ઉપરની આવી શ્રદ્ધાને ફળતી જોઇને ગદગદ થઇ ગયો.

(૪) અમેરિકામાં કેનસાસ નગરમાં "યૂનિટી સ્કૂલ ઓફ ક્રિશ્ચિયાનિટી" નામની એક પ્રાર્થના કરનારી સંસ્થા છે. તેના સંસ્થાપક ફિલ્મોર નામના ભાઈ જન્મથી પગે ખોડા હતા. તેમને પત્ની અને બાળકો હતાં. બધાંને ક્ષયરોગ લાગુ પડયો અને ઘર આખું દવામાં ખવાઇ ગયું.

એકવાર તેમની પત્નીને પ્રેરણા થઇ : "હું વિશ્વાસપૂર્વક અવ્યકત શકિતને પ્રાર્થના કરૂં તો બળ મળે અને આધિ-વ્યાધિ-ઉપાધિ દૂર થાય ?"

કુટુંબના બધા યે લોકોએ તેની વાત માની પ્રાર્થના કરવી શરૂ કરી. થોડા દિવસોમાં પ્રાર્થનાના પ્રભાવથી બધા નીરોગી થઇ ગયા. ત્યારપછી તેમણે પ્રાર્થનાનો પ્રચાર કરવો શરૂ કર્યો.

તે માટે એક સંસ્થા સ્થાપી. તેને ૬૦-૭૦ વર્ષ થવા આવ્યાં છે. આ પ્રાર્થના મંડળમાં રોજ ૯૪ માણસો ત્રણે ટાણાં નિયમિત પ્રાર્થના કરે છે. પ્રાર્થના કરનાર બધા ધર્મ પ્રતિ આદરભાવ રાખે છે. તેઓ કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતને માને છે; માંસાહાર કરતા નથી. પવિત્ર જીવન ગાળે છે ને સંસ્થામાં રોજ ૪૦૦૦ પત્રો રોગી, દુઃખી તેમજ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક મુશ્કેલીવાળા પાસેથી આવે છે. ત્યાં યૂનિટી નામનું એક નાનું ગામ વસી ગયું છે. તેમનું 'યૂનિટી'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નામનું છાપું નીકળે છે તેનો બહોળો ફેલાવો છે. તે ઉપરાંત બાળકો, વૃદ્ધો, યુવાનો અને વેપારીઓ માટે પણ માસિકો નીકળે છે.

આપણા દેશમાં પણ સુરતમાં પ્રાર્થના સંઘ છે અને મુંબઈ જેવા શહેરોમાં ભજન મંડળી, કીર્તન મંડળ વગેરે છે. એટલે પ્રાર્થનાની ધારી અસર થાય છે એમ માની શકાય છે અને તેની સાધના યથાર્થ છે.

## પ્રાર્થનાની અસર કેમ નથી?

આટલી બધી સંસ્થા હોવા છતાં સમાજજીવનમાં કોઈ ફેરફાર થતો નથી. એટલે માનવું જોઈએ કે એની સાથે કંઈક ખૂટે છે. તેમાં મુખ્યત્વે આ બાબતો ગણાવી શકાય.

(૧) જે લોકો દરદીઓ, દુઃખીઓ કે ગરીબો છે તેઓ નાની નજીવી બાબતો અંગે પણ પુરુષાર્થ નથી કરતાં પણ 'ઇશ્વર કરે તે સાચું' એમ ગણી જીવનમાં સુધારો કરતા નથી.

(૨) પ્રાર્થનાની સાથે સંયમ, સાદાઈ, ત્યાગ, તપનું કંઈક આચરણ ભળવું જોઈએ. તે ભળતું જણાતુ નથી. એટલે તાત્કાલિક લાભ કદાચ મળી જાય છે પણ સ્થાયી લાભ જણાતો નથી.

(૩) પ્રાર્થનાની સાથે-સાથે પવિત્રતા વધવી જોઈએ તે સમાજમાં ઓછી જણાય છે.

(૪) વ્યક્તિગત સ્વાર્થ, સત્તા કે સંપત્તિ માટે પ્રાર્થનાનો ઉપયોગ થવો; કે બે દેશ લડે ત્યારે એકબીજાના નાશ માટે પ્રાર્થના કરવી. આ દુરૂપયોગ છે. તે બંધ થવો જોઈએ.

(૫) પ્રાર્થનાનો માત્ર શબ્દોચ્ચાર થાય છે. તેના અર્થ ઉપર વિચાર થતો નથી. એટલે કેટલાક અંધ વિશ્વાસો, ચમત્કારો તેમજ ઠેકેદારી જેવી વસ્તુઓ પેદા થાય છે. તે દૂર થવી જોઈએ.

પ્રાર્થનાને જો આપણે સાધના માનતા હોઈએ તો તેનું સાધ્ય વિશ્વ-વાત્સલ્ય છે; અને ઉપરોક્ત બાબતોમાં જે ખૂટે તે તેમાં ઉમેરવાનું છે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રાર્થના સાથે ધર્મમય કાર્યક્રમો રાખવા જોઇએ જેથી પ્રાર્થનામાં બળ આવે. પ્રાર્થના ઉપર મૂઢતાનાં જાળાં જેમ ગાંધીજીએ તોડી નાખ્યા હતાં, તેમ તોડીને ખરા મને તે થવી જોઇએ.

## પ્રાર્થના એવી કરીએ તો!

ગાંધીજીને પ્રાર્થના અંગે અટલ વિશ્વાસ હતો. તેઓ કહેતા : "પ્રાર્થના મારો ધ્રુવ તારો છે. હું એક વખતનું ખાવાનું છોડી શકું, પણ પ્રાર્થના ન છોડી શકું! આત્માને પરમાત્મામાં લીન કરવાનું તે માત્ર સાધન છે. માનવજીવનના પરમોદ્દેશ્યને પ્રાપ્ત કરવાનું તે અચૂક સાધન છે. ખરા દિલથી અને ધાર્મિક ભાવથી પ્રાર્થના કરતાં તેના મહાન પરિણામો મેળવી શકાય છે!"

પ્રાર્થનાની નિયમિતતા ગાંધીજી માટે શ્વાસ જેમ ગંભીર હતી, એકવાર એવું થયું કે પદયાત્રા કરતી વખતે થાકના કારણે ગાંધીજી સૂઈ ગયા. વ્યસ્ત કાર્યક્રમમાં બાપુને આરામ મળે તે માટે કોઈએ તેમને જગાડયા નહીં. મોડી રાતે નીંદર ઊઠતાં, પ્રાર્થના નથી કરી તે ખ્યાલે તેમનું શરીર દુઃખથી કાંપવા લાગ્યું. કાકા કાલેલકર અને મહાદેવભાઇ સાથે હતા. તેમણે મહાદેવભાઈને જગાડીને પૂછ્યું : કેમ પ્રાર્થના થઈ કે?"

તેમણે 'ના' પાડી : કાકાસાહેબે પણ એમ જ કહ્યું કે વધારે શ્રમના થાકથી એમ થયું છે, બાપુ હજી સ્વસ્થ નહોતા થયા. બધાયે પ્રાર્થના કરી ત્યારે જ તેઓ સ્વસ્થ થયા. મહાત્મા ગાંધીજીના નિકટમાં આવનારને એ વાતની સ્પષ્ટ ખબર પડી હતી કે પ્રાર્થના વડે તેઓ શકિત-સ્રોત મેળવતા. પ્રાર્થના વડે તેમણે અવ્યક્ત–શકિતના દર્શન કર્યા અને તેમની શ્રદ્ધા ઉત્તરોત્તર વધતી ગઈ. તે પ્રાર્થનાની અદ્‌ભૂત શકિતને સામૂહિક સાધના વડે મેળવવી એ આજના યુગે યોગ્ય છે; તેથી મહાન લાભો થાય છે તે ચોક્કસ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## મંત્ર–સાધના

પ્રાર્થના પછી બીજી સાધના છે—તે મંત્રસાધના છે. તેમાં મંત્રોચ્ચાર કરાય છે. આજે મંત્ર સાધના અંગે ઘણી ભ્રાંતિઓ ચાલે છે એટલે તેનું સ્પષ્ટ દર્શન કરી લઈએ.

સર્વ પ્રથમ મંત્ર એટલે શું ? મંત્રનો અર્થ છે :—

"मननात् गायने इति मंत्र :"

જે મનન વડે રક્ષણ કરે તે મંત્ર છે. એટલે કે આત્મિક કે આંતરિક અથવા સામાજિક અનિષ્ટથી જે રક્ષણ કરે તે મંત્ર છે.

હવે કયો મંત્ર ગણાય છે? તે જોઈએ. મંત્રના બે પ્રકાર કહ્યા છે:— (૧) અનિષ્ટકર (૨) સ્વપર હિતકર. અનિષ્ટકર મંત્ર વડે બીજાને મારણ, મોહન કે ઉચ્ચાટન દ્વારા કષ્ટ અપાય છે. તેથી તેવા મંત્રો ત્યાજ્ય છે. ત્યારે અમૂક મંત્રો સ્વપર–હિત કરનાર છે તેથી અવ્યક્ત શક્તિમાં શ્રદ્ધા પેદા થાય છે. તે ગ્રાહ્ય હોઇ શકે છે.

વૈદિક ધર્મમાં વેદોમાં જે 'સ્વસ્તિ મંત્ર' છે કે જે વડે આત્મબળ મેળવાય છે તે યોગ્ય છે. બૌદ્ધ ધર્મનો "હે મ્યો કયા રેંગે કયો," જૈનોનો "નમો અરિહંતાણં", શૈવોનો "ૐ નમો શિવાય", વૈષ્ણવોનો "ૐ નમો ભગવતે વાસુદેવાય", "શ્રી કૃષ્ણ શરણં મમ", વગેરે મંત્રો આત્મશક્તિ અને શ્રદ્ધા પેદા કરવાનાં મંત્રો છે. પણ તે બધાની સાધના વ્યક્તિગત છે. એવી જ રીતે યંત્ર અને તંત્ર સાધના પણ વ્યક્તિગત અને અંધ વિશ્વાસથી પરિપૂર્ણ છે.

આજના યુગે જે મંત્ર સાધનાથી સામુદાયિક વાતાવરણ તૈયાર થાય. અન્યાયી કે અનિષ્ટકારકનું હૃદય સળવળે વિચારોનુ આંદોલન બીજા સુધી પહોંચે તે જ મંત્રો ઉપયોગી છે.

મંત્રની પોતાની આગવી શક્તિ છે તે આજના યુગમાં પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રત્યક્ષ દેખાય છે. તિલકે "સ્વરાજ્ય અમારો જન્મસિદ્ધ અધિકાર છે. એ મંત્ર આપ્યો. ગાંધીજીએ "લેંગે સ્વરાજ્ય લેંગે!" અને "ભારત છોડો"નો મંત્ર આપ્યો, તેથી ભારતના સત્યાગ્રહવીરો ટકી રહી શકયા અને ભારત આઝાદ થયું.

વિશ્વવાત્સલ્યના બીજમંત્ર 'ૐ મૈયા' નું સ્વરૂપ અને તેની શકિત વિષે આપણે વિચારી ગયા છીએ. આજે તો મંત્ર–સાધના સામૂહિક થાય તે જરૂરી છે. એટલે શુદ્ધિ પ્રયોગ વખતે આપણે મંત્રો-રૂપે સામૂહિક રીતે બોલીએ છીએ. બગડના શુદ્ધિ પ્રયોગ વખતે

સદ્‌બુદ્ધિ મળો સદ્‌બુદ્ધિ મળો
ગુનાહિતો ને સદ્‌બુદ્ધિ મળો
શાને ડરો? શાને ડરો?
સાચું કહેવાની હિમ્મત ધરો!

આવા મંત્રોએ આખા ગામનું વાતાવરણ તૈયાર કરી દીધું હતું.

મંત્ર સાધના સાથે પવિત્ર જીવન હોવું જોઈએ. જો તેમાં સ્વાર્થ આવે તો તે હિતકર થતી નથી. હમણાં રાજકીય વાતાવરણ વચ્ચે પોતાના સ્વાર્થ માટે લોકો બીજાને મુર્દાબાદ કહીને ઊતારી પાડે છે. તેથી લોકોમાં સુખ–શાંતિ આવતા નથી. એટલે જે મંત્ર સાધના વડે વિશ્વવાત્સલ્ય ન ફેલાય, તેનાથી દૂર રહેવું જોઈએ.

## વશીકરણ કે સંમોહન

એવી જ એક સાધના છે વશીકરણ કે સમોહન. તેને મેસ્મેરિઝમ અને હિપ્નોટીઝમ પણ કહેવાય છે. મેસ્મેરિઝમની શોધ ડૉકસમેસ્મેર નામના શોધકે કરી. તે પ્રભાવ અને આકર્ષણ કરનારી સાધના છે. તેના વડે મનોબળને એકાગ્ર કરવામાં આવે છે. તેના ત્રણ સ્રોતો છે. (૧) ઇચ્છા (Will) (૨) આદેશ (Suggestion) (૩) અને માર્જન (Passes). આ ત્રણે વડે સાધક બીજા ઉપર પ્રભાવ પાડી શકે છે; અને આકર્ષણ કરી અને આશ્ચર્યજનક કાર્યો કરી શકે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે છતાં મેસ્મેરિઝમની સાધના મોટા 'ભાગે આજે દુષિત બની ગઈ છે. તે એક પૈસા પડાવવાનું સાધન બની ગયું. તેથી આચરણમાં કોઈ પણ ફર્ક ન પડયો; અને મન કે પ્રાણ શુદ્ધ ન થયા; તેથી તે સામુદાયિક હિત માટે ઉપયોગી ન સિદ્ધ થઈ.

**સંકલ્પ–શકિત :**

આ વિદ્યા સંકલ્પ શક્તિ નામે ભારતમાં હતી. તે માટે આજે પણ કહેવાય છે "યથા શ્રદ્ધા તથા ફળ." વૈદિક આર્યો આ પ્રમાણે સંકલ્પ કરતા :—

"भद्रं कर्णेभिः श्रुणुयाम देवा, भद्रं पश्येमाक्षभिर्यजत्राः
स्थिरै रंगैस्तुष्टुवांसस्तनुभिः व्यशेमहि देवहितंयदायुः ।"

હે યજનીય પ્રભો! અમે કાનોથી હંમેશાં કલ્યાણની વાતો સાંભળીએ; આંખોથી કલ્યાણ જોઈએ, અમારા અંગોપાંગો દૃઢ થાઓ. અમે આખી જિંદગી સંતોની સેવા કરીએ. શરીરથી માનવહિતના કાર્યો કરીએ!"

એવી જ રીતે 'લોગસ્સ'ના પાઠમાં જૈનો "આરુગ્ગ–બોહિલાભં સમાહિ વરમુત્તમં દિંતુ" એવી ઇચ્છા કરે છે. તેનો અર્થ એ છે કે અમને ઉત્તમ આરોગ્ય અને બોધિલાભ મળો તેમ જ ઉત્તમ સમાધિ મળો!

કોઈ કામનાવશ કોઈ વસ્તુ ચાહવી અને શુભ હેતુ માટે સંકલ્પ કરવો એ બન્નેમાં ઘણું અંતર છે. "ચાહના" શેખચલ્લીની કલ્પના જેવી છે જ્યારે સંકલ્પ દૃઢ ઇચ્છાશક્તિનું પરિણામ છે. જ્યારે ભૌતિક અણુઓ (ઈલેકટ્રોન) એટલી શકિત ધરાવે છે કે તેના સ્ફોટથી લંડન જેવું શહેર તારાજ થઈ શકે, એવી આજના વિજ્ઞાનની માન્યતા છે; ત્યારે જડના પ્રમાણુમાં ચૈતન્ય અને મનના પરમાણુંઓમાં કેટલી પ્રચંડ શક્તિ હશે?



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ આત્મિક-પરમાણુંઓની શક્તિની સાધના અમેરિકાની મધર જે. સી. ટ્રસ્ટે કરીને બતાવી છે. તેણે સાથે સાથે એ પણ બતાવ્યું છે કે આના સાધકમાં શારીરિક તેમજ માનસિક શુદ્ધિ-પવિત્રતા હોવી જોઈએ; તેમ જ તે સામુદાયિક અને પરહિત માટે હોવી જોઈએ. મહાત્મા ગાંધીજી જે સંકલ્પ કરતા તે મોટા ભાગે પાર પડતો; તેનું કારણ તેમની દૃઢ ઇચ્છાશક્તિ હતી; સાથે આદેશ પણ હતો.

**માર્જન :** માર્જન સાધના પણ વિલક્ષણ છે. માતાનો વહાલભર્યો હાથ જ્યારે બાળકની પીઠ અને માથા ઉપર ફરે છે ત્યારે બાળકમાં કેટલી સ્ફૂર્તિ અને આલ્હાદક શક્તિ આવી જાય છે? એવી જ રીતે સંતોના સંપર્કમાં આવતાં અનિષ્ટોને દૂર કરીને શુદ્ધ થવાની શક્તિ ભક્તોમાં આવે છે. જો આજે સામુદાયિક રીતે માર્જન-સંકલ્પ વગેરે શક્તિઓની સાધના કરવામાં આવે તો વશીકરણ કરી .લોકો પાસે .અદ્દભૂત કાર્ય કરાવી શકાય.

સ્વામી રામતીર્થે દૃઢ સંકલ્પ સાથે હિમાલયને આદેશ આપ્યો કે, બરફ પડતો બંધ થઇ ગયો. સતી રાણકદેવીએ પડતા ગિરનારને આજ્ઞા આપી "મત પડ મારા વીરા!" અને તે પડતો બંધ થઈ ગયો. આમ શુભ સંકલ્પ કરવાની સાધનાથી ઘણાં અનિષ્ટો થતાં રોકી શકાય છે અને જૂનાને કાઢી શકાય છે.

## હિપ્નોટીઝમ

હિપ્નોટીઝમ એટલે પોતાના વિચારોની અસર બીજા ઉપર પડવી; સંદેશા મોકલવા અને અનિષ્ટકારીના વિચાર બદલવા માટે છે. તેને વિચાર-સંચાલન વિદ્યાની સાધના કહેવામાં આવે છે. તેમાં એકાગ્રતાની વધારે જરૂર હોય છે. એકાગ્રતા માટે કેટલીક ક્રિયાઓ કરવામાં આવે છે. એકાગ્રતાથી વિચારો વિખેરાતા નથી પણ સંગઠિત થઈ જાય છે.

ત્યાર પછી આવે છે ઉર્વંરાકલ્પનાની વાત. જે વ્યક્તિ પાસે વિચાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોકલવા હોય તેનું માનસિક ચિત્ર કલ્પી લેવું જોઈએ. એક સમયમાં એક જ પ્રકારના ચિત્રની કલ્પના હોવી જોઈએ.

પછી ત્રીજી વાત આવે છે દઢ વિશ્વાસની. એમાં પૂર્ણ નિર્ભરતા, સંતોષ, પ્રસન્નતા અને દઢ આશાનો સમાવેશ થાય છે. આ વાત આપણા જીવનમાં ઘણીવાર બને છે; પણ આપણે તેની સાધના કરતા નથી; જેથી શકિત પેદા થતી નથી. તે ઉપરાંત તે સમાજના સદુપયોગ માટે થવી જોઈએ; તો જ આ બન્ને સાધનાઓ સાધ્યને અનુકૂળ બને.

## માનવીય વિદ્યુત સાધના

એ પણ એક સાધના છે. તે વડે ચારિત્ર્યવાન પવિત્ર માણસ, પાપીમાં પાપીને એક ક્ષણવારમાં પલટી નાખી શકે છે. જો તેનો ઉપયોગ નિઃસ્વાર્થ ભાવે સાધક કરે તો સમાજ હિતમાં સારો ફાળો આપી શકે.

આપણા ધર્મશાસ્ત્રમાં એને બીજા શબ્દોમાં "સત્સંગનો મહિમા" કહ્યો છે. મહાત્મા ગાંધીજી પાસે એના વિરોધીઓ જતા પણ તેમના ઉપર એમની વિજળીની અસર થયા વગર ન રહેતી. તીર્થંકરોના ભામંડળ તેમ જ ચારિત્ર્યની અસરથી આજુબાજુનું વાતાવરણ અહિંસક બની જાય છે. તેમના સમવસરણમાં સિંહ અને બકરી જેવા વિરોધી સ્વભાવવાળા પણ શાંતભાવે બેશી શકે છે. ઘણા યોગીઓ પાસે પણ એ પ્રભાવ છે, તે વિદ્યુત્ સાધનાનું પરિણામ છે.

ઉપરની બધી સાધનામાં વિવેક રાખીને ચલાય અને વ્યાપક લોકસમાજના કલ્યાણ માટે ઉપયોગ થાય તો ઘણું કામ થાય.

✡

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ચર્ચા-વિચારણા

**શ્રી પૂંજાભાઇએ** ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું: "કોઈ પણ સાધના, સખત પરિશ્રમ અને એકાગ્રતા માગી લે છે. વ્યાસ મહારાજે જે સાહિત્ય આપ્યું તે તેમની સાધનાનું ફળ છે. આજે પણ સાધકને ક્યાંયે ભૂલ જણાય તો તેના હવાલા માટે તે એ ચિરંજીવ સાહિત્ય તરફ નજર નાખે છે. પણ એ જ સાધનામાં વિવેક ન રખાયો, પરિણામે રાવણે દશ વખત શિવજીને માથું ચડાવ્યું છતાં તેને હાર ખાવી પડી.

તે ઉપરાંત સાધનાની ક્રિયામાં સત્ય અને અહિંસા હોવાં જોઈએ. તેથી ગાંધીજીએ આપેલ મંત્રો "કરેંગે યા મરેંગે" અને "હિંદ છોડો"ના કારણે ભારત સ્વતંત્ર થયું અને તેના પરિણામો આપણે ચાખીએ છીએ.

સાધનાના વિવેકમાં શરૂઆતમાં બે પાત્રો હોય છે, પણ આગળ ઉપર આખું વિશ્વ સામું આવીને ઊભું રહે છે. આ સાધના-વિવેક આપણે આત્મા અને વિશ્વના અનુસંધાનમાં વિચારી રહ્યા છીએ; તેથી આપણું સાધ્ય વિશ્વવાત્સલ્ય બની જાય છે. પરમાણું-સ્ફોટનમાં વિવેક ન રહ્યો અને વિશ્વહત્યાકાંડ સર્જાંગો. જોકે ઘણીવાર જિંદગીમાં સફળતા મળતી નથી તે છતાં અખૂટ શ્રદ્ધા અને નર્યા સમર્પણ સાથે આગળ ધપવું રહ્યું."

**શ્રી. દેવજીભાઈ:** "એક મારા નજીકના સગાની આંખો ખરાબ અને વાઢકાપની જરૂર પડી. તેમના મનમાં એમ થયું કે આંખો નીકળી જાય તો જીવનમાં શો સાર? મારે વાઢકાપ કરાવવો નથી. સંકલ્પ મજબૂત થતાં કચ્છ પાછા ફર્યા અને અડધી આંખ તો રસ્તામાં સાજી થઈ ગઈ અને અમારી 'મા'એ દહીંના પોતાં આંખે મૂકયાં તેથી પૂરી આંખ સાજી થઈ ગઈ.

એક ઠેકાણે વાંચ્યું કે માણસનો પગ સડી ગયેલો. તેણે પ્રાર્થનાની અસરથી ઠીક કરી લીધો. આમ પ્રાર્થના અને સંકલ્પની અસર થાય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. સામાન્ય રીતે આ બધી સાધના પાછળ આપણું દર્શન સાફ હોવું જોઇએ. આપણે સમગ્ર વિશ્વનો વિચાર કરવાનો છે અને નિર્ભયપણે અક્રમ પગલે આગળ વધવાનું છે; કારણ કે હવે સાધનાનું રહસ્ય આપણે સમજી ચૂકયા છીએ."

**શ્રી. પૂંજાભાઈ :** મેસ્મેરિઝમ અને હિપ્નોટીઝમ સાધનામાં વિવેક નથી રહેતો. સ્વાર્થ હોય છે એટલે તેને તજવી જોઈએ.

**શ્રી. બળવંતભાઈ :** "સાધનાનો દુરુપયોગ કરીને, સાધકે તેને વગોવી છે. ખરી રીતે વ્યક્તિગત સ્વાર્થના બદલે વિશ્વવાત્સલ્યને ધ્યેયમાં રાખીને કાર્ય કરીએ તો ઘણું કાર્ય થઈ શકે !"

**પૂ. દંડીસ્વામી :** "સાધના એટલે એક અર્થમાં સાધ્ય પામવાનું અજોડ હથિયાર. દા. ત. જ્ઞાનનું હથિયાર શ્રવણ, મનન અને નિદિધ્યાસન, કર્મનું હથિયાર નિત્ય અને નૈમેતિકપણું એમાં સકામ કર્મ છોડવાનો વિવેક હોવો જોઈએ. જ્ઞાન પણ સંયમમય જીવન સાથે હોય તો શોભે. વિવેક ન હોય તો ઊંચી ભકિત છતાં પણ વેવલાપણું આવી જાય. બૌદ્ધ ધર્મમાં દશ ભૂમિકાઓ કહી છે. તેમાં વિવેક ન હોય તો વચ્ચે થંભી જવાય છે. ધ્યેયની નજીક સંભાળીને લઈ જાય તે જ સાધનાનો વિવેક છે.

પ્રાર્થના, મંત્ર વગેરેમાં પણ વિવેક રાખવાની જરૂર છે અને તે વડે સ્વ-પર કલ્યાણનું ધ્યેય સાધવું જોઈએ. દરેક મંત્ર ત્યારે જ શુદ્ધ રહે છે, જ્યારે તેની પાછળ સ્વ-પર કલ્યાણની ભાવના હોય. કયાંક તેમાં પણ નિવૃત્તિ આવી છે કે વિકૃત ઉલ્લેખો મળે છે. યજુર્વેદમાં મહામૃત્યુંજય મંત્ર છે જેમાં બીમાર ચોખા રાંધીને શિવને ચઢાવે અને તે મંત્રનો જાપ કરે તો જિંદગી લંબાય આવી વાતો છે. આવી વાતો આવવાનું કારણ એટલું કે ત્યાં આધ્યાત્મિકતાનો અંકુશ ન રહ્યો. એટલે વામમાર્ગ આવ્યો. જેમાં મંત્રસાધના સાથે મદ્ય-માંસ મૈથુન વગેરે પંચમકારો આવ્યા. એ ભારતની સંસ્કૃતિનો પ્રભાવ રહ્યો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે દક્ષિણ માર્ગ પણ ચાલુ રહ્યો. જેમાં યંત્ર-મંત્ર-તંત્રની સાધના કલ્યાણમાર્ગે થતી રહી. મંત્ર-સાધનામાં શબ્દ અને ભાવના બન્ને આધ્યાત્મિક જોઈએ તેમ જ તેના ઉપર આધ્યાત્મિક પુરૂષોની ચોકી પણ જોઈએ."

**શ્રી. ચંચળબહેન :** "સાધના અંગે એક વાત યાદ આવે છે. વ્યાસે પોતાના શિષ્યોને હિંસક પશુઓ પાસે ન આવે તેવો શ્લોક શીખવાડેલો; કારણ કે શુકદેવ શીખવા રોકાતા ન હતા પણ આ શ્લોક સાંભળ્યા પછી તેઓ રોકાયા અને આખું ભાગવત એ નિમિત્તે તૈયાર થઈ ગયું, જેમાં હિંસક પશુ પાસે ન આવે તેવા શ્લોકો પણ છે. આનો અર્થ એ થયો કે ભાગવતને જીવનમાં ઉતારવાથી કામ-ક્રોધ પાસે ન આવે; અને આવે તો રંજાડી ન શકે. મતલબ કે જે સાધના સગુણ-માંથી નિર્ગુણ તરફ અથવા શરૂઆતમાં ભલે ભૌતિક હોય પણ નિઃસ્પૃહી ગુરુના અવલંબને આધ્યાત્મિકતા તરફ લઈ જાય અથવા ઊંડા અંતરાત્માના પ્રતાપે આધ્યાત્મિકતા તરફ લઈ જાય તે સ્થિતિ સર્જનારી હોવી જોઈએ, એ જ સાધનાના વિવેકનું રહસ્ય મને લાગે છે."

(૨૧-૧૦-૬૧)

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[ ૧૩ ]

# એકાંગી આત્મવાદ

આપણે દર્શન–વિશુદ્ધિ અંગે અલગ–અલગ તત્ત્વો અને તેની ઉપર જામેલી જડતા–મૂઢતાનો વિચાર કરી રહ્યા છીએ. આ દર્શન–વિશુદ્ધિનું ધ્યેય વિશ્વવાત્સલ્ય છે જે જગતને સુખી અને શાંત રાખી શકે છે. એ માટે જગતના બધાંયે તત્ત્વોએ એક બીજાના ઉત્થાનમાં કામ કરવું જોઈએ. તે ઉપરાંત જડ અને ચેતન અથવા બીજાં તત્ત્વોને તેણે સ્પષ્ટ જાણી લેવાં જોઈએ જેથી એકબીજાના નામે ગૂંચવણો ઊભી ન થાય.

આ વિશ્વમાં કયાં કયાં તત્ત્વો છે; તેની શોધ માટે દર્શનો પેદા થયાં. એમાં ચાર્વાક સિવાય જગતનાં બધાં દર્શનો જડ અને ચેતન અથવા અજીવ અને જીવને અલગ–અલગ નામે ઓળખાવે છે. આમાં જડતત્ત્વ અંગે (અન્યત્ર) ચર્ચા થઈ ચૂકી છે; એટલે તે અત્યારે નહીં કરીએ. ઉપરાંત જડ તત્ત્વ અંગે—ભૌતિક પદાર્થો—અંગે પણ બધાં દર્શનો સ્પષ્ટ છે એટલે અત્રે આત્મવાદ, તેનો જડ તત્ત્વ સાથે સંબંધ, આત્માની મર્યાદા વગેરે અંગે સ્પષ્ટ વિચાર કરીશું.

**આત્મા એક, સાધના અનેક :**

આમ તો આત્માને લગભગ બધાં દર્શનો માને છે; પણ તેની સાધનાના અલગ–અલગ માર્ગો ગોઠવાયા છે; જેથી બધાયે આત્મસાધના કરવા છતાં સમન્વય સાધી શકયા નથી. આધ્યાત્મની શોધ વિશ્વમાં ભારતે જ સર્વ પ્રથમ કરી છે. પણ દુઃખદ બીના એ છે કે એ આધ્યાત્મ જીવનમાં ઊતરવાના બદલે વાતો, વિચારો કે ચર્ચામાં રહી ગયું છે. પરિણામે આ ચર્ચાઓએ જે કરુણ ઘટના સર્જાવી છે તે એ કે લોકો ભલે વાતોમાં આત્મા માને પણ તેના ઉપર જે વિશ્વાસ રહેવો જોઇએ તે પેદા નથી થયો અને લોકો ભૌતિક સુખ–સાધનની ઉપાસના, પ્રાપ્તિ અને તૃપ્તિમાં જ જીવનની ઇતિશ્રી સમજતાં થયા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આજે ભારતની આધ્યાત્મિકતા સામે મોટો પ્રશ્ન પડકાર રૂપે એ છે કે જો આત્મવાદ લોકોને એકબીજાથી અતડા બનાવીને કે લડાવીને રહી જતો હોય તો તેનો ઉપયોગ શું ?

એટલે સર્વપ્રથમ આત્મા અંગે બધાં દર્શનો શું કહે છે તે તપાસીએ.

**વેદાંત અને આત્મા :**

આત્મા વિષે વધારે ઊંડાણમાં જનાર ભારતીય દર્શનમાં વેદાંતનું પ્રથમ સ્થાન છે. આત્મા અંગે તે કહે છે :—

एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः ।
एकधा बहुधा चैव, दृश्यते जलचंद्रवत् ॥

—દરેક પ્રાણીમાં એક જ જીવાત્મા ( આત્મા ) રહેલો છે. તે એક જ આત્મા જુદાં-જુદાં શરીરોમાં એક યા અનેક પ્રકારે દેખાય છે. જેમ ચંદ્રમા એક જ પણ જલપાત્ર જુદાં-જુદાં હોય છે, તેના કારણે તે અલગ-અલગ દેખાય છે. તેમ આત્મા અલગ-અલગ દેખાય છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો આખા વિશ્વમાં એક ચૈતન્ય છે; તે જ દરેક પ્રાણીમાં છે.

सर्वं खल्विदं, ब्रह्म, नेह नानास्ति किंचन

—આ આખું જગત બ્રહ્મમય છે, તે એક જ છે, અનેક નથી. ' એકમેવાદ્વિતીયં બ્રહ્મ ' એથી આ વાત વધારે સ્પષ્ટ થાય છે. આત્મા એક છે. અદ્વિતીય છે.

આમાં વ્યકિતનાં ચૈતન્યની સાથે વિશ્વના ચૈતન્યનો અંત-અભેદ સંબંધ માનવામાં આવ્યો છે. આત્માને નિત્ય પણ માન્યો છે. પરમાર્થની દૃષ્ટિએ આ વાત બરાબર હતી અને છે; કારણ કે જેની ઉચ્ચ કક્ષા છે સદ્ધ કે જીવન્મુકત ( તીર્થંકર ) દશા છે, તેના માટે નિશ્ચયમાં આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વસ્તુ જ બરાબર છે. એ દૃષ્ટિએ તે વિશ્વના ચૈતન્ય સાથે અભિન્નતા – તાદાત્મ્યતા સાધી શકે છે. પણ વેદાંત સંપ્રદાયે આને બીજી રીતે એટલું બધું મહત્વ આપ્યું કે ગમે તે સાધક–પછી તે નવશીખીયો હોય–બ્રહ્મજ્ઞાનની વાતો કરવા લાગ્યો. તે જગતના વહેવારથી અતડો, અલગ અને ઉદાસીન રહેવા લાગ્યો. પોતાના આત્માને વિશ્વનો આત્મા ગણી, પોતાના કલ્યાણથી બધાનું કલ્યાણ થઈ જશે; એમ માનવા લાગ્યો. આ કલ્યાણ કે ઉદ્ધાર માટે ઉપદેશ–પ્રેરણા કે પ્રવૃત્તિ કરવાને બદલે માત્ર જ્ઞાનથી કે વાતોથી એ સધાશે; એમ માની ચૂપ બેસી રહ્યો. નિષ્ક્રિય થઈ ગયો; કારણ કે આત્મા તો નિત્ય છે તેનું કોઈ શું બગાડશે ?

આ એકાંગી આત્મવાદથી નિષ્ક્રિયતા અને વહેવારની ઉપેક્ષા વધવા લાગી. પરિણામે ભારત ગુલામ થયું. ભારતમાં આક્રમકો આવ્યા ત્યારે પણ આધ્યાત્મવાદી લોકો જનતાને સંગઠિત ન કરી શકયા. તે વખતે વેદાંતી ઓછા ન હતા પણ તેમણે એકાંગી આત્મવાદનું જ પાસું પકડયું. પરિણામે તે ચર્ચા, ચિંતન અને વાંદવિવાદ માટે રહી ગયો; અને લોકો નબળા થઇ ગયા. એકાંગી આત્મવાદનો બીજો ભય એ છે કે એકની મુકિતમાં બધાની મુકિત મનાય છે. તેમ વહેવારમાં થતું નથી. તેવી જ રીતે એક બંધનમાં પડે તો બધાએ પડવું જોઇએ એમ પણ થતું દેખાતું નથી; પણ તેથી કર્મવ્યવસ્થા ચૂંથાઈ જાય છે.

પાછળથી વેદાંતની ચાર જૂદી જુદી શાખાઓ થઇ. જેમાં કોઇએ વિશિષ્ઠાદ્વૈત, કોઈ એ શુદ્ધાદ્વૈત તો કોઇએ અદ્વૈતને માનેલ છે. અને તેમાં શ્રૌતની સાથે સ્માર્ત વહેવાર અને સમાજ વ્યવસ્થાને માની છે. મૂળે તો વેદાંતમાં બંધ–મોક્ષને ભ્રમજન્ય અધ્યાસ માન્યા છે; જેથી ઘણી ગૂંચવણો ઊભી થાય છે.

આનું પરિણામ એ આવ્યું કે લોકો આત્મવાદથી ઉપેક્ષિત થતા ગયા અને સ્પષ્ટદર્શનના અભાવમાં ભૌતિકવાદ તરફ વધવા લાગ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સાંખ્યદર્શન અને આત્મા :**

સાંખ્યદર્શન આત્માને માનનારૂં બીજું દર્શન છે. તેના મતે આત્મા નિઃસંગ, નિષ્ક્રિય અને ફૂટસ્થ નિત્ય છે. એટલે કે આત્મા કશું કરતો નથી. તે નિશ્ચલ, નિર્લેપ રહે છે. આ જગતના વહેવારનો નાટક પ્રકૃતિ ભજવી રહી છે. આત્મા અપરિણામી છે. ત્યારે આ બધાં પરિણમનો પ્રકૃતિનાં છે. સ્ફટિક મણિ પાસે કોઈ જપાપુષ્પ રાખે તો મણિમાં જે લાલાશ દેખાય છે તે પુષ્પની છે પણ મણિની નથી અને મણિની ઉપર કશી અસર કરી શકતી નથી, તેમ આત્માના તેજમાં પ્રકૃતિનાં પ્રતિબિંબો છે. યોગદર્શન ઈશ્વરતત્ત્વ સિવાય બીજું બધું સાંખ્યની જેમ જ માને છે.

એક આરીસો છે તેના ઉપર ચહેરાનું પ્રતિબિંબ પડે છે અને ચહેરાના ડાઘ દેખાય છે; પણ તે આરીસાના ડાઘ નથી કે આરીસો મેલો થતો નથી; એવું જ આત્માનું છે. "**અસંગો હ્યં પુરૂષ:**" એ પુરૂષ આત્મા સંગરહિત છે. આમ માનીને સાંખ્યદર્શન તેને એકાંત નિત્ય અને અકર્તા માને છે.

વેદાંત કરતાં સાંખ્ય-દર્શનમાં જે વિશેષતા છે તે એ કે સાંખ્યદર્શન અનેક અલગ આત્માઓને માને છે. પણ આત્મા તો કંઇ કરતો નથી; એમ માનવાનું દુષ્પરિણામ એ આવ્યું કે લોકો દુષ્કૃત્યો કરવા લાગ્યા. મારો આત્મા નહીં પણ શરીર કરે છે એમ કહીને દુરાચાર તો ન આદરી શકાય.

એક ગીતાના બહુ જ સારા વિદ્વાન પંડિત હતા. તેમના ભાઇએ ગીતા વાંચી અને તેમાં "ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ વર્તન્ત ઇતિ ધારયન્" એ શ્લોકનો અર્થ પોતાના મનમાં આ પ્રમાણે બેસાડી દીધોઃ "ઇંદ્રિયો પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે તો એમાં આત્માનું શું ?"

એ ભાઇ થોડા દિવસો બાદ એક બાઇ સાથે આશક્તિમાં પડયા અને તેમનો તેની સાથે આડો વહેવાર જાહેર થયો. તેમણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગીતાનો પેલો શ્લોક બતાવી પોતાની સફાઈ આપી. પણ તેઓ દોષીત સાબિત થયા અને તેમને જેલની સજા થઈ.

એવી જ રીતે આત્મા તો નિઃસંગ છે, એમ માનીને 'ગુણાઃ ગુણેષુ વર્તન્તે' એમ માનીને કોઈ ગમે તેવો સામાજિક ગુનો કરે, અન્યાય અને અનીતિનું આચરણ કરે તો તેને સજા થવાની જ. આવી નિષ્ક્રિય, નિર્લેપ :આત્માની માન્યતાના કારણે વિકૃતિ, અકર્મણ્યતા, નિષ્ક્રિયતા વગેરે આવ્યાં અને ઘણાં ઢોંગી લોકો આધ્યાત્મિક બનીને પૂજાવા લાગ્યા. નૈયાયિક અને વૈશેષિક દર્શનમાં આત્મા દરેક શરીરે જુદો-જુદો છે, અને તે કર્મનો કર્તા-ભોક્તા છે એમ માનવામાં આવ્યું.

**જૈનમત અને આત્મા :**

આ બધાં દર્શનોની આત્મા અંગેની માન્યતાને જૈન તત્ત્વજ્ઞાને સત્યનું એક એક પાસું ગણીને પોતાની રીતે વણી લીધી, એમાં મુખ્ય ફાળો દિગંબર જૈનાચાર્ય કુંદકુંદાચાર્યનો છે. તેમણે નિશ્ચય અને વહેવાર બન્ને પાસાં લીધાં હોવા છતાં નિશ્ચય ઉપર વધારે ભાર મૂકયો હતો, તે વખતે બધા તત્ત્વજ્ઞાનીઓ વહેવાર ઉપર વધારે ભાર આપતા હતા; અને નિશ્ચયનું લક્ષ્ય ચૂકાવા જેવું થવા આવ્યું હતું. શ્વેતાંબર જૈનોએ વહેવાર ઉપર વધારે જોર આપ્યું. અને દિગંબર જૈનોએ કુંદકુદાચાર્ય પછી નિશ્ચય ઉપર વધારે જોર આપ્યું. શ્રીમદ્ રાજચન્દ્રે નિશ્ચય અને વહેવારનો ફરીથી સમન્વય કર્યો.

કુંદકુંદાચાર્યે વેદાંતની પરમાર્થ દષ્ટિ (નિશ્ચયદષ્ટિ) લીધી. જૈન-આગમો ઠાણુંગ-સમવાયાંગમાં "એગે આયા" (આત્મા એક છે) નાં બીજ તો પડયાં જ હતાં. નિશ્ચય નયની દષ્ટિએ બધામાં આત્મ-તત્ત્વ એક છે પણ વહેવારનયની દષ્ટિએ શરીર અને કર્મ સાથે આત્મા બંધાયેલો હોઇને અનેક પણ છે.

યોગી આનંદઘનજી કહે છે :—

> **भाजनभेद कहावत नाना एक मृत्तिकारुप री।**
> **तैसे ही खंड कल्पनारोपित, आप अखंडस्वरुप री ॥**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માટી બધા વાસણોમાં એક જ પ્રકારની હોવા છતાં જુદી જુદી આકૃતિના કારણે, તેમનાં નામો જુદાં જુદાં હોય છે. જેમકે ઘડો, તાવડી, હાંડલી વગેરે. તેવી જ રીતે આત્મતત્ત્વ બધાં જીવોમાં હોવા છતાં શરીર, યોનિ, જાતિ વગેરેના કારણે તેમ જ કર્મભેદના કારણે આત્મા વહેવારનયની દષ્ટિએ જુદા જુદા છે. જો એક જ આત્મા માનવામાં આવે તો એક જ આત્માની મુક્તિમાં બીજા બધાની મુક્તિ થવી જોઈએ, જે થતું નથી. એટલે વેદાંતનું જેમ એક પાસું છે તેમ આ પણ બીજું પાસું છે તેમ બતાવ્યું.

સાંખ્યદર્શન અપરિણામી નિત્ય આત્માને માને છે. તેમાં જૈન મતે સંશોધન કરી આત્માને નિત્ય માન્યો પણ સાથે પરિણામી માન્યો. કૂટસ્થ નિત્ય માનવા જતાં પહેલાં બતાવેલ દોષો આવતા હતા; વળી બીજો દોષ એ આવતો હતો કે જો આત્મા શુદ્ધ-બુદ્ધ મુક્ત અને નિર્લેપ, ટુંકમાં અપરિણામી છે, તો પછી અહિંસા, સત્યાદિની સાધના કરવાથી, જપ-તપ કરવાથી કે બીજો સત્પુરૂષાર્થ કરવાથી શું ફાયદો છે? તેની જરૂર પણ શી છે? પછી ચોર-શાહૂકાર, સાધુ-કુસાધુ વગેરે સમાન જ લેખાય!

એક રોગી વૈદ્ય પાસે ગયો. વૈદ્યે તેને કહ્યું: તું તો રોગી છે જ નહીં, તારે ને રોગને શું લેવા-દેવા? રોગ તારો સ્વભાવ જ નથી!" આમ કહેવાથી તો વહેવાર ચાલે જ નહીં. પછી દરદી દરદી ન રહે અને વૈદ્યની જરૂર પણ ન રહે.

એટલે જૈનતત્ત્વજ્ઞાને એક તરફ આત્માને નિત્ય માન્યો છતાં બીજી તરફ તેને પરિણમનશીલ ગણ્યો છે. આત્માનો કદિ નાશ થતો નથી, એ અર્થમાં નિત્ય માન્યો છે અને પરિણામી એ અર્થમાં કે શરીર સાથે કર્મો સાથે તે બંધાય છે; તેથી વિવિધ ગતિ અને યોનિઓમ પરિભ્રમણ કરે છે. જો કૂટસ્થ નિત્ય માનવામાં આવે તો જુદી જુદી યોનિઓમાં ભ્રમણ કરવાનું બને જ નહીં. વેદાંતની જેમ દશ્ય જગતને અધ્યાસ કે ભ્રમ માનવાથી ન ચાલે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આત્મા અલગ અલગ ગતિઓમાં કર્મબંધના કારણે જ ફરે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે :—

'नो इंदियगेज्झो अमुत्तभावा, अमुत्तभावा, वि य होइ निच्चो
अज्झत्थहेउं नियवस्स बंधो, संसार हेउं च वयंति बंधं ॥'

—"આત્મા અમૂર્ત હોવાથી તે બહિરિન્દ્રિયો વડે પ્રત્યક્ષ થઈ શકતો નથી. તે અમૂર્ત હોવાથી નિત્ય હોય છે; તે છતાં તે કર્મથી બંધાયેલો છે; અને તે સંસારનું કારણ છે." આત્મા શરીરથી બંધાયેલો છે, તેનું કારણ ઉપર સ્પષ્ટ બતાવવામાં આવ્યું છે. એકલું શરીર જુદું હોય તો તે જડ શરીર કંઈ સાધના ન કરી શકે. એવી જ રીતે જો આત્મા જુદો હોય તો એકલો આત્મા કંઈ અધ્યાત્મની સાધના ન કરી શકે. આત્મા અને શરીરનો વૃક્ષ અને વાંદરા જેવો સંયોગસંબંધ નથી; તેમ જ તંતુ અને વસ્ત્ર કે માટી અને ઘડા જેમ માત્ર સમવાય-સંબંધ પણ નથી. ભાંગ ને પત્થર કે શીલા ઉપર ઘૂંટવાથી, પત્થરને નશો ચડતો નથી; ગ્લાસમાં ભરીએ તો કાચને પણ ચડતો નથી; પણ તે જ ભાંગ જો શરીરમાં જાય તો તેને નશો ચડે છે; જો શરીરના બહારના ભાગ ઉપર રેડાય તો પણ નશો ન ચડે; એવી જ રીતે અધ્યાત્મની સાધના પણ આત્મા અને શરીરના સમવેત સંયોગથી થાય છે.

આમ જોઈ શકાય છે કે જૈનતત્ત્વજ્ઞાને નિશ્ચય અને વહેવાર બન્ને દૃષ્ટિએ આત્મવાદમાં સંશોધન કર્યું છે, તેમ જ વેદાંત અને સાંખ્ય દર્શનની સાથે, આત્મવાદમાં જે તત્ત્વો ખુટતાં હતાં, તે પૂર્યાં છે. તેથી વહેવારમાં જે અનર્થો ઊભા થતા હતા તે ન થઈ શકે અને અનિષ્ટોને પણ અવકાશ ન રહે. કર્મવાદ અને બંધમોક્ષની વ્યવસ્થા પણ બંધબેસતી આવે છે. અહિંસા સત્યાદિ આત્મગુણોની સાધના પણ એટલી જ યુકિતસંગત લાગે છે.

**સોનગઢી ભ્રમણા :**

જૈનતત્ત્વજ્ઞાનનું આ પરમ સત્ય ભૂલીને, કેવળ નિશ્ચય નય ઉપર ભાર મૂકવાનો અને વહેવાર નયને ઉડાડવાનો પ્રયત્ન સોનગઢમાં એક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નવો જૈન સંપ્રદાય ઊભો થઈ ને, ફરી રહ્યો છે. તેના જુદાં જુદાં પાસાંને તટસ્થ રીતે છણીએ જેથી સ્પષ્ટતા થઈ જાય :

(૧) સહુથી પહેલી પ્રરૂપણા **સ્વભાવ–પરભાવ**ની છે. સ્વભાવનો અર્થ આત્માનો ભાવ થાય છે; સાથે વિશ્વના ચૈતન્યનો ભાવ પણ થાય છે. ઘણાં તેના બદલે સ્વભાવ એટલે કેવળ આત્મભાવ "એગો મે સાસઓ અપ્પા?"—આવી ગાથાઓ વાંચીને ગ્રહણ કરી લે છે. આમાં ભૂલ એ થાય છે કે બીજાના આત્માના સ્વભાવને પરભાવ ગણીને જડના ભાવમાં એને ખતવી દે છે. સ્વભાવના આ ખોટા અર્થ માટે સમયસારમાં સ્પષ્ટ કહ્યું છે. ત્યાં આત્માની ૪૭ શક્તિઓ બતાવી છે. તેમાં '**વિભુત્વશક્તિ**'નો અર્થ સમયસારમાં કર્યો છે "सर्वभाव व्याप कैकरुपा विभुत्वशक्तिः" બધા આત્માઓની સાથે વ્યાપક એકરૂપતા એ વિભુત્વ શક્તિ છે. આ ઉપરથી જાણી શકાશે કે સ્વભાવરમણ એટલે કેવળ **પોતાના જ આત્મભાવમાં રમણ** કરવું તે એકાંગી છે.

સિદ્ધ ભગવાન માટે કહેવામાં આવ્યું છે કે 'તેઓ સહુના (સર્વ આત્માઓના) ઘટના (આત્માના) ભાવ જાણી દેખી રહ્યા છે. જો સિદ્ધ ભગવાનને સ્વભાવ પ્રમાણે પોતાનો જ આત્મભાવ જોવો જાણવો હોય તો તેઓ શા માટે વિશ્વના આત્માઓના ભાવો દેખે કે જાણે?

સ્વભાવના એકાંગીપણાંના ભયસ્થળોમાં સર્વ પ્રથમ બીજા આત્માઓ પ્રતિ દુર્લક્ષ અપાયું. બીજાના આત્માઓની ઉપર આવેલાં આવરણોને દુર કરવા પ્રતિ ઉદાસીનતા આવી. 'બીજાનું ગમે તે થાય પણ પોતાનું જ કરો' એ સ્વાર્થભાવનાના કારણે, બીજાઓની સેવા, દયા, દાન વગેરે કરવાનો વહેવાર પણ છોડાવી દેવામાં આવ્યો. પરિણામ એ આવ્યું કે આત્મભાવની વાતોમાંથી, શરીરપોષણ ઉપર આવી ચઢયા. પરિણામે સાંખ્યદર્શનના એકાંગી આત્મવાદની જેમ મનાવું શરૂ થયું કે આત્મા તો શુદ્ધ–બુદ્ધ–મુક્ત છે; તેથી શરીરથી જે કંઈ થાય છે તે શરીરમાં વર્તે છે. 'ઇંદ્રિયો ઇંદ્રિયોમાં વર્તે છે'; મતલબ કે જપ, તપ, ધર્મક્રિયાઓ વગેરે તો શરીરનો ધર્મ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે આત્માને નહીં; એટલે એમાં આગળ વધતાં સંયમને આખો વહેવાર ઉડાડી દીધો. પરિણામે પોતાના આચરણનું સંશોધન ગયું; અને તેની સાથે આત્માની કોરી વાતો કરનાર પણ, આચરણમાં ઉપેક્ષા રાખનાર, ગમે તે રીતે ધન ભેગું કરનાર, આત્મા તો ધન ભેગું કરતો નથી, અનીતિ કે અન્યાય કરતો નથી; "એ તો શરીર કરે છે." આત્માને શું એવી વાતો કરનાર ભળ્યા અને એક રીતે ચાર્વાકનો ભૌતિક ભોગવાદી સંપ્રદાય ચાલતો હોય તેમ લાગે છે.

એક બાઈએ ગીતા ખૂબ વાંચી હતી અને તેણે મગજમાં ઠસાવી લીધું કે આત્મા તો નિરાહારી છે. ખાતો–પીતો નથી; એટલે એક દિવસ આ તત્ત્વને પકડીને નિરાંતે સૂઇ ગઇ, તેના પતિદેવને પોતાના કામે જવું હતું, પણ ખાવાનું કાંઇ બનેલું નહિ જોઇ પૂછ્યું–"કેમ આજે રસોઇ બનાવવી નથી" બાઇએ કહ્યું–"નિરાહારસ્ય દેહિનઃ" એટલે આત્મા તો નિરાહારી છે. એને ભૂખ લાગતી નથી અને ખાવા પીવાનીય કાંઇ જરૂર નથી." પતિદેવ સમજી ગયા કે એના મગજમાં ઊંધો અર્થ ભરાયો છે, એટલે એને યુક્તિથી કાઢવો જોઇએ. તેમણે હાથે બધી રસોઇ બનાવી અને પોતાને માટે એક થાળમાં પીરસી એક થાળમાં પત્નીને માટે અને કહ્યું :–"જમી લો." પત્નીને ખૂબ ભૂખ લાગી હતી, એટલે જમવા બેઠી. પતિએ ચૂલામાં અડધી બળેલી લાકડી તેના પગને અડાડી એટલે તે જોરથી બૂમ પાડવા લાગી–"ઓય બાપલિયા ! હું બળું છું." એટલે પતિરાજે તક જોઇને નૈનં છિંદંતિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ "વાળો પેલો ગીતાનો શ્લોક સંભળાવ્યો અને કહ્યું આત્મા તો અગ્નિથી બળતો નથી. જે અગ્નિથી બળે છે, એને ભૂખ પણ લાગે છે." છેવટે બાઇ સમજી ગઇ અને તેની ભ્રાંતિ ઊડી ગઇ.

આમ આ લોકોની જે ભ્રાંતિ છે, તે યુક્તિથી ઊડાવવી જોઇએ.

શ્રીમદ્જીએ કહ્યું છે : "અનીતિને ત્યાગી નીતિ સ્વીકારીએ તો તે સ્વીકારી શકાય એમ છે અને એ જ આત્માનું કર્તવ્ય છે." આમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વભાવનો અર્થ સ્વભાવથી નિશ્ચાત્મભાવ લઈને વિશ્વચૈતન્યમાં રમણુ કરવું એ જ ઘટિત થાય છે. નિશ્ચયનય ને પકડીને, વ્યવહારને તે સંપ્રદાય તરછોડવા માંગે છે અને એ ભૂલી જાય છે કે જ્યાં સુધી આત્મા શરીર સાથે બંધાયેલો છે ત્યાં સુધી શુદ્ધ અને છેવટે શુભ વહેવાર તો કરવો જ પડશે. આત્મા અને શરીરનો સમવેત સંયોગ સંબંધ તો મુક્ત થતાં સુધી રહેવાનો જ. જે વહેવારને તરછોડી, તપ, ધ્યાન, બ્રહ્મચર્ય, સંયમ વગેરે ચારિત્ર્ય અને તીર્થને ફગાવવા માગે છે, તે નિશ્ચયને પણ મેળવી શકતો નથી.

—સમયસારમાં પણ કહ્યું છે :—

जहणवि सक्कमणज्जो अणज्जभासं विणा उ गाहेउं ।
तह ववहारेण विणा परमत्थुवएसणमसक्कं ॥

—અનાર્ય ભાષાને જાણ્યા વગર જેમ અનાર્યને સમજાવી શકાતું નથી, તેવી જ રીતે વહેવાર વગર પરમાર્થ (નિશ્ચય)નો ઉપદેશ અશક્ય છે. એટલા માટે કહ્યું છે :—

"ववहारस्स दरीसणमुवएसो वण्णिदो जिणवरेहिं"

ટીકા :—"यद्यप्ययं व्यहारनयो बहिर्द्रव्यावलेखनाऽ भूतार्थस्तथापि, तीर्थ-प्रवृत्ति निमित्तं दर्शयितुं न्याय एव । तमन्तरेण तु शरीराजजीवस्य परमार्थतो भेददर्शनात त्रसस्थावराणां भस्मन ईव निःशंकमुपमर्दनेन हिंसाभावादभवत्येव बन्धस्याभावः

—જો કે વહેવારનય અભૂતાર્થ છે તથાપિ તીર્થપ્રવૃત્તિ માટે વહેવારનયને બતાવવો, એ ન્યાયસંગત છે. વ્યવહાર વિના શરીરના ઘાતથી હિંસા થતી નથી; આત્માનો ઘાત થતો નથી, એમ માની જીવો હિંસામાં નિઃશંક પ્રવૃત્ત થશે. આ રીતે એકાંત નિશ્ચય કથનથી સંસાર અને મોક્ષ બન્નેનો અભાવ સિદ્ધ થઇ જશે. એટલે વહેવારનો ઉપદેશ ન્યાયસંગત છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વહેવાર માટેનું બીજું પ્રમાણ છે :—

जइ जिणमयं पवज्जहता मा ववहारणिच्छए मुयह ।
एकेण विणा छिज्ज तित्थं अण्णेण उण तच्चं ॥

—જો તમે જૈનદષ્ટિ સ્વીકારતા હો તો વહેવાર અને નિશ્ચય બન્નેમાંથી કોઈનો પણ ત્યાગ ન કરો. વહેવાર વગર તીર્થ (અહિંસા સત્યાદિ પાલન કરવા માટે બનેલા તીર્થ = ધર્મસંઘ) અથવા અહિંસા વગેરે આચારનો ઉચ્છેદ થાય છે અને નિશ્ચય વગર તત્ત્વનો જ નાશ થાય છે. માટે બન્નેને રાખવા યોગ્ય છે.

આ વાત વ્યવહારસૂત્ર તથા સમયસારની વૃત્તિ, આગમસાર અને પંચવસ્તુક વગેરે શ્વેતાંબર દિગંબર ગ્રંથોમાં સ્પષ્ટરૂપે બતાવવામાં આવી છે. શ્રીમદ્જીએ પણ ચોખ્ખું કહ્યું છે :—

नय निश्चय एकांतथी आमां नथी कहेल,
एकांते व्यवहार नहीं बन्ने साथ रहेल.

—આત્મસિદ્ધિ શાસ્ત્ર

જે લોકો એકાંત નિશ્ચયના રવાડે ચડી જઈ, નીતિ, ન્યાય, શુદ્ધ વહેવાર પણ છોડી બેસે છે, તેમને ચેતવણી આપતાં શ્રીમદ્જીએ કહ્યું છે.

"સમયસાર વાંચતા પણ કેટલાક જીવોને એક બ્રહ્મરૂપ માન્યતા સિદ્ધાંતરૂપ થઈ જાય છે. (માટે) સિદ્ધાંતના વિચાર પહેલાં ઘણો સત્સંગ તથા ત્યાગ-વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે કર્તવ્ય છે...(નહીં તો) બીજા પ્રકારમાં ચઢી જઈ વૈરાગ્ય અને ઉપશમથી હીન થવાય છે."......જે મુમુક્ષુ જીવ......વહેવારમાં વર્તતા હોય તેણે તો અખંડનીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઈએ...નહીં તો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે...! એ નીતિ મૂકતાં પ્રાણ જાય



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એવી દશા આવે, ત્યાગ, વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે અને તેજ જીવને આજ્ઞા ધર્મનું અદ્‌ભૂત સામર્થ્ય, મહાત્મ્ય અને રહસ્ય સમજાય છે."

—મતલબ એ કે વહેવાર જ નિશ્ચયનો પાયો છે. તેને છોડીને જે માત્ર નિશ્ચયનયની વાતો કરી, આત્મા કશુંયે કરતો નથી એને બંધેય નથી, એવું કહે છે તે આત્મ સાધનાના નામે પુરુષાર્થહીન થઇ જાય છે. તેમજ અહિંસા–સત્યાદિપૂર્ણ વહેવારને છોડી બેસે છે તેઓ ભીંત ભૂલે છે. આ પાયાના વિચારને ભૂલી માત્ર નિશ્ચયનય ઉપર ભાર મૂકયો તેથી એકાંગિતા પેસી છે.

## એકાંગી આત્મવાદનાં ભયસ્થાનો

આત્મ વિકાસમાં ઉપાદાન અને નિમિત્ત બન્ને ભાગ ભજવે છે. તેના બદલે એકાંગી આત્મવાદવાળા માત્ર ઉપાદાન ઉપર જોર આપે છે. જો ઉપાદાન પ્રબળ હશે તો નિમિત્ત આપોઆપ હાજર થઈ જશે. નિમિત્તનું કશું મૂલ્ય નથી. ઉપાદાનનો અર્થ પોતાનો આત્મા બળવાન હશે તો નિમિત્ત એટલે બીજા આત્માઓ અથવા બીજા દ્રવ્યોની જરૂર નથી. એ માટે તેઓ એમ પણ પ્રતિપાદન કરે છે કે પ્રત્યેક દ્રવ્ય સ્વતંત્ર છે કોઇ એક બીજાનું કશું યે કરી શકતું નથી. ત્યાં આત્મા વહેવારમાં શરીર સાથે પૂર્વસંબંધથી બંધાયો છે, તે કર્મનો કર્તા છે, ભોકતા છે અને મોક્ષનો ઉપાદાયક છે; એ શાસ્ત્ર વચન ભૂલી જવાય છે કે "અપ્પાકતા વિકતાય દુહાણય સુહાણય" આ શાસ્ત્ર વચનને ભૂલી જઇને, નિમિત્તની અવગણના કરી ઉપાદાનને સર્વસ્વ માનીને આવું ખોટું પ્રરૂપણ કરવામાં આવે છે. આમ છતાંયે એવા એકાંગી આત્મવાદી દેવ–ગુરુ–ધર્મને નિમિત્ત માને છે. જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાય વગેરે કરે છે, દેવ મંદિરો નવાં નવાં ઊભાં કરાવે છે. છતાંયે, નિમિત્તની જરૂર નથી એમ "વદતો–વ્યાઘાત" જેવી વાતો કરે છે! જો એકલા ઉપાદાનથી જ ચાલી જતું હોત તો બધાયે આત્માઓ નિશ્ચયનયથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જ્ઞાનવાન છે તો જ્ઞાનપ્રાપ્તિ માટે પ્રયત્નો શા માટે કરવાં જોઇએ? આ બધાં નિમિત્તોને શા માટે અપનાવવાં જોઇએ?

તેથીજ શ્રીમદ્‌જીએ કહ્યું છે :—

"ઉપાદાન કારણ મુખ્ય છે, પછી પુરુષાર્થનું શું કામ છે? તેવી વાતોથી પુરુષાર્થહીન ન થવું. સત્સંગ અને સત્યસાધન (નિમિત્ત) વિના કોઇ કાળે પણ કલ્યાણ થાય નહીં જો પોતાની મેળે કલ્યાણ થતું હોય તો માટીમાંથી ઘડો થતો સંભવે, (પણ) લાખ વર્ષ થાય તો પણ ઘડો થાય નહીં; તેમ કલ્યાણ થાય નહીં. સત્પુરુષોના નિમિત્તથી અનંતજીવો ઉગરી ગયા છે. અસોચ્ચા (વગર સાંભળે) કેવળી ને પણ આગળ પાછળ તેવો યોગ થયો હશે."

તેમણે એકાંત ઉપાદાનવાદીને રદિયો આપ્યો છે :—

"उपादाननुं नाम लइ, ए जे तजे निमित्त,
पामे नहीं सिद्धत्वने रहे भ्रांतिमां स्थित"

—આત્મસિદ્ધિશાસ્ત્ર.

ભગવાન મહાવીરને છદ્‌મસ્થ અવસ્થામાં, અનાર્ય લોકો અને ચંડકૌશિક જેવા સર્પનું નિમિત્ત ન મળત તો તેઓ કઇ રીતે પૂર્ણ વિકસિત થાત. એવી જ રીતે ચંડકૌશિક, ચંદનબાળા, ગૌતમ ગણધર અને અનેક જીવોને ભગવાન મહાવીરનું નિમિત્ત ન મળત તો તેમનો ઉદ્ધાર કઇ રીતે થાત? અહીં એક દૃષ્ટિએ નિમિત્ત ઉપાદાન બને છે અને ઉપાદાન નિમિત્ત બને છે. બન્ને સાપેક્ષ છે. સોનગઢી સંપ્રદાયના પ્રવર્તકને પણ એકાંત આત્મવાદનો વિચાર કરવામાં કોઇ નિમિત્ત મળ્યું જ હશે ને?

ત્યારબાદ આત્માને એકાંત નિશ્ચય દૃષ્ટિએ મૂલવવાં જતાં સોનગઢી મત-પ્રવર્તક એમ કહે છે: "આત્મા વગેરેના પર્યાયો (પરિણમનો) ક્રમબદ્ધ છે એટલે પહેલાંથી દરેક જીવ કે દ્રવ્યનો ક્રમ નિયત છે; એમાં કોઈ ફેરફાર થઈ શકેજ નહીં?"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બીજા શબ્દોમાં એને નિયતિવાદ કહેવો જોઈએ. જે ભાવો જે રીતે નક્કી છે તે થવાનાજ" એને "ક્રમ નિયમિત પર્યાય" પણ કહે છે. જો એમ કહેવામાં આવે કે નિયતિ પ્રમાણે બધું થવાનું છે તો પુરુષાર્થ કરવાની કશી જરૂર પણ રહેતી નથી. આ એકાંગી આત્મવાદનાં ભયસ્થાનો છે; જેનાં કારણે ઢોંગ, પાખંડ, અકર્મણ્યતા સાથે ભૌતિકવાદનોજ વધારો થવાનો છે.

## પુરુષાર્થ સહિત પાંચ કારણો :

એટલે જૈનદર્શને એકાંત નિયતિવાદને સ્થાને પ્રત્યેક કાર્યમાં પુરુષાર્થને મુખ્યતા આપી પાંચ કારણ–સમવાય બતાવ્યા છે. કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ. ગોશાલક સાથે ભ. મહાવીરને એ માટેજ વિરોધ હતો. ગોશાલક નિયતિવાદી હતો. પ્રશ્ન એ હતો કે જે સમયે મોક્ષ મળવાનું હોય તે સમયે તે મળશેજ તો પછી ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પરાક્રમ વગેરેની જરૂર શી? કયારે કયું સાધન મળશે અને કયું કાર્ય સધાશે, તે કોઈ કહી શકતું નથી એટલા માટેજ શાસ્ત્રોમાં એકાંત નિયતિવાદને મિથ્યા ગણવામાં આવ્યો છે. બધાં કર્મો ક્રમ નિમિત્ત હોતાં નથી, કેટલાંક અનિયમિત પણ હોય છે. જેમકે બધા જીવોના જન્મમરણ તથા અન્ય કાર્ય નિયમિત માનવામાં આવે તો અકાળ મૃત્યુ કે અકસ્માતોને સ્થાનજ ન રહે! એટલે એમાંથી એ વાત ફલિત થાય છે કે ક્ષાયિક સમકિત માટે ભાવ નિયત હોય છે કે જે મોક્ષે જવાનો છે અને તે પોતાની ચિંતા કરતો નથી પણ નીચેના ગુણસ્થાનો માટે બન્નેય વસ્તુ હોય છે. નિયત અને અનિયત ક્ષાયિક સમકિતને ત્યારે બીજાની ચિંતા તો હોયજ છે. ભગવાન ઋષભદેવ, મહાવીર ભગવાન વગેરે ક્ષાયિક સમકિત હોવા છતાં પોતાના માટે નહી, પણ બીજાના હિત માટે કાર્ય કરતાજ હતા. આર્દ્રકુમાર, આષાઢાભૂતિ, અરણુક મુનિ વગેરેનું સમકિત નક્કી હતું છતાં તેઓ સંયમ માર્ગે પડયા એટલે નિયત ભાવ હોવા છતાં જોખમ વ.માં જાગૃતિ રાખવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જોઈએ. પુરુષાર્થ તો કરતાંજ રહેવું જોઈએ. નહીંતર તેમનું અનુકરણ કરીને બીજા ભોળા લોકો પણ પુરુષાર્થહીન થઈ જશે.

સર્વાંગી આત્મવાદ ત્યારેજ થાય જ્યારે આત્માનાં બધાં પાસાંઓ લોકવાદ, કર્મવાદ, ક્રિયા ( ચારિત્ર ) વાદને માનવામાં આવે.

☆

## ચર્ચા – વિચારણા

**પૂ. દંડીસ્વામીએ** ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું: " શરીરથી આત્મા ઘણા છતાં જ્ઞાનથી આત્મા એક છે. સાંખ્યમાં પણ જીવરૂપે આત્મા એક માન્યો છે. વેદાંતનો પણ સમન્વય થઈ શકે. તે કહે છે કે " જીવ અને બ્રહ્મ સમાનાધિકરણરૂપે લેખાય પણ તે આત્મામાં અવિદ્યા ન પેસે ત્યાં લગી. સાંખ્યના એક સ્થાપક પુરુષે કાશ્યપે આત્માને નિષ્ક્રિય કહ્યો તે પૂર્ણ અવસ્થાએ સાચું માની શકાય. તે છતાં તેમને અનિશ્વરવાદી કહ્યા. આમ તો વેદાંતમાં પણ ઘણાં સંશોધનો થયાં છે. જેમકે રામાનુજાચાર્યનો અદ્વૈતવાદ છતાં વિશિષ્ય દ્વૈતના કારણે તે ગૈતવાદ જેવું છે; તેથી આત્મા એક છતાં જીવોનું અનેકત્વ સિદ્ધાંતમાં સ્વીકારવામાં આવ્યું છે; જેમ દાડમ એક છતાં બી અનેક; એ રીતે શંકરાચાર્યે વિવર્તવાદ માન્યો છે. પણ, રામાનુજાચાર્ય વગેરે મોટાભાગે અવિકૃત પરિણામવાદમાં માને છે. તેથી વલ્લભાચાર્ય સોના રૂપે એક આત્માને માનવા છતાં ઘરેણાં રૂપે અનેક જીવોને માને છે.

બૌદ્ધધર્મ સંતાનવાદમાં માને છે. બૌદ્ધ–દર્શનમાં મધ્યમ માર્ગને નવું સ્થાન અપાવનાર અશ્વઘોષ અને નાગાર્જુન હતા. તેની અસર હિંદુધર્મ ઉપર સારી એવી પડી છે. મંડૂકપનિષદમાં નેવું ટકા અસર બૌદ્ધદર્શનની છે. તેથી બૌદ્ધધર્મ અને હિંદુધર્મનો ઘણો સંબંધ મળે છે. તેથી જ પુરાણોમાં બુદ્ધને " વાસુદેવઃ પુનર્બુદ્ધ " કહીને બુદ્ધનો ઈશ્વર તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. મુનિશ્રી સંતબાલજીએ ઠીક જ કહ્યું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે કે બૌદ્ધધર્મ, જૈનધર્મ અને હિંદુધર્મ રૂપ બે કિનારા વચ્ચે પૂલની ગરજ પૂરી કરે છે.

જૈનોમાં અનેક જીવો અને એક આત્મતત્વ બન્નેનું નિરૂપણ છે તેમ ઈશાવાસ્યોપનિષદ્‌માં સ્યાદ્‌વાદની દૃષ્ટિ "તદેજતિ, તન્નૈજતિ" રૂપે મળે છે. "અસત: સદ્‌જાયતે" એ ઋગ્વેદનો મંત્ર છે. આ ઉપરાંત જૈનધર્મની વ્યાપક અસર બૌદ્ધો ઉપર જોવામાં આવે છે. ક્યાંક બન્ને સમાન હોવાનો ભાસ પણ થઈ જાય છે. બૌદ્ધધર્મની ઘણી અસર ગીતા ઉપર પડી છે, એમ ધર્માનંદજી કોસાંબીએ લખ્યું છે. તેમણે બીજા અધ્યાયનો છવ્વીસમો શ્લોક ટાંકયો છે: "હે અર્જુન! તું નિત્ય જન્મે છે અને મરે છે, એમ માનતો હોય તોપણ શોચને પાત્ર નથી." આ સિદ્ધાંત ક્ષણિકવાદી બૌધ્ધોનો છે. લોકમાન્ય તિલકે પણ ગીતારહસ્યમાં "બૌદ્ધધર્મ એટલે સુધરેલો હિંદુધર્મ" એમ માન્યું છે. શંકરાચાર્યનો માયાવાદ પણ બૌદ્ધો પાસેથી આવ્યો છે.

એ જ રીતે સિદ્ધસેન દિવાકર (જૈનશ્રમણ) અને ભર્તૃહરિના પિતા ગોવિંદાચાર્ય એક જણાય છે. ગીતાનો અને ગોવિંદાચાર્યનો સંબંધ સ્પષ્ટ દેખાય છે. આમ જોતાં ગીતા એ વેદધર્મનો વિકાસ છે. જૈનધર્મ અને વૈદિકધર્મ વચ્ચેના પૂલસમા બૌદ્ધધર્મ સાથે ઠીક–ઠીક સંબંધ તેણે બાંધ્યો છે. તેમાં જૈન–તત્ત્વજ્ઞાનની પૂરી અસર છે એટલે તે ત્રણેને સર્વમાન્ય પુસ્તક બની ગયું છે. જૈનદૃષ્ટિએ ગીતાદર્શનમાં મુનિશ્રી સંતબાલજીએ "ગીતામાં જૈનતત્ત્વજ્ઞાનનો જ આત્મા બતાવ્યો છે.

તાત્પર્ય એ છે કે એકાંગી આત્મવાદ કામનો નથી. ખરેખર તો નેમિમુનિજીએ આચારાંગસૂત્રમાં બતાવેલ–આત્મવાદ, કર્મવાદ, ક્રિયાવાદ અને લોકવાદના સમન્વયની જે વાત કહી છે તે બરાબર છે. નિવૃત્તિમાં પ્રવૃત્તિ અને પ્રવૃત્તિમાં નિવૃત્તિ કરવી એ જ જૈન–રહસ્ય છે. તે મુજબ સાચા સાધુસાધ્વીઓએ પ્રવૃત્તિ લક્ષી નિવૃત્તિનું વધુ લક્ષ રાખી વધુમાં વધુ કામ કરી દેખાડવું જોઇએ. તેથી આપોઆપ એકાંગી આત્મવાદ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે ચવત્કારવાદનો અંત આવી જશે; અને લોકહૃદયમાં આત્માવાદ પ્રતિ નવી શ્રધ્ધા જાગશે.

**શ્રી દેવજીભાઈ :** "જગતમાં કોઈ પણ અંગ એક નથી. જ્ઞાન સાથે ક્રિયા છે. નિશ્ચય સાથે વહેવાર છે. આમ ધર્મ અને વહેવારનો તાળો મેળવવો જોઈએ. ગાંધીજી જેવા આ યુગના અદના માણસે આત્મવાદની સાધના કરી, તો કેટલો મહાન વિજય મેળવી ગયા ? તેમના અધ્યાત્મજ્ઞાનને જગતે માન્ય કર્યું. એમનાં જીવનમાં આદર્શ અને વહેવારનો સુમેળ હતો. તેમનાં કથનો અનુભવગમ્ય હતાં. તત્વ સાથે સામુદાયિક જીવનનો તેઓ તાળો મેળવતા એટલે સામાન્ય લોકોને પણ તે ગમી જતું."

**શ્રી પૂંજાભાઇ :** "આપણે આટલા દિવસોના શ્રવણ અને ચિંતનથી જોયું કે એકાંત અને એક વ્યક્તિની સાધનાનું અનુસંધાન સમાજ સાથે હોવું જ જોઈએ. જ્યાં એ નથી હોતું ત્યાં નથી સ્વહિત થતું કે નથી થતું સમાજહિત. ભગવાન ઋષભદેવે બાહુબલિને સમજાવવા બે શિષ્યાઓને મોકલી કારણ કે તે સમાજનું અનુસંધાન ભૂલી ગયા હતા.

આજના યુગે તો સમાજ અને સમાજના પ્રશ્નો ઘણા વધી ગયા છે એટલે એકાંત કે સમાજમાં રહીને થનારી કોઇપણ સાધનાનું અનુસંધાન સમાજ સાથે રહે; અને તે પણ સંસ્થાગત થાય તો વધારે સારું. ગાંધીજીએ આ ભૂમિકા સાફ કરીને આપી છે તે ઉપર સમયસર સર્વાંગી આત્મવાદી અનુબંધ વિચાર–ધારાનાં મંડાણ થઇ ચૂક્યાં છે. તેનો લાભ લોકોને મળશે જ. દરેક કાર્યનું અનુસંધાન જો આત્મલક્ષી સાધના સાથે રહે તો તેનાથી ઘણો લાભ થશે."

**પૂ. નેમિમુનિ :** "મેં સવારે એકાંગી આત્મવાદનો વિષય સરળ રીતે રજૂ કરવા પ્રયાસ કરેલો. તે છતાં થોડું વધારે વિવેચન કરી લઉં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ જગતમાં મૂળ બે પદાર્થ છે—જડ અને ચેતન. આ બન્ને પરસ્પર એકબીજા ક્યાં કેટલી અસર કરે છે તે ઝીણવટથી સમજવું જોઈએ. નહીંતર ગોટાળો થવાનો સંભવ છે.

જૈનપરિભાષા પ્રમાણે જીવ અને અજીવમાં સમાવેશ પામતાં બધાં દ્રવ્યો સ્વતંત્ર છે; પોતાના અસલી ગુણધર્મમાં રહે છે. પુદ્ગલ અને જીવનો અનાદિકાળથી કંઈક એવો સંબંધ છે તેના લીધે :—

( ૧ ) આત્મા છે.

( ૨ ) આત્મા બંધાયો છે.

( ૩ ) આત્મા કર્મનો કર્તા છે.

( ૪ ) આત્મા કર્મનો ભોકતા છે.

( ૫ ) મોક્ષ (કર્મથી સદંતર મુક્તિ) છે.

( ૬ ) મોક્ષનો ઉપાય પણ છે.

—આ છએ વાતો લેવી પડે છે.

જો આપણે એમ લઈએ કે આત્મા તો શુદ્ધ, બુદ્ધ અને ચૈતન્યઘન છે અને આત્માને પુદ્ગલ બાંધી શકે નહીં તો આખોયે સાધનાનો માર્ગ તૂટી જશે. શ્રીમદ રાજચંદ્ર જેમને ૨૩મે વર્ષે જ્ઞાનની સમજણ પડી તેમણે પણ એકાંત જ્ઞાન આત્માને માનવાની ના પાડી. તેમણે સમયસાર વાંચનાર માટે ચેતવણી આપી કે તેનાથી માત્ર શુષ્કજ્ઞાન થઈ જાય છે. એટલે સિદ્ધાંતનો વિચાર શમ, વૈરાગ્ય અને સત્સંગથી વહેવારની શુદ્ધ-પરિણતિ સહજરીતે જીવનમાં ન વણાઈ જાય, ત્યાં સુધી ન કરવો હિતાવહ છે. ટુંકમાં સમયસાર પ્રમાણે વહેવાર અભૂતાર્થ હોવા છતાં એ જ એનો મુખ્ય પાયો છે જેના ઉપર નિશ્ચયનયની ઇમારત ટકી શકે છે. એ સમયસારની ગાથાથી જ સવારે મેં આપ આગળ વર્ણવેલું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેથી અનુભવી જૈનમહાપુરુષોએ પુદ્દગલાસ્તિકાયનો અને જીવનો સંબંધ સમવેત-સંયોગી કહ્યો છે. તેમણે ઘટ અને માટી બન્નેમાં માટી હોય તે રીતનો સમવાય-સંબંધ નથી કહ્યો. એવી જ રીતે વૃક્ષ ઉપર વાનર રહે તેવો સંયોગી-સંબંધ પણ નથી કહ્યો. ટુંકમાં તે કાયમ માટે નથી છુટી શકતો; અને કાયમ માટે પણ છુટી શકતો સંબંધ છે. એમ કહી એક તરફ જીવ-વિકાસની છેલ્લી શ્રેણિ કર્મબધ્ધ નિગોદના અભવી જીવોની વાત કહી છે તો બીજી બાજુ કર્મમુક્ત સિદ્ધ જીવોની વાત કહી છે. ભાવિ જીવો સ્વપુરુષાર્થે મોક્ષ પહોંચી શકે છે તે પણ કહ્યું છે. આથી નિશ્ચય-વહેવારનો તાળો મળે છે. ઉપાદાન અને નિમિત્તનો પણ તાળો મળે છે. આથી કોઇ કોઇનું ભલું-બૂરું કરી શકતું નથી એમ જાત માટે માનીને, બીજા જીવોના સહારાની અપેક્ષા રાખ્યા વગર, તેમ જ બીજાઓ અનિષ્ટ નિમિત્ત બનતા હોય, તેઓ મારું બુરું કરી શકતાં નથી. મૂળે તો મારો આત્મા જ મારું ભલું-બૂરું કરનાર છે તેમ માની બીજા પર રાગદ્વેષ ન કરે—એ વહેવારની વાત ન્યાય સંગત છે. બીજાઓએ પણ આમ કરનારની મદદ કરવી જોઇએ અને અનિષ્ટ નિમિત્તો ન આપવાં જોઇએ. આ રીતે તાળો ન મળે તો જગતનો આખો વહેવાર અસ્તવ્યસ્ત થઇ જાય.

સમવેત સંયોગના કારણે નિમિત્તોની અસર પણ અસામાન્ય થાય છે; એ હકીકત છે. તેમજ વહેવારમાં વહેવાર-શુદ્ધિ માટે પુણ્ય કાર્યોની અને જગતની સેવાની પણ બરાબર અગત્યજ છે. તેથી સમયસારવૃત્તિ, આગમસાર અને પંચ વસ્તુમાં આ શ્લોક કહેવાયો છે:—

"જો વહેવારને અવગણશો તો તીર્થ અને આચારનો ઉચ્છેદ થશે,
જો નિશ્ચયનું લક્ષ ચૂકશો તો મૂળ તત્ત્વનોજ ઉચ્છેદ થશે."

એ ઉપરથી સેવા કરવી; પુણ્ય હોઇને, કર્મકારક છે તેમ કહેવા કરતાં સેવામાર્ગમાં આત્મલક્ષ ન મૂકાય તેટલી કાળજી રાખી શુદ્ધ સેવામાર્ગમાં પ્રેરવાનો યુગધર્મ સહેજે સાંપડશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વેદાંત અને સાંખ્યનું સંશોધન ઠીક ઠીક થયું છે અને એ સંશોધનમાં દિગંબરાચાર્ય કુંદકુંદનો પણ મહત્વનો ફાળો છે; પણ તેમના ગ્રંથોના વાંચન ઉપરથી એવો પણ ભાસ થાય છે કે તેઓ ઉપાદાનનેજ મહત્વ આપે છે. પોતાના શરીરવ્યાપી ચૈતન્યની વાત લઇ, વિશ્વપ્રાણીઓના ચૈતન્ય સાથેની કર્તવ્યભાવનાનો છેદ ઉડાડાય છે; કે વહેવારના પાયા વગરની નિશ્ચયની વાતોનું ચણતર થાય છે. એમ કરીને આજના કુંદકુંદાચાર્યના નામના ભકત તેમની જ ક્રાંતિની હત્યા કરતા હોય એમ લાગે છે. ખરી રીતે બીજાં દર્શનો, વૈશેષિક, નૈયાયિક, અને પૂર્વ મીમાંસાનું એકાંગીપણું પરિસ્થિતિવશ ઊડી ગયું; તેમજ બાકીનાં દર્શનો સાંખ્ય યોગ અને વેદાંત સંશોધન પામી રહ્યાં હતાં ત્યારે જૈનતત્વ-જ્ઞાનના ઢાળામાં એ બધાંને ઢાળવાનો કુંદકુંદાચાર્યે સુંદર પ્રયત્ન કર્યો હતો. એવીજ રીતે સોનગઢી વિચારમાં એક ક્રમબદ્ધ પર્યાયની વાત ચાલે છે તે પણ ધરમૂળથી સંશોધન માંગે છે. સમયસારમાં આત્માની ગુણ શકિતઓમાં એક વિભુત્વ નામની મહાન શક્તિ બતાવેલી છે જે પ્રાણીમાત્રના આત્માઓ સાથે બરાબર સંબંધ બતાવે છે એટલે સ્વભાવનો અર્થ વ્યાપક રીતે પ્રાણીમાત્રના આત્માઓનો ભાવ લેવો અને તે માટેજ અનુકંપા, સેવા, દાન, દયા વગેરે સદ્ગુણોનો ઉપયોગ કરવો એ જરૂરી બને છે. આમ મનાય તો નિમિત્ત ને પ્રારંભિક અવસ્થામાં બહુ મહત્વ આપવાની વાત અગત્યની અને જરૂરની બની રહે છે. તેવી જ રીતે સેવાને ( શુભકર્મ ) કે જીવ માત્રને પરભાવમાં ન ઘટાવી શકાય.

ક્રમબદ્ધ-પર્યાયની વાતના સંબંધમાં વિચારતાં જેમ આયુષ્યબંધમાં સોપક્રમ અને નિરુપક્રમ એમ બે પ્રકાર છે તેમ ક્ષાયિક સમ્યકત્વી જેવા મહાપુરુષોને નિયત ( અચલિત ) આત્મભાન પછી પોતાના વિકાસ માટે આયાસ કરવો પડતો નથી. બરાબર ક્રમ પ્રમાણે મોક્ષ મળે છે. પણ બીજાં પ્રાણીઓ માટે આવાં વિકસિત આત્માઓ નિમિત્ત બને છે. જેમ ચંડકૌશિકમાં સમકિત જગાડવા માટે ભગવાન મહાવીર પ્રબળ નિમિત્ત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બન્યા હતા. જેમને ક્ષાયિક સમકિતજ થયું નથી તેમનો વિકાસ ક્રમબદ્ધ જ થશે, એ ચોક્કસ નથી. તેમણે તો સદ્‌ગુણો વધારવાનો પ્રબળ પુરુષાર્થ કરવો જોઈએ નહીં તો જેમ આયુષ્ય વચ્ચે તૂટે તેમ આવેલું અનિયત સમકિત પણ લુપ્ત થઈ જશે.

આમ સર્વાંગી સાધનામાં "મુત્તાણં–મોયગાણં" બન્ને વાતો આવે છે. વળી નિમિત્ત અને ઉપાદાન પણ સાપેક્ષ છે. એકનું ઉપાદાન બીજાને માટે નિમિત્ત બને છે અને એકનું નિમિત્ત બીજાના ઉપાદાનમાં સહાયક બને છે ચંડકૌશિક એ અપેક્ષાએ ભ. મહાવીરના કેવળજ્ઞાન વખતે તેમના ઉપાદાનમાં સહાયક બન્યો અને ચંડકૌશિકના ઉપાદાનને વેગ આપવામાં ભગવાન મહાવીર સહાયક બન્યા.

(૨૮–૧૦–૬૧)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[ ૧૪ ]

# વહેવારમાં વ્યક્તિવાદી વિચારધારાઓ

આપણું ધ્યેય વિશ્વવાત્સલ્ય છે. તો તે અંગે સ્પષ્ટ દર્શન હોવું જરૂરી છે. આપણે તે માર્ગે સુસંગઠનોના અનુબંધથી જવા માગીએ છીએ તો આપણી આસપાસ જે વિચારધારા ચાલે છે તે અંગે આપણે સ્પષ્ટ જાણવું જોઇએ કે તે વ્યકિતવાદી વિચારધારા છે કે સમાજવાદી સંગઠનવાદી વિચારધારા છે. તેમાં પણ સંગઠનવાદી હોવા છતાં ઘણી વિચારધારાઓ ભૌતિકપ્રધાન હોય છે. તેમાં કેટલી કાપકુપ કરવી! કયું તત્ત્વ ઉમેરવું તે અંગે વિચાર કરવો પડશે!

ઘણા વ્યકિતવાદી વિચારકો ક્રાંતિકારો કહેવાય છે પણ તેઓ સુસંગઠનોના અનુબંધ વડે સમાજના ઘડતરમાં કે પોતાના ઘડતરમાં માનતા નથી. એવા વ્યકિતવાદી વિચારકોની વિચારધારાથી એક વર્તુળ સુધી કંઇક થઇ શકે છે. ગાંધીયુગની સર્વાંગી ક્રાંતિએ એક વાત સ્પષ્ટ કરી છે કે ક્રાંતિની પ્રેરક વ્યકિત હોઇ શકે પણ ક્રાંતિ સુસંસ્થાઓ દ્વારા જ વ્યાપક અને ચિરસ્થાયી થઇ શકે છે. સુસંસ્થાઓ વિનાની ક્રાંતિ કાં તો અપક્રાંતિ થઇ જાય છે કાં તો અમુક વર્તુળ સુધી થભી જાય છે. ઘણીવાર તે સમાજ દ્વારા ઉપેક્ષિત હોઈને તેનું ઘડતર સમાજના અધઃપતનનું કારણ બને છે; કારણ કે તેના પાયામાં ધર્મદૃષ્ટિ હોતી નથી.

એટલે ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓ અને સર્વાંગી દૃષ્ટિવાળા જન-સેવકોએ એવી વ્યકિતવાદી વિચારધારાઓથી અંજાઈ જવું ન જોઈએ. એનાથી નુકસાન એ થાય છે કે એવો સાધક એ વ્યકિતવાદી વિચાર-ધારાના કૂંડાળામાં પડી સમાજઘડતર કે સમાજશુદ્ધિ માટે ઉત્સાહિત થતો નથી. તેનું ચિંતન પછી ટુંકા ક્ષેત્ર પૂરતું જ કેંદ્રિત બની જાય છે. ઘણી વખત તે નિષ્ક્રિય પણ બની જાય છે. તેવી વ્યક્તિ પાસે કેટલાક ભદ્ર લોકોનું ટોળું જામતું જાય છે, પણ તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બધા વ્યક્તિવાદી ચિંતનમાં જ સંતોષ માનીને ચાલે છે. આવા પુરુષો સર્વાંગી ક્રાંતિ કરનાર લોકોના માર્ગમાં અવરોધો ઉભા કરતા હોય છે, એટલે આવા અલગતાવાદી વિચારકોથી ફાયદો ઓછો થાય છે.

## એકાંગી આત્મવાદ અને વહેવારમાં વ્યક્તિવાદનું અંતર :

એકાંગી આત્મવાદ અને વ્યવહારમાં વ્યક્તિવાદની વચ્ચેનું અંતર જોઇ લઈએ. એકાંગી આત્મવાદવાળો પોતાના જ આત્માને "સ્વ" માને છે અને બીજાઓને "પર" માની તેની સાથે વાત્સલ્ય–સંબંધ બાંધવામાં દોષ માને છે. તે બીજાનું કંઇપણ ભલું કરવામાં માનતો નથી. આત્માનો શરીર સાથેનો સમવેત–સંયોગ સંબંધ હોવા છતાં, બધાં અનિષ્ટોને શરીરનાં જ માની તેને દુર કરવા તરફ તે દુર્લક્ષ સેવતો હોય છે. જ્યારે વહેવારમાં વ્યક્તિવાદી સર્વાત્મ–સંબંધને માને છે. જીવનને ઉચ્ચ બનાવવામાં અને અનિષ્ટોને દુર કરવામાં માને છે ખરો; પણ વહેવારમાં તે એકલો જ ચાલવા પ્રેરાય છે, અને ગમે તેવું સારૂં સંગઠન રચવામાં પણ દોષો પેસી જાય છે, એવી ભીતિ સેવતો હોય છે. તે એમ માનતો હોય છે કે વ્યક્તિના સુધારાથી સમાજનો સુધારો થઈ જશે. તે બધા અનિષ્ટોનું મૂળ વ્યક્તિમાં માને છે અને સમષ્ટિનું બિંદુ ચુકી જાય છે.

## વહેવારમાં વ્યક્તિવાદ :

વહેવારમાં વ્યક્તિવાદ શું છે; તે ઊંડાણથી સમજી લેવા માટે તેનું મૂળ અને તેના આજના પ્રણેતાઓ ઉપર જરા વિસ્તારથી વિચાર કરી જોઇએ.

વહેવારમાં વ્યક્તિવાદી વિચારધારાનું મૂળ વેદાંતમાં છે. એમાંથી વહેવારમાં વ્યક્તિવાદ સંત વિનોબાજીએ તારવ્યો છે. તેમની અગાઉ શ્રીમતી એનીબેસંટ, કૃષ્ણમૂર્તિ તેમજ શ્રી અરવિંદે પણ એને તારવ્યો હતો. જો કે દરેકે પોતપોતાની શૈલીએ એની રજૂઆત કરી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ લોકો પહેલાં વેદાંતમાં સંશોધન કરીને વૈષ્ણવ સંપ્રદાયોના આચાર્યોએ સમષ્ટિવાદનો પ્રચાર કર્યો છે. તેમણે જુદા જુદા સંગઠનો વડે સમાજ–જીવનમાં એ વેદાંતને ઉતારવાની કોશિષ કરી છે પણ, મોટા ભાગે એમાં ભકિતનો પ્રવાહ હોવાથી સમર્પણવાદ જ વિશેષ પ્રસર્યો અને એમાં ગુરુવાદ ઊભો થયો. ગુરુને ભગવાન–સમા માનીને પોતાની સ્વતંત્ર બુદ્ધિનો કાંઈ પણ ઉપયોગ કરવામાં ન આવ્યો તેનું પરિણામ આજના વૈષ્ણવ–મહંતો–આચાર્યોમાં જોઈ શકાય છે. સ્વામી વિવેકાનંદ જેવાએ વેદાંતમાંથી જનસેવાને તારવી, સંઘ જરૂર રચ્યો. પણ, તે દ્વારા સમાજનું નૈતિક જીવન ઘડતર કરવાની દૃષ્ટિ ન રહી, માત્ર રાહત કામો કરવાની દૃષ્ટિ રહી. અહીં એ સંપ્રદાયોની આજની પરિસ્થિતિની આપણે ચર્ચા કરતા નથી પણ પ્રગતિશીલ અને ખ્યાતનામ આધુનિક વિચારકોની વિચારધારાઓની સવિશિષે છણાવટ કરવાની છે.

## શ્રીમતી એનીબેસેંટ અને શ્રીકૃષ્ણમૂર્તિ :

શ્રીમતી એનીબેસેંટ નામની આયર્લૅન્ડની એક બાઈએ અને બ્લેવેટ્સ્કીએ થિયોસોફિકલ સોસાયટી ( બ્રહ્મવિદ્યા સમાજ ) સ્થાપી. તેની સ્થાપના ભારતમાં મદ્રાસ ખાતે અડિયારમાં થઈ. શ્રી કૃષ્ણમૂર્તિના પિતા તેમને તેમજ નિત્યાનંદને લઇને ત્યાં આવ્યા. શ્રીમતી એની બેસેંટની દૃષ્ટિ કૃષ્ણમૂર્તિ ઉપર ઠરી. તેમને તે ખૂબ જ તેજસ્વી અને હોનહાર લાગ્યા. એટલે તેમણે કૃષ્ણમૂર્તિને રાખ્યા. ત્યાં આશ્રમમાં ઉચ્ચ શિક્ષણ અપાવ્યું–લાખો રૂપિયા ખર્ચ કર્યા. થિયોસોફિકલ સોસાયટીમાં એની બેસંટે ત્રણ ધર્મોનાં તત્ત્વો લીધાં. પોતે ખ્રિસ્તી હતાં એટલે ખ્રિસ્તી ધર્મનો પ્રેમ, વેદાંતનું જ્ઞાન અને બૌધ્ધ ધર્મનો મધ્યમ માર્ગ–આ ત્રણેનો સંગમ કર્યો. પ્રેમ સાથે શાસ્ત્રનું અવલંબન, જ્ઞાન સાથે ગુરુનું અવલંબન તેમજ મધ્યમમાર્ગની સાથે સંગઠન અવલંબન લેવામાં આવ્યું. આ સંગઠન આધ્યાત્મિક સંસ્થા જેવું ઊભું તો થયું, પણ આ બધી સાધના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે જીવન ઘડતરનો વિચાર વ્યક્તિએ એકલો જ કરવો; એ દૃષ્ટિએ બીજા ક્ષેત્રોમાં કે બીજા ક્ષેત્રના લોકોને આ વિચારધારા સ્પર્શી નહીં. માત્ર આધ્યાત્મિક ક્ષેત્રનેજ એમાં સ્પર્શવામાં આવ્યું એટલે અન્ય ક્ષેત્રને તે વિચારધારા સ્પર્શી શકી નહીં. તેવી જ રીતે એમાં બધા ધર્મો સાથે અનુબંધ રાખી ઊંડા ઉતરીને સંશોધન કે પરિવર્ધન કરવામાં આવ્યું ન હતું, તેનું કારણ વહેવારમાં વ્યક્તિવાદ જ હોઈ શકે.

શ્રીમતી એની બેસેંટે રાજકારણમાં ભાગ લીધો પણ વ્યક્તિગત રીતે; પોતાની એ સંસ્થા મારફત નહીં; જેથી લોકઘડતર ન થઈ શકયું. તેમની સંસ્થામાં એક વાત એ પેઠી કે જ્ઞાનનો જે અધિકારી હોય તેને જ તે આપવું. ગુરુ પાસેથી જ્ઞાન મેળવવું. વૈષ્ણવ ધર્મના ગુરુવાદની અસર અહીં પણ સ્પષ્ટ ઉપસી આવી. એમાંથી રહસ્યવાદ પ્રગટ થયો. તેમાં સિદ્ધિઓ, મંત્રો, અવતારો વગેરે વાતોએ પ્રવેશ કર્યો.

એનીબેસેંટે કૃષ્ણમૂર્તિ માટે એવો પ્રચાર કર્યો: " એક નવો અવતાર આવી રહ્યો છે ?" અવતાર તરીકે પ્રખ્યાત કરવાની વાત લોકોમાં ફેલાઈ ખરી. જગદ્ગુરુના આગમનની વાત રૂપે " ઓર્ડર ઓફ ધી સ્ટાર" નામની સંસ્થા સ્થપાઈ !

શ્રીકૃષ્ણમૂર્તિને આ બધું ન ગમ્યું અને તેમણે એ સંસ્થાનું વિસર્જન કરી નાંખ્યું. તેમણે કહ્યું : "સત્યની શોધમાં મુકત જીવન અને મુકત ચિંતનમાં; સંસ્થા, સમાજ, શાસ્ત્ર, ગુરુ, ધર્મ–પંથ કોઈપણ અવલંબન મારે ન જોઈએ. મારા માટે એ બધાં બંધનકારક છે !"

આમ શ્રીકૃષ્ણમૂર્તિ સંસ્થાથી છૂટા થયા. પચાસેક હજારથી વધારે અનુયાયીઓને છોડયા, અને સ્વતંત્ર વિચારક તરીકે વિચરવા લાગ્યા. તેઓ પોતાનું જીવન સાદાઈથી પસાર કરે છે. પણ વ્યકિતવાદી વિચારધારાના કારણે સમાજનું ઘડતર કરી શકતા નથી. તેઓ ધારત તો પોતે જે સંસ્થાના અધ્યક્ષ હતા, તેની ખામીઓનું સંશોધન કરી શકત, જેની અસર તેમના અનુયાયીઓ ઉપર પડયા વગર ન રહેત. પણ, એવું લાગે છે કે તેઓ કંટાળીને નીકળ્યા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખોરાકથી ઘણીવાર હોજરી બગડે છે; તેથી તેને સુધારવા ખોરાકમાં ફેરફાર કરાય પણ સદંતર છોડી ન દેવાય; વિવેક રખાય. તેવીજ રીતે સંસ્થા હોય ત્યાં દોષો પેદા થવા સંભવ છે પણ તેથી કરીને સંસ્થાને છોડીજ દેવી અગર તો સંસ્થાની કોઈને જરૂરજ નથી, એ કહેવું યોગ્ય નથી. સંસ્થાની શુદ્ધિ તેઓ પોતાના તપ–ત્યાગ વડે કરી શકત. જૈન દષ્ટિએ જોઈએ તો સંસ્થાનું ( સંઘનું ) અવલંબન, જિનકલ્પી મુનિ લેતા નથી, પણ સ્થવિરકલ્પી તો લેજ છે. તે છતાં જિનકલ્પી મુનિ સંઘ સાથે અનુબંધ તો રાખેજ છે. તેઓ સંસ્થાનો નિષેધ કરતા નથી. પણ કૃષ્ણમૂર્તિએ બીજી રીતે વિચાર્યું. તેઓ છૂટા થયા બાદ થિયોસોફિકલ સોસાયટીમાં બે ફાંટા પડી ગયા. એક બ્લેડીલોઝ, જેઓ જૂના વિચારના હતા અને બીજો યૂથલોઝ જેમાં નવા વિચારના ભળ્યા; જે કૃષ્ણમૂર્તિને માને છે.

શ્રી કૃષ્ણમૂર્તિના વિચારોને તારવતાં તેમની વિચારધારાના આધાર રૂપે આ વસ્તુઓને લઈ શકાય :—( ૧ ) **મનને ખાલી કરો :** કારણ કે શાંત મનમાં જ સત્ય પ્રગટ થશે. એ માટે ગુરુ, શાસ્ત્ર, સંસ્થા, સમાજ, કુટુંબ કે બીજા બધાંય અવલંબનોનો ત્યાગ કરો તેમજ લોક કે લોકસમાજના પ્રશ્નોથી મુક્ત થાઓ.

અહીં એક પ્રશ્ન એ થાય છે કે મન તો વિચારોનો પૂંજ છે. તેમાંથી એક વિચારને કાઢશો તો બીજો આવશે જ. તો તે મન કઈ રીતે ખાલી થઈ શકે? મનની નિર્વિકલ્પ સ્થિતિમાં પણ વિચાર તો રહ્યા જ કરે છે. અસંપ્રજ્ઞાત સમાધિમાં પણ મન તો સચેષ્ટ રહે જ છે. યોગનો અર્થ ચિત્તવૃત્તિ–નિરોધ કહ્યો છે પણ તેમાંયે અંતે તો ક્લિષ્ટ ચિત્તવૃત્તિઓનો નિરોધ એ જ શક્ય અને ઇષ્ટ છે. શરીર છે ત્યાંસુધી ચિતવૃતિનો સર્વથા નિરોધ ન થઈ શકે. જ્યાંસુધી અયોગી–કેવળીની ભૂમિકાએ પહોંચતું નથી ત્યાંસુધી યોગો–મન–વચન–કાયાના વ્યાપારો તો રહેવાના જ. મન ખાલી ન થઈ શકે ત્યારે બધા સુ–અવલંબનોનો ત્યાગ કરવા માટે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કહેવું નથી. એટલું ખરું કે અનિષ્ટો ન પેસે તેની સાવધાની રાખવી અને હોય તો તે દૂર તેની કાળજી રાખવી. માનવ સામાજિક પ્રાણી છે અને જીવનનનાં વિવિધ ક્ષેત્રોમાં પરસ્પરનાં અવલંબન વગર આગળ વધી શકાતું નથી, કે વ્યકિત અથવા સમષ્ટિનો વિકાસ થઇ શકતો નથી. ક્રમેક્રમે વિકસિત થતાં એવી મુકત આત્મ-દશા આજે જ્યારે કે આત્મા પૂર્ણતાની પાસે પહોંચી ગયો હોય ત્યારે તેને કોઇપણ અવલંબનની જરૂર નથી, એમ માની શકાય છે; પણ પ્રારંભમાં એમ થવું બહુ જવલ્લે જ બને છે. જેમાં પૂર્વભવની સાધનાનો પ્રભાવ હોઈ શકે.

આનું મુખ્ય કારણ તો વેદાંતનો "બ્રહ્મ સત્યં જગન્મિથ્યા"વાળો સિદ્ધાંત છે. જયારે જ્ઞાનીની પૂર્ણ કક્ષાએ પહોંચ્યા વગર આ વાકયને પકડીને ચાલવામાં આવે છે ત્યાં જ ભૂલ થાય છે. વેદાંતીઓએ ભલે બ્રહ્મને સત્ય કહ્યું અને જગતને મિથ્યા કહ્યું, પણ વહેવારમાં તો તેમને જગતનો આશ્રય લેવો પડે છે એટલે ત્યાં "જગત્-મિથ્યા" એટલે જગત્ નથી અથવા તે ખોટું છે" એના બદલે "જગત-ગૌણ છે" એવો અર્થ સાધકે કરવો જોઈએ; અથવા આત્મા નાશવંત નથી; પણ આ શરીર નાશવંત છે, એવો સુધારો કરીને જ ચાલી શકાય છે. એવી જ રીતે વહેવારમાં વ્યક્તિવાદી અને બીજાને અતડા રાખનાર વિચારોમાં સુધારો કરવો જોઈએ. વિચાર અને વહેવારનું અંતર રહે તો વહેવાર શુદ્ધ ન રહી શકે.

(૨) "**સંબંધોને સમજો!**": એ શ્રી કૃષ્ણમૂર્તિના વિચારોનો બીજો મુદ્દો છે. એની મતલબ એ છે કે "તમે જે બાહ્ય સંબંધોને જ સાચા સંબંધો માની લો છો અને પછી પોતાના ગણાતા સિવાય બાકી સાથે સંઘર્ષ અથડામણ વગેરે કર્યા કરે છો. તેથી દુ:ખી, અશાંત અને નિરાશ રહ્યા કરો છો માટે ઉંડાણથી વાસ્તવિક સંબંધોને સમજો."

૧૪

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અહીં સુધી તો આ વિચાર બરાબર છે કારણકે જેને આપણે અનુબંધ કે કર્તવ્ય-સંબંધ કહીએ છીએ તેને જ અહીં વાસ્તવિક સંબંધ ગણવામાં આવ્યો છે. પણ એથી આગળ વધીને જ્યારે આચરણ-વહેવારની વાત આવે છે; ત્યાર શ્રી કૃષ્ણમૂર્તિ કહે છે: "સત્યની કેડી એટલી સાંકડી છે કે તેમાં તે એકલો જ જઈ શકે માટે એકલા જવું રહ્યું." બીજાઓ જે સત્યના પિપાસુઓ છે તેમને સાથ આપી જ ન શકાય; કે તેમનું ઘડતર ખરો સત્યાર્થી ન કરી શકે એ વાસ્તવિકતાને નકારવા જેવી વાત છે. શ્રી કૃષ્ણમૂર્તિ કહે છે કે આત્મજ્ઞાન કરો એનો અર્થ "આત્માનું જ્ઞાન કરો કે મેળવો" એવો નથી, પણુ પોતાના વિચારો, વર્તાવો, પ્રેરક ભાવો અને આકાંક્ષાઓને જાણવાં, તેઓ બીજાની સાથે અનુબંધ રાખી નિર્દોષ વહેવાર કરવાની વાત કરતા નથી; તેથી માણસ કેવળ વ્યક્તિલક્ષી કે વ્યક્તિ-કેંદ્રિત બની જાય છે અને જીવનમાં શુષ્કતા અને કિલષ્ટતા આવી જાય છે.

( ૩ ) **તટસ્થતાથી તપાસો:** એ તેમના વિચારોનો ત્રીજો આધાર છે. તેઓ કહે છે: "પ્રશ્નને તળીયે ગયા વગર ઉકેલ મળતો નથી. મન ઉપર ઘણાં પડો પડયાં હોય છે. તે પડોને ઉખેડયા વગર તમે આંતરમનને તપાસી શકો નહીં. અને આંતરમનને તપાસ્યા વગર પ્રશ્નોનો સાચો ઉકેલ આવતો નથી. એટલે તમે કાં તો વખાણવા માંડો છો કાં તો વખોડવા માંડો છો; અને બીજાને નિમિત્ત બનાવો છો. બધાયે સંઘર્ષો, યુદ્ધો વગેરેનું મૂળ તમે છો. એ વિચાર પાકો થશે તો જ તમે શાંત કે મુક્ત જીવન જીવી શકશો!"

પણ, આમાં એ વિચારશેષ રહી જાય છે કે પ્રશ્નને ઊંડે જવા માટે દરેક ક્ષેત્રનો-સમાજના બધા ય અંગોનો સંપર્ક સાધવો જોઇશે. એ કર્યા વગર "તીરે ઊભા જુએ તમાશા!" જેવો અનુભવ વગરનો ઉકેલ આવશે. પ્રશ્નને પક્ષપાત વગર ઊંડાણથી તપાસવા માટે જેમ તટસ્થતાની વાત કરી છે તેમ તાદાત્મ્યની વાત પણ હોવી જોઇએ. તાદાત્મ્ય વગર સાચું તાટસ્થ્ય ન આવી શકે. તે ઉપરાંત દરેક વસ્તુનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નિમિત્ત પોતાને માનવું યથાર્થ નથી. સૃષ્ટિમાં હલચલો થયા જ કરે છે; ઋતુઓ બદલાય છે તેમાં શું તે નિમિત્ત છે? એટલું જરૂર માની શકાય કે સમાજનાં અનિષ્ટોને પોતાનાં ગણી દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ–તેના બદલે સમાજથી અતડા રહેવાથી અનિષ્ટો દૂર થતાં નથી.

આવી વ્યક્તિઓ આસમાની કલ્પનામાં જ વધારે રાચે છે; વહેવારની ધરતી ઉપર ઉતરતી નથી. કેટલાક ભદ્ર લોકો એ તરફ આકર્ષાય છે એ ખરું, પણ આમજનતા કે વિશ્વના લોકો માટે તે નકામી નીવડે છે. શ્રીકૃષ્ણમૂર્તિની વિચારધારાના ત્રણ મુખ્ય આધારો ઉપરથી લાગે છે કે એમાં ખૂટતાં તત્વો ઉમેરાવાં જોઈએ. જે લોકો એ વિચારધારાને પકડીને સમાજવહેવારથી અતડા બની જાય છે, તેમને સમજાવવામાં આવે તો મોટું નુકશાન થતાં અટકી શકે.

## અરવિંદ અને તેમની વિચારધારા :

હવે શ્રીઅરવિંદની વિચારધારા તપાસીએ. શ્રી અરવિંદ પૂર્ણયોગમાં માને છે. જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણે મળીને પૂર્ણ યોગ થાય છે. તેમને મૂળે તો આ ગીતા અને વેદાંતમાંથી સૂઝયું. તેઓ બંગાળના વતની હતા એટલે બંગાળમાં શક્તિપૂજા (દુર્ગા, કાળી વ.ની પૂજા) વિશેષ હોઈ, એ સંસ્કારોને લીધે તેમણે ભક્તિયોગમાં માતૃભક્તિ લીધી. બંગાળમાં સ્વરાજ્યની ચળવળ વખતે ક્રાંતિકારી દળ સાથે તેઓ જોડાયા હતા એટલે તેમને જનમટીપની સજા થઈ. તે વખતે તેઓ વડોદરા હતા અને ત્યાંથી તેમને એકદમ સ્ફૂરણ થયું કે આ એકાંગી રાજકારણની બધી ખટપટ છોડી દઈ એકાંતમાં જઈ અવ્યક્ત બળની ઉપાસના અને યોગ–સાધના કરવી જોઈએ. એ વિચારે તેઓ પોંડિચેરી આવ્યા. ત્યાં આશ્રમ સ્થાપ્યો. ત્યાં કહેવાય છે કે તેમણે યોગની સંપૂર્ણ સાધના કરી હતી.

શ્રી અરવિંદની વિચારધારાના ત્રણ મુદ્દાઓ છે :—(૧) સ્થિરતા, (૨) શાંતિ અને (૩) સમતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી કૃષ્ણમૂર્તિએ મનને ખાલી કરવાની નિષેધાત્મક વાત કરી છે ત્યારે શ્રી અરવિંદે વિધેયાત્મક વાત મૂકી છે કે મનને સ્થિર કરો. તે માટે તેમણે કહ્યું કે "અન્નમય કોષ (વાસના) અને પ્રાણમય કોષ (કામના) એ બન્નેથી ઉપર ઉઠીને મનોમય કોષમાં આવો. મનની જેમ તમારા સ્નાયુઓ અને શરીરમાં પણ સંકલ્પ દ્વારા સ્થિરતા લાવો. તે છતાં મનમાં ચંચળતા, અચંચળતા બન્ને આવ–જા કર્યા કરશે. એટલે જ્યાં તમારી નબળાઈ હોય ત્યાં ભાગવતી શકિત (માતાનું) આવ્હાન કરો અને તમારૂં અંતર ખુલ્લું કરો. તે માટે પ્રાર્થના, મૌન અને બીજી સાધના કરો જેથી શાંતિ આવશે. પણ જો તમારી સાથે 'મૈયા' નહીં હોય તો તમારૂં મન ચેતનાથી ઉપર દિવ્યતા તરફ જઈ શકશે નહીં. જો તમે મનોમય કોષથી ઉપર વિજ્ઞાનમય કોષમાં પહોંચી ગયા તો તમારામાં સુદૃઢ સમતા આવી જશે અને મૈયા ચુંબકની જેમ તમને આનંદમય કોષમાં ખેંચી લેશે. જ્યારે સમતા આવી જાય છે ત્યારે પ્રભુ અને પ્રભુતા બન્ને આવી જાય છે. ત્યારબાદ અન્નમય અને પ્રાણમય કોષને ભોગ આપશો પણ એ ભોગ ઉપયોગ થશે. નિર્દોષ ભોગ પણ જીવનમાં ન હોય તો નીરસતા આવી જાય છે!"

હવે એને અનુરૂપ અરવિંદ–આશ્રમની કેટલીક વિગતો તપાસીએ. અરવિંદ આશ્રમમાં જે સાધકો જાય છે તેમને બધી સંપત્તિ ત્યાં સોંપી પોતાનું શેષ જીવન ત્યાં ગાળવાનું હોય છે. ત્યાં તેમને ખાનપાન અને વસ્ત્ર જોઈતાં અને સારાં આપવામાં આવે છે. સાધનાનો કોઇ પણ પ્રકારનો નિર્દેશ કરવામાં આવતો નથી. ત્યાં મૌન વધારે રાખવાનું હોય છે. આશ્રમના, માતાજી (ફ્રેંચ બાઈ જે અરવિંદની સાથે સાધનામાં હતાં અને ત્યાંજ આશ્રમનું સંચાલન કરે છે.) ફૂલોવડે સાધનાનો સંકેત કરે છે એમ કહેવાય છે. ત્યાં સાધના કરનાર એક સમૂહને લેવામાં આવ્યો છે; પણ સમૂહમાંથી સંસ્થા થતી નથી; ઘડતર થતું નથી.

ત્યાંથી જે લોકો છુટા પડે છે તેઓ સમાજમાં અનુકુળ રીતે ગોઠવાઇ શકતા નથી. શ્રી અરવિંદ જાતે સિદ્ધિઓ અને ચમત્કારોથી વિરૂદ્ધ હતા. તેઓ એમ કહેતા કે 'અવ્યકત બળ સાથે હું વ્યકતબળનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંબંધ બાંધી આખા વિશ્વચૈતન્ય ઉપર અહીંથી અસર પાડવાનો પ્રયત્ન કરી રહ્યો છું." પણ આપણે જોયું કે જગત ઉપર બીજું વિશ્વયુદ્ધ આવ્યું; આઝાદી પછીના પ્રત્યાઘાતો પડયા; પણ તેમાં શ્રી અરવિંદે કંઈક કર્યું હોય કે પ્રભાવ પાડયો હોય તેમ લાગતું નથી.

એકલી વ્યક્તિગત સાધનાથી ઘણીવાર માણસ સમાજ વહેવારથી અતડો અને નિવૃત્ત વૃદ્ધ જેવો થઈ જાય છે. જેમ વૃદ્ધો :પાસે અનુભવ હોય છે પણ તેઓ કંઈ કરી શકતા નથી, બીજાને પણ કંઈ નવો પુરૂષાર્થ કરવા દેતા નથી એમ આ વિચારધારા જુવાનને પણ ઘરડો બનાવી દે છે.

આ વિચારધારા સમગ્ર–સમાજ–વ્યાપી ન બની શકી. માત્ર થોડાક લોકોના રસની વસ્તુ બની ગઇ. એટલું જ નહીં શ્રી અરવિંદ સાથે કેટલીક વિસંગત વાતો પણ જોડી દેવામાં આવી. શ્રી અરવિંદનાં મૃત્યુ પહેલાં તેમના લોહીમાંથી પરૂ નીકળતું હતું એટલે તેમના અનુયાયીઓએ એ વાત વહેતી મૂકી કે અરવિંદ યોગીના આ પરૂના કારણે ચર્ચિલનું પતન થયું. કયાંની વાત કયાં જોડવામાં આવી?

## ગાંધી અને અરવિંદ

ઘણા લોકો એમ પણ કહે છે કે મ. ગાંધીજી રાજકારણમાં પડયા તેથી નીચા છે અને શ્રીઅરવિંદ નથી પડયા એટલે ઊંચા છે. તે વાત ખોટી છે. ગાંધીજીએ રાજકારણની ગંદકીઓ અને ગૂંચોથી ડરીને ભાગી જવાનું કદિયે કબૂલ્યું ન હતું. તેમણે રાજકારણને શુદ્ધ કર્યું હતું અને ધર્મ–નીતિનાં તત્ત્વો તેમાં પ્રવેશાવ્યાં હતાં. શ્રી રવીન્દ્રનાથ ઠાકુરે તેમના માટે કહેલું: "હું મારા વિચારો પ્રમાણે આચરી શકતો નથી એ મારી નબળાઈ છે, પણ મારા વિચારોને ગાંધીજી આચરણમાં મૂકીને સિદ્ધ કરી રહ્યા છે." ત્યારે શ્રી અરવિંદે રાજનીતિનો ત્યાગ એટલા માટે કર્યો હતો કે તેની ગૂંચો અને ગંદકીઓથી તે અકળાઇ ઊઠયા હતા. વધારામાં તેમના ઉપર ભારત સરકારનો દેશ–નિકાલનો હુકમ પણ હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક વખત મહાદેવભાઈએ ગાંધીજીને કહ્યું : " હું અરવિંદઆશ્રમમાં જવાનો છું."

ગાંધીજીએ પૂછ્યું. " અહીં કઈ વસ્તુ ખૂટે છે; જેથી તમને અરવિંદ–આશ્રમમાં જવાની જરૂર પડી ! "

ગાંધીજીએ આ ટકોર એટલા માટે કરી હતી કે જીવનમાં ચંચળવૃત્તિ અને એકાંગી વ્યક્તિવાદ ન આવી જાય. મહાદેવભાઈને પાછળથી આ સત્ય સમજાયું.

**દર્શન સમાજલક્ષી બનવું જોઈએ :**

વહેવારમાં વ્યક્તિવાદથી એટલે જ મહાન નેતાઓ દૂર રહે છે. ભગવાન મહાવીર સમષ્ટિવાદી હતા. તેમણે દીક્ષા પછી ભ્રમણ (વિહાર) ચાલુ જ રાખ્યું. અનેકોને પ્રતિબોધ્યા તેમજ કેવળજ્ઞાન થઈ ગયા પછી પણ નિશ્ચિંત બેસી ન રહ્યા; પણ ઠેર–ઠેર બોધ આપતા જ રહ્યા. તેમણે સંઘની સ્થાપના કરી અને સાધુ–સાધ્વી શ્રાવક, શ્રાવિકા એ ચારેય અંગોનો અનુબંધ જોડયો. સંઘના દોષોને શુદ્ધ કર્યા. તેમણે નીચલા થરના લોકોને ગ્રામધર્મ–નગરધર્મ તથા માર્ગાનુસારીના ગુણો બતાવી સંઘ સાથે અનુબંધ જોડયો. આમ ભગવાન મહાવીરે સર્વાંગી ક્રાંતિકાર બનીને સર્વક્ષેત્રે પ્રેરણા આપી.

ગાંધીજીએ તેમની વિચારધારાને વેગ આપ્યો. જે વહેવારમાં વ્યક્તિવાદી વિચારધારા છે તે બહુ બહુ તો વ્યક્તિ કે નાના સમૂહ સુધી સીમિત રહે, તે વિશાળ સમાજ માટે ન ઘડાય ત્યાંસુધી તે કેવળ પુસ્તકો સુધી સમાધને રહે. સર્વાંગી ક્રાંતિકાર મહાવીરે જેમ તેનો પ્રયોગ કરી બતાવ્યો હતો તેમ વ્યક્તિવાદી વિચારધારાવાળા લોકો કરી શકતા નથી. ગાંધીજીએ તેવો પ્રયોગ કરીને બતાવ્યો હતો.

એટલે શ્રી અરવિંદ કે શ્રીકૃષ્ણમૂર્તિની વિચારધારા વ્યક્તિને ઉપયોગી છતાં, સમાજને તેથી મોટે ભાગે કંઈપણ ફાયદો થતો નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કારણકે તે વ્યક્તિઓ સમાજ પાસેથી પોષણ પામીને સમાજને કંઈ (કુટુંબ, જ્ઞાતિ કે ધર્મસંઘ) પણ આપી શકતી નથી. તેઓ એકાંતવાદી બની કે [illegible]વાદી બનીને સ્વકેન્દ્રિત થઈ જાય છે. એમાં ખૂટેલાં તત્ત્વો ઉમેરાય તો એનો કંઈક ઉપયોગ થઈ શકે.

**રશિયા–ચીન વગેરેની ભૌતિક વિચારધારા :**

પણ, ભૌતિકતાપ્રધાન સમાજવાદી વિચારધારા આમ તો સંગઠનવાદી છે પણ ધર્મના પાયા વગરની છે. તેમાં સાધન–શુદ્ધિનો આગ્રહ પણ નથી. રશિયા ચીન વગેરેની વિચારધારા એવી છે, ત્યાં સંગઠનો છે, સંઘીકરણ પણ છે, પણ તે વ્યક્તિની ચેતનાને દાબી દે છે, ત્યાં વ્યક્તિ–સ્વાતંત્ર્ય નથી.

તો આવા સંગઠનો પણ વિશુદ્ધ નથી. આપણે સંગઠનો અને બીજી જે નિર્દોષ વ્યવસ્થા છે તેમાંથી યોગ્ય વાતો જોઈને તે જરૂર લઈ શકીએ વળી એના ભૌતિક વિજ્ઞાનથી ફાયદો પણ ઊઠાવી શકીએ, પણ એનાં અનિષ્ટોને બાદ તો કરવાં જ પડશે.

ભૌતિકવાદી સામ્યવાદ અને વહેવારમાં વ્યક્તિવાદી વિચારમાંથી એ કદાચ પસંદગી કરવાની આવે તો વહેવારમાં વ્યક્તિવાદી વિચારધારાને પસંદ કરવી પડશે, કારણ કે તેનો પાયો આધ્યાત્મિક છે અને તેમાં જે કંઈ કમી છે તેને દૂર કરવા યથા શક્ય પ્રયત્ન થઈ શકે. આ રીતે બધીયે વિચારધારાનો સમન્વય થાય તો દેશ અને દુનિયાને ઘણો લાભ થાય.

☆

## ચર્ચા – વિચારણા

**શ્રી પૂંજાભાઈએ** ચર્ચાનો આરંભ કરતાં કહ્યું : "શ્રી અરવિંદે બે સંસ્કારો સાધક–સાધિકાઓનાં સહેજે નાખ્યા છે:—(૧) ઓછું બોલવું. સમાજમાં આજે બિનજરૂરી ઘોંઘાટ ઘણો થાય છે; તેમાં ઓછું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બોલી, ઇશારાથી કામ લેવાય તો ઘણી ધમાલ આપોઆપ ઓછી થઇ જાય. ( ૨ ) સ્વચ્છતા—દરેક વસ્તુને સાફ રાખો. તેમાં પણ કળાનો ઉમેરો કર્યો. આ બેય બાબતો સારી છે; પણ ગાંધીજીએ સમાજ વચ્ચે રહીને જે પ્રત્યક્ષ પ્રયોગો કર્યા, અલબત્ત તેમાં ચઢાવ—ઉતાર ઘણા આવ્યા પણ તેમનું ધ્યેય સ્પષ્ટ રહ્યું. તેમણે જગતના સાધકોને નવો આદર્શ આપ્યો ! " તમો વહેવારમાં પણ જીવનને સામાજિક ઘડતર વડે સમષ્ટિવાદ તરફ વહાવો ! "

**શ્રી દેવજીભાઈ :** " અમારે ત્યાં એક ગીતા—મંડળ રચાયું હતું. તેના પ્રેરક એક સંન્યાસીબાવા હતા અને ભક્તો બધા શ્રીમંતો અને બુદ્ધિશાળી હતા. તેઓ ધૂન મચાવે, શ્લોકો બોલે પણ આજીવિકાનાં સાધનો અશુદ્ધ. બાવાજી પણ તે અંગે કંઇ ન કહે ! આવાં ગીતા—મંડળોથી કંઇ ન થાય.

ગીતામાં સમષ્ટિવાદનું જે રહસ્ય છે અને જૈનસંઘોએ જેને આચરી બતાવ્યું છે. તે તરફ ગયા વગર છૂટકો નથી.

એવી જ વાત ભૌતિકવાદ વિષે છે; મૂડીવાદી લોકશાહી લઈએ કે સામ્યવાદ લઇએ; બન્નેના પાયા ભૌતિકવાદ ઉપર જ છે; એક આધ્યાત્મિકતાને ઓથે વહેવારમાં વ્યકિતવાદ—અંગતસ્વાર્થ વગેરેને પોષે છે, બીજો ભૌતિક સુખના માટે રાજ્યને ઓથે વહેવારમાં રાજ્યવાદને પોષે છે; જેમાં હિંસા, દમન, અસત્ય વગેરે દોષો પડયા છે સાથે અંતે વિશ્વબંધુત્વનો ઇન્કાર છે. એટલે અનુબંધ વિચારધારા પ્રમાણે જવું જોઇએ, જે રસ્તો ભ. રામકૃષ્ણ, બુદ્ધ, મહાવીરથી લઇને ગાંધીજીએ ગોઠવી આપ્યો છે."

**શ્રી. પૂંજાભાઇ :** " પણ આંધળું અનુકરણ ન થવું જોઇએ. અગાઉ ભૈરવજપ ( પર્વત ઉપરથી પટકાઇને ( ઝંઝાપાત કરીને ) મરવું ), કાશી કરવત મૂકાવવી જંગલમાં જવું કે બલિદાન આપવું વગેરે થતું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતું. નરસિંહ મહેતા, કબીર, મીરાં જેવાઓએ સમાજના દરેક પ્રસંગોમાં સિદ્ધિ સાધી; તેમ ગાંધી–યુગ પછી એથીયે આગળ જઇને સમષ્ટિનાં કલ્યાણનો માર્ગ સામુદાયિક રીતે વિશ્વમાનવોએ ખુલ્લો કરવાનો છે; તેથી વ્યક્તિ, સમાજ અને સમષ્ટિ ત્રણેયનું કલ્યાણ થાય."

**પૂ. દંડીસ્વામી :** "યોગવશિષ્ઠમાં "દૃષ્ટિ તેવી સૃષ્ટિ"વાદ છે ત્યારે શ્રી અરવિંદે "સૃષ્ટિ તેવી દૃષ્ટિ" તે વાદનું સવિશેષનિરૂપણ કર્યું છે. સ્વામી માધવતીર્થે શ્રી અરવિંદના યોગ અને વેદાંત ઉપર "યોગ અને વેદાંત" નામનું સરળ પુસ્તક લખ્યું છે. તે વાંચવાથી શ્રી અરવિંદ અંગે ઘણી સ્પષ્ટતા થઇ જશે.

તેવી જ રીતે શ્રી એનીબેસેંટને સમજવા માટે બે સરળ પુસ્તકો સનાતન ગ્રંથાવલિ ભાગ—૧–૨માં વિવેચનપૂર્ણ બહાર પડયાં છે. તેઓ બ્રાહ્મવિદ્યા–થિયૉસોફિકલ સોસાયટીમાં વિદુષી થયાં છે. વ્યક્તિગત રીતે એમણે રાષ્ટ્રીય લડતમાં પણ ભાગ લીધો હતો. તેમણે શ્રીકૃષ્ણમૂર્તિને તૈયાર કર્યા. જેમનું એક કાળે ઘણું જ આકર્ષણ હતું. તેમના વિચારોમાં ઇશુ, બુદ્ધ, અને વેદાંતનું મિશ્રણ લાગે છે પણ મુખ્યતઃ બુદ્ધના સિદ્ધાંતોની અસર સવિશેષે જોવા મળશે."

**શ્રી. દેવજીભાઇ :** "મને ભદ્ર અને વિદ્વાન ગણાતા લોકો કરતાં આમ જનતા ઉપર વધારે વિશ્વાસ છે. ભદ્ર લોકો સમાજમાં પોતાનું સ્થાન ઊંચું રહે તે માટે ભાષા, સંસ્કાર અને રહેણીકરણીની ઓથે 'પોતે કંઇક ઉંચા છે" એવું અભિમાન સેવતા હોય છે. ઘણીવાર તેઓ લોકોને ઉંધે રસ્તે પણ દોરે છે. પણ, એકવાર જો લોકોને સમજાવી શકાય અને લોકો આપણી પાછળ હોય તો એ લોકોને સર્વાંગી વિચારધારા પ્રમાણે ઘડી શકાય.

એકવાર એક વૃદ્ધ જૈન મુનિએ એકાંતમાં બોલાવી મને અનુબંધ વિચારધારા અંગે પૂછ્યું. અમારી વાતો બાજુના બારી–બારણામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઊભેલાં ભાઈ બહેનો સાંભળતા હતાં, પછી તેઓ મારી પાસે ઘણીવાર સુધી સાંભળતા, પણ આજીવિકાના પ્રામાણિક સાધનો અંગે અમારે ચર્ચા-વિરોધ થતો. ઘણું સમજાવવા છતાં તેઓ આડી-અવળી અને આક્ષેપો વાળી ભદ્ર લોકોની વાતો રજૂ કરતા. એટલે આવો અનુભવ બધાને થઈ શકે છે. તેથી મહારાજશ્રી કહે છે તેમ તેમનો મીઠો સંપર્ક રાખતા રહેવો; પૂછે તો શાંતિથી ખુલાસો કરતા રહેવો-કંઇ એક ને એક દિવસમાં તેઓ બદલાઈ જાય એવી આશા રાખવી વધારે પડતી છે. તેઓ એકવાર ખેંચાયા તો પછી ખેંચાતા જ આવશે એમાં શંકા નથી; આપણે તેમને પ્રેરણા આપી આપણા તરફ ખેંચવા જોઈએ."

**શ્રી સુંદરલાલ :** ક્રાંતિની શરૂઆત ભલે વ્યક્તિ કરે પણ પછી તે વિચારધારા અને આચરણ સમાજવ્યાપી અને તેમાંયે ખાસ તો સંસ્થા દ્વારા સમાજવ્યાપી બનવાં જોઈએ. એ નિયમ દરેક ક્ષેત્રને એક સરખો જ લાગુ પડે છે. (૪-૧૧-૬૧)

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[૧૫]

# વ્યાપક સત્યનું દર્શન

દર્શન-વિશુદ્ધિના મુદ્દામાં ઘણો જ અગત્યનો મુદ્દો હોય તો આ છે. જ્યાં સુધી માનવજીવનમાં વ્યાપક અને સર્વાંગી સત્યના દર્શન ન થાય ત્યાં સુધી એની સાધના વ્યાપક નથી બનતી. વ્યાપક સત્ય-દર્શનમાં મુખ્યત્વે ત્રણ અંતરાયો છે :—(૧) **પક્ષાંધતા :** કુસંસ્કારોના કારણે ઘણીવાર પક્ષાંધતા આવી જતાં સત્યના દર્શન થતાં નથી. (૨) **દીનતા :** એ પણ અંતરાય છે. તે માટે અજ્ઞાન, આળસ, અંધવિશ્વાસ વગેરે કારણભૂત બને છે. (૩) **એકાંત-આગ્રહ :** સત્યના વિભિન્ન રૂપો સારી પેઠે નહીં સમજવાને લીધે પેદા થયેલ એકાંત આગ્રહ.

આ ત્રણે દોષોને દુર કરવા માટે ત્રણ વસ્તુઓની જરૂર છે :— (૧) નિષ્પક્ષતા, (૨) પરીક્ષકતા (૩) સમન્વયશીલતા. આ ત્રણે ભેગા થાય તો વ્યાપક સત્યના દર્શન થઇ શકે છે. હવે આપણે એક એક ગુણ ઉપર વિચારીએ.

**નિષ્પક્ષતા :** સૌથી પહેલાં નિષ્પક્ષતાને લઇએ. એક ચિત્ર ઉપર બીજું ચિત્ર ઉપસી શકતું નથી; સિવાય કે નીચેના ચિત્રને બીજા રંગથી દોરવામાં આવે. એવી જ રીતે હૃદય પહેલાંથી જ સંસ્કાર, પક્ષપાત, કે પૂર્વગ્રહના રંગથી રંગાયેલું હોય તો તેના ઉપર સત્યનું ચિત્ર ઉઠી શકતું નથી. કાં તો એ દોષોને કાઢવા પડે કાં ઉપશમન-દબાવવા પડે.

બે મંકોડાનું દૃષ્ટાંત લઇએ. એક રહેતો હતો મીઠના પહાડ ઉપર અને બીજો રહેતો હતો સાકરના પહાડ ઉપર. બન્ને વચ્ચે મિત્રતા બંધાઇ ગઇ. બન્ને જણ પોતપોતાના સ્થાનની ખૂબ જ પ્રશંસા કરતા. અને એકબીજાને ત્યાં જવાનું નિમંત્રણ આપતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એકવાર સાકરવાળો મંકોડો મીઠાંવાળા મંકોડાને પોતાને ત્યાં લઈ ગયો. તેણે સાકરનો ગાંગડો દોસ્તને આપ્યો. પણ, મીઠાવાળા મંકોડાએ થુ-થુ કરતાં કહ્યું : "અરે, આ તે સાકર કેવી છે?"

સાકરવાળા મંકોડાને આશ્ચર્ય થયું. તેણે મીઠાવાળા મંકોડાના મોં તરફ જોયું તો ત્યાં પહેલાંથી મીઠાની કણી હતી. તેણે એ કઢાવી નાખી, પછી જ મીઠાવાળા મંકોડાને સાકરની મીઠાશનો ખ્યાલ આવ્યો.

એવી જ રીતે જ્યાં સુધી વાસનાનો મોહ ન મુકાય ત્યાં લગી સત્યનો સ્વાદ ન આવી શકે. સત્ય માટે પૂર્વગ્રહ છોડવો સર્વપ્રથમ જરૂરી છે. એટલે જ જૈનસૂત્રોમાં કહ્યું છે :—

धम्मो सुद्धस्स चिठ्ठई

—કમમાં કમ એટલું તો એણે કરવું જ જોઇએ કે જ્યાં સુધી બીજાની વાત ઉપર વિચાર કરી રહ્યો છે ત્યાં સુધી સદાને માટે પૂર્વગ્રહ ન છોડી શકે તો તેટલા સમય સુધી તો છોડે.

નિષ્પક્ષતા માટે બે વસ્તુનો ત્યાગ જરૂરી છે :—(૧) સ્વત્વ મોહનો ત્યાગ (૨) કાળ મોહનો ત્યાગ.

**(૧) સ્વત્વ મોહનો ત્યાગ:** પોતાની માનેલી વસ્તુ જ સારી છે એમ સમજવાનો મોહ સ્વત્વ મોહ છે. કેટલાક લોકોને સત્યની પરવા હોતી નથી. તેઓ સત્યનો નિર્ણય પોતાપણાંથી કરે છે. અમારી ભાષા, અમારો પોશાક કે અમારૂં જ બધું સારું; એ રીતે બધા ઉપર સત્યની છાપ મારવી એ સત્ય શોધ નથી. પોતાપણું જે જે કારણોથી થાય છે તેનો સચ્ચાઈની સાથે કોઇ સંબંધ નથી. પોતાપણું જે કારણથી થાય છે તેમાં જન્મ, સંગતિ, સંસ્કાર વગેરે કારણો છે. વાતાવરણ અને સંસ્કારોના કારણે તેને તેની આસપાસની દુનિયા જ સારી લાગે છે. માણસનો જન્મ અગાઉથી કંઈ નક્કી થતો નથી કે તે સારા ધર્મ કે અમૂક જ્ઞાતિમાં જન્મે. એ તો પૂર્વકર્મ સંયોગના કારણે થાય છે અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યાં પણ આત્મા એ કહી શકતો નથી કે આ જન્મ પહેલાં તે ક્યાં હતો અને હવે પછીનો તેનો જન્મ ક્યાં થશે? એવી અવસ્થામાં સત્યની કસોટી જન્મપ્રાપ્ત ધર્મ કે જ્ઞાતિ આદિ નથી, પણ પ્રાણીમાત્રનું હિત કે બહુજન હિત છે. સત્ય આવતાં માણુસ નમ્ર અને ઉદાર થાય, ખોટું અભિમાન ન કરે તેમજ બીજાને નીચા પણ ન પાડે. સત્ય શોધકે તો સત્ય જ્યાં જ્યાં પડયું છે, ત્યાં ત્યાંથી તારવવું જોઈએ.

સ્વત્વ મોહને લીધે અનેક દોષો પેદા થાય છે; જે સ્વ–પર કલ્યાણમાં બાધક છે. તેમાં મુખ્યત્વે (૧) સત્યની ઉપેક્ષા, (૨) સત્ય વિરોધ, (૩) જૂઠની વકીલાત, (૪) ઉપેક્ષક શ્રેયોપહરણ, (૫) ઘાતક શ્રેયોપહરણ, (૬) સત્યનો અસ્વીકાર.

સ્વત્વમોહી સત્યની ઉપેક્ષા તો કરે જ છે પણ ઘણી વખત સત્ય ગળે ઊતરતું હોય તેનો વિરોધ, વિરોધ ખાતર કરતો રહે છે. તે પોતાની માનેલી વાતો ઉપર વૈજ્ઞાનિકતાની છાપ લગાડીને જૂઠી વાતને સાચી સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. જેમકે બીડી, સીગરેટ, ચા વગેરેના વેપારીઓ જાહેરાત કરે છે કે બીડી કબજીયાત મટાડે છે; સીગરેટ લિજ્જતદાર છે; ચા અમૃત છે વગેરે...! આમ સ્વત્વમોહી સામાન્ય વાતોનું ખોટું મૂલ્યાકન કરે છે અને ખોટી પ્રશંસા કરી બીજાના ખરા શ્રેયનું અપહરણ કરે છે.

એક દાખલો લઈએ. વરાળની શોધ કરનારે તેની શકિતનું જ્ઞાન જગત સમક્ષ મૂકયું. ત્યારે ઘણા કહેશે કે અરે એમાં શું? એ તો અમે પણ જાણતા હતા! કોઈ કવિની કવિતા સાંભળીને ઘણા કહે કે અરે! એમાં શું નવાઈ કરી; એની રચનાની અમને ખબર હતી કારણકે એમાં જેટલા વર્ણો છે તે તો અમારા પરિચિત છે.

એવી જ રીતે સ્વત્વમોહી, શબ્દોની ખેંચતાણ કરી, પોતાનો માનીતો અર્થ કાઢી લે છે અને જે ધર્મે કે શાસ્ત્રોએ શોધ કરી હોય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે તેના શ્રેયનું અપહરણ કરી લે છે. ઘણા તો બીજાના ધર્મશાસ્ત્રો ઉપર "ચોરી કરી છે" એવો પણ આક્ષેપ કરવા તૈયાર થઈ જાય છે. ઘણીવાર સંદર્ભનો અર્થ છોડી મનગઢંત અર્થ સુદ્ધાં બેસાડે છે. જેમકે વેદમાં 'અગ્નિ' શબ્દ આવે છે તેનો અર્થ ધ્યાન કરવો અને પછી ધ્યાનની વાત અમારે ત્યાં છે એમ કહેવું, આ રીતે ધાતક–શ્રેયોપહરણ કરે છે.

સ્વત્વમોહીનો મોટામાં મોટો દોષ તો એ થાય છે કે ગમે તેવા યુગસત્ય ઉપર પોતાના દેશ, જાતિ, ધર્મ વગેરેની છાપ ન લગાડી હોય તો તે તેને માનવાથી ઇન્કાર કરે છે. મતલબ કે તે મૃતરૂઢિઓ, ભૂતકાળના રૂઢ ગૌરવગાન કે રૂઢિગ્રસ્ત માનવ ઉપર લાખો રૂપિયા ખર્ચી નાખે છે; પણ જીવિત ધર્મ કે જીવિત સત્ય પ્રત્યે ઉપેક્ષા સેવે છે. એટલે નિષ્પક્ષતા માટે સ્વત્વમોહનો ત્યાગ જરૂરી છે.

( ૨ ) **કાળમોહ** : નિષ્પક્ષતા માટે કાળમોહનો ત્યાગ કરવો પણ જરૂરી છે. કાળમોહી કોઈ પણ વસ્તુ પ્રાચીન કે નવીન હોય તો જ તેને સત્ય કે ઉચિત સમજે છે. તે સત્યને તેની કલ્યાણકારિતા કે ઉપયોગિતાની દૃષ્ટિએ અપનાવતો નથી. એટલે પ્રાચીનતા કે [illegible]નો મોહ નિષ્પક્ષતામાં બાધક છે.

પ્રાચીનતા મોહી કોઇ પણ વાતની ઉચિતતા કે અનુચિતતાનો વિચાર કરતો નથી; તે દરેક પ્રાચીન [illegible]ને જ સત્ય માનવા પ્રેરાય છે. એટલે સત્ય જ્યારે યુગાનુરૂપ નવા ઢબે આવે છે તો "આ નવું છે" એમ કહી તે એનો તિરસ્કાર કરે છે; તેને હડસેલે છે અને જૂનાના વિકૃત–રૂપને ચોંટી રહે છે. તેના લીધે તે સત્યનું ભોજન કરી શકતો નથી તેમ જ અસત્યરૂપી જૂના મળનો પણ ત્યાગ કરી શકતો નથી. સ્વમોહીની જેમ પ્રાચીનતા–મોહીમાં પણ છ દોષો પ્રવેશી જાય છે–પ્રાચીન મોહી કયારેક એવી ભ્રમ–જાળમાં ફસાઇ જાય છે કે તે રૂપક, કલ્પના અને ઇતિહાસને એક જ માને છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અવતારી વ્યકિતઓમાં દિવ્યતાને માની લે છે અને એમ જ માને છે કે સત્ય તો અમારા આ પૂર્વજોએ જ શોધ્યું હતું, તેમાં સુધારો થઈ શકે જ નહીં. જગત તો કળિકાળના કારણે વિનાશ-ભણી જઇ રહ્યું છે; તેને કોઈ રોકી શકવાનું નથી. નવા વિચારકોનો વિરોધ કરતાં તે કહે છે:–"શું અમારા પૂર્વજો મૂર્ખ હતા? શું તમારા વગર જગતનો ઉદ્ધાર નહીં થાય? તમે જ એક ડાહ્યા છો?"

પ્રાચીનતા-મોહી એ વાતને ભૂલી જાય છે કે જૂનો વારસો તો નવીનને વારસારૂપે મળે જ છે; સાથે ત્યારબાદનું નવું જ્ઞાન પણ ઉમેરાય છે. તે ઉપરાંત જુનાનાં જ્ઞાનમાં યુગાનુરૂપ પરિવર્તન કે સંશોધન થાય તો તેમાં પૂર્વજોનું અપમાન થતું નથી. જો પૂર્વજો આજે હોત તો તેઓ પણ દેશ-કાળ-પરિસ્થિતિ-પ્રમાણે તેમાં ફેરફાર કર્યા વગર ન રહેત. સુધારા કરનાર ઉપર ઘણીવાર એવું લાંછન લગાડવામાં આવે છે કે તેઓ જૂના જ્ઞાનના એઠા ટુકડા ખાઇને ઉછર્યા છે; તે છતાં નવીન જે બીજાણુઓ હોય છે-તે એ ટુકડાને એવું મહત્ત્વ આપે છે કે તેમાંથી તે સામાન્ય માણસ એક પરમાત્મા થઈ શકે છે.

પ્રાચીનતા મોહીઓની પ્રબળતાને લીધે ઘણી ધર્મ-સંસ્થાઓને પ્રાચીનતાની છાપ લગાડવી પડી . ધર્મસંસ્થા તો ધર્મ કે સત્યનો અમુક દેશકાળ માટેનો કાર્યક્રમ છે. સત્યને અનાદિ-અનંત કહી શકાય પણ તેના માટે બનાવેલ કાર્યક્રમ અનાદિ-અનંત કહી શકાતો નથી.

પ્રાચીન કરતાં અર્વાચીન (નવીન) માં ત્રણ વિશેષતાઓ વધારે છે:–(૧) "સારા થવાનો અવસર વધારે હોઇને નવીન વર્તમાનથી વધારે નજીક છે, ત્યારે પ્રાચીન દૂર છે. (૨) જૂની વાત વિકૃત થઇ ચૂકી હોય છે. નવીન માટે તરત તેવો સંભવ નથી. (૩) પ્રાચીનકારને જે અનુભવ વગેરે મળ્યાં છે તેના કરતાં નવીનકારને કંઇક વધારે જ મળે છે. એટલે પ્રાચીન કરતાં નવીન સત્યની વધારે નજીક છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રાચીનતાના મોહની જેમ નવીનતાનો મોહ પણ સત્યદર્શનમાં એટલો જ બાધક છે. નવીન માત્ર હોવાથી કોઈ વસ્તુ સારી થઇ જતી નથી. જૂની વસ્તુ ઉપર વિકૃતિ આવવી એ પણ એક અર્થમાં નવીનીકરણ જ છે તો એ નવીન-વિકૃતિને મૂળ કરતાં સારી કઈ-રીતે ગણી શકાય ? એટલે વિકૃતિને દૂર કરવી. સંશોધન કરી મૂળ વાતને પ્રગટાવવી એ પણ ખરાબ તો નથી જ. વૈદિક ધર્મની વર્ણવ્યવસ્થા જૂની છે. આજે તે છિન્નભિન્ન થઈ ચૂકી છે પણ ગાંધીજીએ તેને નવારૂપે આવશ્યકતા પ્રમાણે ગોઠવી, તો તે પ્રાચીન હોવાથી અસત્ય કહી શકાશે નહીં. ઇસ્લામ ધર્મમાં વ્યાજ ન લેવાનું વિધાન છે. આજે કોઈ નવારૂપે તે વાતને રજુ કરે તો પ્રાચીન હોવાના કારણે તે અસત્ય થઈ જતી નથી ! પ્રાચીન જો ઉપયોગી સ્વરૂપે નવા સંસ્મરણમાં રજૂ થાય તો તે પણ નવીન જ છે,

**પરીક્ષકતા :** સત્ય-દર્શન માટે બીજી વસ્તુ હોવી જોઈએ; તે છે પરીક્ષકતા. જે વ્યક્તિ નિષ્પક્ષતા મેળવી લે છે તે પરીક્ષા પણ સારી પેઠે કરી શકે છે. પરીક્ષાનો અર્થ છે—સત્ય, અસત્ય કે સારા-નરસાની તપાસ કરવી.

પરંપરાથી આવેલ સત્યની કસોટી એ જ છે કે તે દેશકાળ-પ્રમાણે કલ્યાણકારી છે કે નહીં ? પરીક્ષકે આવી પરીક્ષા કરવી જોઈએ તો જ તેને સત્યદર્શન થઈ શકે. અમુક વસ્તુ પૂર્વજો માનતા આવ્યા છે કે પરાપૂર્વથી ચાલી આવે છે માટે તે સાચી છે, એ સત્યદ્રષ્ટાનો જવાબ ન શોભે અને ન હોઇ શકે.

પરીક્ષક માટે ત્રણ વસ્તુઓ જરૂરી છે :—( ૧ ) વિચારકતા, ( ૨ ) અદીનતા ( ૩ ) પ્રમાણ જ્ઞાન.

**( ૧ ) વિચારકતા :** કોઈ પણ વસ્તુ ઉપર શ્રદ્ધા માટે જરૂરી છે. તે માટે સાદી સમજણ કે બુદ્ધિ ચાલી શકે. વિદ્વત્તા હોય તો વધારે સારું. વિચારકતા સાથે ખરૂં હૈયું હોય તો હિત-અહિત કે કલ્યાણ-અકલ્યાણને વધારે સ્પષ્ટતાથી સમજી શકાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૨) **અદીનતા :** વિચારકતા માટે મોટો અંતરાય કુસંસ્કારોનો છે. તે દૂર થાય તો વિચારકતા સહેલાઇથી આવી શકે છે. એનાં કારણે ઘણીવાર દીનતા આવી જાય છે અને લોકો ભલા બુરાની તપાસ કરી શકતા નથી. તેઓ ધર્મ-શાસ્ત્ર, દેવ, ગુરુ અને રૂઢિગત ક્રિયાકાંડની પરીક્ષા કરતા ગભરાય છે કે આપણે આ બધાં પૂજનીયોની પરીક્ષા કરીએ એમાં એમનો અવિનય થાય છે. માટે જે છે તે જ સાચું છે. અંતે તેઓ રૂઢિદાસ બની જાય છે. કેટલાક એ દીનતાને વિનય ગણતા હોય છે; પણ વિનય અને દીનતામાં મોટું અંતર છે. વિનય ગુણ છે જ્યારે દીનતા દોષ છે, તે ખુશામત તરફ વળે છે. પોતાના સ્વાર્થ કે લાભ માટે દીન-લોકો ધર્મ-શાસ્ત્ર વ.ની ખોટી વાતોને પણ ટેકો આપતા હોય છે, એથી સ્વ. પરવંચના થાય છે, ખરી વાત તો એ છે કે કોઇ શાસ્ત્ર, ધર્મ, દેવ; ગુરુ વગેરેની પરીક્ષા કરવાથી કોઇનો અવિનય કે અભક્તિ થતાં નથી.

પરીક્ષા પાંચ પ્રકારની હોય છે :—

(૧) ગુરુ પરીક્ષા : જેમાં ગુરુ પરીક્ષકના સ્થાને હોય છે.

(૨) દ્વંદ-પરીક્ષા : બે વિદ્વાન કે પહેલવાનનો જ્યાં વિવાદ કે કુસ્તી થાય છે અને શ્રેષ્ઠતા વિજેતાની જાહેરાત થાય છે.

(૩) આલોચના પરીક્ષા : કોઇની પણ સમાલોચના કરવી; એમાં સમાલોચક કૃતિકાર કરતાં શ્રેષ્ઠ હોય, તે જરૂરી નથી.

(૪) ઉપ-પરીક્ષા : કોઈ ગ્રંથ કે શાસ્ત્રને બીજાથી મેળવવા અગર દાખલાનો જવાબ, આપેલ જવાબો સાથે મેળવવો. એમાં પ્રત્યક્ષ કોઇનું અપમાન થતું નથી.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૫) વિનય-પરીક્ષા : આ પરીક્ષામાં પરીક્ષ્ય વસ્તુ કે વ્યક્તિ પ્રતિ બહુમાન રાખીને શિષ્ટાચારની સાથે, મન-વચન કાયાના વિનય સાથે પરીક્ષક પરીક્ષા કરે છે. જેમકે પરીક્ષક કહેશે : આપની વાત સાચી હશે, પણ મને હજુ ગળે ઊતરી નથી, હું સમજવાનો પ્રયાસ કરી રહ્યો છું. અથવા એમ કહેશે કે તમારી વસ્તુનો ઉપયોગ અગાઉ હતો. હમણાં નથી એટલે કે તે યુગ બાહ્ય થઈ ગઇ છે. તેની પૂર્વપ્રકારિતાને લીધે હું સવિનય તેના પ્રતિ કૃતજ્ઞ રહીશ.

આ પ્રમાણે પરીક્ષાઓ કરવાથી ધર્મ-શાસ્ત્ર, ગુરુ કે દેવ કોઇની અશાતના થતી નથી; જિજ્ઞાસા ભાવે પૂછવું એ પણ પરીક્ષકતાનો એક પકાર છે,

**(૩) પ્રમાણ જ્ઞાન** : પરીક્ષકના માટે પ્રમાણ જ્ઞાનની ઘણી જરૂર છે. કયા પ્રમાણને કયાં અને કેટલું મહત્વ આપવું જોઇએ એનું યથાર્થ-જ્ઞાન ન હોવાથી માણસમાં પરીક્ષકતા આવતી નથી. જેમકે શાસ્ત્ર-પ્રમાણ આવશ્યક અને ઉપયોગી છતાં દરેક બાબતમાં શાસ્ત્ર-પ્રમાણ ઉપયોગી થતું નથી; કારણ કે શાસ્ત્રો જુદાં જુદાં છે. એક વાતનું અલગ અલગ વિધાન પણ જ્યાં જોવા મળે ત્યાં કયું શાસ્ત્ર પ્રમાણ માનવું કયું અપ્રમાણ? એ પ્રશ્ન થશે. એટલે શાસ્ત્રનો ઉપયોગ કેવળ, એને મહાપુરુષોના અનુભવના સાક્ષી તરીકે ગણી તેનાથી આગળ ધપવા પૂરતું કરવામાં આવે એટલે સુધી ઠીક છે; પણ માત્ર તેને જ સત્ય-દર્શનનુ સાધન માની ન શકાય. શાસ્ત્રનું સ્થાન ન્યાયાલયના સાક્ષી જેવું છે; તે તો ન્યાય તોળવા માટે પ્રમાણ મનાય અને ન પણ મનાય; એવું જ શાસ્ત્રોનું છે; કારણ કે સાક્ષીઓ પરસ્પર વિરોધીયે હોઈ શકે. એટલે તે અંગે તો પોતાનો વિવેક રાખી સત્યાસત્યનો નિર્ણય કરવો જોઈએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શાસ્ત્ર વાતો ને પ્રમાણુ માનતી વખતે ત્રણુ વસ્તુઓ જોવી જરૂરી છે:—(૧) તે બીજા કોઈ પ્રબળ પ્રમાણુ વતી ખંડિત ન થતી હોય, (૨) દેશ કાળ પરિસ્થિતિ પ્રમાણે સંભવિત જણાય, (૩) તે અહિતકર ન હોય. માત્ર કલ્પના અતિશયોક્તિ કે ચમત્કારોની વાતો શાસ્ત્રમાં લખી હોય તો ત્યાં આ ત્રણે વસ્તુઓ વડે તપાસ કરવી જોઈએ।

પ્રત્યક્ષનો ઉપયોગ પણ પ્રમાણુમાં સાપેક્ષ રીતેજ કરવો જોઈએ. સૂર્ય અને ચંદ્ર આપણુને એક સરખા લાગે છે પણ તેના દૂરપણાના કારણે ચંદ્રમા કરતાં સૂરજ અનેકગણો મોટો છે. પદાર્થોના નિશ્ચિત કાર્ય-કારણ સંબંધનું જ્ઞાન તર્ક કહેવાય છે એનો પણ ખૂબ ઉપયોગ છે. સાધન વડે સાધ્યનું જ્ઞાન થવું તે અનુમાન છે; એનો પણ પ્રમાણુ જ્ઞાનમાં ઉપયોગ છે. ખોટો તર્ક પ્રમાણુ ન માની શકાય. તર્ક સાથે શ્રદ્ધા અને હિતબુદ્ધિ હોવી જોઈએ; માત્ર યુક્તિઓથી ખોટી વસ્તુને સાચી સિદ્ધ કરવાની વાત તર્ક નથી, તર્કાભાસ છે. કલ્પના, ભાવના, સંભાવના, ટેવ અને માન્યતા એ બધી વાતો અંગે વિવેક કરવો જોઈએ.

આ પ્રમાણે પરીક્ષકતા આવવાથી માનવ પોતાના જીવનમાં સત્યનાં દર્શન કરી શકે છે.

**સમન્વય શીલતા :** આ પણુ સત્યદર્શન માટે જરૂરી છે. નિષ્પક્ષતા અને પરીક્ષકતા વડે સત્યદર્શનની સામગ્રી મળવા છતાં, તે સામગ્રીનો ત્યાં સુધી બરાબર ઉપયોગ થઈ શકતો નથી જ્યાં સુધી સમન્વયશીલતા ન આવે. મકાન બનાવવાની બધીયે સામગ્રી પડી છે, પણુ કઈ જગ્યાએ કોનો, કેટલો ઉપયોગ છે? તેનું યથાવસ્થિત જ્ઞાન ન હોય તો મકાન સરખું બની શકશે નહીં. એવું જ સત્ય સામગ્રીનું છે. કોનો, ક્યાં અને કેટલા પ્રમાણુસર ઉપયોગ કરવો એવું જ્ઞાન ન હોય તો સત્યજ્ઞાન-સામગ્રી સફળ થઈ શકે નહીં. તેમ જ સત્ય કલ્યાણુકારી થઈ શકે નહીં. સમન્વય સત્યાંશોને ઉચિત માત્રામાં મેળવીને કલ્યાણુકારી સત્ય તૈયાર કરી દે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ, સાચી જૂઠી વાતોને ભેળવી દેવી એનું નામ સમન્વય નથી; તે તો સમન્વયાભાસ જ છે. એના માટે સાધારણ રૂપ અને પરિસ્થિતિ વિશેષ, બન્નેનો વિચાર કરવો જોઈએ. ઘણી વસ્તુઓ સામાન્ય રીતે કલ્યાણકારી હોય છે; અને ઉપયોગ કરતી વખતે પણ કલ્યાણકારી હોય તો તે ઉભય કલ્યાણકારી સત્ય સમન્વય કહેવાય. દા. ત. મૈત્રી કલ્યાણકારી છે પણ જો કોઈ એવી દુષ્ટ વ્યકિતની મૈત્રી કરતાં નુકશાન થાય તો તે કલ્યાણકારી નહીં ગણાય; અહીં મૈત્રી કરવી એ સામાન્ય સત્ય છે; દુષ્ટ સાથેની મૈત્રી અકલ્યાણકર હોઈને નુકશાનકારક છે. સજ્જનની મૈત્રી ઊભય કલ્યાણકારી છે. એવી રીતે સામાન્ય સત્યમાં ક્રોધ ખરાબ છે; પણ કોઈ શીલવતી સ્ત્રી ઉપર દુષ્ટજન બળાત્કાર કરવા તૈયાર થાય ત્યારે ક્રોધ આવી જવો; તે સામાન્ય (સંપૂર્ણ) સત્ય નથી; પણ અવસર સત્ય તો છેજ. તેને **અવસર સમન્વય** કહી શકાય.

જે જે રૂપે સત્ય છે તેને તે રૂપે સમન્વય ન કરતાં બીજા રૂપે સમન્વય કરવો એ **મિથ્યાસમન્વય** છે. પણ સહુથી ખરાબ વાત તો એ છે કે સામાન્ય રૂપે પણ જે વસ્તુ સત્ય નથી અને અવસરે પણ સત્ય નથી; તેનો સમન્વય કરવો તે તદ્દન બરાબર નથી. જેમ વર્ણભેદ, રંગભેદ, જાતિપાંતિ કે નાતજાતના ભેદો કરવા તે સામાન્યરૂપે હિતકર નથી, તેમજ વિશેષરૂપે પણ હિતકર નથી. ઘણીવાર માત્રા-પ્રમાણે સમન્વય થાય છે. અમુક વસ્તુ અમુક માત્રા સુધી સારી હોય છે; પણ વધારે માત્રામાં લેવાથી તે નુકશાનકારક નીવડે છે. આમ પરિસ્થિતિનો વિચાર કરીને સમન્વય કરવો **પરિસ્થિતિ સમન્વય** છે. એના વગર ઐતિહાસિક ઘટના કે તથ્યોને યથાર્થરૂપે જાણી શકાય નહીં. જ્યારે જે દેશમાં અનાજ પેદા નહોતું થતું ત્યાં લોકો માંસાહાર કરતા તો તે દેશ-કાળની પરિસ્થિતિવશ અનિવાર્ય આવેષ્ટરૂપે ક્ષમ્ય માની શકાય. પણ આજે જ્યાં અનાજ પેદા થઈ શકે છે ત્યારે ત્યાં માંસાહાર કરવો યોગ્ય કે સત્ય ન જ ગણી શકાય. એક યુગનું સત્ય, બીજા યુગ માટે પણ સત્ય છે એમ માનવું અજ્ઞાન છે, સત્યની કસોટીએ જે દરેક યુગે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખરું ઠરે તેને જ સત્ય માની શકાય. પરિસ્થિતિ–સમન્વયથી, અન્ય યુગના સત્યની નિંદા, આંધળું અનુકરણ કે વર્તમાન યુગના સત્યના વિસ્મરણથી માનવ બચી શકે છે અને વ્યાપક સત્યનું દર્શન કરી શકે છે.

કાવ્યોમાં અર્થ બદલવા માટે અલંકારો, લક્ષણા, વ્યંજના અને તાત્પર્યા વૃત્તિનો ઉપયોગ કરવામાં આવે છે. કોષમાં એક શબ્દના અનેક અર્થો બતાવેલા હોઈ અનેકકાર્ય શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે. કહ્યું છે—"શકિતગ્રહં વ્યાકરણોપમાનકોશાડપ્ત વાકયાદ્ વ્યવહારતશ્ચ" કોઈ પણ શબ્દનું અર્થગ્રહણ વ્યાકરણ, ઉપમાન, કોષ, આપ્ત વાકય, પ્રસંગ અને વહેવારથી થાય છે. આમ શબ્દનો પ્રસંગ, પ્રકરણ તેમજ અર્થ સંગત અર્થ કરવો એને **શબ્દ–સમન્વય** કહેવામાં આવે છે. આ શબ્દ સમન્વય ત્રણ પ્રકારનો છે. સયુકિતક, અયુકિતક અને અત્યુકિતક.

સયુકિતક શબ્દ સમન્વય તેને કહેવામાં આવે છે કે જ્યાં શબ્દનો અર્થ યુકિત–તર્ક વગેરેને કારણે બદલવો બરાબર ગણાય છે. જેમકે પૈગંબર કે મસીહા શબ્દનો અર્થ લગભગ તીર્થંકર–અવતારના અર્થમાં વપરાય છે. એવા જ અર્થમાં ઈશ્વિર, ગોડ, ખુદા, પરમાત્મા પણ વપરાય છે. ત્યારે ખુદા એટલે ઈશ્વિર એવો સમન્વય કરવો સયુકિતક ગણાશે...એવી જ રીતે લક્ષણા કે તાત્પર્યા વૃત્તિથી શબ્દનો યુકિતસંગત અર્થ કરવો એ પણ સયુકિતક જ છે. જેમકે "અમૂક માણસે નવી દુનિયા બનાવી!" અહીં નવી દુનિયા એટલે પૃથ્વી-ગ્રહ વગેરે નહીં પણ નવો–સમાજ ઊભો કર્યો એ અનિવાર્ય અને સયુકિતક છે.

અયુકિતક શબ્દ સમન્વયમાં શબ્દનો અર્થ બદલવો, યુક્તિસંગત ન હોય પણ તેમાંથી કાં તો એ અર્થ વ્યંજના વૃત્તિથી ધ્વનિત થતો હોય, અથવા પરિસ્થિતિ પ્રમાણે એ અર્થ બદલવો યોગ્ય જણાતો હોય, ત્યારે શ્લેષ રૂપક વગેરે ઘટાવીને અર્થ બદલવો પડે છે. જેમકે "કુર્બાન કે બલિદાન"નો અર્થ કેવળ પશુને મારવા એ નથી; પણ મન અને ઈંદ્રિયોને મારવાં એ પણ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અત્યુક્તિક શબ્દ સમન્વયમાં યુક્તિથી અલગ, ઉપમા વગેરે વડે શબ્દનો અર્થ બદલવામાં આવે છે. જેમકે "જૂના જમાનામાં આર્ય લોકો અગ્નિની ઉપાસના કરતા હતા." અહીં અગ્નિનો અર્થ ધ્યાન તરીકે ઘટાવી શકાય છે. જેમ અગ્નિ કચરાને બાળી નાખે છે તેમ ધ્યાન પણ આત્મ–મળને બાળી નાખે છે. એટલે અહીં અગ્નિનો અર્થ ધ્યાન કરવો, એ અત્યુક્તિક શબ્દ સમન્વય ગણાશે.

આ રીતે નિષ્પક્ષતા, પરીક્ષકતા, સમન્વયશીલતા એ ત્રણે તત્ત્વો જીવનમાં આવે તો સત્યનાં દર્શન થઈ શકે. પણ અહીં વ્યાપક સત્યનાં દર્શન માટે સંગઠનો અને સંગઠિત બળો સાથે એનો અનુબંધ હોવો જોઈએ; નહીં તો તે કેવળ વ્યક્તિગત રહેશે અને વ્યાપક થઈ શકશે નહીં.

☆

## ચર્ચા–વિચારણા

**શ્રી. પૂંજાભાઈ**એ ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું: "હું માનુ એજ સત્ય" એને બદલે 'વ્યાપક હોય તે સત્ય' અથવા 'સત્ય હોય તેજ સારૂં અને મારૂં" એવા વિચારો ફેલાવા જોઈએ. કોઈ કાળે કોઈ પરિસ્થિતિને અનુસરી ને અમૂક મર્યાદાઓ સ્વીકારાઈ હશે; તેને ધર્મ મનાયો હશે; પણ પછી એને ન માનનાર ને નાસ્તિક, કાફિર વગેરે કહેવાથી નુકશાન જ થયું છે એમ ઇતિહાસના પાને સાબિત થાય છે. પણ હવે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને સમજીને પરિવર્તન કર્યા વગર છૂટકો નથી. જેમકે એક દેશમાં એક પ્રાંતમાં હિંદુઓમાં કાકાઈ મામાઈ સંતાનો વચ્ચે લગ્ન થતાં નથી, ત્યારે બીજા પ્રાંતમાં તેનેજ ઉચ્ચ ગણવામાં આવે છે. મુસલમાનોમાં કાકાની દીકરી કે જેને હિંદુ બેન ગણે છે, તેને પરણવાનો રિવાજ છે. દક્ષિણમાં મોટા ભાગે બહેન–દીકરી માટે મામો જ પહેલી પસંદગી અને યોગ્ય ગણાય છે. ઋષભદેવના સમયે ભાઈ–બહેનનાં લગ્ન થતાં હવે તે નથી થતાં. આમ વ્યાપક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સત્યની કસોટીએ દરેક વાતને કસીને લોકકલ્યાણ અને સાર્વકાલિક તથા સાર્વત્રિક હિતવાળી વાતને જ સત્યરૂપે સ્વીકારવી જોઈએ.

અસ્પૃશ્યતાનો ક્યાંયે ધર્મમાં ઉલ્લેખ નથી; છતાં એ પ્રચલિત થઈ છે. તો એને વ્યાપક સત્ય ન માની શકાય. આજે તો વર્ણવાદનો કોઈ અર્થ નથી. જેનાથી વ્યક્તિ સમાજ અને સમષ્ટિનું હિત થાય તે વિચાર જ વ્યાપક સત્ય છે. એની સાથે વિશ્વવહેવારનો તાળો મેળવી લેવો; એજ રીતે વ્યાપક સત્યના દર્શનનો અનુભવ વધી શકે.

**શ્રી. દેવજીભાઈ** : "મારા મતે સત્ય એ તો સો ટચનું સોનું જ છે. તેની ગમે તેટલી કસોટી થાય તો પણ તે સોનું જ નીવડવું જોઈએ. આવું માનનારા લોકો પણ સાંપ્રદાયિકતા કે નાતજાતના ભ્રમથી પીડાતા રહે છે, તે ખોટું છે. એટલે તેને ફગાવી, જરૂર પડે તો "એકલો જાને રે' જેમ સત્યના માર્ગે જવું જોઈએ, તો શ્રદ્ધા અને સરળતાના કારણે અનેકો તેની પછવાડે ચાલ્યા આવશે.

**શ્રી. માટલિયા** : "બધાજ ધર્મોમાં સત્ય એ અગત્યનું પાસું છે. કોઇ ભક્ત કવિએ ખરૂં કહ્યું છે :—

**'સત્ય નહીં તો ધર્મજ શાનો ?'**

એજ સત્યને વ્યાપકરૂપે જોવા માટે સ્યાદ્વાદ એક શૈલી છે. સાંખ્ય, યોગ, ભક્તિ, દેવાસુર યુદ્ધ, ત્રિગુણાતીતપણું, સ્થિતપ્રજ્ઞપણું વગેરે એજ શૈલીનું પ્રતિપાદન કરે છે. સ્યાદ્વાદે એક વસ્તુને અનેક પાસાંથી જોવાની દ્રષ્ટિ આપી! એક ઇશ્વર, અનેકરૂપે ચર્ચાય છે; તે દ્રષ્ટિએ એકેશ્વરવાદ, નિરીશ્વરવાદ, નિર્ગુણ, સગુણ વગેરે દરેક બિંદુઓને સમજવાનો અવકાશ આપ્યો છે. આ વાત ઉપનિષદોના સારરૂપ ગીતામાં ભરી છે. સત્ય સર્વત્ર એકસ્વરૂપે હોય છે. ગાંધીજીને તેજ તત્ત્વ વૈષ્ણુવ ધર્મમાંથી મળ્યું અને પૂ. સંતબાલજીને જૈન આગમોમાંથી શ્રીમદ રાજચંદ્રમાં પણ જૈન–વૈષ્ણુવ બન્નેનો સમન્વય દેખાય છે. એવી જ રીતે પૂ. મહારાજ શ્રી સંતબાલજીને વિનય, વિવેક,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સભ્યતા, સદાચાર એવાં જે તત્ત્વો નૈતિક ભૂમિકાના પાયા રૂપ છે; તે ઇસ્લામ, જરથોસ્તી અને ખ્રિસ્તી ધર્મમાં પણ દેખાય છે. મહારાજશ્રીને જે વાત જૈન ધર્મમાં દેખાય છે, તે જ વાત વિશાળ અર્થમાં ગાંધીજીને હિંદુ ધર્મમાં દેખાય છે. હિંદુ ધર્મમાં વૈદિક પરંપરા મુખ્યપણે ખરી, પણ અવાંતરરૂપે શાક્ત, બૌદ્ધ, જૈન, ઇસ્લામ, ખ્રિસ્ત અને જરથોસ્તી ધર્મની વાતો પણ સમાઇ ગઈ છે. ત્યારે જૈન ધર્મમાં સ્યાદવાદ શૈલી બધા દૃષ્ટિબિંદુઓને તે પાસાં પ્રમાણે સમજવાનું કહે જ છે. આમ તાત્વિક સમાનતા પેદા થાય છે. એટલે ગાંધીજી જે વિશાળ અર્થમાં હિંદુ ધર્મને વિશ્વ-ધર્મ કહે છે; તેવી જ રીતે વિશાળ અર્થમાં મહા-રાજ શ્રી જૈન ધર્મને વિશ્વ-ધર્મ કહે છે. તો બન્નેમાં તાત્ત્વિક ફેર નથી. જૈન ધર્મનું મૂળ તત્વ મુહપતિ કે મૂર્તિ પૂજામાં નથી, કે નથી કેવળ સવસ્ત્રતા કે નિર્વસ્ત્રતામાં; એમ મહારાજ શ્રી સ્પષ્ટ કહે છે.

હવે વિનોબાજીનું નિરૂપણ અને મહારાજશ્રીનું નિરૂપણ જોઈએ, તો તેમાં પણ તત્ત્વની દૃષ્ટિએ ફરક નહીં લાગે. મહારાજશ્રી સત્યને ગુણરૂપે જોવાનું કહે છે. વિનોબાજી તેને તત્ત્વરૂપે જોવાનું કહે છે. ત્યારે મહારાજશ્રી જૈન ધર્મમાંથી અનેકાન્તના ગુણને તારવે છે. તો વિનોબાજી વેદાંતમાં ઉછરેલા હોઇને "એકં સત્ વિપ્રા બહુધા વદંતિ" રૂપે તત્ત્વને રજૂ કરે છે; તેમાં ચીનના તાઓ ધર્મ કે હિંદના જુદા જુદા ધર્મોનાં તત્ત્વો, અથવા સિદ્ધ-બુદ્ધ, વિનાયક, રામ અને કૃષ્ણ બધાયનો સમાવેશ થઇ જાય છે. ટુંકમાં સમગ્ર તત્ત્વ સરવાળે એક જ ઇશ્વરરૂપે છે. તેવા વેદાંતનો તેમણે આજની વ્યાપક વ્યાસપીઠ ઉપર ઉદ્‌બોધ કર્યો. ત્યારે જૈન-તત્ત્વજ્ઞાન કહે છે કે પ્રથમ ભાવાત્મક એકતાને ભલે પ્રારંભમાં પાયા રૂપે લો, પરંતુ એ પાયાની એકતાવાળી વાત જીવનમાં આચરવા માટે માત્ર વ્યક્તિગત વ્રતબદ્ધતાથી નહીં ચાલે; સમાજ મત વ્રતબદ્ધતા જોઈશે. આવી સમાજગત વ્રતબદ્ધતાની વાત ગાંધીજીએ આશ્રમોને અલગપણું આપીને મૂકી. પૂ. સંતબાલજી આમ જનતાનાં નૈતિકસંગઠનો બનાવી ઘેરથી માંડીને દેશ સુધી એ વ્રતબદ્ધતાને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મૂકી રહ્યા છે. ભાલનળ કાંઠા ક્ષેત્રના કે બનાસ કાંઠાના અથવા ગૂજરાતના અમૂક અમૂક વિસ્તારોના ખેડૂતો અને શ્રમજીવીઓ જ્યારે જાતિનાં મૂલ્યો, પોતાના નાના-મોટા પ્રસંગોમાં વિચારી રહ્યા હોય અને આચરી રહ્યા હોય ત્યારે સંસ્થાઓ દ્વારા ઘડવાથીજ સામાજીક જીવનનું ચારિત્ર્ય ઘડતર થાય છે અને તે કેવી ઝડપથી થાય છે, તેનો સ્પષ્ટપણે ખ્યાલ આવી રહે છે.

એનો એક અર્થ એ થયો કે યુગપુરૂષોએ અને ધર્મ સંસ્થાપકોએ જે તત્ત્વજ્ઞાન આપ્યું એનો આચાર ગાંધીજીએ જે સમાજગત કરાવ્યો; તે પરંપરાને સંતબાલજી આગળ ધપાવી રહ્યા છે. બીજી તરફ વેદાંતના તત્ત્વજ્ઞાનને વિનોબાજી આધુનિક વિજ્ઞાનયુગના ઢાળમાં તત્ત્વની રીતે મૂકી રહ્યા છે. સંતબાલજી બ્રહ્મચર્યનાં નવાં મૂલ્યોમાં, કડક સંયમમાં પણ સ્ત્રી-પુરૂષના પૂરકપણાની વાત સાથે મીઠાશ ઉમેરવાનું કહે છે તેમ વિનોબાજી પણ બ્રહ્મચારી થઇને મીઠાશ રાખવી જોઈએ એવો આગ્રહ સેવી રહ્યા છે. બન્ને સત્ય, અપરિગ્રહ વગેરે ઉપર તેમજ સંયમી જીવન ઉપર ભાર આપી રહ્યા છે. આમ વિશ્વવાત્સલ્ય અને સર્વોદય વચ્ચે પરિભાષાના થોડાક ફેર સિવાય કંઇ પણ જુદું નથી. આમ ઉપાસકોને બન્નેએ જે સાધના આપી છે તેમાં કોઇ તર્ક નથી. સંતબાલજી સામાજિક ઉપાસનાના ગુણ તરીકે સત્ય, પ્રેમ અને ન્યાયને ગણાવે છે, ત્યારે વિનોબાજી તેને સત્ય, પ્રેમ અને કરૂણા કહે છે.

ટૂંકમાં દયા કરનાર અને દયા યાચનારનો ભેદ ન કરતાં, મહારાજશ્રી અત્યારની સમાજકક્ષા જોઈ વહેવારુ માર્ગ બતાવે છે. એટલે મહારાજશ્રીએ, ગાંધીજીની સામુદાયિક અહિંસા અને સત્યાગ્રહ શાસ્ત્રને લવાદ, ન્યાય, અને શુદ્ધિ પ્રયોગો વડે સંગઠનો વડે વિકસાવ્યાં છે. એ આ યુગ માટેની તેમની મોટી ભેટ છે.

ન્યાય માટે વૈદિક ધર્મમાં, રામે જાતે યુદ્ધ કર્યાનું અને શ્રીકૃષ્ણે અર્જુનને પ્રેર્યાનું સમર્થન છે. તેમાં જૈન અને બૌદ્ધધર્મની ઝીણી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અહિંસા ભળી અને ગાંધીજીએ સામુદાયિક અહિંસાની શક્તિ જગતને બતાવી, તેના સંદર્ભમાં મહારાજશ્રીએ શુદ્ધિપ્રયોગ આપ્યો છે.

આજે વિનોબાજી અને સંતબાલજીની સામુદાયિક ઉપાસનામાં સત્ય અને પ્રેમ સમાન છે. બાકી કરુણા સાથે ન્યાય કે ન્યાય સાથે કરૂણા જોડાવાથી તે વધારે સ્પષ્ટ દર્શન થશે. એ દર્શનને કેમ સામુદાયિક બનાવવું તેજ વિચારવાનું રહે છે."

**પૂ. દંડીસ્વામી :** " વેદાંતીઓ અવ્યકત સત્યને 'અસ્તિ' ભાતિ' અને 'પ્રિય' રૂપે કહે છે તો વૈષ્ણવો તેને 'સત્ ચિત્ આનંદ' રૂપે કહે છે. આ સત્યનું માખણ એ જ્ઞાન. જેમ દૂધ અને માખણ બન્નેયે સત્ય, તેમ એક અર્થમાં સત્ય અનુભવાય તે જ્ઞાન અને જ્ઞાન અનુભવાય તે સત્ય. બીજી રીતે સત્યનો પ્રત્યક્ષ અનુભવ અહિંસાદ્વારા જ થઈ શકે. એક અર્થમાં સ્વ-પર કલ્યાણ સધાય તે જ સત્ય અને તે જ અહિંસા. અહિંસા નારાયણી છે તો સત્ય એ નારાયણ છે. સત્ય જો ભગવાન છે; તો અહિંસા ભગવતીમાતા છે. ટુંકમાં અવ્યકત સત્યને, વ્યક્ત બનાવવા માટે અહિંસા સિવાય આરો નથી. એ દષ્ટિએ જૈનધર્મના સ્યાદ્વાદ તરફ ધ્યાન ગયા વગર રહેતું જ નથી. વ્યાપક સત્યનો વહેવાર બનાવવામાં સ્યાદ્વાદ શૈલી, એ જૈનધર્મની જગતને મળેલી મોટામાં મોટી ભેટ છે."

( ૧૮-૧-૬૧ )

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com